ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-06

# ભારતનો ઈતિહાસ

(ઈ.સ. ૧૮મી સદીના મધ્ય ભાગથી
૧૯મી સદીના મધ્ય ભાગ સુધી)

(મુખ્ય વિષય)

# 1

## પ્રાદેશિક સત્તાઓનો ઉદય
## (Rise of Regional Powers)

એકમ : 1
18મી સદીના મધ્યમાં ભારતીય રાજ્યતંત્ર
(Indian Polity in the Mid - 18th Century) 8

એકમ : 2
બંગાળ અને અવધ (Bengal and Awadh) 27

એકમ : 3
મરાઠાઓની રાજ્ય-વ્યવસ્થા (The Maratha State System) 44

એકમ : 4
મૈસૂર અને હૈદ્રાબાદ (Mysore and Hyderabad) 56

એકમ : 5
પંજાબ (The Punjab) 65

## Expert Committee


Prof. K. N. Panikkar (Chairman)
Prof. S. Bhattacharya
Prof. B. D. Chattopadhyaya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A. J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic
History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University
Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. Kapil Kumar (Convenor)
Dr. A. R. Khan
IGNOU, New Delhi


## Course Team


Mr. Salil Misra
Mrs. Indira Sharma
Mr. Ajay Mahurkar } **Course**
Mr. Swaraj Basu } **Coordinator**


## Block Preparation Team


**Course Editor**
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi


| Unit No. | Contribution | Faculty Members IGNOU |
|---|---|---|
| 1) | Mrs. Sucheta Mahajan<br>Deptt. of History<br>Delhi College of<br>Arts & Commerce, Delhi | Mrs. Salil Misra |
| 2) | Dr. Laxmi Subramanian<br>Deptt. of History<br>Calcutta University, Calcutta | Mr. Swaraj Basu |
| 3) | Dr. Papiya Ghosh<br>Women's College<br>Patna University, Patna | Mr. Ajay Mahurkar |
| 4) | Mr. Ajay Mahurkar<br>School of Social Sciences<br>IGNOU | Mr. Swaraj Basu |
| 5) | Dr. V. D. Gautam<br>Dept. of History<br>M.M.H. College, Ghaziabad | Mr. Ajay Mahurkar |

## Production


Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU



*@ Indira Gandhi National Open University, 1989*



આ પુસ્તિકામાંની મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડો. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

## અનુવાદ :

ડૉ. એસ. વી. જાની
'શિવમ્',
સેતુબંધ સોસાયટી,
મહિલા કૉલેજ પાછળ.
રાજકોટ-360 001.

## પરામર્શ (વિષય) :

ડૉ. કે. સી. બારોટ
પ્રાધ્યાપક,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ,
અમદાવાદ-380 009.

ડૉ. એમ. એમ. પઢિયાર
પ્રાધ્યાપક,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ,
અમદાવાદ-380 009.

## પરામર્શ (ભાષા) :

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ
રીડર
ભાષા સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-380 009.

## સંપાદન અને સંયોજન :

ડૉ. પી. કે. મહેતા
નિયામક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380003

## સંયોજન સહાય :

શ્રી એસ. એચ. બારોટ
મદદનીશ કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380003

**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
''જ્યોતિર્મય પરિસર'', શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481
© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# ભારત : 18મી સદીના મધ્યથી 19મી સદીના મધ્ય સુધીનું ભારત (India : From Mid-18th to Mid 19th Century)

## પ્રસ્તાવના

આ અભ્યાસક્રમમાં જે ઐતિહાસિક નિબંધો કે એકમો આપવામાં આવ્યા છે તેમાં 18મી સદીના મધ્યથી 19મી સદીનાં મધ્ય સુધીનાં વર્ષોની વિગતોને આવરી લેવામાં આવી છે. ઇતિહાસમાં યુગ-વિભાજન કરવાની પદ્ધતિ અપનાવનારાઓમાંથી અમુક વર્ગ 1757ની પ્લાસીની લડાઈને ''આધુનિક યુગ''ની શરૂઆત તરીકે ગણાવે છે. અમે આ વિભાગમાં તે પ્રકારના યુગ-વિભાજનની પદ્ધતિથી દૂર રહ્યા છીએ. તેના બદલે અમે એક નવી પદ્ધતિ (વિભાગ-1માં) અપનાવી છે અને અમે 18મી સદીના મધ્ય સમયના દસકાઓનું સર્વેક્ષણ રજૂ કર્યું છે. વળી, આમ કરવું જરૂરી પણ લાગતું હતું. કારણ કે મુઘલ સામ્રાજ્યનું વિઘટન થવા લાગ્યું ત્યારે આપણે પ્રાદેશિક સત્તાઓનો ઉદય કેવી રીતે થયો ત્યાં સુધીનો ઇતિહાસ તપાસવો જોઈએ. વળી, 18મી સદીના રાજ્યતંત્ર સાથે સંકળાયેલા પ્રશ્નોનો વિચાર ઇતિહાસકારે આ વિભાગમાં સમાવાયેલા પોતાના નિબંધોમાં કરવાનો હતો. વળી, તેનું એવી રીતે આલેખન કરવાનું હતું કે જેથી પ્લાસીની કે બકસરની લડાઈમાં અંગ્રેજોને મળેલા વિજયને જ એકમાત્ર નોંધપાત્ર બાબત ગણીને આલેખન ન થઈ જાય. ઉપરાંત એવી એક પ્રણાલિકા છે કે ભારતીય ઇતિહાસની રૂપરેખા આપીએ ત્યારે તેમાં યુરોપમાં મૂડીવાદના વિકાસના ઇતિહાસનું લાંબું - વિગતવાર વર્ણન આપવામાં આવે છે. પરંતુ અમે આ નિબંધોમાં તે પ્રણાલિકાઓનો ત્યાગ કર્યો છે. (વિભાગ-2) ભારતમાં સામ્રાજ્યવાદનું સ્વરૂપ સમજવા માટે તથા તેને વિશ્વની મૂડીવાદી વ્યવસ્થાના સંદર્ભમાં સમજવા માટે આમ કરવું જરૂરી હતું.

વિભાગ-3માં ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યના વિકાસની રૂપરેખા આપવામાં આવી છે. આ વિભાગમાં અમે અંગ્રેજોના પ્રાદેશિક સત્તાઓ સાથેના સંબંધોની ચીલાચાલુ ચર્ચા કરવાને બદલે આ સમયગાળાના રાજકીય ઇતિહાસના પ્રશ્નો અંગેના સ્વરૂપનો અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે. ઉપરાંત સામ્રાજ્ય-નિર્માણ અને સુદઢીકરણમાં સહાયક એવા સામ્રાજ્યવાદી સિદ્ધાંતની રૂપરેખા આપવાનો પણ પ્રયાસ આમાં કરવામાં આવ્યો છે.

વિભાગ-4માં અમે ભારતના ઉપખંડમાં બ્રિટિશ રાજકીય સર્વોપરિતાની સ્થાપના તથા તેનાં પરિણામે ભારતીય અર્થતંત્રના થયેલાં સાંસ્થાનીકરણનું વર્ણન કર્યું છે. ભારત જે અગાઉ સુતરાઉ કાપડની નિકાસ કરનારો દેશ હતો તે હવે કેવી રીતે આયાતી ઉત્પાદન ઉપર નભતો થઈ ગયો તથા તેના સ્રોતોના એકતરફી હસ્તાંતરણને કારણે તેના વિદેશી વેપારનું પાસું પ્રતિકૂળ બન્યું તથા ભારતમાંથી ધન કેવી રીતે પરદેશમાં જવા લાગ્યું તેની ચર્ચા આ વિભાગમાં કરવામાં આવી છે. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના તથા ખાનગી વેપારીઓનાં મૂડીવાદી વેપારી હિતોનું સ્થાન હવે ઇંગ્લૅન્ડનાં ઔદ્યોગિક હિતોએ લઈ લીધું હતું. આ બાબતમાં મુખ્ય લક્ષણની જાણ 1860માં થાય છે, જ્યારે સાંસ્થાનિક રાજ્યનાં કાર્યોની સૂચિ બ્રિટિશ ભારતના પ્રથમ બજેટમાં જોવા મળે છે.

છાપખાનાંના ઉપયોગ, છાપાંઓ, મધ્યમવર્ગના વાચકવર્ગમાં વધારો, ભારતીય ભાષાઓમાં ગદ્યમાં લખાયેલા સાહિત્યના વિકાસ વગેરે પરિબળોને કારણે આવેલ ટકૂનિકલ ક્રાંતિની બાબતની ચર્ચા વિભાગ-5માં કરવામાં આવી છે. 19મી સદીમાં બંગાળમાં જે જીવંત ચર્ચાઓ થતી તેનાથી પુરવાર થાય છે કે નવા અને ક્રાંતિકારી વિચારો ઝડપથી પ્રસાર પામી રહ્યા હતા અને આ બધી બાબતોની મહત્ત્વપૂર્ણ સામાજિક અને સાંસ્કૃતિક અસર થઈ હતી. પરંતુ શિક્ષણનું પ્રમાણ મર્યાદિત હોવાથી તથા ''અંગ્રેજી શિક્ષણ'' મેળવવાની તક પણ બહુ ઓછા લોકોને મળતી હતી તેથી એક નવા શહેરી મધ્યમ વર્ગનો ઉદય જરૂર થયો પરંતુ તેની સંખ્યા મર્યાદિત હતી. વળી, રાજા રામમોહનરાય તો ભારતીય સમાજમાં આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો પ્રસાર થાય તેવા શિક્ષણના સમર્થક હતા. પરંતુ તેવું શિક્ષણ તો હજુ પ્રસાર પામ્યું ન હતું. વળી, મેકોલે પ્રકારની શિક્ષણપદ્ધતિ પણ આ આશા પૂરી કરી શકી ન હતી. છતાં તેણે એક પ્રકારના સાંસ્કૃતિક અનુકરણ તથા પરાધીનતાને પ્રોત્સાહન આપ્યું હતું. પાશ્ચાત્ય જ્ઞાનના પ્રસાર સાથે વિવેચનાત્મક ચેતનાનો પણ વિકાસ થયો હતો. આમ, ભારત ઉપર વિવિધ રીતે બ્રિટિશ અસર થઈ. તેના પરિણામે સદીના ઉત્તરાર્ધમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રે પરિવર્તનો થયાં.

વિભાગ-6માં સામ્રાજ્યના સંસ્થાકીય માળખાની તથા સામાજિક સંસ્થાઓના વિભાગમાં રાજ્યની દરમિયાનગીરી ચર્ચા કરવામાં આવી છે. આ વિભાગમાં નીતિ-નિર્ધારણ અને સમાજ વચ્ચેની આંતરક્રિયા ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રારંભિક તબક્કે ઇતિહાસકારો ઇતિહાસ આલેખનની બાબત નીતિના તથા કાયદાના ઘડવૈયાઓ પૂરતી મર્યાદિત રાખતા હતા. જાણે કે ભારતનો સમાજ કે રાજ્યતંત્ર એ એક પ્રકારની અચેતન વસ્તુ હોય અને તેને ઇચ્છાનુસાર સ્વરૂપ આપી શકાય. પરંતુ આધુનિક

ઇતિહાસકારો આ પ્રક્રિયાનો ભારતે જે પ્રતિભાવ દર્શાવ્યો તેના ઉપર ભાર મૂકે છે. આ વિભાગમાં વહીવટી સંસ્થાઓમાં સાતત્ય અને પરિવર્તનના પ્રશ્ન અંગે પણ વિચારણા કરવામાં આવી છે. બ્રિટિશ શાસન હેઠળ આકાર પામેલી અનેક પ્રણાલિકાઓ અને સંસ્થાઓએ પછીથી સાતત્ય જાળવ્યું હતું. છતાં સાંસ્થાનીકરણને પરિણામે પરિવર્તન પણ આવ્યું હતું, તેની ચર્ચા કરવામાં આવી છે.

19મી સદીના પ્રારંભમાં શિક્ષિત ધંધાદારી, શહેરી અને મધ્યમ વર્ગના લોકોએ કેવી રીતે ભારતના સમાજમાં પરિવર્તન લાવવાનું કામ કર્યું તેની ચર્ચા વિભાગ-7માં કરવામાં આવી છે. તે સમયે સમાજમાં પ્રવર્તતા કેટલાંક દૂષણો દૂર કરવા માટેના તેમના પ્રયત્નો 'સુધારણા આંદોલનો' તરીકે ઓળખાય છે. આ સુધારકોની સિદ્ધિઓ નોંધપાત્ર હતી તે બાબતમાં શંકાને કોઈ સ્થાન નથી. જોકે આ આંદોલન કે ચળવળની અસર સમાજના છેક નીચલા સ્તર સુધી થઈ ન હતી. તેથી આર્થિક સદ્ધરતા, સત્તામાં સ્થાન તથા સમાજમાં પ્રતિષ્ઠાની દૃષ્ટિએ જે જાતિઓ અને વર્ગો સામાજિક દૃષ્ટિએ ભેદભાવનો ભોગ બન્યા હતા તેવા તરછોડાયેલા વર્ગોના પ્રશ્નની પણ આ વિભાગમાં ચર્ચા કરવામાં આવી છે.

ભારતની પ્રજાએ બ્રિટિશ શાસનની સામે 1857માં જે સશસ્ત્ર પ્રતિકાર કરેલો તેની ચર્ચા વિભાગ-8માં કરવામાં આવી છે. સિપાહીઓનો આ બળવો પછીથી 1857નો વિદ્રોહ બની ગયો હતો, કારણ કે ભારતના ઘણા પ્રદેશમાં મોટા પાયે લોકોએ તેમાં ભાગ લીધો હતો. તેથી આ પ્રસંગ એ ભારતીય પ્રતિકારનું એક નોંધપાત્ર ઉદાહરણ બન્યું હતું. જોકે પ્રજાના પ્રતિકારનાં વિવિધ સ્વરૂપો હોય છે. જેમ કે - દૈનિક જીવનમાં થોડો રાજકીય વિરોધ કરવો, બિનસંગઠિત પ્રકારની વિરોધી ચળવળ, મોટા પાયા ઉપરનો શાસનને હટાવી સત્તા મેળવવાનો પ્રયાસ, આ રાજકીય વિરોધના પ્રકાર છે. જ્યારે આર્થિક દૃષ્ટિએ તે વર્ગવિગ્રહના સ્વરૂપમાં હોય છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ તેનું સ્વરૂપ સ્ત્રીઓના ઉત્થાનની ચળવળ કે આદિવાસી પુનરુત્થાનની ચળવળનું હોઈ શકે. 1857ના વિદ્રોહ તથા ગળીના વિદ્રોહ પૂર્વે પણ ભારતમાં 19મી સદીના પૂર્વાર્ધમાં કિસાન ચળવળો પણ થઈ હતી. આમ, આ શાસનવિરોધી ચળવળો ટૂંકા ગાળામાં નિષ્ફળ નીવડી હતી અને છૂટીછવાઈ હતી, છતાં મહત્ત્વની બાબત એ છે કે તે વ્યાપક હતી. આ બધી બાબતોની ચર્ચા વિભાગ-8માં કરવામાં આવી છે.

તમારા અભ્યાસ-કેન્દ્રમાં કેટલાક દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો પણ હશે, જે તમારા છાપેલી અધ્યયન-સામગ્રી માટે પૂરક બની રહેશે. આ કાર્યક્રમોની યાદી તમને પછીથી મોકલવામાં આવશે.

# વિભાગ-1 પ્રાદેશિક સત્તાઓનો ઉદય (Rise of Regional Powers)

18મી સદીના મધ્યકાળમાં ભારતમાં મુઘલ સત્તાનો અંત થઈ ગયો હતો અને બ્રિટિશ સત્તાની સ્થાપના થઈ ગઈ હતી. આ સમયગાળામાં રાજકીય અસ્થિરતા અને અંધાધૂંધી ફેલાયાં હતાં. તેથી આ સમયગાળો એ ''અંધકારયુગ'' તરીકે ઓળખવામાં આવે છે. 19મી સદી અને 20મી સદીના પ્રારંભે ઇતિહાસકારોનું વલણ એવું હતું કે તેઓ બ્રિટિશ શાસનની સ્થાપનાને ભારતમાં એકતા લાવનાર તથા ભારતમાં પ્રજા-કલ્યાણકારી શાસનના યુગનો ઉદય કરનાર ગણતા હતા. તેઓ એમ પણ માનતા હતા કે બ્રિટિશ શાસને પાશ્ચાત્ય જ્ઞાન અને સંસ્કૃતિનો પ્રસાર કરવામાં સહાયતા કરી હતી. પરંતુ હવે ઘણા આધુનિક ઇતિહાસકારો આવા અર્થઘટન સાથે સંમત થવા તૈયાર નથી.

18મી સદીના મધ્યમાં તમે ભારતની કોઈ વ્યક્તિની ઐતિહાસિક કલ્પનાની આંખે જોવા પ્રયત્ન કરો તો તમે જોઈ શકશો કે વિશ્વના ઇતિહાસના સંદર્ભમાં ભારત એ આર્થિક રીતે પછાત કહી શકાય તેવો એક પ્રદેશ ન હતો, તો યુરોપ કે ઉત્તર અમેરિકા પણ 19મી અને 20મી સદીમાં જેટલા ધનાઢ્ય હતા, તેટલા ત્યારે ન હતા. ભારતનો વેપાર યુરોપિયન વેપારીઓ માટે ખુલ્લો હતો. કેટલીકવાર આ યુરોપિયન વેપારી કંપનીઓ પોતાના વેપારના પ્રસાર માટે શસ્ત્રોનો ઉપયોગ પણ કરતી. પરંતુ ત્યારે હજુ કોઈને કલ્પના ન હતી કે કોઈ યુરોપિયન વેપારી કંપની ભારત ઉપર શાસન કરશે. મુઘલોના સામ્રાજ્યની સત્તા નબળી પડી ગઈ હતી પરંતુ તેનો હજુ અંત આવ્યો ન હતો. પ્રાદેશિક સત્તાઓએ શક્તિ મેળવી લીધી હતી અને અમુક પ્રમાણમાં સ્વાયત્તતા પણ મેળવી લીધી હતી.

આ વિભાગના એકમ-1માં આ બાબતની પ્રાસ્તાવિક સ્વરૂપની રૂપરેખા આપવામાં આવી છે. એકમ-2માં બંગાળ અને અવધ જેવી પ્રાદેશિક સત્તાઓની વિગતો આપવામાં આવી છે. એકમ-3માં પશ્ચિમ ભારતમાં ઉદય પામેલી મરાઠા રાજ્યવ્યવસ્થા, જે સંપૂર્ણ ભારતમાં સત્તા સ્થાપવા કટિબદ્ધ બની હતી તેની વિગતો આપવામાં આવી છે. એકમ-4માં મધ્ય અને દક્ષિણ ભારતમાં વિસ્તરેલાં હૈદ્રાબાદ અને મૈસૂરનાં રાજ્યોની વિગતો આપવામાં આવી છે. એકમ-5માં ઉત્તરમાં આવેલ પંજાબ રાજ્યની વિગતો આપવામાં આવી છે. આ વિભાગમાં રાજકારણનું સ્વરૂપ, તેમના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવનાર સામાજિક અને આર્થિક પરિબળો તથા સ્વાયત્ત પ્રાદેશિક સત્તાઓના શક્તિસંવર્ધન માટે જવાબદાર પ્રક્રિયાઓને દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. 1750માં એ સ્પષ્ટ થઈ ગયું હતું કે મુઘલ સામ્રાજ્ય નબળું પડી ગયું હોવાથી બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને પોતાની સત્તા સ્થાપવાની તક મળી. ઉપરાંત તેના કારણે પ્રદેશવિસ્તાર કરી તેના ઉપર સત્તા સ્થાપી તેમાંથી મહેસૂલ મેળવવાની તેની ભૂખ ઉદ્દીપ્ત થઈ. પરિણામે વિવિધ રાજ્યો વચ્ચે સંઘર્ષ થયો. ઉપરાંત અંગ્રેજોએ આ પ્રાદેશિક રાજ્યોને એક પછી એક સફળતાપૂર્વક પરાજિત કરી દીધાં ત્યારે જ આ પ્રાદેશિક સત્તાઓની અંગભૂત નબળાઈઓની ખબર પડી. સંઘર્ષની આ પ્રક્રિયા અને તેનાં પરિણામોની વિગતો વિભાગ-3માં આપવામાં આવી છે.

આ બાબતે એક મહત્ત્વનો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે અંગ્રેજોએ નિર્દયી રીતે સામ્રાજ્યવિસ્તાર શા માટે કર્યો ? ઉપરાંત તેમના આ સામ્રાજ્યવાદ અને તેનાં પરિણામે ભારતમાં સ્થપાયેલાં સંસ્થાનવાદ માટે કયાં ઐતિહાસિક કે આર્થિક પરિબળો જવાબદાર હતાં ? આ પ્રશ્નોની વિગતવાર ચર્ચા વિભાગ-2માં કરવામાં આવી છે, જેમાં યુરોપિયન મૂડીવાદ અને સામ્રાજ્યવાદની વિગતો આપવામાં આવી છે.

# એકમ : 1 18મી સદીના મધ્યમાં ભારતીય રાજ્યતંત્ર (Indian Polity in the Mid-18th Century)

રૂપરેખા

1.1 ઉદ્દેશો અને પ્રસ્તાવના
1.2 18મી સદી : એક અંધકારયુગ
1.3 મુઘલ સામ્રાજ્યની પડતી
1.3.1 આંતરિક નબળાઈઓ : સત્તા માટે સંઘર્ષ
1.3.2 બાહ્ય પડકાર
1.3.3 પડતી : કેટલાંક અર્થઘટનો
1.3.4 મુઘલ પ્રણાલિકાઓનું સાતત્ય
1.4 પ્રાદેશિક રાજ્યતંત્રનો ઉદ્ભવ
1.4.1 વારસદાર રાજ્યો
1.4.2 નવાં રાજ્યો
1.4.3 સ્વતંત્ર રાજ્યો
1.4.4 પ્રાદેશિક રાજ્યતંત્રની નબળાઈઓ
1.5 બ્રિટિશ સત્તાનો ઉદય
1.5.1 વેપારી કંપનીમાંથી રાજકીય સત્તા
1.5.2 દક્ષિણ ભારતમાં આંગ્લ-ફ્રેંચ સંઘર્ષ
1.5.3 બંગાળનો વિજય : પ્લાસીથી બક્સર
1.5.4 રાજકીય વ્યવસ્થાનું પુનર્ગઠન
1.6 સારાંશ
1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
1.8 ચાવીરૂપ શબ્દો

## 1.1 ઉદ્દેશો અને પ્રસ્તાવના : (Objectives and Introduction)

આ એકમનો હેતુ તમને 18મી સદીના મધ્યમાં થયેલા મુખ્ય રાજકીય બનાવોથી પરિચિત કરાવવાનો છે. અહીં અમે તો માત્ર એક રાજકીય નકશાની રૂપરેખા રજૂ કરીશું. આ પછીના એકમોમાં તે અંગેની વધુ વિગતો દર્શાવવામાં આવશે. આ એકમ વાંચ્યા પછી તમે નીચેની બાબતો જાણી શકશો :

- મુઘલ સામ્રાજ્યનું પતન
- મુઘલ પ્રાંતોનો પ્રાદેશિક સત્તા તરીકે ઉદ્ભવ : હૈદ્રાબાદ, બંગાળ અને અવધ
- નવાં રાજ્યોનો ઉદય - મરાઠાઓ, જાટો, શીખો અને અફઘાનો
- મૈસૂર, રાજપૂત રાજ્યો અને કેરળનો સ્વતંત્ર રાજ્યો તરીકેનો ઇતિહાસ
- સાંસ્થાનિક સામ્રાજ્યનો પ્રારંભ

આ એકમમાં આપણો અભ્યાસ ઈ.સ. 1740થી શરૂ થાય છે અને 1773માં તે પૂર્ણ થાય છે. આ સમયના પ્રારંભિક કાળમાં પ્રથમ કર્ણાટક વિગ્રહ અને નાદિરશાહનું ભારત ઉપરનું આક્રમણ એ બે મહત્ત્વના બનાવ બન્યા હતા. આ સમયના અંતનો મહત્ત્વનો નોંધપાત્ર બનાવ હતો - બ્રિટિશ ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્ઝના શાસનકાળ દરમિયાન થયેલ રાજકીય વ્યવસ્થાનું પુનઃગઠન.

આ સમયગાળામાં જ મુઘલ સામ્રાજ્યનું પતન થયું હતું. તે માટે અનેક પરિબળો જવાબદાર હતાં તેમ કહી શકાય. 1739માં નાદિરશાહે ભારત ઉપર આક્રમણ કરી દિલ્હીમાં કરેલા નિર્દયી હત્યાકાંડે નબળા પડી ગયેલા મુઘલ સામ્રાજ્યને વધુ નબળું બનાવ્યું. તેમાં પણ સામ્રાજ્યની નાણાકીય કટોકટીએ તેનું પતન ઝડપી બનાવ્યું. મુઘલ સામ્રાજ્ય ક્રમશઃ નબળું પડતું ગયું અને અંતે તેનો અંત આવ્યો. પરંતુ તેણે સ્થાપેલી સંસ્થાઓ અને પ્રણાલિકાઓ પ્રાદેશિક રાજ્યો અને બ્રિટિશ પ્રાંતોમાં ચાલુ રહી હતી. આ પ્રદેશોમાં ભૂમિ-મહેસૂલ અંગેની મુઘલોની વહીવટી નીતિ પણ ચાલુ રાખવામાં આવી હતી.

આ એકમમાં મુઘલ સામ્રાજ્યના પતનની વાત કર્યા પછી પ્રાદેશિક સત્તાઓના ઉદ્ભવની બાબત રજૂ કરવામાં આવી છે. હૈદ્રાબાદ, અવધ અને બંગાળનાં રાજ્યો એ મુઘલ સામ્રાજ્યના પ્રાંતો હતા, જે તે સામ્રાજ્યનાં વારસદાર રાજ્યો તરીકે અસ્તિત્વમાં આવ્યાં હતાં. મુઘલ સામ્રાજ્યના વિઘટન કારણે ઉપરોક્ત રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં, તો મરાઠાઓ, શીખો, જાટો અને અફઘાનોએ પોતાનાં 'નવાં રાજ્યો' સ્થાપ્યાં હતાં. આ રાજકીય પ્રક્રિયા દરમિયાન આમાંનાં કેટલાંક રાજ્યોમાં શાહી માગણીઓ વિરુદ્ધ પ્રજાકીય આંદોલનો થયાં હતાં. તે આંદોલનોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ત્રીજા પ્રકારનાં રાજ્યો હતાં - મૈસૂર, રાજપૂતોનાં અને કેરળનાં સ્વતંત્ર રાજ્યો. આ રાજ્યોને કેટલીકવાર ખોટી રીતે

'હિંદુ રાજ્યો' પણ કહેવામાં આવે છે. આ બધાં રાજ્યો બ્રિટિશ સત્તાને વધતી અટકાવી શક્યા નહિ. તે અંગેની જવાબદાર એવી તેમની નબળાઈઓની આ એકમમાં ચર્ચા કરવામાં આવી છે.

આ એકમમાં અંતે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની એક વેપારી કંપનીમાંથી એક રાજકીય સત્તા કેવી રીતે બની તેની વિગતો દર્શાવાઈ છે. આ કંપનીની સત્તામાં પરિવર્તન આવતાં દક્ષિણ ભારત અને બંગાળમાં ઉત્પન્ન થયેલા સંઘર્ષોની વિગતો પણ આમાં આલેખવામાં આવી છે.

## 1.2 18મી સદી : એક અંધકારયુગ ? (18th Century : A Dark Age ?)

છેક હમણાં સુધી ભારતમાં 18મી સદી એક અંધકારયુગ તરીકે ઓળખાતી હતી. કારણ કે ત્યારે ભારતમાં અંધાધૂંધી અને અરાજકતા ફેલાયેલાં હતાં. તે સમયગાળા દરમિયાન મુઘલ સામ્રાજ્યનું પતન થઈ ગયું હતું અને પ્રાદેશિક સત્તાઓ પોતાનાં સામ્રાજ્યો સ્થાપવામાં નિષ્ફળ ગઈ હતી. આ અવ્યવસ્થા ત્યારે જ દૂર થઈ જ્યારે 18મી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં બ્રિટિશ સત્તાની સર્વોપરિતા સ્થપાઈ. કેમ્બ્રિજ હિસ્ટ્રી ઑફ ઇન્ડિયાના બ્રિટિશ લેખકો તથા તેના ભારતીય અનુયાયીઓને તો આ માન્યતા અનુકૂળ આવી ગઈ, કારણ કે તેઓ, તેના આધારે 18મી સદીને એક અંધકારયુગ ગણાવી ભારતમાં બ્રિટિશ સત્તાની સ્થાપનાને ભારત માટે આશીર્વાદ સમાન ગણાવવા માગતા હતા. કારણ કે તેમની સત્તાની સ્થાપનાને કારણે ભારતમાંથી અંધકારયુગ નાબૂદ થયો. ઇતિહાસકાર જદુનાથ સરકારે પોતાના ગ્રંથ 'હિસ્ટ્રી ઑફ બૅંગાલ'ના ખંડ-2માં લખ્યું છે કે - ''23 જૂન, 1757ના ભારતમાં મધ્ય યુગનો અંત આવ્યો અને આધુનિક યુગની શરૂઆત થઈ અને પ્લાસીની લડાઈ પછીનાં વીસ વર્ષોમાં વૉરેન હેસ્ટિંગ્ઝ અને સર્વેએ પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રેરણાત્મક સ્પર્શનો અનુભવ કર્યો.''

પરંતુ આવાં મંતવ્ય અંગે કેટલીક દેખીતી મુશ્કેલીઓ પણ રહે છે. મુઘલ સામ્રાજ્યની અસર, લોકો માનતા હતા તેટલી, વ્યાપક કે ઊંડી ન હતી. ભારતના અનેક મહત્ત્વના ભાગો અને તેમાં પણ ખાસ કરીને ઈશાન્ય અને દક્ષિણ ભારતના પ્રદેશો મુઘલ સામ્રાજ્યની અસર હેઠળ ન હતા, તો સમાજનો ઘણા વર્ગો ઉપર પણ તેની અસર થઈ ન હતી. તેથી 18મી સદીના ઉત્તરાર્ધમાં સંપૂર્ણ ભારતમાં થયેલા પરિવર્તન માટે માત્ર મુઘલ સામ્રાજ્યના પતનને જવાબદાર ન ગણાવી શકાય. કેટલાક વિદ્વાનો એવું મંતવ્ય ધરાવે છે કે અખિલ ભારતીય સ્વરૂપના સામ્રાજ્યનાં પતન કે ઉદય નહીં પરંતુ પ્રાદેશિક સત્તાઓનો ઉદય એ 18મી સદીનું મહત્ત્વનું અને પ્રભાવશાળી પરિબળ હતું. મધ્યકાલીન ભારતના એક નોંધપાત્ર ઇતિહાસકાર સતીશચંદ્ર એ 18મી સદીને પૂર્વ બ્રિટિશ અને બ્રિટિશ એવા ભાગમાં વહેંચવાને બદલે સમયાનુક્રમની દૃષ્ટિએ આખી સદીને સંપૂર્ણપણે મહત્ત્વની ગણાવવાનું પસંદ કરે છે.

## 1.3 મુઘલ સામ્રાજ્યની પડતી : (Decline of the Mughal Empire)

અઢારમી સદીના પૂર્વાર્ધમાં મુઘલ સામ્રાજ્યનું પતન થયું હતું. 1740માં નાદિરશાહે દિલ્હીને ઉજ્જડ કરી નાખ્યું હતું, 1761માં અહમદશાહ અબ્દાલીએ ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે તેનો સામનો મુઘલોએ નહિ પરંતુ મરાઠાઓએ કર્યો હતો. 1783 સુધીમાં તો મુઘલ સમ્રાટ સત્તાહીન બની ગયો હતો અને તે બ્રિટિશ શાસનનું પેન્શન મેળવતો હતો.

### 1.3.1 આંતરિક નબળાઈઓ : સત્તા માટે સંઘષ : (Internal Weaknesses : Struggle for Power)

મુઘલ વંશના છેલ્લા મહત્ત્વના સમ્રાટ ઔરંગઝેબની ત્રુટીપૂર્ણ નીતિઓએ સ્થિર ગણાતા મુઘલ રાજ્યતંત્રને નબળું પાડ્યું હતું. લશ્કર અને વહીવટીતંત્ર એ મુઘલ સામ્રાજ્યના આધારસ્થંભ સમાન હતો. ઔરંગઝેબનું 1707માં મૃત્યુ થયું ત્યારે પણ મુઘલ લશ્કર અને વહીવટીતંત્ર અકબંધ હતાં. 1707 થી 1719 દરમિયાન દિલ્હીમાં વારસાવિગ્રહો તથા નિર્બળ શાસકો આવવાને કારણે મુઘલ સામ્રાજ્ય વધુ નબળું પડી ગયું હતું. મહંમદશાહ નામનો શાસક 1719 થી 1748 સુધી લગભગ 29 વર્ષ સુધી સત્તામાં રહ્યો. આટલા દીર્ઘકાળમાં તે શાહી સત્તાને વધુ મજબૂત કરી શક્યો હોત, પરંતુ સમ્રાટ પોતે નિર્બળ અને અયોગ્ય હોવાથી શાહી સત્તા સુદૃઢ થવાની કોઈ શક્યતા રહી ન હતી. તેના શાસનકાળમાં જ 1724માં નિઝામ-ઉલ-મુલ્કે તેના વઝીર તરીકેના હોદ્દા ઉપરથી રાજીનામું આપી દખ્ખણમાં હૈદ્રાબાદના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. તેવી જ રીતે બંગાળ, અવધ અને પંજાબના રાજ્યો પણ મુઘલ સામ્રાજ્યમાંથી સ્વતંત્ર થઈ ગયાં હતાં. આમ, મુઘલ સામ્રાજ્ય એ વારસદાર જેવાં રાજ્યોમાં વિભાજિત થઈ ગયું હતું. નાના સરદારોએ આ બનાવોમાંથી પ્રેરણા મેળવી અને તેમણે પણ વિદ્રોહ કર્યા. મરાઠાઓએ પણ તત્કાલીન પરિસ્થિતિનો લાભ લઈને મુઘલ સામ્રાજ્યના પ્રદેશો ઉપરની સત્તા વારસામાં મેળવવાના પ્રયાસ હાથ ધર્યા.

### 1.3.2 બાહ્ય પડકાર (External Challenge)

મુઘલ સત્તા નબળી પડેલી જોઈને અફઘાનિસ્તાનના શહેનશાહ નાદિરશાહે 1738-39માં ભારત ઉપર આક્રમણ કર્યું હતું. તેણે લાહોર તો તુરત કબજે કરી લીધું અને 13 ફેબ્રુઆરી, 1739ના કર્નાલ પાસે મુઘલ સેનાને પરાજય આપ્યો. મુઘલ સામ્રાજ્યની નામોશી તો ત્યારે થઈ જ્યારે આક્રમક લશ્કરે મુઘલ સમ્રાટ મોહંમદશાહને કેદ પકડ્યો અને દિલ્હીને લૂંટીને ઉજ્જડ કર્યું. ત્યારના પ્રસિદ્ધ કવિઓ એવા મીર અને સૌદાએ દિલ્હીના આ વિનાશ અંગે અત્યંત દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમ છતાં દિલ્હી ઉપરનાં નાદિરશાહનાં આક્રમણની અસર એટલી બધી પડી ન હતી, જેટલી સામાન્ય રીતે માનવામાં આવે છે. તેના કરતાં તો 1761માં અહમદશાહ અબ્દાલીએ કરેલ ભારત આક્રમણ અને દિલ્હીનો વિનાશ એ વધુ ભયંકર હતાં. છતાં આ આક્રમણની અસરમાંથી બહાર આવી 1772 સુધીમાં દિલ્હીએ પોતાનું પુનઃસ્થાપન કર્યું હતું. નાદિરશાહે શાહી ખજાના સામે તથા દિલ્હીના શ્રીમંતોને લૂંટીને રૂ. 70 કરોડ મેળવ્યા હતા. ઉપરાંત તેણે શાહજહાંએ તૈયાર કરાવેલ રૂપિયા સાત કરોડની કિંમતનું મયૂરાસન તથા કોહિનૂર હીરો પણ લૂંટમાં મેળવ્યાં હતાં. વળી, નાદિરશાહે સિંધુ નદીની પશ્ચિમે આવેલ કાબૂલ સહિતનો વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વનો પ્રદેશ પણ મેળવ્યો હતો, તેથી વાયવ્ય ભારતમાંથી વધુ આક્રમણો માટેનો માર્ગ ખુલ્લો થયો હતો. અહમદશાહ અબ્દાલી 13 વર્ષની ઉંમરે નાદિરશાહની નોકરીમાં રહ્યો હતો. 1738-39ના નાદિરશાહના ભારત આક્રમણ સમયે તે તેની સાથે હતો. તે બહાદુર, બાહોશ અને મુત્સદ્દી શાસક હતો. તેણે નાદિરશાહના સેનાપતિ તરીકે ખૂબ પ્રસિદ્ધિ મેળવી હતી 1747માં નાદિરશાહના અવસાન પછી અહમદશાહ અબ્દાલીએ સત્તા કબજે કરી તે અફઘાનિસ્તાનનો શાસક બન્યો હતો. 1748 થી 1761 દરમિયાન તેણે ભારત ઉપર અનેકવાર આક્રમણ કર્યાં હતાં. તેમાંથી 1761માં તેણે કરેલું આક્રમણ એ નોંધપાત્ર હતું. કારણ કે આ વખતે તેણે પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓને પરાજિત કર્યા હતા.

### 1.3.3 પડતી : કેટલાંક અર્થઘટનો (Decline : Some Interpretations)

છેલ્લા દસકાઓમાં મુઘલ સામ્રાજ્યની પડતી અંગેનાં આપણાં મંતવ્યોમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. ઇતિહાસકાર ઇરવિંગ અને જદુનાથ સરકારના મતાનુસાર મુઘલ સમ્રાટ અને તેના અમીરોની વ્યક્તિગત નિષ્ફળતાઓ, તેમની અનૈતિકતા તથા અત્યંત ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહેવાની તેમની મનોવૃત્તિ એ મુઘલ સામ્રાજ્યની પડતી માટે જવાબદાર કારણો હતાં. આ મંતવ્ય પ્રણાલિકાગત રીતે લાંબા સમયથી પ્રચલિત હતું. ઇતિહાસકાર જદુનાથ સરકાર અને બીજા પણ ઇતિહાસકારો મુઘલ શાસનને 'મુસ્લિમ શાસન' તરીકે દર્શાવે છે અને મરાઠાઓ, શીખો અને બુંદેલાઓએ કરેલા વિદ્રોહોને તેઓ ઇસ્લામી આક્રમણ સામેની હિંદુ પ્રતિક્રિયા તરીકે ગણાવે છે.

પરંતુ સતીશચંદ્ર અને ઇરફાન હબીબ જેવા ઇતિહાસકારો આ મંતવ્યનો વિરોધ કરે છે. તેઓ મુઘલ સામ્રાજ્યની પડતી માટે તેમની આર્થિક કટોકટીને જવાબદાર ગણાવે છે. સતીશચંદ્રના મતાનુસાર જાગીરદારોની સંખ્યા વધી જતાં જાગીરોની ઊણપ ઊભી થઈ અને પરિણામે જાગીરદારી પદ્ધતિમાં કટોકટી ઊભી થઈ અને આ કટોકટી જ મુઘલ સામ્રાજ્યની પડતીનું મુખ્ય કારણ બની. તો ઇરફાન હબીબ જણાવે છે કે કૃષિક્ષેત્રે શોષણ વધ્યું હતું, કારણ કે કૃષિક્ષેત્ર ઉપર નભનારાની સંખ્યા પણ વધવા લાગી હતી. તેના પરિણામે ખેડૂત-વિદ્રોહ થયાં અને તે વિદ્રોહોએ મુઘલ સામ્રાજ્યની સ્થિરતાને હચમચાવી નાખી.

ન્યૂ કેમ્બ્રિજ હિસ્ટ્રી ઑફ ઇન્ડિયાના લેખકો ઇરફાન હબીબ કરતાં એકદમ વિરોધી મંતવ્ય ધરાવે છે. તેઓના મતાનુસાર મુઘલોની પડતી એ મુઘલ પદ્ધતિની સફળતાને પરિણામે થઈ હતી, નહિ કે તેની નિષ્ફળતાને કારણે. એવી દલીલ પણ કરવામાં આવે છે કે જમીનદારો કે જેમણે મુઘલ સામ્રાજ્યની સામે બળવો કર્યો તેઓ ગરીબ નહિ પરંતુ ધનિક ખેડૂતો હતા, અને તેમને શ્રીમંત વેપારીઓનું સમર્થન મળેલું હતું. જોકે આ મંતવ્યને સ્વીકારવા માટે હજુ વધારે પ્રમાણોની જરૂર છે. ઉપરોક્ત બધાં મંતવ્યોના અભ્યાસ પછી સર્વમાન્ય મંતવ્ય તરીકે 'આર્થિક કટોકટી'નું મંતવ્ય સ્વીકારવામાં આવ્યું છે.

### 1.3.4 મુઘલ પ્રણાલિકાઓનું સાતત્ય (Continuity of Mughal Traditions)

મુઘલ સામ્રાજ્યના પ્રદેશોનું તો ઝડપી વિઘટન થયું હતું પરંતુ વહીવટતંત્રના ક્ષેત્રે મુઘલોની પ્રણાલિકાઓ ચાલુ રહી હતી. 1761માં અહમદશાહ અબ્દાલીએ મરાઠાઓને પાણીપણના ત્રીજા યુદ્ધમાં હરાવ્યા ત્યારે મુઘલ સામ્રાજ્યનું તો માત્ર નામ જ રહી ગયું હતું. તત્કાલીન પરિસ્થિતિમાં તો તેને 'દિલ્હીનું રાજ્ય' કહી શકાય, છતાં મુઘલ સમ્રાટ એ રાજાઓનો પણ રાજા ગણાતો હતો. તેની પ્રતિષ્ઠા હજુ પણ વ્યાપક હતી. તેથી નવા પ્રદેશ મેળવવામાં કે ગાદી મેળવવામાં કે સામ્રાજ્ય મેળવવું હોય તો તેની પરવાનગી લેવામાં આવતી હતી. મરાઠાઓના વિદ્રોહી નેતાઓ અને શીખો પણ કેટલીકવાર મુઘલ સમ્રાટને સત્તાનું મૂળ માનતા હતા. શીખોના ગુરુઓ, મુઘલોએ હત્યા કરી નાખી હતી, છતાં શીખોએ 1783માં મુઘલ દરબારમાં નજરાણું મોકલ્યું હતું, તો મરાઠા નેતા શાહુએ 1714માં ઔરંગઝેબની કબરની મુલાકાત લીધી હતી.

અંગ્રેજો અને મરાઠાઓ મુઘલ સમ્રાટનો વ્યક્તિગત કબજો મેળવવા સંઘર્ષ કરતા રહ્યા હતા. તેઓ એમ કરીને શાહી ગાદી ઉપરના પોતાના દાવાને કાયદાકીય સમર્થન મેળવવા માગતા હતા. 1764ના

બક્સરના યુદ્ધ પછી મુઘલ સમ્રાટ શાહઆલમ દ્વિતીય એ બ્રિટિશ કંપનીનો પેન્શનર બની ગયો. છતાં શાહઆલમે દિલ્હીમાં સંરક્ષણ તો મરાઠાઓનું જ લેવાનું પસંદ કર્યું હતું. પરંતુ 1803માં અંગ્રેજોએ દિલ્હી કબજે કરતાં તે ફરી બ્રિટિશ સંરક્ષણ હેઠળ આવ્યો.

પ્રાદેશિક રાજ્યોએ પણ મુઘલ વહીવટી પદ્ધતિને સ્વીકારી હતી. મુઘલ સામ્રાજ્યના વારસદાર બનેલાં રાજ્યો માટે જૂની મુઘલ પદ્ધતિ ચાલુ રાખવાનું સ્વાભાવિક હતું. મરાઠાઓનું રાજ્ય તો મુઘલોના શાહી શાસન સામેની જનતાની પ્રતિક્રિયારૂપે અસ્તિત્વમાં આવ્યું હતું, છતાં તેણે પણ મુઘલ વહીવટતંત્રની પદ્ધતિઓનું અનુકરણ કર્યું હતું. તેથી મુઘલ સામ્રાજ્યના વિઘટન પછી પણ મુઘલ વહીવટીતંત્રમાં અનુભવ મેળવી ચૂકેલા અનેક અમલદારોને અનેક સ્થાનિક રાજ્યોએ પોતાના વહીવટીતંત્રમાં નોકરીમાં રાખ્યા હતા.

## સંસ્થાઓનું સાતત્વ વિ. માળખાંમાં પરિવર્તન (Continuity in Institutions Vs Change in Structure)

મુઘલ સામ્રાજ્યના વિઘટન પછી પણ તેના વહીવટીતંત્રની ઘણી સંસ્થાઓ ચાલુ રહી હતી. પરંતુ તેનાથી એવું તારણ ન કાઢી શકાય કે મુઘલ રાજકીય પદ્ધતિ ટકી રહી હતી. નવું રાજ્યતંત્ર પ્રાદેશિક કક્ષાનું હતું. તેમાંથી કોઈએ પણ અખિલ ભારતીય સ્વરૂપ ધારણ કર્યું ન હતું. કેટલીક જૂની વહીવટી સંસ્થાઓને નવી રાજકીય પદ્ધતિમાં નવું સ્વરૂપ આપીને પ્રાદેશિક હાકેમો અને પછીથી અંગ્રેજોએ ચાલુ રાખી હતી. અંગ્રેજોનું શાસન તો સંસ્થાનવાદી શાસન હતું. તેથી તેમના એ શાસન દરમિયાન મુઘલોની જૂની સંસ્થાઓને જુદાં જ પ્રકારનાં કામ કરવા પડ્યાં હતાં. અંગ્રેજોની જમીન-મહેસૂલ પદ્ધતિ તો મુઘલો જેવી જ રહી હતી. પરંતુ તેમાંથી મેળવેલું ધન એ ભારતમાં રહેવાને બદલે ઇંગ્લેન્ડમાં ચાલ્યું જતું હતું. આમ, મુઘલોના અને અંગ્રેજોના વહીવટતંત્રનાં સ્વરૂપ અને કાર્યો વચ્ચે રહેલા આ અંતરને સામ્રાજ્યવાદની તરફેણ કરનારા ઇતિહાસકારોએ સ્પષ્ટ કર્યું નથી, કારણ કે તેઓ એમ દર્શાવવા માગતા હતા કે તેમણે તો મુઘલ સમયના વહીવટતંત્રને જ ચાલુ રાખ્યું હતું અને એ રીતે તેઓ પોતાના પુરોગામી મુઘલો કરતાં જુદા પડતા ન હતા.

## તમારી પ્રગતિ ચકાસો - 1

1. "18મી સદીને અંધકારયુગ કહેવામાં આવે છે." - તે અંગે ઇતિહાસકારોનાં વિવિધ મંતવ્યો દર્શાવો.

   ......................................................................................
   ......................................................................................
   ......................................................................................
   ......................................................................................
   ......................................................................................

2. સમ્રાટ મોહંમદશાહના સમયમાં કયાં રાજ્યો સ્વતંત્ર બની ગયાં ?

   ......................................................................................
   ......................................................................................
   ......................................................................................
   ......................................................................................
   ......................................................................................

2. મુઘલ સામ્રાજ્યની પડતી અંગેનાં વિવિધ અર્થઘટનો વર્ણવો.

   ......................................................................................
   ......................................................................................
   ......................................................................................
   ......................................................................................
   ......................................................................................

4. નીચેનાં વિધાનોમાંથી જે સાચાં હોય તેની સામે (√) અને ખોટાં હોય તેની સામે (x)ની નિશાની કરો :

   1. નિઝામ-ઉલ-મુલ્કે હૈદ્રાબાદના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી.
   2. નાદિરશાહ મયૂરાસન અને કોહિનૂર હીરો ભારતમાં કરેલી લૂંટમાં લઈ ગયો હતો.
   3. અહમદશાહ અબ્દાલી મુઘલોનો સેનાપતિ હતો.
   4. 1761માં લડાયેલી પાણિપતની ત્રીજી લડાઈમાં મરાઠાઓએ અફઘાનોને હરાવ્યા હતા

## 1.4 પ્રાદેશિક રાજયતંત્રોનો ઉદ્‌ભવ (Emergence of Regional Polities)

18મી સદીનો પ્રથમ મહત્ત્વનો બનાવ મુઘલ સામ્રાજ્યની પડતીનો હતો, તો બીજો મહત્ત્વનો બનાવ એ પ્રાદેશિક રાજયતંત્રોના ઉદ્‌ભવનો હતો. તે સમયે જાણીતાં રાજ્યો ત્રણ પ્રકારનાં હતાં :

(1) એવાં રાજ્યો (વારસદાર રાજ્યો), જેમણે મુઘલ સામ્રાજ્યથી છેડો ફાડી નાખ્યો.

(2) એ નવાં રાજ્યો જે વિદ્રોહીઓએ મુઘલોની સત્તાની સામે થવા સ્થાપ્યાં હતાં. (નવાં રાજ્યો)

(3) સ્વતંત્ર રાજ્યો

ચાલો, આપણે તેમાંથી દરેક અંગે અલગથી જોઈએ.

### 1.4.1 વારસદાર રાજ્યો (Successor States)

હૈદ્રાબાદ, બંગાળ અને અવધ એ પહેલાં મુઘલ સામ્રાજ્યના પ્રાંત હતા. તે પ્રાંતના મુઘલ ગવર્નરોએ પોતાને સામ્રાજ્યથી સ્વતંત્ર જાહેર કરી. આ ત્રણ પ્રાંતોમાં સ્વતંત્ર રાજ્યો સ્થાપી દીધાં હતાં. મુઘલ સામ્રાજ્યની રાજધાની દિલ્હીથી આ પ્રદેશોનો સંબંધ ધીમેધીમે ક્રમશઃ ઓછો થતો ગયો હતો. સૌપ્રથમ આ પ્રદેશોમાં વ્યક્તિગત બળવા થયા અને પછીથી સમાજના અમુક જૂથના વિદ્રોહ થયા. તેના પછી અમુક જાતિના અને અંતે સંપૂર્ણ પ્રદેશના વિદ્રોહ થયા. મુઘલ સામ્રાજ્ય તરફથી જે અન્યાયી માગણીઓ રજૂ થતી તેની સામે પ્રાંતોમાં જમીનદારોએ બળવા કરવાની શરૂઆત કરી હતી. આ બળવાં શમાવવા માટે પ્રાંતોના ગવર્નરોને સામ્રાજ્ય તરફથી સહાય મળતી નહિ. તેથી તેમણે સ્થાનિક ઉચ્ચવર્ગનો ટેકો મેળવવાના પ્રયાસ કર્યા હતા.

આ રાજ્યો સ્વતંત્ર થઈ ગયાં હોવા છતાં તેમણે કેન્દ્ર સાથેના સંબંધો જાળવી રાખ્યા હતા. ઉપરાંત પોતાના વહીવટ હેઠળના પ્રદેશમાં મુઘલ પ્રણાલિકાઓ પણ જાળવી રાખી હતી. નાદિરશાહે દિલ્હી ઉપર આક્રમણ કર્યું ત્યારે અવધ અને હૈદ્રાબાદનાં રાજ્યો મુઘલોની મદદે આવ્યા હતા. પ્રાંતોના ગવર્નરો મુઘલ દરબારના ઉમરાવોનાં વિવિધ જૂથો સાથે સંબંધો રાખતા અને તેના મારફત કેન્દ્ર ઉપર દબાણ લાવવાની કે નિયંત્રણ રાખવાની શક્તિ ધરાવતા હતા. તેથી આ યુગમાં રાજયતંત્રમાં આવેલાં પરિવર્તનને મુઝફ્ફર આલમ 'માત્ર સ્વરૂપમાં આવેલું પરિવર્તન' (Transformation)કહે છે, કારણ કે મુઘલોના સંસ્થાકીય માળખામાં એક નવી રાજકીય વ્યવસ્થાનું નિર્માણ થયું હતું. તેથી તેને મુઘલ રાજયતંત્રનું પતન ગણાવી શકાય નહિ.

મુઘલોના અખિલ ભારતીય રાજયતંત્રનું પતન થયું હોવા છતાં તેનાથી આર્થિક પતન થયું ન હતું. પ્રાદેશિક એકમોનું આર્થિક ચિત્ર વિવિધરંગી હતું. પરદેશી આક્રમણોને પરિણામે પંજાબનું અર્થતંત્ર ભાંગી પડ્યું હતું. પરંતુ અવધ તો આર્થિક વિકાસ સાધી રહ્યું હતું. અવધના નવાબ સફદરજંગે પોતાના રાજ્યારોહણ પ્રસંગે નાદિરશાહને રૂપિયા ત્રણ કરોડ આપ્યા હતા. તે તેના વિકાસ પામેલા નાણાતંત્રની માહિતી આપે છે. આર્થિક પ્રગતિનાં પરિણામે અવધમાં સ્થિર રાજયતંત્રનો વિકાસ થયો. પરંતુ પંજાબના ભાંગી પડેલા અર્થતંત્રને કારણે પંજાબનાં રાજ્યોનું પતન થયું.

### હૈદ્રાબાદ (Hyderabad)

હૈદ્રાબાદ રાજ્યની સ્થાપના 1724માં નિઝામ-ઉલ-મુલ્કે કરી હતી. તેના શાસનકાળ દરમિયાન હૈદ્રાબાદ રાજ્યે વિવિધ ક્ષેત્રે પ્રગતિ સાધી હતી. 1748માં તેના મૃત્યુ સાથે તેનાં 24 વર્ષના ભવ્ય શાસનકાળનો અને હૈદ્રાબાદના ઈતિહાસના એક વૈભવશાળી પ્રકરણનો અંત આવ્યો. નિઝામ-ઉલ-મુલ્ક [illegible] દરબારનો એક પ્રસિદ્ધ ઉમરાવ હતો. તે સમયે દિલ્હી દરબારમાં સૈયદોની બોલબાલા હતી. [illegible] દિલ્હીનો સમ્રાટ મોહંમદશાહ હતો. પરંતુ તેના ઉપર સૈયદોનું નિયંત્રણ હતું. મોહંમદશાહે નિઝામ-ઉલ-મુલ્કની મદદથી સૈયદોને સત્તાસ્થાનેથી દૂર કર્યા અને તેના ઈનામરૂપે સમ્રાટે તેને દખ્ખણ પ્રદેશનો સૂબેદાર નીમ્યો હતો.

દખ્ખણના સૂબેદાર તરીકે નિઝામ-ઉલ-મુલ્કે વહીવટીતંત્રમાં તથા મહેસૂલ પદ્ધતિમાં સુધારા કર્યા હતા. 1722 થી 1724ના ટૂંકા ગાળા દરમિયાન તે દિલ્હીમાં વઝીર તરીકે પણ નિમાયો હતો. પરંતુ ત્યાર 1724માં દખ્ખણમાં આવીને તેણે હૈદ્રાબાદમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. તેણે બાહ્ય રીતે તો મુઘલ સમ્રાટને વફાદાર રહેવાનો દેખાવ ચાલુ રાખ્યો હતો. પરંતુ વાસ્તવમાં તેનું રાજ્ય સ્વતંત્ર હતું. [illegible] લિઓનાર્ડ નામની લેખિકા પોતાના હૈદ્રાબાદ અંગેના અભ્યાસમાં જણાવે છે કે તેણે પોતાના રાજ્યમાં પ્રાદેશિક ઉમરાવવર્ગની રચના કરી હતી અને એ રીતે તેણે પોતાના રાજ્યની સ્વતંત્રતાને સ્થિરતા આપવા પ્રયત્ન કર્યો હતો. નિઝામ-ઉલ-મુલ્ક એક કાબેલ વહીવટકર્તા અને કુશળ રાજનીતિજ્ઞ હતો. તેથી તેણે તત્કાલીન પરિસ્થિતિમાં કેટલાક મહત્ત્વનાં પગલાં લઈ પોતાની બુદ્ધિમત્તાનો પરિચય આપ્યો હતો. તે હતાં - મહેસૂલી પદ્ધતિમાં સુધારા, જમીનદારો ઉપર નિયંત્રણ અને હિંદુઓ પ્રત્યે સહિષ્ણુતાની નીતિ.

પરંતુ 1748માં તેના મૃત્યુને કારણે હૈદ્રાબાદ રાજ્યની સ્થિતિ કમજોર બની. તેના વારસદાર શક્તિશાળી

ન હતા. વળી, મરાઠાઓ તથા વિદેશી વેપારી કંપનીઓ પણ આ સમયે દખ્ખણમાં શક્તિશાળી બની રહ્યા હતા. મરાઠાઓએ આ પરિસ્થિતિનો લાભ લઈને હૈદ્રાબાદ રાજ્ય ઉપર આક્રમણ કર્યું અને તેના નિઃસહાય નિવાસીઓ પાસેથી ચોથ વસૂલ કરી. નિઝામ-ઉલ-મુલ્કનો પુત્ર નાસિરજંગ અને પૌત્ર મુઝફ્ફરજંગ લોહિયાળ વારસાવિગ્રહમાં સપડાયા હતા. આમ, આંતરવિગ્રહને કારણે ''ઘર ફૂટે ઘર જાય'' જેવી પરિસ્થિતિ હતી. ડુપ્લેની નેતાગીરી હેઠળ ફ્રેંચોએ પરિસ્થિતિનો લાભ લીધો અને એક જૂથની વિરુદ્ધ બીજા જૂથને મદદ કરવાની તક ઝડપી લીધી. તેમણે મુઝફ્ફરજંગનું સમર્થન કર્યું, તેના બદલામાં તેમણે તેમની પાસેથી ઇનામરૂપે સારા પ્રમાણમાં નાણાકીય અને પ્રાદેશિક લાભ મેળવ્યા.

## બંગાળ (Bengal)

બંગાળ પણ મુઘલ સામ્રાજ્યનો એક પ્રાંત હતો. ત્યાંના ગવર્નરે પણ બંગાળમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપી દીધું હતું. બંગાળના ગવર્નર બાહ્યરૂપે દિલ્હીના મુઘલ સમ્રાટ પ્રત્યે નામમાત્રની વફાદારી દર્શાવતા હતા પરંતુ હકીકતમાં તેઓ સ્વતંત્ર શાસક તરીકે વર્તતા હતા. 1717માં મુર્શિદકુલીખાન એ બંગાળનો મુઘલ ગવર્નર નિમાયો હતો. દિલ્હીના મુઘલ સમ્રાટ પ્રત્યે તેની જવાબદારી માત્ર વાર્ષિક ખંડણી મોકલાવી દેવા પૂરતી મર્યાદિત હતી. તેના પછી સુજાઉદ્દીન 1727માં બંગાળનો નવાબ બન્યો અને તેણે 1739 સુધી શાસન કર્યું. તેના પછી અલિવર્દીખાન બંગાળનો નવાબ થયો, તે શક્તિશાળી અને કાર્યદક્ષ હતો. તેને મરાઠાઓ સાથે અવારનવાર સંઘર્ષ થતા હતા. છેવટે તેણે મરાઠાઓને ઓરિસ્સા પ્રાંત આપીને તથા વાર્ષિક 12 લાખ રૂપિયા ચોથ તરીકે આપવાનું સ્વીકારીને તેની સાથે સમાધાન કર્યું હતું. અંગ્રેજો સાથે તેણે સારા સંબંધો રાખ્યા હતા, પરંતુ બંગાળમાં તેમનાં મથકોને તેણે કિલ્લેબંધી કરવાની પરવાનગી આપી ન હતી. 1756માં તે અપુત્ર અવસાન પામ્યો. તેને ત્રણ પુત્રીઓ હતી જે પરિણિત હતી. તેના બે જમાઈઓ તેના મૃત્યુ પહેલાં મરણ પામ્યા હતા. તેથી સૌથી નાની પુત્રીના 24 વર્ષના પુત્ર સિરાજુદ્દૌલાને તેણે પોતાના વારસદાર તરીકે પસંદ કર્યો હતો. તેથી 1756માં તે બંગાળની ગાદીએ બેઠો.

બંગાળના નવાબો સરકારી હોદ્દાઓ ઉપર નિમણૂક આપવામાં ધર્મના આધારે હિંદુ-મુસ્લિમ જેવા કોઈ ભેદભાવ રાખતા ન હતા. તેથી ઘણા હિંદુઓએ બંગાળની મુલકી સેવામાં ઉચ્ચ હોદ્દાઓ મેળવ્યા હતા અને સારી આવક ધરાવતી જમીનદારી પણ મેળવી હતી. બંગાળના નવાબો પોતાને સંપૂર્ણ સ્વતંત્ર શાસક માનતા હતા. તેથી તેમના પ્રદેશમા વેપાર કરતી યુરોપિયન વેપારી કંપનીઓની પ્રવૃત્તિઓ ઉપર કડક નિયંત્રણ રાખ્યું હતું. ચંદ્રનગરમાં આવેલી ફ્રેંચ કોઠીને તથા કલકત્તામાં આવેલ બ્રિટિશ કોઠીને તેમણે કિલ્લેબંધી કરવાની પરવાનગી આપી ન હતી. વળી, નવાબોએ તેમની વિશેષાધિકારની માગણીઓ પણ સ્વીકારી ન હતી. બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ તો પોતાનું લક્ષ્ય પાર પાડવા માટે લશ્કરનો ઉપયોગ કરવાની ધમકી આપી હોવા છતાં બંગાળના નવાબે પોતાની સર્વોચ્ચ સત્તા પ્રસ્થાપિત કરી રાખી હતી. જૂન 1757માં સિરાજુદ્દૌલાના શાસનકાળમાં જ કલકત્તાની કાળી કોટડીનો કહેવાતો ચર્ચાસ્પદ બનાવ બન્યો હતો. પરંતુ તેમ છતાં બંગાળના નવાબોનો અંગ્રેજોના હાથે પરાજય થયો, તેનું મુખ્ય કારણ એ હતું કે નવાબો પાસેની સેના સંખ્યાની દૃષ્ટિએ ઓછી તથા કમજોર હતી. ઉપરાંત તેમણે બ્રિટિશ કંપની તરફથી ઊભા થયેલા ભયને સમજવામાં થાપ ખાધી. પરિણામે 1757ના જૂન મહિનામાં બંગાળમાં પ્લાસી મુકામે થયેલા યુદ્ધમાં અંગ્રેજોનો વિજય થયો. આ વિજયને કારણે અંગ્રેજોનો ભારત સાથેના સંબંધોનો એક નવો અધ્યાય શરૂ થયો એમ કહી શકાય.

## અવધ (Awadh)

1722માં સાદતખાન બુરહાન-ઉલ-મુલ્કને અવધના ગવર્નર તરીકે નીમવામાં આવ્યો હતો. તેણે પણ ધીરે ધીરે પોતાની સત્તા પ્રસ્થાપિત કરી અવધને સ્વતંત્ર રાજ્ય બનાવ્યું હતું. અવધમાં જમીનદારો જમીન-મહેસૂલ આપતા ન હતા. તેઓ પોતાનાં કિલ્લા અને લશ્કર ધરાવતા હતા. તેથી તેઓ સ્વાયત્ત સરદારોની જેમ વર્તતા હતા. અવધના નવાબ સાદતખાને આ બાબતને ગંભીર ગણીને જમીનદારોને સખત પગલાં લઈને નમાવ્યા. પછીથી તેણે નવી ભૂમિવ્યવસ્થા અમલમાં મૂકી. તેનાથી ખેડૂતોને જમીનદારોની જોરજુલમી સામે રક્ષણ મળ્યું. જાગીરદારી પ્રથામાં પણ સુધારા કરવામાં આવ્યા. વળી, સ્થાનિક આગેવાનોને જાગીરો આપવાનું પણ તેણે શરૂ કર્યું. ઉપરાંત તે આગેવાનોને વહીવટ તથા લશ્કરમાં પણ હોદ્દાઓ આપવામાં આવ્યા. શેખના પુત્રો એવા શેખજાદાઓ, અફઘાનો તથા હિંદુઓને આવા હોદ્દા મળ્યા. તેના પરિણામે એક ''પ્રાદેશિક કક્ષાના શાસકજૂથ''ની રચના થઈ.

## 1.4.2 નવાં રાજ્યો (The New States)

પ્રાદેશિક રાજ્યોનું બીજું જૂથ નવાં રાજ્યોનું બનેલું હતું. આ નવાં રાજ્યો હકીકતમાં તો મુઘલોની સામે બળવો કરીને મરાઠાઓ, શીખો, જાટો અને અફઘાનોએ સ્થાપ્યાં હતાં. તેથી આ નવાં રાજ્યો એ વિદ્રોહનાં પરિપાકરૂપ હતાં તેમ કહેવાય છે. તેમાં પણ મરાઠાઓ, શીખો અને જાટોનાં રાજ્યો તો પ્રજાકીય આંદોલનના પરિણામે સ્થપાયાં હતાં. આ પ્રજાકીય આંદોલનોની નેતાગીરી ઉમરાવો પાસે નહિ, પરંતુ સમાજના સામાન્ય વર્ગના લોકો પાસે હતી. જેમકે હૈદરઅલી, સિંધિયા અને હોલકર.

## મરાઠાઓ (Marathas)

18મી સદીના બે મુખ્ય પ્રસંગો તરીકે મુઘલ સત્તાનું પતન અને સાંસ્થાનિક શાસનની સ્થાપનાને ગણવામાં આવે છે. તેવી જ રીતે તે સદીના ત્રીજા મહત્ત્વના પ્રસંગ તરીકે પ્રાદેશિક રાજ્યોના ઉદય અને પતનને ગણાવી શકાય. આ પ્રાદેશિક રાજ્યોમાં પણ સૌથી મહત્ત્વનું રાજ્ય મરાઠાઓનું હતું. આખા ભારતમાં ફેલાયેલા એવા એક સામ્રાજ્ય (મુઘલ સામ્રાજ્ય)નું વિઘટન થયું. તો બીજા સામ્રાજ્યે (બ્રિટિશ સામ્રાજ્યે) તેનું સ્થાન લીધું અને ત્રીજું સામ્રાજ્ય (મરાઠાઓનું) અસ્તિત્વમાં આવી શક્યું નહિ. 18મી સદીના પૂર્વાર્ધમાં મુઘલ સામ્રાજ્યના વિઘટનની પ્રવૃત્તિ પ્રમુખસ્થાને રહી હતી, તેના ઉત્તરાર્ધમાં બ્રિટિશ શાસન ઝડપથી પ્રસરી રહ્યું હતું અને 18મી સદીના મધ્યકાળનો મોટો ભાગ મરાઠાઓની સત્તાના રાજકીય વિકાસ સાથે સંકળાયેલો હતો.

મરાઠા વહીવટતંત્રમાં પેશવા કે મુખ્ય પ્રધાનનું મહત્ત્વનું સ્થાન હતું. તે વહીવટમાં કેન્દ્રસ્થાને હતો, આ વહીવટી વ્યવસ્થાનો વિકાસ પેશવા બાલાજી વિશ્વનાથના સમયમાં થયો હતો. તે શિવાજીના પૌત્ર શાહુનો વિશ્વાસુ અમલદાર હતો. શાહુ 1707માં ઔરંગઝેબના મૃત્યુ પછી મુઘલોના દરબારમાંથી મુક્તિ મેળવી શક્યો હતો અને દખ્ખણમાં પાછો આવીને તે મરાઠાઓનો અગ્રણી નેતા બન્યો હતો. તેના શાસનકાળ દરમિયાન પેશવાના હોદ્દાની સત્તાઓમાં ઝડપથી વધારો થયો હતો. પછીથી તો પેશવાનું પદ એ સંપૂર્ણ મરાઠા સામ્રાજ્યની સત્તાનું કેન્દ્રબિંદુ બન્યું હતું.

બાલાજી વિશ્વનાથ 1713 થી 1720 સુધી પેશવા રહ્યો હતો. તેના પછી તેનો પુત્ર બાજીરાવ પહેલો 1720 થી 1740 સુધી પેશવાના હોદ્દા ઉપર રહ્યો હતો. બાજીરાવ પહેલાના સમય દરમિયાન મરાઠા રાજ્યનો ઘણો વિસ્તાર કરવામાં આવ્યો હતો. 1740માં તેના અવસાન સમયે મરાઠાઓએ એક પ્રાદેશિક સત્તાને બદલે એક વિસ્તારવાદી સામ્રાજ્યનું સ્થાન મેળવી લીધું હતું. તેમણે મુઘલ સામ્રાજ્યના દૂર-સુદૂર સુધી ફેલાયેલા પ્રદેશો ઉપર નિયંત્રણ સ્થાપી દીધું હતું. છતાં આ વિસ્તારવાદની મુખ્ય નબળાઈ એ હતી કે આ વિજયો મરાઠા સરદારોની પહેલને કારણ મળ્યા હતા. પરંતુ આ મરાઠા સરદારો પેશવા દ્વારા તેમની સત્તાનું નિયંત્રણ સ્વીકારવા તૈયાર ન હતા. આ સરદારોએ પેશવાની સત્તા એટલા માટે સ્વીકારી હતી કે પેશવા સાથેના તેમનાં ગઠબંધનને કારણે તેમને લશ્કરી અને નાણાકીય લાભ થયો હતો. આ સરદારોને કોઈ નિશ્ચિત કરેલા પ્રદેશનો વિજય કરવાની તથા ત્યાંથી ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાની પરવાનગી આપવામાં આવી હતી. જો પેશવા તેમની પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ મૂકે તો આ સરદારો બીજા પક્ષે જોડાઈ જવા પણ તૈયાર રહેતા. પેશવા બાલાજી વિશ્વનાથના સમય દરમિયાન (1713-1720) આવી સ્થિતિ પ્રવર્તતી હતી.

આમ, મરાઠા સરદારો વિવિધ પ્રદેશોના વિજયો તો કરતા હતા પરંતુ તેઓ પેશવાનાં નિયંત્રણોને સ્વીકારવા ઇચ્છુક ન હતા. તેથી તેના ઉપરથી બોધ લઈને પેશવા બાજીરાવ પહેલાએ પોતે જ લશ્કરી કૂચની નેતાગીરી લીધી હતી અને અન્ય પ્રદેશો ઉપરાંત માળવા અને ગુજરાત જેવા સમૃદ્ધ પ્રદેશો કબજે કર્યા હતા. પરંતુ આ રાજ્યવિસ્તારનાં કાર્ય દરમિયાન બાજીરાવ પહેલો દખ્ખણના એક બીજા શક્તિશાળી રાજવી એવા હૈદ્રાબાદના શાસક નિઝામ-ઉલ-મુલ્ક સાથે સંઘર્ષમાં આવ્યો. જો તે બંનેએ મળીને પ્રથમ મુઘલોની સામે અને પછીથી અંગ્રેજોની સામે જૂથબંધી કરી હોત તો બંનેને લાભ થયો હોત. પરંતુ તેમ કરવાને બદલે તેઓએ એકબીજાની વિરુદ્ધ મુઘલ અમલદારો સાથે મૈત્રી-સમજૂતી કરી. બાજીરાવ પહેલાની સેનાએ નિઝામ-ઉલ-મુલ્કની સેનાને બે વાર સખત પરાજય આપ્યો હતો. છતાં તે બંને વચ્ચે સર્વોપરી સત્તા સ્થાપવા અંગેનો સંઘર્ષ ચાલુ જ રહ્યો હતો. પછીથી દખ્ખણના આ રંગમંચ ઉપર બ્રિટિશ સત્તાએ પણ પ્રવેશ કરતાં તે સંઘર્ષ ત્રિપક્ષી બન્યો. તે અંગ્રેજોને જ લાભકર્તા નીવડ્યો, કારણ કે તેઓ એક સત્તાને બીજી સત્તાની સામે મૂકવામાં સફળ થયા.

બાજીરાવ પહેલાના 1740માં થયેલા અવસાન પછી તેનો મોટો પુત્ર બાલાજી બાજીરાવ પેશવા બન્યો હતો. તે 1761 સુધી પેશવા રહ્યો હતો. તે નાનાસાહેબ પેશવા તરીકે પણ ઓળખાય છે. તેના ભાઈઓ રઘુનાથ (રાઘોબા) અને જનાર્દન પણ કુશળ હતા. તેના પેશવાકાળ દરમિયાન મરાઠા સત્તા તેના સર્વોચ્ચ શિખરે હતી. હવે તેમનો રાજ્યવિસ્તાર એ માત્ર મુઘલ પ્રદેશો પૂરતો જ મર્યાદિત રહ્યો ન હતો, ત્યારે તો ભારતના બધા ભાગ મરાઠા આક્રમણના શિકાર બન્યા હતા. તેમાં પણ મરાઠાઓને દખ્ખણ વિજય કરવાનું પ્રમાણમાં સરળ લાગ્યું. 1760માં સદાશિવરાવ ભાઉ અને વિશ્વાસરાવની સરદારી નીચેના મરાઠા લશ્કરે ઉદ્‌ગીર પાસેની લડાઈમાં નિઝામના લશ્કરને સખત પરાજય આપ્યો. નિઝામ સાથે થયેલી સંધિ પ્રમાણે તેણે મરાઠાઓનો અહમદનગર, દૌલતાબાદ, બુરહાનપુર અને બીજાપુર ઉપરનો દાવો માન્ય રાખ્યો તથા 60 લાખ રૂ.નો દંડ પણ આપ્યો. આમ, નિઝામે ઘણા પ્રદેશો ગુમાવ્યા. મૈસૂર અને બીજાં રાજ્યોએ પણ મરાઠાઓને ખંડણી આપી. તો 1751માં મરાકાઓએ બંગાળ ઉપર વારંવાર વિજયો મેળવી તેમની પાસેથી ઓરિસ્સાનો પ્રદેશ મેળવ્યો તથા 12 લાખ રૂ. ચોથ તરીકે મેળવ્યા. પેશવા બાજીરાવ પહેલાએ મધ્ય ભારતમાં જીતેલા માળવા, ગુજરાત અને બુંદેલખંડના પ્રદેશો નાનાસાહેબના પેશવાકાળમાં મરાઠા સામ્રાજ્યમાં જોડી દેવાયા હતા.

## મુઘલો, મરાઠાઓ અને અફઘાનો વચ્ચે સંઘર્ષ (Struggle between Mughals, Marathas and Afghans)

મરાઠાઓએ પોતાની વિજયકૂચના પ્રારંભે ઉત્તર ભારત ઉપર વિજયો તો મેળવ્યા પરંતુ તેના ઉપર સ્વામિત્વ સ્થાપવાનું કાર્ય ખૂબ મુશ્કેલીભરેલું હતું. દિલ્હીમાં મુઘલો ઉપર મરાઠાઓનું પ્રભુત્વ સ્થપાઈ ગયું હતું, પરંતુ અહમદશાહ અબ્દાલીના નેતૃત્વ હેઠળ અફઘાનોએ મરાઠાઓને ત્યાંથી હાંકી કાઢ્યા.

## પાણિપતનું ત્રીજું યુદ્ધ, 1761 (The Third Battle of Paniat, 1761)

પાણિપતના ત્રીજા યુદ્ધનો પ્રારંભ 14 જાન્યુઆરી, 1761ના થયો હતો. પરંતુ તે માટેની પૂર્વભૂમિકા તો 1752થી જ રચાઈ ગઈ હતી, કારણ કે ત્યારે મરાઠાઓએ ઉત્તર ભારતના પ્રદેશો જીતી લઈને દિલ્હીના મુઘલ દરબારમાં પોતાનો પ્રભાવ પ્રસ્થાપિત કરી દીધો હતો. મુઘલ સામ્રાજ્યના વઝીર તરીકે ઈમાદ-ઉલ-મુલ્કને મૂકવામાં આવ્યો હતો. પરંતુ સાચી સત્તા તો હકીકતમાં મરાઠાઓના હાથમાં જ હતી અને તેઓ જ શાસક તરીકે વર્તતા હતા. મરાઠાઓએ જે પ્રદેશો મેળવ્યા હતા તેનાથી તેમને સંતોષ ન હતો. તેઓ પોતાના રાજ્યનો વિસ્તાર પંજાબમાં પણ કરવા ઈચ્છતા હતા - ત્યારે પંજાબમાં અહમદશાહ અબ્દાલીનો એક ખંડિયા રાજા શાસન કરતો હતો. મરાઠાઓની આ એક મોટી ભૂલ હતી. અહમદશાહ અબ્દાલીએ 1756-57માં ભારત ઉપર ચોથી વાર આક્રમણ કરી દિલ્હીમાં લૂંટ ચલાવી અને દિલ્હી, મથુરા વગેરેમાંથી કરોડોની મત્તા લૂંટી, અનેક સ્ત્રીઓનું અપમાન કરવામાં આવ્યું. પઠાણ સૈનિકોએ મથુરા, ગોકુળનાં મંદિરો લૂંટ્યાં અને હજારો હિંદુઓની કતલ કરવામાં આવી. જો રાઘોબા જલદીથી ઉત્તર ભારતમાં આવી પહોંચ્યો હોત અને રાજપૂતો - જાટોની તેણે સહાય લીધી હોત, તો આવી કત્લેઆમ નિવારી શકાઈ હોત. પરંતુ મરાઠાઓને આ વસ્તુ સૂઝી નહિ અને તેમણે પાણિપતની આફત નોતરી.

પાણિપતનું યુદ્ધ એ વિવિધલક્ષી બન્યું હતું. કારણ કે તેમાં નાની તેમજ મોટી સત્તાઓએ ભાગ લીધો હતો. ઉત્તર ભારતનો વિજય કરવાની પ્રક્રિયા દરમિયાન મરાઠાઓએ ઘણાં નાનામોટા દુશ્મનો ઊભા કર્યા હતા. તે સ્થિતિ અફઘાનો માટે લાભદાયક હતી. મરાઠાઓએ ઈમાદ-ઉલ-મુલ્ક સિવાયના મુઘલ ઉમરાવોને હરાવ્યા હતા. જાટ અને રાજપૂત સરદારોને પણ હરાવીને તેમની પાસેથી મોટી રકમના દંડ તેમણે વસૂલ કર્યા હતા. શીખો પણ મરાઠાઓને પંજાબમાં પોતાની સત્તાના વિસ્તરણમાં મદદ કરવા તૈયાર ન હતા, કારણ કે તેઓ પોતે જ પંજાબમાં પોતાની સત્તા સુદૃઢ કરવા માગતા હતા પરંતુ વિદેશી આક્રમણોને કારણે તેમને તેમાં સફળતા મળી ન હતી. રોહિલખંડના શાસક અને અવધના નવાબો પણ મરાઠાઓને મદદ કરવા માગતા ન હતા, કારણ કે તેમણે તો તેમના પ્રદેશ ઉજ્જડ કરી નાખ્યા હતા. તેથી તેઓ તો અબ્દાલીને મદદ કરવા તેના પક્ષે જોડાયા હતા. આમ, મરાઠાઓએ ઉત્તર ભારતનાં વિવિધ રાજ્યોને પોતાની વિસ્તારવાદી પ્રવૃત્તિથી નારાજ કર્યા હોવાથી પાણિપતના ત્રીજા યુદ્ધમાં અહમદશાહ અબ્દાલીનો સામનો કરવાનું કાર્ય તેમને એકલા હાથે જ કરવું પડ્યું.

આવી ગંભીર રાજકીય કટોકટીમાં દત્તાજી શિંદે તથા જનકોજી શિંદેને 1760માં દિલ્હી મોકલવામાં આવ્યા. તેમણે આવીને દિલ્હીમાં અવ્યવસ્થા દૂર કરવા પ્રયાસ કર્યા. દત્તાજીએ પંજાબની યોગ્ય વ્યવસ્થા કરીને રોહિલા સરદાર નઝીબને વશ કરવા ફરી પ્રયત્ન કર્યા. વળી, મરાઠાઓએ અબ્દાલીએ નીમેલા પંજાબના સૂબાને હરાવીને પંજાબનો કબજો લીધો. પોતે જીવનપર્યંત જે પ્રદેશ (પંજાબ) મેળવવા મથ્યો હતો, તે મરાઠાઓએ લઈ લેતાં અહમદશાહ અબ્દાલીએ ભારત ઉપર પાંચમી વાર આક્રમણ કર્યું. નઝીબશાહ અબ્દાલીના પક્ષે ભળી ગયો. દિલ્હીના યુદ્ધમાં દત્તાજી શિંદે મરાયો. દક્ષિણમાં આ સમાચાર મળતાં સદાશિવરાવ ભાઉના નેતૃત્વ હેઠળ મોટા મરાઠા લશ્કરે ઉત્તર તરફ કૂચ કરી. સૂરજમલ જાટને ભાઉ સાથે મતભેદ થતા ભરતપુર પાછો ફર્યો. રાજપૂતો મરાઠાઓની વિપરીત નીતિને કારણે મરાઠાઓ સાથે જોડાયા નહિ. મરાઠાઓના લશ્કરને પાશ્ચાત્ય ઢબે તાલીમ આપવામાં આવી હતી. છતાં તે અફઘાનોની સેનાની બરોબરી કરવા સમર્થ ન હતું. મરાઠા સેનાપતિ સદાશિવરાવ ભાઉ દિલ્હીમાં આશરે અઢી માસ સુધી એકંદરે નિષ્ક્રિય બેઠો રહ્યો. આ તેની ગંભીર ભૂલ હતી. છેવટે 14-1-1761ના મરાઠાઓએ અબ્દાલીના લશ્કર સામે યુદ્ધ કર્યું. જી. એસ. સરદેસાઈના મતાનુસાર મરાઠી સેનામાં આશરે 45,000 અને અફઘાન સેનામાં આશરે 60,000 સૈનિકો હતા. બપોરે અબ્દાલીએ 10 હજારનું અનામત દળ પણ ઉતાર્યું. આ દળ તથા અબ્દાલીના તોપદળે મરાઠાઓનો વિનાશ કર્યો. ઈબ્રાહીમ ગાર્દીએ મરાઠા તોપદળને છેલ્લે સુધી સક્રિય રાખ્યું. પરંતુ અંતે મરાઠાઓ હાર્યા. મરાઠાઓના 28,000 સૈનિકો અને તેના લશ્કરના સેનાપતિઓ વિશ્વાસરાવ (પેશવાનો સગીર પુત્ર) અને તેના પિતરાઈ સદાશિવરાવ ભાઉ યુદ્ધક્ષેત્રમાં મરાયા. દક્ષિણમાંથી લશ્કર લઈને આવી રહેલા પેશવાને 24-1-1761ના સાંકેતિક સંદેશો મળ્યો કે બે મોતીઓ (વિશ્વાસરાવ અને સદાશિવરાવ), 25 સોનામહોરો (મુખ્ય મરાઠા સરદારો) અને પુષ્કળ ચાંદી તથા તાંબાના સિક્કા (મરાઠા સૈનિકો) નાશ પામ્યા છે. આ સાંભળી પેશવા નિરાશ થઈને દક્ષિણમાં પાછો ફર્યો. અબ્દાલીએ શાહઆલમને બાદશાહ, શાહજાદા જવાનબખ્તને વહીવટકર્તા તથા નઝીબને મીરબક્ષી તરીકે નીમ્યા. પાણિપતના યુદ્ધમાં પરાજય પછી પેશવા નાનાસાહેબની તબિયત કથળી અને ટૂંકી માંદગી બાદ 23-6-1761ના તેનું મૃત્યુ થયું. તેના સમયમાં મરાઠી સત્તાએ સર્વોચ્ચ સ્થાન મેળવ્યું અને ભારે પતન પણ અનુભવ્યું.

## પાણિપતના ત્રીજા યુદ્ધની અસરો (Aftermath of the Third Battle of Panipat)

ભારત ઉપર સર્વોચ્ચ સત્તા સ્થાપવા માટેના સંઘર્ષની દૃષ્ટિએ પાણિપતનું યુદ્ધ મહત્ત્વનું પુરવાર થયું. મુઘલોને શાહી સત્તા તરીકે હટાવીને તેનું સ્થાન લેવાની મરાઠાઓની મહેચ્છા તેમના આ પરાજયને કારણે પરિપૂર્ણ ન થઈ શકી. પરંતુ આ યુદ્ધનો લાભ અફઘાનો કરતાં અંગ્રેજોને વધારે થયો. કારણ કે આ યુદ્ધમાં મરાઠાઓના પરાજય પછી અંગ્રેજોને બંગાળમાં તથા ભારતમાં પોતાનો પ્રભાવ વિસ્તાર કરવાની પૂરતી તક મળી. એક વખત બંગાળમાં તેમણે પગપેસારો કર્યા પછી તેમણે વિસ્તારની બાબતમાં પાછું વાળીને જોયું નથી. 1761ના પ્રસંગ પછી થોડા સમય માટે એવી આશા જન્મી હતી કે મરાઠાઓની શક્તિ પુનઃજીવન પામી રહી છે. નાનાસાહેબ પેશવાના 1761માં અવસાન પછી તેનો બીજો પુત્ર માધવરાવ પહેલો પેશવા બન્યો હતો. તેણે પોતાના જૂના શત્રુઓ એવા રોહિલ્લાઓ, રાજપૂતો અને જાટ સરદારોને ઉત્તર ભારતમાં તથા મૈસૂર અને હૈદ્રાબાદ રાજયોને દખ્ખણમાં નમાવ્યાં હતાં. પરંતુ 1772માં માત્ર 28 વર્ષની નાની વયે પેશવાનું અકાળ અવસાન થતાં મરાઠાઓના પુનઃઉદયના સ્વપ્નનો અંત આવ્યો હતો. સત્તા મેળવવાનો સંઘર્ષ શરૂ થયો અને તેના ભાગરૂપે લડાયેલા પ્રથમ આંગ્લ-મરાઠા વિગ્રહમાં (આ વિગ્રહની વિગતો એકમ 10માં આપી છે.) બ્રિટિશ સત્તાના હાથે મરાઠાઓનો પરાજય થયો.

## મરાઠા રાજય અને આંદોલનનું સ્વરૂપ (Nature of the Maratha State and Movement)

મરાઠાઓનો ઉદય એ મુઘલ કેન્દ્રીયકરણ સામેની પ્રાદેશિક પ્રતિક્રિયા હતી, તો સાથે સાથે તે અમુક વર્ગ અને જાતિઓ દ્વારા ઉચ્ચવર્ગ તરફ જવાની પ્રક્રિયા હતી. નાના ગ્રામ્ય આગેવાનો અને વારસાગત ખેડૂતો (મિરાસદારો) એ આ ચળવળના સામાજિક આધાર હતા. ખેડૂત વર્ગના લોકો ક્ષત્રિયપદ મેળવવા માગતા હતા, તો અમલદારવર્ગ સત્તા પોતાના હાથમાં કેન્દ્રિત કરવા માગતો હતો.

કરની ઉઘરાણી ચોથના રૂપમાં કરવામાં આવતી હતી અને તે મરાઠા રાજયવ્યવસ્થાને એક કાયદેસરનું અંગ બની ગયું હતું. મરાઠાઓના અવિકસિત વતનના પ્રદેશો અને ગરીબો પાસેથી જે નાણાં ઉઘરાવવામાં આવતાં હતાં તેમાં વધારાનાં નાણાં ચોથના માધ્યમ દ્વારા મેળવવામાં આવતાં હતાં. લૂંટ પણ મરાઠા રાજયની આવકનું એક સાધન હતું. પરંતુ તે તેમની રાજયવ્યવસ્થાની એક ખામી ગણાવી શકાય. વળી, તેમણે કર્ણાટક, કોરોમાંડલ અને ગંગાના ખીણપ્રદેશ જેવા સમૃદ્ધ પ્રદેશો ઉપર નિયંત્રણ સ્થાપ્યું ત્યારે પણ તેમણે ત્યાં પ્રત્યક્ષ શાસન સ્થાપ્યું ન હતું.

મરાઠાઓએ મુઘલ વહીવટી વ્યવસ્થાનાં કેટલાંક લક્ષણો સ્વીકાર્યાં હતાં. છતાં તેમણે વધારાનાં નાણાં મેળવવાની પદ્ધતિઓ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. અફઘાનો અને અંગ્રેજો તેમને હરાવી દે તે પહેલાં તેમણે ઝડપી ગતિએ પોતાનો પ્રભાવ સુદૃઢ કરવાની જરૂરત હતી. પરંતુ તે માટે જરૂરી વહીવટી માળખાંની તથા વ્યવસ્થિત પ્રાંતીય સત્તાનો તેમની પાસે અભાવ હતો. આમ, વહીવટી અને નાણાકીય દૃષ્ટિએ તેમની કેટલીક નબળાઈઓ તો હતી જ. તેમાં વળી, તેમની લશ્કરી ક્ષેત્રનાં પછાતપણાએ ઉમેરો કર્યો. તે સમયના લશ્કરી ક્ષેત્રનાં નવાં સોપાનો તેણે સર કર્યાં નહિ. જેમકે ભારે તોપદળ, નાનાં હથિયારો ખાસ કરીને ફ્લીન્ટ પ્રકારની બંદૂકો અને સુધારેલા પ્રકારના દારૂગોળા વગેરેને તેમણે અપનાવ્યા નહિ. તેથી તેઓ લશ્કરી દૃષ્ટિએ પોતાના શત્રુઓ કરતાં પછાત રહ્યા.

## શીખો (Sikhs)

પંજાબનો પ્રદેશ ભારતના ઉત્તર ભાગમાં આવેલો એક વ્યૂહાત્મક પ્રદેશ હતો અને છે. ત્યાં પંદરમી સદીના અંતે એક નવા લોકતંત્રાત્મક પ્રકારના શીખધર્મનો ઉદય થયો હતો. લગભગ બે સદી સુધી તો તે વ્યક્તિગત ક્ષેત્ર સુધી મર્યાદિત રહ્યો હતો. વળી, શીખ પ્રજા શરૂઆતમાં તો શાંતિપ્રિય પ્રજા હતી. પરંતુ મુઘલ સમ્રાટ જહાંગીરના સમયમાં શીખોના પાંચમા ગુરુ અર્જુનનો ખુશરૂને મદદ કરવા અંગે વધ કરવામાં આવ્યો. તેથી પ્રતિકાર માટે શીખ પ્રજા લડાયક બની. ગુરુ હરગોવિંદે તેમને લડાયક પ્રજામાં ફેરવવાની પ્રક્રિયાનો પ્રારંભ કર્યો હતો, તો ધાર્મિક કારણોને લીધે 1675માં ઔરંગઝેબે શીખ ગુરુ તેગ બહાદુરનો વધ કરાવ્યો ત્યારે સમગ્ર શીખ પ્રજા ખળભળી ઊઠી. પરિણામે દસમા શીખ ગુરુ ગોવિંદસિંહે શીખ પ્રજાને શસ્ત્રો ધારણ કરાવ્યાં. ત્યારથી શીખ કોમ વધારે ને વધારે લડાયક બની. ગુરુ ગોવિંદસિંહના સમયથી રાજકીય મહત્ત્વાકાંક્ષા અને લશ્કરી વૃત્તિને કારણે શીખધર્મ પાળતા લોકો એક સંગઠિત કોમ બની હતી. ગુરુ ગોવિંદસિંહને મુઘલ સમ્રાટ ઔરંગઝેબ સાથે ઉગ્ર મતભેદ હતા. તો બંદા બહાદુરે ઔરંગઝેબના વારસદારો સામે બળવો કર્યો હતો.

શીખોના બળવાને મુઘલોએ નિર્દયતાથી દબાવી દીધો હતો. કારણ કે પંજાબનો પ્રદેશ તો વ્યૂહાત્મક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનો હતો. તેથી ત્યાં આવી વિદ્રોહી પ્રવૃત્તિને ચાલવા દેવાથી શાસન માટે ગંભીર મુશ્કેલીઓ ઊભી થાય. બીજા વિદ્રોહીઓની જેમ શીખ લોકો મુઘલો સાથે સમાધાન કરવા ઇચ્છતા ન હતા. તેમણે કેન્દ્રસ્થ મુઘલ સત્તા સાથે કોઈ પણ જાતના સંબંધો રાખવાનો ઇનકાર કર્યો અને સ્વતંત્ર શાસકો તરીકે રહેવાનો આગ્રહ રાખ્યો. જોકે શીખોની પણ આંતરિક નબળાઈઓ હતી. આ વિદ્રોહી

ચળવળના નેતાઓ ખત્રીઓ હતા. મરાઠાઓ અને વિદેશીઓનાં આક્રમણોની સંયુક્ત અસરરૂપે વેપાર ઘટ્યો હતો અને શહેરોનું મહત્ત્વ ઘટ્યું હતું. તેથી ખત્રીઓની સ્થિતિ પણ નબળી પડી હતી. આ વિદ્રોહની ચળવળમાં નીચલા જાતિના લોકો પણ જોડાયા હતા. કારણ કે તેનાથી તેમને સમાજમાં સન્માન મળશે તેવી તેમની ગણત્રી હતી, પરંતુ તેના કારણે ઉપલા વર્ગો અને વર્ણોમાં તેનો વિરોધ થયો. બંદાબહાદુરના વિદ્રોહને 1715માં દબાવી દેવામાં આવ્યો. તેની પછીનાં પચીસ વર્ષો સુધી શીખો શાંત રહ્યા હતા, પરંતુ મુઘલ સામ્રાજ્ય ઉપર વાયવ્ય ભારતમાંથી નાદિરશાહ અને અહમદશાહ અબ્દાલીનાં આક્રમણોને કારણે ભયંકર સંકટ ઊભું થયું. મુઘલ સામ્રાજયનું આ સંકટ શીખો માટે લાભદાયક તક પુરવાર થયું. નાદિરશાહ અને અહમદશાહ અબ્દાલી ભારત ઉપર આક્રમણો કરી ભયંકર લૂંટ ચલાવી પરત ચાલ્યા ગયા. પરંતુ તેઓ જે કાંઈ પોતાની સાથે લઈ જઈ શક્યા નહિ કે લૂંટી શક્યા નહિ તે શીખોએ લૂંટી લીધું. આ આક્રમકો ભારત છોડીને પોતાના વતન જતા રહ્યા ત્યારે મુઘલ સામ્રાજયનું પંજાબ ઉપરનું નિયંત્રણ કમજોર પડી ગયું હતું. તેનો લાભ લઈને તથા લૂંટમાં પોતાને મળેલા ધનની મદદથી શીખોએ પંજાબમાં ઝડપથી પોતાનું નિયંત્રણ સ્થાપ્યું. તેના પછીના સમયમાં પંજાબ પ્રાંતમાં 12 મિસ્લ (રાજ્યસંઘો) હતા. આધુનિક સંશોધનોએ એ મંતવ્યને ખોટું સાબિત કર્યું છે કે શીખોનું રાજ્ય એ એક ધર્મ આધારિત તંત્ર હતું. પંજાબને નોંધપાત્ર કહી શકાય તેવું મહત્ત્વ તો 18મી સદીના અંતે જ મળ્યું, જ્યારે પંજાબમાં રણજીતસિંહનું શાસન સ્થપાયું.

### જાટો (Jats)

જાટ લોકો એક ખેતીકામ કરનારી કોમ હતી, જે દિલ્હી-આગરાના પ્રદેશમાં વસતી હતી. 17મી સદીના ઉત્તરાર્ધમાં જાટ લોકોએ મુઘલ સત્તાની સામે બળવા કર્યા હતા. તેમના આ બળવાઓથી મુઘલ સામ્રાજયના આ મહત્ત્વના પ્રદેશની સ્થિરતા ભયમાં મુકાઈ ગઈ હતી. મુઘલ સત્તાનું પતન થતાં જાટ સત્તાનો ઉદય થયો. આમ, ખેડૂતોનો આ બળવો એક ઉદ્રેક પુરવાર થયો ને રાજપૂત જમીનદારો સહિતના આ પ્રદેશનાં અન્ય જૂથોના વિદ્રોહ કરતાં તે વધુ નુકસાનકારક પુરવાર થયો. જાટ લોકોનો આ બળવો મૂળરૂપે ખેડૂતોનો બળવો હતો. છતાં જાટ રાજ્ય તો સામંતશાહી પ્રકારનું જ રહ્યું હતું. તેમાં જમીનદારો વહીવટી તથા મહેસૂલી બંને પ્રકારની સત્તાઓ ધરાવતા હતા. જાટોના આગેવાન સુરજમલના વહીવટ દરમિયાન પ્રજા પાસેથી મુઘલોના સમય કરતાં પણ વધુ મહેસૂલ ઉઘરાવવામાં આવતું હતું.

ભરતપુરમાં જાટ રાજ્યની સ્થાપના ચુડામન અને બદનસિંહે કરી હતી. પરંતુ તેને સુદઢ તો સુરજમલે બનાવ્યું હતું. તેનો શાસનકાળ 1756 થી 1763નો માત્ર સાત વર્ષનો હતો, પરંતુ તે ખૂબ જ પ્રગતિશીલ અને નોંધપાત્ર હતો. તેણે રાજયનો ચારે દિશાઓમાં વિસ્તાર કર્યો હતો. તેના પરિણામે તેના રાજયની સરહદો પૂર્વમાં ગંગા નદી સુધી, પશ્ચિમમાં આગરા સુધી, ઉત્તરમાં દિલ્હી સુધી અને દક્ષિણમાં ચંબલ સુધી વિસ્તરેલી હતી. સુરજમલ વહીવટી કાબેલિયત પણ ધરાવતો હતો. તેમાં પણ તે મહેસૂલી તથા દીવાની બાબતોમાં ખાસ કુશળ હતો. 1763માં તેના મૃત્યુ સાથે જાટ રાજયની મહત્તા અને પ્રભાવ પણ ઘટી ગયાં.

### ફરૂખાબાદ અને રોહિલખંડ (Farukhabad and Rohilkhand)

રોહિલખંડ અને બંગશ પઠાણોનું રાજ્ય એ 17મી સદીથી શરૂ થયેલા અફઘાન પ્રજાના સ્થળાંતરને કારણે અસ્તિત્વમાં આવ્યાં હતાં. અફઘાનિસ્તાનમાં રાજકીય અને આર્થિક ગડબડને કારણે 18મી સદીના મધ્યમાં મોટા પાયા ઉપરનું અફઘાનોનું આગમન ભારતમાં થયું હતું. નાદિરશાહના આક્રમણ પછી ઉત્તર ભારતમાં રાજકીય સત્તા નિર્બળ પડતાં તેનો લાભ લઈને અલી મહંમદખાને રોહિલખંડ નામના એક નાનકડા રાજ્યની સ્થાપના કરી હતી. રોહિલખંડનો આ પ્રદેશ એ હિમાલયની તળેટીમાં આવેલો હતો. તે ઉત્તરમાં કુમાઉં અને દક્ષિણમાં ગંગા નદીની વચ્ચે આવેલો પ્રદેશ હતો. રોહિલખંડના નિવાસીઓ રોહિલાઓ તરીકે ઓળખાતા હતા. તેઓ આ વિસ્તારની અન્ય સત્તાઓ એવા જાટ, અવધના શાસકો, પછીથી મરાઠાઓ અને બ્રિટિશરો સાથે સંઘર્ષમાં આવ્યા અને ભારે નુકસાન ભોગવ્યું હતું. મહંમદ-ખાન બંગશ નામના એક અફઘાને દિલ્હીની પૂર્વમાં ફરૂખાબાદની આસપાસના પ્રદેશમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. ઘણા સમય સુધી લશ્કરમાં અશ્વદળનું મહત્ત્વનું સ્થાન હતું પરંતુ તે સ્થાન અફઘાનોના સમયમાં તોપદળે લીધું હતું.

રાજકીય દૃષ્ટિએ અફઘાનોની ભૂમિકા નકારાત્મક પ્રકારની રહી હતી. તેમણે મુઘલોના પતનને ઝડપી બનાવ્યું અને સાથે સાથે તેમણે અવધને નમાવવામાં અબ્દાલીને મદદ કરી. જો અવધનું દમન થયું હોત તો તે બ્રિટિશ વિસ્તારને અટકાવી શક્યું હોત.

## 1.4.3 સ્વતંત્ર રાજ્યો (Independent Kingdoms)

ત્રીજા પ્રકારનાં રાજ્યો એ સ્વતંત્ર રાજયો હતાં. આ રાજયો દિલ્હીના પતનમાંથી કે તેની સામેના વિદ્રોહને કારણે અસ્તિત્વમાં આવ્યા ન હતાં. તે સ્વતંત્ર રાજયો હતાં - તેમાંનાં મુખ્ય હતાં - મૈસૂર, રાજપૂત રાજયો અને કેરલનું રાજય.

### મૈસૂર (Mysore)

18મી સદીના મધ્યમાં દક્ષિણ ભારતમાં મૈસૂર જેવા એક મહત્ત્વના રાજ્યનો ઉદ્ભવ થયો હતો; મૈસૂરની

સત્તાનો પાયો હૈદરઅલીએ નાખ્યો હતો, જ્યારે રાજ્યના સત્તાને સુદૃઢ કરવાનું કાર્ય તેના પુત્ર ટીપુ સુલતાને કર્યું હતું. હૈદરઅલી સામાન્ય કુટુંબમાં જન્મ્યો હતો. તે મૈસૂરની સેનામાં માત્ર એક નાનો અમલદાર હતો. આ નાના હોદ્દા ઉપરથી પોતાની કાર્યક્ષમતા, બહાદુરી અને હોંશિયારીથી તે સેનાપતિના હોદ્દા સુધી પહોંચ્યો હતો. તેની સૌથી નોંધપાત્ર સિદ્ધિ એ હતી કે તેને ખાતરી થઈ ગઈ હતી કે એક શક્તિશાળી રાજ્ય બનાવવું હોય તો તે કાર્ય માત્ર આધુનિક સેનાથી જ થઈ શકે. તેથી તેણે પોતાના લશ્કરને આધુનિક બનાવવા માટે ફ્રેંચ નિષ્ણાતોને નીમ્યા હતા. તેમનું કામ એક શસ્ત્રભંડાર સ્થાપવાનું તથા સૈનિકોને પાશ્ચાત્ય ઢબે તાલીમ આપવાનું હતું. આમ, લશ્કરને આધુનિક અને શક્તિશાળી બનાવીને તેણે પોતાની શક્તિમાં વૃદ્ધિ કરી હતી. પરિણામે 1761માં તે મૈસૂરની રાજ્યગાદી પાછળની મુખ્ય સત્તા સમાન મૈસૂર રાજ્યના પ્રધાન નુન્જારાજને સત્તા ઉપરથી દૂર કરવામાં સફળ થયો હતો.

મૈસૂર રાજ્યના વિસ્તારમાં કનારા અને મલબારના સમૃદ્ધ દરિયાકિનારાનો સમાવેશ થતો હતો. હૈદરઅલી વિસ્તારવાદી હતો. તેથી સ્વાભાવિક રીતે જ તે પોતાનો રાજ્યવિસ્તાર કરતી વખતે તે પ્રદેશની અન્ય સત્તાઓ એવા મરાઠાઓ, હૈદ્રાબાદ અને નવા જ આવેલા અંગ્રેજો સાથે સંઘર્ષમાં આવ્યો હતો. 1769માં તેણે મદ્રાસની નજીક અંગ્રેજોએ ભારે પરાજય આપ્યો. 1782માં તેના મૃત્યુ પછી તેનો પુત્ર ટીપુ સુલતાન સુલતાનપદે આવ્યો. તેણે પણ પોતાના પિતાની વિસ્તારવાદી નીતિ ચાલુ રાખી હતી. (ટીપુ સુલતાનનો અભ્યાસ આ એકમના સમયગાળા બહારનો હોવાથી તેની વધુ વિગતો અત્રે દર્શાવી નથી).

## રાજપૂતો (Rajputs)

મુઘલ સામ્રાજ્યના વિઘટનનો લાભ લઈને પોતાની સત્તાને સુદૃઢ કરવાના કાર્યમાં રાજપૂતો પણ સક્રિય રહ્યા હતા. રાજપૂતોમાંથી કોઈ એટલા મોટા કે શક્તિશાળી ન હતા કે તેઓ સર્વોપરી સત્તા બનવા માટેની હરીફાઈમાં મરાઠાઓ કે અંગ્રેજોની બરાબરી કરી શકે. તેમણે એક વિશિષ્ટ પદ્ધતિ અપનાવી હતી. તે પ્રમાણે તેઓ ધીરે ધીરે દિલ્હી સાથેના પોતાના સંબંધો ઘટાડતા જતા હતા અને વ્યવહારમાં સ્વતંત્ર રાજ્યો તરીકે કામ કરતા હતા. દિલ્હી દરબારમાં સત્તા માટેના સંઘર્ષમાં તેમણે ભાગ લીધો હતો. તેના બદલામાં તેમને મુઘલ સમ્રાટો દ્વારા મહત્ત્વના અને સમૃદ્ધ પ્રદેશોના ગવર્નર તરીકેની નિમણૂક મળી હતી.

મુઘલ સત્તાના પતન પછીના સમયમાં પણ રાજપૂતોએ સતત વિસ્તારની નીતિ અપનાવી હતી. અને જ્યારે પણ શક્યતા હોય ત્યારે તેઓ પોતાના નબળા પડોશી પ્રદેશો જીતી લઈને પોતાનાં રાજ્યમાં ભેળવી દેતા હતા. રાજ્યમાં પણ એકબીજાને પાડવાની નીતિ ચાલુ રહી હતી. પરિણામે એક જૂથ બીજા જૂથને પરાસ્ત કરી તે રાજ્યમાં સત્તા મેળવવા ઉત્સુક રહેતું. રાજપૂતોમાં સૌથી જાણીતા રાજવી અમ્બરના રાજા જયસિંહ હતા, તેમણે 1699 થી 1743 સુધી જયપુરમાં શાસન કર્યું.

## કેરલ (Kerala)

હાલના કેરલ નામે જાણીતા રાજ્યમાં કોચીન, ત્રાવણકોર અને કાલિકટનાં ત્રણ રાજ્યોનો સમાવેશ થતો હતો. 1763 સુધીમાં આ ત્રણ રાજ્યોમાં મોટી સંખ્યાના રાજાઓ અને સરદારોના પ્રદેશોનો સમાવેશ થતો હતો. પરંતુ મૈસૂર રાજ્યની વિસ્તારવાદી જાતિ કેરલની સ્થિરતા માટે વિનાશક નીવડી. 1766માં મૈસૂરના સુલતાન હૈદરઅલીએ કેરલ ઉપર આક્રમણ કરીને મલબાર અને કાલિકટના પ્રદેશ પોતાના રાજ્યમાં ભેળવી દીધા હતા.

ત્રાવણકોર એ સૌથી દક્ષિણમાં આવેલું અને ખૂબ જ પ્રસિદ્ધ રાજ્ય હતું. તે હૈદરઅલીના આક્રમણથી બચી ગયું. ત્રાવણકોર રાજ્યે 1729 પછી વધુ પ્રસિદ્ધિ મેળવી હતી, કારણ કે ત્યારથી તેના રાજા માર્તંડ વર્માએ પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો હતો. તેણે આ વિજયો કરવા માટે પાશ્ચાત્ય ઢબે એક શક્તિશાળી આધુનિક સેના તૈયાર કરી હતી. વળી, તેને આધુનિક શસ્ત્રોથી સજ્જ પણ કરવામાં આવી હતી. તેણે જ ડચ લોકોને કેરલમાંથી હાંકી કાઢ્યા હતા અને સામંત રાજાઓને નમાવ્યા હતા. તેણે માત્ર રાજ્યનો વિસ્તાર કરીને જ સંતોષ માન્યો ન હતો, પરંતુ તેણે રાજ્યના વિકાસ માટે પણ પ્રયત્નો કર્યા હતા. તેણે સિંચાઈ, આવાગમન અને સંદેશાવ્યવહારની સગવડો વધારવા માટેની જોગવાઈ કરી હતી. તેનો વારસદાર રામ વર્મા પણ ખૂબ જ વિદ્વાન હતો. તે પાશ્ચાત્ય જ્ઞાન પણ ધરાવતો હતો. તેણે પોતાની રાજધાની ત્રિવેન્દ્રમને કલા અને વિદ્વત્તાનું કેન્દ્ર બનાવવા માટે અનેક કલાકારો અને વિદ્વાનોને પ્રોત્સાહન આપ્યું હતું.

## 1.4.4 પ્રાદેશિક રાજ્યતંત્રની નબળાઈઓ(Weaknesses of Regional Polities)

ઉપર દર્શાવેલાં વિવિધ પ્રકારનાં રાજ્યો મુઘલ સત્તાનો નાશ કરવામાં તો સમર્થ હતાં, પરંતુ તેમાંથી કોઈ પણ અખિલ ભારતીય ધોરણે સ્થિર રાજ્યતંત્ર આપવાની યોગ્યતા ધરાવતા ન હતાં. એક મંતવ્ય પ્રમાણે આનું કારણ આ પ્રાદેશિક રાજ્યતંત્રમાં રહેલી કેટલીક વારસાગત નબળાઈઓ હતી. જોકે તેમાંથી મૈસૂર જેવાં કેટલાંક રાજ્યોએ રાજ્યતંત્રમાં આધુનિકીકરણ લાવવા પ્રયત્નો કર્યા હતા. છતાં એકંદરે વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે તેઓ પછાત હતાં. મુઘલ અર્થતંત્રની સ્થગિતતા જેવી ખામીઓ આ રાજ્યો પણ દૂર કરી શક્યાં ન હતાં. ખેતીમાંથી થતી આવક ઘટવાને કારણે જાગીરદારી પ્રથાની કટોકટી

ધરા બની હતી. ખર્ચ પછી વધતી પુરાંતમાં ભાગ મેળવનારાઓની સંખ્યા વધવા લાગી. આંતરિક અને વિદેશી વેપાર કોઈ પણ જાતના અવરોધ વિના ચાલુ રહ્યો હતો અને તેમાં પ્રગતિ પણ થઈ હતી. પરંતુ વેપાર સિવાયનું અર્થતંત્ર સ્થગિત થઈ ગયું હતું.

પ્રાદેશિક રાજ્યતંત્રની નબળાઈઓનાં ઉપરોક્ત વિશ્લેષણને હાલમાં ઇતિહાસકારોએ પડકાર્યું છે. કેટલાંક દૃષ્ટાંતો ઉપરથી જાણી શકાય છે કે આ રાજ્યતંત્રોનું વલણ જુદા પ્રકારનું હતું. ઇતિહાસકાર સતીશચંદ્ર દલીલ કરે છે કે એમ કહેવું ખોટું છે કે સંપૂર્ણ અર્થતંત્ર કથળી ગયું હતું અને સામાજિક ક્ષેત્રે સ્થગિતતા આવી ગઈ હતી. અર્થતંત્ર તો રાજ્યતંત્ર કરતાં જુદી દિશામાં કામ કરતું હતું. રાજ્યતંત્રોનાં સત્તાથી પતન થયાં પરંતુ અર્થતંત્ર તો ટકી રહ્યાં હતાં. દાખલા તરીકે બંગાળમાં પ્રારંભિક સાંસ્થાનિક શાસનને કારણે થયેલા નુકસાનને અર્થતંત્ર પચાવી ગયું. 1770 પછી બંગાળની અર્થવ્યવસ્થા સ્થિર થઈ અને સુતરાઉ કાપડની નિકાસ જે 1750માં 4 લાખની હતી તે વધીને 1790માં 25 લાખની થઈ ગઈ. સામાજિક માળખું પણ સ્થગિત થયું ન હતું. તેમાં પણ પરિવર્તન આવ્યું હતું અને નીચલી જાતિઓ ઉપલી જાતિ તરફ ગતિ કરવા લાગી અને સંપૂર્ણ ભારતમાં "નવા માણસો" આગળ વધી રહ્યા હતા.

ઇતિહાસકાર મુઝફ્ફર આલમે જુદાજુદા પ્રદેશમાં પ્રવર્તતી વિવિધ પ્રકારની પરિસ્થિતિની રૂપરેખા આપી છે. તેઓ જણાવે છે કે અવધ જેવા કેટલાક પ્રદેશોએ આર્થિક પ્રગતિ સાધી હતી તો પંજાબ જેવા પ્રદેશમાં આર્થિક સ્થગિતતા પ્રવર્તતી હતી. રાજ્યતંત્રો પણ પ્રાદેશિક સ્વરૂપનાં જ રહ્યાં. કારણ કે મુઘલ સામ્રાજ્યની બરોબરી કરી શકે તેવા પ્રકારની કોઈ અખિલ ભારતીય રાજ્યવ્યવસ્થાનો પ્રાદુર્ભાવ થયો નહિ.

## તમારી પ્રગતિ ચકાસો - 2

1. મુઘલ પ્રાંતોના ગવર્નરોએ સ્થાપેલાં રાજ્યોનાં નામ દર્શાવો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

2. 1740 થી 1761 દરમિયાન મરાઠાઓએ કબજે કરેલા પ્રદેશોની યાદી આપો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

3. મરાઠા રાજ્યનું સ્વરૂપ આલેખો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

4. મુઘલોના શીખગુરુઓ સાથેના સંબંધોની ચર્ચા કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

5. નીચેનાં વિધાનોમાંથી સાચાં હોય તેની સામે (√)ની ખોટાં હોય તેની સામે (×)ની નિશાની કરો :

(1) હૈદ્રાબાદ રાજ્યની સ્થાપના નિઝામ-ઉલ-મુલ્કે કરી હતી.
(2) અલિવર્દીખાન સિરાજુદ્દૌલાનો મામો હતો.
(3) ચંદ્રનગરમાં ફ્રેંચ કોઠી સ્થાપવામાં આવી હતી.
(4) પેશવા બાલાજી વિશ્વનાથ નાનાસાહેબ તરીકે પણ ઓળખાતા હતા.
(5) પાણિપતના ત્રીજા યુદ્ધમાં 28000 મરાઠા સૈનિકો માર્યા ગયા.
(6) નાનાસાહેબ પછી માધવરાવ પેશવા બન્યો હતો.
(7) ઔરંગઝેબને શીખગુરુ અર્જુનસિંહ સાથે સંઘર્ષ થયો હતો.

(8) જાટોના રાજ્ય ભરતપુરનો સૌથી શ્રેષ્ઠ રાજવી સુરજમલ હતો.

(9) અલિ મહંમદખાને રોહિલખંડની સ્થાપના કરી હતી.

(10) માર્તંડ વર્માએ ત્રિવેન્દ્રમને કલા અને વિદ્યાનું ધામ બનાવ્યું હતું.

## 1.5 બ્રિટિશ સત્તાનો ઉદય (The Rise of British Power)

18મી સદીના રાજયતંત્રનું ત્રીજું અને સૌથી નોંધપાત્ર લક્ષણ હતું - ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય અને વિસ્તાર. તેણે ભારતના ઇતિહાસમાં એક નવા પ્રકરણનો પ્રારંભ કર્યો. આ વિભાગમાં તમે એ જાણી શકશો કે અંગ્રેજો ભારતમાં કેવી રીતે આવ્યા અને પછીથી પોતાનો પ્રભાવ કેવી રીતે વધાર્યો.

### 1.5.1 વેપારી કંપનીમાંથી રાજકીય સત્તા (From Trading Company to Political Power)

18મી સદીના મધ્યમાં બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની એક વેપારી કંપનીમાંથી એક રાજકીય સત્તા બની ગઈ. આ કંપનીની સ્થાપના 31 ડિસેમ્બર, 1600ના રોજ થઈ હતી. ત્યાંથી શરૂ કરીને છેક 1744 સુધી તેણે ભારતમાં ધીમેધીમે પોતાનો વેપાર તથા પ્રભાવ વિસ્તાર્યાં હતાં. તેમણે પોતાના હરીફ એવા પોર્ટુગિઝો તથા ડચોને મુઘલ દરબારમાં તેમની વિરુદ્ધ કામભંભેરણી કરીને તથા યુદ્ધો દ્વારા હરીફાઈમાંથી હટાવી દીધા હતા. જોકે ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપની ભારતમાં બીજી યુરોપિયન વેપારી કંપનીઓ કરતાં મોડી આવી હતી, છતાં 18મી સદી સુધીમાં ભારતમાં અંગ્રેજોની એકમાત્ર હરીફ આ ફ્રેંચ કંપની રહી હતી.

અંગ્રેજોએ 1758માં પ્લાસીના યુદ્ધમાં બંગાળના નવાબ સિરાજુદ્દૌલાને હરાવ્યો. ત્યારથી ભારતમાં બ્રિટિશ સામ્રાજયની શરૂઆત થઈ હોવાનું માનવામાં આવે છે. 1757માં તેમના વિજયનો પાયો તો દક્ષિણ ભારતમાં જ નંખાઈ ગયો હતો, જ્યાં તેમણે પોતાની લશ્કરી શક્તિ અને કૂટનીતિક કુનેહથી ફ્રેંચ કંપનીને હરાવી હતી. અંગ્રેજો અને ફ્રેંચો વચ્ચેનો આ સંઘર્ષ એ કર્ણાટક વિગ્રહો તરીકે ઓળખાય છે, જે 1744 થી 1763 સુધી ચાલ્યા હતા. (તેની વધુ વિગતો એકમ નં. 9માં આપવામાં આવી છે).

બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની 1600 થી 1757 સુધીના લગભગ દોઢ સદીના ગાળા સુધી માત્ર એક વેપારી સંસ્થા રહી હતી. તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ સમયે તેને રાજકીય ક્ષેત્રે પ્રવેશવાની ઇચ્છા શા માટે થઈ ?

વિભાગ-2માં આપણે એ બાબતની ચર્ચા કરી છે કે 1730 પછી ભારતમાં યુરોપિયન કંપનીઓના વિસ્તાર પાછળ મુખ્ય બે પરિબળો રહેલાં હતાં : (1) યુરોપમાં ઉત્પાદન અને વેપારમાં વૃદ્ધિ અને (2) યુરોપમાં ઉગ્ર રાષ્ટ્રવાદી રાજયોનો ઉદ્ભવ. તેમાં વળી, ભારતમાં મુઘલ સામ્રાજયના વિઘટને તેમને પોતાનો પ્રભાવ વિસ્તારવાની તક પૂરી પાડી.

બ્રિટિશ કંપનીને કરવેરા દ્વારા વધુ આવક મેળવવાની જરૂરિયાત ઉત્પન્ન થઈ. તેની આ જરૂરિયાત તેને સામ્રાજય સ્થાપવા તરફ દોરી ગઈ. કંપનીને પોતાનો વેપાર જાળવી રાખવા માટે તથા પોતાના સૈનિકોને પગાર આપવા માટે નાણાંની જરૂરિયાત હતી. તેની આ જરૂરિયાત સંતોષવા માટે પ્રદેશોનો કબજો લેવાનો ઉપાય તેમને શ્રેષ્ઠ લાગ્યો હતો. કંપનીએ બંગાળ જીત્યું તેની પાછળ તેના બે હેતુઓ હતા - પોતાના વેપારનું રક્ષણ કરવું અને બંગાળની મહેસૂલી આવક ઉપર નિયંત્રણ સ્થાપવું. બંગાળની વસ્તુઓમાં રોકાણ કરીને તેની નિકાસ દ્વારા વધારાની આવક ઊભી કરવાનો પણ તેમનો હેતુ હતો. બંગાળમાંથી નિકાસ કરવામાં આવેલી વસ્તુઓની કિંમત 1765માં 4 લાખ પાઉન્ડ હતી તે વધીને 1770માં 10 લાખ પાઉન્ડ થઈ ગઈ હતી.

### 1.5.2 દક્ષિણ ભારતમાં આંગ્લ - ફ્રેંચ સંઘર્ષ (Anglo - French Struggle in South India)

નિઝામ-ઉલ-મુલ્કે 1724માં હૈદ્રાબાદના સ્વતંત્ર રાજયની સ્થાપના કરી હતી. પરંતુ 24 વર્ષના તેના ગૌરવશાળી શાસનને અંતે 1748માં તેનું અવસાન થતાં હૈદ્રાબાદ રાજય ભયંકર અસ્થિરતા તરફ ધકેલાઈ ગયું. તેવી જ સ્થિતિ ત્યારે કર્ણાટક રાજયની પણ હતી. રાજયમાં વારસાના પ્રશ્ને અવારનવાર થતા આંતરવિગ્રહોને કારણે પરદેશી કંપનીઓને ત્યાં દરમિયાનગીરી કરવાની તક મળી.

#### પ્રથમ કર્ણાટક વિગ્રહ (1746-1748) (First Carnatic War)

ભારતમાં અંગ્રેજો અને ફ્રેંચો વચ્ચેનાં વેપારી હિતો વચ્ચે સંઘર્ષ ચાલતો જ હતો. તેવામાં યુરોપમાં ઑસ્ટ્રિયાના વારસાવિગ્રહ (1740-1748)નો પ્રારંભ થયો. આ યુદ્ધમાં ઇંગ્લૅન્ડ અને ફ્રાંસે એકબીજાની વિરુદ્ધની બાજુ લીધી. તેના પડઘા ભારતમાં પણ પડ્યા. ભારતની અંગ્રેજ તથા ફ્રેંચ કંપનીઓએ એકબીજા સામે લડવાની તૈયારી કરી. આ સમયે ભારતમાં ફ્રેંચ ગવર્નર તરીકે ડુપ્લે હતો. બ્રિટિશ અને ફ્રેંચ કંપનીઓ વેપાર અને રાજકીય પ્રભાવ વધારવાની બાબતમાં એકબીજાની હરીફ હતી. તેથી સંઘર્ષ કરવાની આ તક તેમણે ઝડપી લીધી. અંગ્રેજોએ પોંડીચેરીમાં ફ્રેંચ વહાણો ઉપર આક્રમણ કર્યું. તેના જવાબમાં ફ્રેંચોએ મોરિશિયસના ફ્રેંચ ગવર્નર બોર્ડોવિસની મદદ મેળવી મદ્રાસ જીતી લીધું (1746).

ત્યાર અંગ્રેજોએ કર્ણાટકના નવાબ અન્વરુદ્દીનને મદ્રાસનું રક્ષણ કરવા માટે મદદ કરવા વિનંતી કરી. આ વિનંતીના જવાબમાં નવાબે પોતાના લશ્કર સાથે કૂચ કરી. પરંતુ ફ્રેંચોએ તેમને મદ્રાસ પાસે સેંટ થોમસમાં હરાવ્યા. આ વિજયથી કર્ણાટક પ્રદેશમાં ફ્રેન્ચોના પ્રભાવમાં વધારો થયો. પરંતુ ફ્રેંચોનો ફોર્ટ ડેવિડ જીતવાનો અને અંગ્રેજોનો પોંડીચેરી જીતવાનો પ્રયાસ નિષ્ફળ ગયો. તેવામાં 1748માં યુરોપમાં એલાશાપેલની સંધિથી ઑસ્ટ્રિયાના વારસાવિગ્રહનો અંત આવ્યો. પરિણામે ભારતનાં પણ અંગ્રેજો અને ફ્રેંચો વચ્ચેની લડાઈ બંધ થઈ અને મદ્રાસ અંગ્રેજોને પાછું મળ્યું. આ યુદ્ધથી બેમાંથી કોઈ પણ પક્ષને લાભ થયો નહિ. આ બંનેમાંથી સર્વોપરી કોણ છે, તેનો હજુ નિર્ણય થયો ન હતો. તેથી 1748 પછી ફરી એક વાર આ બંને વચ્ચે સંઘર્ષની પરિસ્થિતિ સર્જાઈ.

## બીજો કર્ણાટક વિગ્રહ (1748-1754) (The Second Carnatic War)

હૈદ્રાબાદનો નિઝામ 1748માં અવસાન પામતાં તેની બીજા પુત્ર નાસિરજંગને તેના ભાણેજ સાથે ગાદી માટે વિગ્રહ થયો. તેવી જ રીતે કર્ણાટકમાં આર્કોટના નવાબ દોસ્તઅલીનું અવસાન થયું હતું. દોસ્તઅલીનો જમાઈ ચંદાસાહેબ પણ આર્કોટનો નવાબ બનવા માગતો હતો. આ સમયે ભારતમાં ફ્રેંચ ગવર્નર જનરલ ડુપ્લે હતો. તેણે તત્કાલીન રાજકીય પરિસ્થિતિનો લાભ લેવા વિચાર્યું. તેથી તેણે હૈદ્રાબાદની ગાદી માટે મુઝફ્ફરજંગની અને આર્કોટની ગાદી માટે ચંદાસાહેબની તરફેણ કરી. તેમ કરીને ડુપ્લે તેમની પાસેથી મોટાં ઇનામ મેળવવાની ઇચ્છા ધરાવતો હતો. વળી, ચંદાસાહેબે હૈદ્રાબાદના મુઝફ્ફરજંગને સહાય આપવાનું સ્વીકાર્યું. ત્રણેનાં સંયુક્ત લશ્કરોએ અંબર પાસેના યુદ્ધમાં કર્ણાટકના નવાબ અન્વરુદ્દીનને હરાવ્યો (1749). અન્વરુદ્દીન યુદ્ધમાં મરાયો, તેના પુત્ર મહંમદઅલીએ ત્રિચિનાપલ્લીના કિલ્લામાં આશ્રય લીધો. ચંદાસાહેબે મોટા ભાગના કર્ણાટક ઉપર કાબૂ મેળવ્યો અને હૈદ્રાબાદમાં મુઝફ્ફરજંગને નિઝામ તરીકે જાહેર કરવામાં આવ્યો.

ફ્રેંચોના કર્ણાટક અને હૈદ્રાબાદ ઉપરના વધેલા પ્રભાવને દૂર કરવા અંગ્રેજો કટિબદ્ધ થયા. તેમણે નાસિરજંગનો પક્ષ લઈને હૈદ્રાબાદ ઉપર આક્રમણ કર્યું. તેમાં મુઝફ્ફરજંગ હાર્યો (1750) અને કેદ પકડાયો. પરંતુ તે ફરીથી મુક્ત થયો અને ફ્રેંચ મદદથી ફરી નિઝામ બન્યો. ડુપ્લેએ બાહોશ ફ્રેંચ સેનાપતિ બુશીની સેવા મુઝફ્ફરજંગને આપી. આમ, પ્રથમ તબક્કે આ સંઘર્ષમાં ફ્રેંચોએ પ્રાદેશિક અને નાણાકીય લાભ મેળવ્યા. નિઝામે તેમને ''ઉત્તર સરકાર'' તરીકે પ્રસિદ્ધ પ્રદેશ આપ્યા. ઉપરાંત તેમણે મસુલિપટ્ટનમ તથા પોંડીચેરીની આસપાસનાં કેટલાંક ગામો મેળવ્યાં. ઉપરાંત નિઝામના દરબારમાં (હૈદ્રાબાદમાં) ફ્રેંચ પ્રતિનિધિને નીમીને ફ્રેંચોનો રાજકીય પ્રભાવ વધાર્યો. ડુપ્લે કીર્તિની ટોચે પહોંચ્યો, પરંતુ 1751માં મુઝફ્ફરજંગની હત્યા થતાં બુશીએ સલાબતજંગને નિઝામ બનાવ્યો.

ફ્રેંચોના વધી ગયેલા આ પ્રભાવને અંગ્રેજો ચલાવી લેવા તૈયાર ન હતા. તેથી અંગ્રેજો વતી રૉબર્ટ ક્લાઇવે આર્કોટનો કબજો લેવાનો વ્યૂહ ઘડ્યો. તેણે માત્ર 200 અંગ્રેજ અને 300 ભારતીય સૈનિકોની મદદથી આર્કોટ કબજે કર્યું. ચંદાસાહેબે પોતાની રાજધાની આર્કોટનું રક્ષણ કરવા જવું પડ્યું. તેથી તેણે ત્રિચિનાપલ્લીનો ઘેરો ઉઠાવી લીધો. પરિણામે અન્વરુદ્દીનનો પુત્ર મહંમદઅલી ત્યાંથી મુક્ત થયો. આવાં પરિણામોની ગણત્રી ક્લાઇવે કરી જ હતી. આર્કોટવિજય એ અંગ્રેજોની ચડતી સ્થિતિનો પ્રારંભ હતો. આર્કોટ કબજે કરવામાં ચંદાસાહેબ નિષ્ફળ ગયો. ઉપરાંત યુદ્ધમાં તે મરાયો - તેથી પરિસ્થિતિ પલટાઈ અને કર્ણાટક ઉપર અંગ્રેજોનો કબજો થયો.

ફ્રેંચો અંગ્રેજોને યોગ્ય પદાર્થપાઠ આપવા માગતા હતા. પરંતુ ફ્રેંચ સરકારે 1754માં ડુપ્લેને ફ્રાંસ પાછો બોલાવી હતો. વળી, અમેરિકા તથા ભારતમાં ફ્રાંસે ઘણું નુકસાન ભોગવ્યું હતું. ડુપ્લેના સ્થાને આવેલ ગોડહ્યુએ સંધિ માટેની વાટાઘાટો શરૂ કરી અને અંતે ફ્રેંચોને અપમાનજનક સંધિ કરવા ફરજ પડી. ફ્રાંસની કંપનીએ જાણે કે ફ્રાંસના રાજ્યવહીવટનો એક વિભાગ હોય તેમ વર્તતી હતી. તે વૃત્તિ તેના માટે વિનાશક પુરવાર થઈ. ઉપરાંત ફ્રાંસમાં ભ્રષ્ટાચાર વ્યાપ્ત હતો તથા તેનું પતન થઈ રહ્યું હતું. વળી, તે છેલ્લામાં છેલ્લી રાજકીય પરિસ્થિતિ સાથે તાલ મિલાવી શક્યા નહિ. ફ્રેંચોની અનિશ્ચિત નીતિ અને ટૂંકાં સાધનોએ તેમનું પતન નોતર્યું, જ્યારે અંગ્રેજોનો પ્રભાવ વધ્યો તથા દક્ષિણ ભારતનાં દેશી રાજ્યોની નબળાઈઓ છતી થઈ જેનો અંગ્રેજોએ પૂરો લાભ ઉઠાવ્યો.

## ત્રીજો કર્ણાટક વિગ્રહ (1756-1763) (Third Carnatic War)

યુરોપમાં 1756માં સપ્તવર્ષીય વિગ્રહ શરૂ થતાં ભારતમાં પણ ફ્રેંચો અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ શરૂ થયું. ફ્રેંચ સરકારે કાઉન્ટ દ' લાલીને ગવર્નર તથા મુખ્ય સેનાપતિ તરીકે ભારત મોકલ્યો. તેણે ફોર્ટ સેંટ ડેવિડનો કિલ્લો જીતીને શુભ શરૂઆત કરી હતી. તેણે મદ્રાસ ઉપર હુમલો કરવાની યોજના કરી હતી પરંતુ તે સફળ થઈ નહિ. ફ્રેંચ નૌકા સેનાપતિ તથા લાલી વચ્ચે સુમેળ ન હતો. વળી, તેણે બુશીને હૈદ્રાબાદથી પાછો બોલાવી લેવાની ભૂલ કરી. તેથી નિઝામ અંગ્રેજોના પક્ષે ગયો અને ''ઉત્તર સરકાર''ના પ્રદેશો તેણે અંગ્રેજોને આપી દીધા. ક્લાઇવે બંગાળમાંથી ફોર્ડના નેતૃત્વ હેઠળ મોકલેલ અંગ્રેજ લશ્કરે ફ્રેંચોને પરાજય આપ્યો. કર્ણાટકમાં ફ્રાંસની સેના પરાજિત થઈ. તો હૈદ્રાબાદમાં દરબારમાં ફ્રેંચોનું સ્થાન અંગ્રેજોએ લીધું તથા ફ્રેંચોએ મેળવેલા ''ઉત્તર સરકાર''ના પ્રદેશ અંગ્રેજોએ મેળવ્યા. 1760માં વાંડીવાશ મુકામે થયેલા યુદ્ધમાં ફ્રેંચો પરાજિત થયા. તેમનો આ પરાજય એ ભારતમાંથી તેમની અસર અસ્ત

થયાનું દર્શાવે છે. પછીથી અંગ્રેજોએ 1761માં પોંડિચેરી અને જીંજી પણ જીત્યાં. 1763માં યુરોપમાં પેરિસની સંધિથી સપ્તવાર્ષિક યુદ્ધનો અંત આવતાં ભારતમાં પણ યુદ્ધ બંધ થયું અને ફ્રેંચોને તેમનાં મુખ્ય થાણાંઓ પાછાં મળ્યાં. પરંતુ ભારતમાંથી તેમની સત્તા હંમેશ માટે અસ્ત પામી. આમ, 1763ની સંધિ પછી ફ્રેંચ કંપની માત્ર એક વેપારી કંપની બની રહી અને તેની પાસે કોઈ રાજકીય વિશેષાધિકારો રહ્યા નહિ.

ભારતમાં બ્રિટિશ સત્તાના સુદઢીકરણની દૃષ્ટિએ બ્રિટિશ અને ફ્રેંચ કંપની વચ્ચેનો સંઘર્ષ એક મહત્ત્વનું સોપાન હતું. 20 વર્ષો પછી ફ્રેંચો કરતાં અંગ્રેજો ચડિયાતા છે તે પુરવાર થયું. કર્ણાટક વિગ્રહોમાંથી મળેલા બોધપાઠ ભારતના બીજા પ્રદેશોમાં લાગુ કરવામાં આવ્યા હતા.

## 1.5.3 બંગાળનો પરાજય : પ્લાસીથી બક્સર (Conquest of Bengal : Plassey to Buxar)

બંગાળ એ પ્રથમ પ્રાંત હતો, જયાં અંગ્રેજોએ પોતાનું રાજકીય નિયંત્રણ સ્થાપ્યું હતું. 1757માં પ્લાસીની લડાઈમાં બંગાળના નવાબ સિરાજુદ્દૌલાને અંગ્રેજોએ હરાવ્યો હતો. આ લડાઈમાં સિરાજુદ્દૌલા કેદ પકડાયો અને પછીથી તેનો વધ થયો હતો. તેના પછી અંગ્રેજોએ મીરજાફરને બંગાળનો નવાબ (1756-1760) બનાવ્યો. તેણે 1757માં અંગ્રેજોને 24 પરગણાંની જમીનદારી તથા રૂ. એક કરોડ રોકડા આપ્યા. ઉપરાંત ક્લાઇવ તથા અંગ્રેજ અધિકારીઓને કીમતી ભેટો આપી. 1760માં મીરકાસિમને બંગાળનો નવાબ બનાવવામાં આવતાં તેણે અંગ્રેજોને બર્દવાન, મિદનાપોર અને ચિત્તાગોંગ આપ્યાં. આ પ્રદેશો મળતાં બ્રિટિશ કંપનીના અમલદારોને નવાબના અમલદારો તથા ખેડૂતોને હેરાન કરવાની તક મળી. ઉપરાંત અંગ્રેજોને મળેલા વેપાર અંગેના વિશેષાધિકારોનો તેમણે ગેરઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું. આ બધી બાબતોને નવાબ મીરકાસિમે પોતાની સત્તા ઉપરના નિયંત્રણ સમાન ગણી અને તેની પૂર્વેના નવાબ સિરાજુદ્દૌલાની જેમ આ બાબતો સ્વીકારવાનો ઇનકાર કર્યો. અંગ્રેજો સામે પોતાને યુદ્ધ કરવું પડશે એવા ખ્યાલથી તેણે પોતાની લશ્કરી તાકાત વધારી. વળી, અંગ્રેજોથી દૂર રહેવા તથા તેમની લાગવગથી મુક્ત થવા તેણે પોતાની રાજધાની મુર્શિદાબાદથી મોંઘીરમાં બદલી ઉપરાંત તેણે અવધના નવાબ સુજાઉદ્દૌલા તથા મુઘલ સમ્રાટ શાહઆલમ બીજા સાથે અંગ્રેજો વિરુદ્ધ જોડાણ કર્યું. આ ત્રણેની સંયુક્ત સેના અંગ્રેજ સેનાપતિ મનરોએ બક્સર પાસેની લડાઈમાં પરાજય આપ્યો. (ઑક્ટોબર, 1764). બ્રિટિશ કંપનીએ સરળતાથી વિજય મેળવ્યો હતો. એકમ-8માં પ્લાસીથી બક્સરની લડાઈ સુધીની વિગતવાર માહિતી આપવામાં આવી છે. અહીં આપણે માત્ર રાજકીય વ્યવસ્થામાં આવેલાં પરિવર્તનની વાત કરીશું.

### દ્વિમુખી શાસન (Dual Government)

1765માં થયેલી બંગાળની સંધિ દ્વારા બંગાળમાં દ્વિમુખી શાસનનો પ્રારંભ થયો હતો. ક્લાઇવ એ બંગાળનો ગવર્નર બન્યો અને વ્યવહારમાં કંપની એ બંગાળની સાચી શાસક બની. નવાબ એ નામમાત્રનો શાસક હતો અને તેની સેના પણ વિખેરી નાખવામાં આવી હતી. વહીવટીતંત્રની જવાબદારી એક નાયબ સૂબેદારને સોંપી દેવામાં આવી હતી. તે નવાબ વતી કાર્ય કરતો હતો. પરંતુ તેની નિમણૂક તો કંપની દ્વારા થતી હતી. વળી; નાયબ દીવાન મારફત કંપની મહેસૂલ ઉઘરાવવાની બાબત ઉપર પ્રત્યક્ષ નિયંત્રણ ધરાવતી હતી. દીવાન અને સૂબેદારના હોદ્દાઓ એક જ વ્યક્તિ ધરાવતી હોવાથી વહીવટીતંત્ર ઉપર કંપનીનું સંપૂર્ણ નિયંત્રણ હતું.

ઉપરાંત અંગ્રેજોના પક્ષે લાભ એ હતો કે વહીવટીતંત્રની જવાબદારી તો નવાબની જ ગણાતી હતી. તેથી કંપનીના નોકરો દ્વારા બળજબરીથી ઉઘરાવાતા કર અને તે માટે કરાતી હેરાનગતિ માટે નવાબને જવાબદાર ગણવામાં આવતો. એવો એક અંદાજ છે કે 1766 થી 1768નાં વર્ષો દરમિયાન જ 57 લાખ રૂપિયા બંગાળમાંથી લઈ જવાયા હતા. ક્લાઇવ સહિતના વરિષ્ઠ અંગ્રેજ અધિકારીઓએ સ્વીકાર્યું હતું કે કંપનીનું શાસન અન્યાયી અને ભ્રષ્ટ હતું અને બંગાળના લોકો માટે ત્રાસદાયક હતું.


## 1.5.4 રાજકીય વ્યવસ્થાનું પુનઃગઠન (Reorganisation of the Political System)

1765માં સ્થપાયેલા દ્વિમુખી શાસનનાં દૂષણો એટલાં બધાં વધી ગયાં હતાં કે અંતે 1772માં કંપનીએ દ્વિમુખી શાસનનો અંત આણ્યો હતો. કંપની તો મૂળભૂત રીતે એક વેપારી પેઢી હતી અને તેથી સ્વાભાવિક રીતે જ તે કોઈ પ્રદેશનો વહીવટ કરવા અંગે સંપૂર્ણપણે સજ્જ ન હતી. તેના બંધારણમાં ફેરફાર કરવા જરૂરી હતા. તેમ કરવાથી જ કંપની રાજકીય સત્તા મેળવી શકે અને બ્રિટિશ સરકાર કંપનીનાં કાર્યો ઉપર નિયંત્રણ રાખી શકે. તેથી આ હેતુ સિદ્ધ કરવા માટે 1773માં નિયામકધારો પસાર કરવામાં આવ્યો. (એકમ-23માં આ કાયદાની વિગતવાર માહિતી આપવામાં આવી છે).

### પાશ્ચાત્ય સંસ્થાઓનો પ્રારંભ (Introduction of Western Institutions)

અહીં આપણે નિયામકધારાનું મહત્ત્વ એ દૃષ્ટિએ તપાસીશું કે તેણે ભારતમાં બ્રિટિશ પ્રકારના વહીવટનો પ્રારંભ કર્યો. આ કાયદાથી બ્રિટિશ પદ્ધતિની સંસ્થાઓ પણ સ્થાપવામાં આવી. ગવર્નર જનરલ અને તેની કાઉન્સિલને બંગાળનો વહીવટ તો કરવાનો હતો જ પરંતુ સાથે સાથે તેણે મુંબઈ અને મદ્રાસ પ્રાંતોના વહીવટનું નિરીક્ષણ પણ કરવાનું હતું. વળી, બ્રિટિશ સિદ્ધાંતો પ્રમાણે ન્યાયની વ્યવસ્થા માટે

કલકત્તામાં સુપ્રિમ કોર્ટની સ્થાપના કરવામાં આવી. કંપની પાસે વહીવટ માટે જરૂરી માળખું તો હતું જ - જેમકે તેની પાસે સેના હતી, તે કર પણ ઉઘરાવતી હતી અને ન્યાય પણ આપતી હતી. તેથી શરૂઆતમાં તો જૂની પદ્ધતિ જ વિસ્તારવામાં આવી. પરંતુ 18મી સદીના અંત સુધીમાં જે બ્રિટિશ સિદ્ધાંતોએ ઊંડાં મૂળ નાખ્યાં હતાં, તેવો એક સિદ્ધાંત હતો - સત્તાવિભાજનનો સિદ્ધાંત, તેના દ્વારા ન્યાયતંત્રને કારોબારીથી અલગ રાખવામાં આવ્યું હતું. દીવાની અદાલતોની રચના કરવામાં આવી હતી અને તેનું કામકાજ ચલાવવા માટે ન્યાયાધીશો નીમવામાં આવ્યા હતા. તે પોતાનાં કાર્યોથી લોકપ્રિય પુરવાર થઈ. ઓગણીસમી સદીના પ્રારંભે દર વર્ષે લગભગ 2 લાખ કેસો અદાલતોમાં આવતા હતા. ગવર્નર જનરલ કોર્નવૉલિસના શાસનકાળ દરમિયાન પોલીસતંત્રને પણ વ્યવસ્થિત કરવામાં આવ્યું હતું. સરકારી નોકરીઓમાં ભારતીયો ઉપર વિશ્વાસ રાખી તેમને નીમવાનું ચાલુ રાખ્યું હતું. પરંતુ તેમની નોકરીની શરતો જુદા પ્રકારની હતી. કંપનીએ સર્વોચ્ચ સત્તા ધારણ કરી લેતાં નવાબ અને તેના આધીનસ્થ અધિકારીઓએ સત્તા ગુમાવી દીધી હતી. શક્તિશાળી વહીવટી વ્યવસ્થા સ્થાપવાનો એક મુખ્ય હેતુ પ્રજાને આજ્ઞાંકિત બનાવવાનો પણ હતો. જૂની પ્રણાલિકાઓનું સાતત્ય અસ્તિત્વ ધરાવતું હતું, પરંતુ પ્રજા ઉપર વહીવટ ચલાવવાની પદ્ધતિમાં જે પરિવર્તન હતું તે પ્રારંભિક પ્રકારનું હતું. આ પરિવર્તન તુરત દૃશ્યમાન થતું ન હતું.




**ભારત-1805માં (INDIA - 1805)**

મહેસૂલ ઉઘરાવવાની પદ્ધતિ વિવિધ પ્રણાલિકાગત અને મુઘલ પ્રણાલીમાંથી લેવામાં આવી હતી. હવે કંપનીના વહીવટતંત્ર ઉપર બ્રિટિશ સરકારનું નિયંત્રણ સ્થપાયું હતું. પરિણામે એક કંપની વ્યક્તિગત રાજકીય વ્યવસ્થાને બદલે ભારતમાં બ્રિટિશ હિતોનું રક્ષણ કરનારી સામ્રાજ્યવાદી વ્યવસ્થા સ્થપાઈ.

## તમારી પ્રગતિ ચકાસો - 3

1. દક્ષિણ ભારતમાં આંગ્લ-ફ્રેંચ સંઘર્ષનું સંક્ષિપ્તમાં વર્ણન કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. 1765માં સ્થપાયેલ દ્વિમુખી વહીવટનાં મુખ્ય લક્ષણો વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. 1773ના નિયામકધારાથી કંપનીના વહીવટમાં થયેલા ફેરફારની રૂપરેખા આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 1.6 સારાંશ (Let us Sum up)

આમ, હવે 18મી સદીને અંધકારયુગ ગણવામાં આવતો નથી. મુઘલ સામ્રાજ્યનું વિઘટન એ જ માત્ર આ સદીની વિશેષતા ન હતી. પ્રાદેશિક સત્તાઓનો વિકાસ એ પણ 18મી સદીના મધ્યકાળની વિશેષતા હતી. આ સમયમાં જ થયેલો બ્રિટિશ સત્તાનો ઉદય એ પણ આ સદીની એક વિશેષતા હતી.

આ યુગમાં મુઘલ શાસનથી શરૂ કરીને પ્રાદેશિક સત્તા દરમિયાન અને પછીથી બ્રિટિશ સત્તા દરમિયાન પ્રણાલિકાઓનું સાતત્ય રહ્યું હતું તે નોંધપાત્ર છે. તો આ ત્રણે રાજ્યવ્યવસ્થા વચ્ચેના ભેદ પણ ધ્યાનાકર્ષક હતા. જૂની સંસ્થાઓ નવું રાજકીય સ્વરૂપ લેતી ત્યારે તે જ સંસ્થા જુદા જ પ્રકારનાં કાર્યો કરતી જોવા મળે છે. જે પ્રાદેશિક રાજ્યોનો ઉદ્ભવ થયો તે ત્રણ પ્રકારનાં હતાં - વારસદાર રાજ્યો, નવાં રાજ્યો અને સ્વતંત્ર રાજ્યો. તેમાંથી પ્રથમ જૂથનાં એટલે કે વારસદાર રાજ્યોનાં વહીવટતંત્ર સ્થિર પુરવાર થયાં. નવાં રાજ્યોના બીજા જૂથમાં મરાઠાઓનો પણ સમાવેશ થતો હતો. તેઓ પણ એક અખિલ ભારતીય સામ્રાજ્યની સ્થિતિ મેળવવા માટેના હરીફ હતા. પરંતુ દુર્ભાગ્યવશ બાહ્ય પડકારો અને આંતરિક નબળાઈઓને કારણે તેમનું તે સ્વપ્ન ભાંગી પડ્યું. શીખો, જાટો અને અફઘાનોએ સ્થાપેલાં રાજ્યો અલ્પજીવી નીવડ્યાં.

પ્રાદેશિક સત્તાઓ એ મુઘલોનું સ્થાન લઈ શકે તેમ ન હતી. જોકે કેટલાંક રાજ્યો ખૂબ સમૃદ્ધ હતાં અને કેટલાંકે નોંધપાત્ર લશ્કરી સત્તા મેળવી હતી. પરંતુ તેમાંથી કોઈની પાસે એક અખિલ ભારતીય રાજ્યતંત્ર જાળવવા માટેનાં સાધનો કે શક્તિ ન હતાં, આધુનિકીકરણના પ્રયત્નો પણ મર્યાદિત હતા. તેથી પછાત એવાં આ પ્રાદેશિક રાજ્યો ચડિયાતી બ્રિટિશવ્યવસ્થા સામે નમી પડ્યાં.

ભારતમાં સર્વોપરિતા સ્થાપવા માટે ફ્રેંચો સાથે થયેલો સંઘર્ષ એ ભારતમાં બ્રિટિશ સત્તાના ઉદયનું પ્રથમ સોપાન હતું, તો તેમણે કરેલો બંગાળ વિજય એ બીજું નિર્ણાયક સોપાન હતું. શરૂઆતમાં અંગ્રેજોએ વ્યક્તિગત સંસ્થાઓ દ્વારા શાસન કર્યું પરંતુ 1773 પછીથી તેમણે બંધારણીય ફેરફારો દાખલ કર્યા હતા. બ્રિટિશ શાસનનો મુખ્ય ફેરફાર એ શહેરી અર્થતંત્રમાં હતો. પરંતુ સાંસ્થાનિક સંસ્થાઓ તો મુઘલ અને બ્રિટિશ પદ્ધતિનાં મિશ્રણ સમાન હતી. ભારતમાંની બ્રિટિશ સત્તાને ઇંગ્લૅન્ડની વિશ્વવ્યાપી સામ્રાજ્યવાદી વ્યવસ્થામાં સમાવી લેવામાં આવી હતી.

## 1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. જવાબ માટે જુઓ વિભાગ 1.2
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 1.3.1
3. જવાબ માટે જુઓ વિભાગ 1.3.3
4. (1) √ (2) √ (3) √ (4) ×

### તમારી પ્રગતિ ચકાસો - 2

1. હૈદ્રાબાદ, બંગાળ અને અવધ
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 1.4.2
3. જવાબ માટે જુઓ પેટા વિભાગ 1.4.2
4. જવાબ માટે જુઓ પેટા વિભાગ 1.4.2

5.

| | |
|---|---|
| (1) √ | (6) √ |
| (2) × | (7) × |
| (3) √ | (8) √ |
| (4) × | (9) × |
| (5) √ | (10) × |

**તમારી પ્રગતિ ચકાસો - 3**

1. જવાબ માટે જુઓ પેટા વિભાગ 1.5.2
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 1.5.3
3. જવાબ માટે જુઓ પેટા વિભાગ 1.5.4

## 1.8 ચાવીરૂપ શબ્દો (Key-words)

**ચોથ :** જમીન-મહેસૂલની રકમનો ચોથા ભાગનો કર, જે મરાઠા સરદારો તેમને પેશવાઓ દ્વારા અપાયેલા પ્રદેશમાંથી ઉઘરાવતા હતા. તેના બદલામાં આ સરદારો તે પ્રદેશોનું બાહ્ય આક્રમણો સામે રક્ષણ કરશે તેવી આશા રાખવામાં આવતી હતી.

**જાગીરદારી પદ્ધતિ :** રોકડના બદલે મુઘલ મનસબદારને જમીન આપવાની પદ્ધતિ. આ જમીન મેળવનારા તેમને અપાયેલા વિસ્તારમાંથી જમીન-મહેસૂલ ઉઘરાવતા અને તેમાંથી પોતાનો તથા પોતાના લશ્કરનો ખર્ચ નિભાવતા. આ પ્રદેશ તેમની જાગીર કહેવાતા અને ત્યાં તેઓ વહીવટી સત્તા પણ ધરાવતા હતા.

# એકમ-2 બંગાળ અને અવધ (Bengal and Awadh)

**રૂપરેખા**

2.1 ઉદ્દેશો અને પ્રસ્તાવના
2.2 મુઘલો હેઠળ - બંગાળ અને અવધ
2.3 બંગાળ : સ્વાયત્તતા તરફ
 2.3.1 મુર્શિદ કુલીખાન અને બંગાળ
 2.3.2 શુજા-ઉદ્-દીન અને બંગાળ
 2.3.3 અલીવર્દીખાન અને બંગાળ
2.4 બંગાળ : આશ્રિત બનવા તરફ
 2.4.1 પ્લાસી અને ત્યાર પછી
 2.4.2 બક્સર અને ત્યાર પછી
2.5 અવધ : સ્વાયત્તતા તરફ
 2.5.1 સાદતખાન અને અવધ
 2.5.2 સફદરજંગ અને અવધ
 2.5.3 સુજાઉદ્દૌલા અને અવધ
2.6 અવધ : આશ્રિત બનવા તરફ
 2.6.1 અવધ : 1764-1775
 2.6.2 અવધ : 1775-1797
 2.6.3 અવધ : 1797-1856
2.7 પ્રાદેશિક રાજ્યતંત્રનું સ્વરૂપ
2.8 સારાંશ
2.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
2.10 ચાવીરૂપ શબ્દો

## 2.1 ઉદ્દેશો અને પ્રસ્તાવના (Objective and Introduction)

18મી સદીનું નોંધપાત્ર લક્ષણ છે - પ્રાદેશિક રાજ્યવ્યવસ્થાનો ઉદય. આ એકમ વાંચ્યા પછી તમે નીચે લખેલી બાબતો જાણી શકશો :

- બંગાળ અને અવધમાં, તે સ્વાયત્ત બન્યાં, તે પહેલાં પ્રવર્તતી વહીવટની પદ્ધતિનો ખ્યાલ.
- બંગાળ અને અવધ સ્વાયત્તા રાજ્ય બન્યાં તેની પ્રક્રિયા.
- તેમને બ્રિટિશ સામ્રાજ્યવાદી પદ્ધતિમાં સમાવી લેવાયાં તેનો સંદર્ભ અને
- અવધ અને બંગાળની પ્રાદેશિક રાજ્યવ્યવસ્થાનું સ્વરૂપ અને તેનાં કાર્યો.

18મી સદી અંગેનાં અદ્યતન ઐતિહાસિક લખાણોમાં પ્રાદેશિક રાજ્યવ્યવસ્થાના ઉદ્ભવ અંગે ધ્યાન કેન્દ્રિત કરાયેલું જોવા મળે છે. તેમણે મુઘલ સામ્રાજયના વિઘટનને વધુ પ્રાધાન્ય આપ્યું નથી. તમે એકમ-1માં 18મી સદીની મધ્યમાં પ્રવર્તતી રાજયવ્યવસ્થાના સ્વરૂપ અંગે અભ્યાસ કરી ગયા છો. આ એકમમાં આપણે એ તત્ત્વો અને પ્રક્રિયાઓને તારવવાનો પ્રયત્ન કરીશું, જેના દ્વારા મુઘલ સામ્રાજયના આ પ્રદેશો સ્વાયત્ત બની શક્યા. આપણું અભ્યાસનું કેન્દ્ર આ એકમમાં બંગાળ અને અવધ છે. કેટલીક બાબતોમાં જુદાપણું હોવા છતાં બંગાળ અને અવધનાં શાસન પોતાના અસ્તિત્વના પ્રારંભકાળે સમાન લક્ષણો ધરાવતાં હતાં. તેનું વિશ્લેષણ કરવાથી 18મી સદીના રાજકારણનાં લક્ષણો અને પ્રક્રિયાની માહિતી મેળવી શકાય. આ એકમમાં પ્રથમ આપણે એ અભ્યાસ કરીશું કે બંગાળ અને અવધ એ બંને મુઘલ સૂબાઓમાંથી સ્વાયત્ત રાજ્યો અને પછીથી બ્રિટિશ સામ્રાજ્યવાદી પદ્ધતિના ભાગ કેવી રીતે બન્યાં. આ અભ્યાસમાં આપણે પ્રાદેશિક રાજ્યતંત્રનાં સ્વરૂપ અને કાર્યોને પણ લક્ષમાં લીધા છે.

## 2.2 મુઘલો હેઠળ : બંગાળ અને અવધ (Bengal and Awadh : Under Mughals)

18મી સદીમાં બંગાળ અને અવધનો સ્વાયત્ત રાજ્યો તરીકે ઉદ્ભવ એ કોઈ એક અલગથી થયેલો વિકાસ ન હતો. અવધ, બંગાળ, હૈદ્રાબાદ, મૈસૂર અને બીજા પ્રદેશોમાં સ્વતંત્ર રાજ્યોનો ઉદય એ 18મી સદીના ભારતીય રાજયતંત્રનું સૌથી મહત્ત્વનું લક્ષણ હતું. મુઘલ સામ્રાજયના વિઘટન અંગે થઈ રહેલાં સંશોધનોથી એ તારણ નીકળે છે કે વહીવટી, કૃષિ અને સામાજિક ક્ષેત્રે આવેલી કટોકટીએ મુઘલોની સામ્રાજયવાદી વ્યવસ્થાનો અંત આણ્યો હતો. આ પ્રકારનાં વિવિધ પરિબળોનાં સ્વરૂપ અને તેના તુલનાત્મક મહત્ત્વ વિષે આજે પણ ઇતિહાસકારોમાં વિવાદ પ્રવર્તે છે. (આ અંગે તમને એકમ-1માં થોડો ખ્યાલ મળ્યો છે), તેથી આપણા આ એકમના અભ્યાસના હેતુને ધ્યાનમાં રાખીને 18મી

સદીના પ્રારંભિક સમયે મુઘલોના પ્રાંતીય રાજ્યતંત્રના સ્વરૂપનું મહત્ત્વ જાણવું જરૂરી છે. તેના આધારે આપણે બંગાળ અને અવધમાં નવા શાસનના ઉદ્‌ભવની પ્રક્રિયા વિશે જાણી શકીએ.

બંગાળ અને અવધ એ મુઘલ શાહીતંત્રના અભિન્ન ભાગ હતા. આ બંને પ્રાંતોમાં નાઝિમ અને દીવાન જેવા ઉચ્ચ અધિકારીઓની નિમણૂક પ્રત્યક્ષ રીતે મુઘલ સમ્રાટો દ્વારા કરવામાં આવતી હતી. પ્રાંતોમાં નીચે પ્રમાણેના મહત્ત્વના અમલદારો હતા. સૂબા કે પ્રાંતમાં દીવાન એ મહેસૂલીતંત્રનો વડો હતો અને નાઝિમ એ નાગરિક અને લશ્કરી વહીવટતંત્રના કારોબારનો વડો હતો. તેમને બીજા અધિકારીઓ મદદ કરતા. તેમનાં નામ અને કામ આ પ્રમાણે હતાં - સૂબાના લશ્કરને વેતન આપનાર બક્ષી, પોલીસ વિભાગનો વડો કોટવાલ, ન્યાય આપનાર કાઝી અને રાજકીય બાબતો ઉપર જેની અસર થતી તેવા સમાચારો એકત્ર કરનાર અને તેનો અહેવાલ આપનાર વકાઈ નવિસ. સૂબા કે પ્રાંતને સરકારમાં વિભાજિત કરવામાં આવતો, સરકારનો વડો ફોજદાર હતો. સરકાર પરગણાંઓમાં વિભાજિત કરાતું. પ્રાંતોમાં સ્થાનિક કક્ષાએ જમીનદારોનું ઘણું મહત્ત્વ હતું, તેઓ સ્થાનિક લોકો અને વહીવટીતંત્ર ઉપર વધુમાં વધુ નિયંત્રણ ધરાવતા હતા.

પ્રાંતો ઉપર શાહી નિયંત્રણનું મુખ્ય સાધન હતું - નાઝિમ અને દીવાનની નિમણૂક. તેનામાં સમ્રાટને સંપૂર્ણ વિશ્વાસ રહેતો. વળી, મુઘલોની આ રાજ્યપદ્ધતિ એ સંતુલન અને નિયંત્રણની હતી. તેથી નાઝિમ ઉપર નિયંત્રણ રાખવાના હેતુથી દીવાનને સમ્રાટ દ્વારા અલગથી નીમવામાં આવતો હતો. આ બે અમલદારો ઉપરાંત આમિલ, ફોજદાર વગેરે જેવા બીજા અમલદારો પણ હતા. તેમની નિમણૂક પણ સમ્રાટ કરતો અને તેથી તેઓ સમ્રાટ ઉપર આશ્રિત હતા. જમીનદારો, મોટી સંખ્યાના નાના અમલદારો તથા ઉચ્ચ કક્ષાના પ્રાંતિક અમલદારો વચ્ચેના યોગ્ય સહકાર અને સંતુલનને પરિણામે મુઘલ સામ્રાજ્યમાં રાજકીય એકતા સ્થપાઈ હતી.

મુઘલ સમ્રાટો પ્રાંતીક વહીવટતંત્ર ઉપર કાબૂ રાખીને તેને પોતાના આજ્ઞાંકિત રાખી શક્યા ત્યાં સુધી આ પદ્ધતિ સારી રીતે ચાલી. પરંતુ 17મી સદીના અંતે અને 18મી સદીના પ્રારંભે કેન્દ્રીય સત્તાનું પ્રાંતીક વહીવટ ઉપરનું નિયંત્રણ ઢીલું પડવા લાગ્યું હતું. કેન્દ્રીય સત્તા પ્રાંતોના ગવર્નર પાસેથી માત્ર ખંડણી લેવા પૂરતી જ રહી ગઈ હતી. આમ, ખંડણી આપવાની મુઘલ સમ્રાટ પ્રત્યેની આ પ્રતીકાત્મક આધીનતા દાખવીને પ્રાંતોના ગવર્નરો પોતાને સ્થાનિક સત્તા તરીકે દર્શાવવા પ્રયત્નશીલ રહેતા અને પ્રાંતોમાં પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપવાના પ્રયત્નો પણ કરતા હતા, પ્રાંતોના ગવર્નરો તરફથી શાહી ખજાનામાં ખંડણી ભરવાનું પણ અનિયમિત બનવા લાગ્યું. પ્રાંતોના ગવર્નરોમાં પણ પ્રાંતોમાં પોતાનું વારસાગત શાસન સ્થાપવાનું તથા વહીવટતંત્રમાં પણ પોતાના માણસોને જ નીમવાનું વલણ વિકાસ પામ્યું હતું. આ બધી વિગતોથી જાણી શકાય છે કે પ્રાંતોમાં શાહી નિયંત્રણ નબળું પડવા લાગ્યું હતું અને પ્રાદેશિક કક્ષાએ સ્વતંત્ર સત્તાનો વિકાસ થઈ રહ્યો હતો. આગળના મુદ્દાઓમાં આપણે અવધ અને બંગાળ 18મી સદીમાં કેવી રીતે સ્વાયત્ત સ્વતંત્ર રાજ્યો બન્યાં તેની ચર્ચા કરીશું.

## 2.3 બંગાળ : સ્વાયત્તતા તરફ (Bengal : Towards Autonomy)

18મી સદીના પૂર્વાર્ધમાં બંગાળનો એક સ્વતંત્ર સ્વાયત્ત રાજ્ય તરીકે ઉદય થયો હતો, તે વિવિધ મુઘલ પ્રાંતોમાં પ્રાદેશિક સ્વાયત્તતાનું વલણ વિકાસ પામ્યું હોવાનું દર્શાવે છે. મુઘલ સમ્રાટની સર્વોચ્ચ સત્તાને કોઈ પડકાર ફેંકવામાં આવ્યો ન હતો. પરંતુ બંગાળના ગવર્નરે ત્યાં વ્યવહારમાં સ્વતંત્ર બનીને પોતાની વારસાગત સત્તા સ્થાપી દીધી હતી. ઉપરાંત પ્રાંતના બધા અધિકારીઓ ગવર્નરને આધીન બન્યા હતા. આ બાબત એ બંગાળમાં સ્વતંત્ર સત્તાનો ઉદ્‌ભવ દર્શાવે છે.

### 2.3.1 મુર્શિદ કુલીખાન અને બંગાળ (Murshid Kulikhan and Bengal)

બંગાળમાં એક સ્વતંત્ર રાજ્યના આધારનો પાયો મુર્શિદ કુલીખાને નાખ્યો હતો. પ્રથમ તેને મુઘલ સમ્રાટે બંગાળમાં મહેસૂલી વહીવટતંત્રનું પુનઃગઠન કરવા માટે દીવાન તરીકે નીમ્યો હતો. એક કાર્યદક્ષ વહીવટકર્તા તરીકે તેણે સફળતા મેળવી અને ઔરંગઝેબના મૃત્યુ પછી શાહી વહીવટતંત્રમાં અનિશ્ચિતતાની સ્થિતિ પ્રવર્તતી હોવાને કારણે તેને બંગાળમાં સૂબેદાર બનવાની તક મળી. મુર્શિદ કુલીખાન એક કુશળ રાજનીતિજ્ઞ હતો. તેથી તેણે મુઘલ સમ્રાટની સત્તાને પડકારી ન હતી પરંતુ તેણે જે વહીવટતંત્ર સ્થાપ્યું હતું તે સ્પષ્ટપણે એ બાબતનો નિર્દેશ આપતું હતું કે તેણે બંગાળમાં વારસાગત રાજ્ય સ્થાપી દીધું હતું. મુઘલ સમ્રાટ દ્વારા પ્રત્યક્ષ રીતે નિમાયેલો હોય તેવો તે બંગાળનો છેલ્લો ગવર્નર હતો. મુર્શિદ કુલીખાને દીવાન અને નાઝિમના જુદાજુદા હોદ્દા નાબૂદ કરીને તેણે તે બંને હોદ્દાને ભેળવી દીધા. પ્રાંતોમાં દીવાનની નિમણૂક પાછળનો મુઘલ વહીવટતંત્રનો હેતુ ગવર્નર ઉપર નિયંત્રણ રાખવાનો હતો. પરંતુ મુર્શિદ કુલીખાનનો હેતુ દીવાન અને નાઝિમના હોદ્દા એક કરી નાખીને ગવર્નરની સત્તા સુદૃઢ કરવાનો હતો. આ પગલું એ બંગાળ પ્રાંતમાં એક સ્વતંત્ર સત્તાની રચનાનો સ્પષ્ટ નિર્દેશ કરે છે.

મુર્શિદ કુલીખાને બંગાળમાં વારસાગત શાસનની પ્રણાલિકા ઊભી કરી હતી. એક નગ્ન સત્ય બની ગયું હતું કે તેના મૃત્યુ પછી બંગાળના ગવર્નરનું પદ તેના કુટુંબના સભ્યને જ મળશે. જોકે તેમણે તેમના ગવર્નરપદની માન્યતા મુઘલ સમ્રાટો દ્વારા મેળવવાનું ચાલુ રાખ્યું હતું, પરંતુ બંગાળના ગવર્નરની

પસંદગી કરવાની સત્તા મુઘલ સમ્રાટના હાથમાં રહી ન હતી, કારણ કે તે પદ હવે વારસાગત બન્યું હતું. મુર્શિદ કુલીખાને સ્વતંત્ર સત્તાધીશ તરીકે પ્રથમ કાર્ય બંગાળમાં મહેસૂલની ઉઘરાણી વધારવાનું કર્યું હતું. આ કાર્યમાં સફળતા મેળવવા માટે તેણે પ્રાંતની સ્થાનિક સત્તાઓ સાથે નવેસરથી સંબંધો બાંધ્યા હતા. તેનાથી એક વિસ્તૃત રાજકીય માળખું રચાયું, જેમાં રહીને 1730 અને 740ના ગાળામાં સ્વાયત્ત સૂબો કામ કરતો હતો. મુર્શિદ કુલીખાને ભૂમિ-મહેસૂલની ઉઘરાણી વધારવાનાં જે પગલાં લીધાં તેને પરિણામે નવી ગોઠવણો કરવામાં આવી. તેણે જે પગલાં આ માટે લીધાં તે નીચે પ્રમાણે હતાં :

1. નાના મધ્ય કક્ષાના જમીનદારોની નાબૂદી કરી.
2. વિદ્રોહી જમીનદારો અને જાગીરદારોને સીમાવર્તી પ્રાંત ઓરિસ્સામાં હાંકી કાઢ્યા.
3. ખાલસા જમીનનાં વિસ્તાર અને કાર્યક્ષેત્રમાં વૃદ્ધિ કરી.
4. મહેસૂલ ઉઘરાવવાની તથા સમયસર જમા કરાવવાની જવાબદારી લેવા તૈયાર હતા તેવા મોટા જમીનદારોને પ્રોત્સાહન આપ્યું.

મુર્શિદ કુલીખાને સમયસર મહેસૂલ જમા ન કરાવનારની જમીનો ખરીદી લીધી અને કેટલાક જમીનદારોને તે ખરીદવા તથા પોતાના સત્તાક્ષેત્ર હેઠળની જમીન વધારવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. બંગાળમાં આવા કેટલાક મહત્ત્વના જમીનદારો રાજશાહી, દિનાપુર, બર્દવાન, નાદિયા, બીરભૂમ અને બિશનપુરમાં હતા અને બિહારમાં તિરહુત, શાહબાદ અને ટિકરીમાં હતા. મુર્શિદ કુલીખાન ગ્રામ્ય વિસ્તારોનું નિયંત્રણ રાખતો હતો અને આવા જમીનદારો મારફત મહેસૂલ એકત્ર કરતો હતો. જમીનદારો પોતાના પાડોશમાં આવેલા જમીનદારો ઉપર પોતાનું નિયંત્રણ વિસ્તારીને પોતાની સત્તામાં પણ વૃદ્ધિ કરતા હતા. આ પ્રવૃત્તિનું પરિણામ એ આવ્યું કે 1727 સુધીમાં જમીનદારોના એક જૂથ તરીકે પ્રાંતોમાં એક મુખ્ય રાજકીય પરિબળ તરીકે ઉદય થયો.

જમીનદારોના જૂથના ઉદયની સાથે સાથે ધનવાન અને વેપારીઓનાં મહત્ત્વમાં પણ વધારો થયો હતો. જમીનદારો ઉપર મહેસૂલ સંપૂર્ણપણે ભરી દેવા માટે થતાં સતત દબાણને કારણે નાણાકીય ધીરધાર કરનાર લોકોનું મહત્ત્વ વધ્યું હતું. હવે દરેક તબક્કે તેઓ જમીનદારોના કે અન્યના જામીન બનતા હતા. તેથી એ બાબતથી આપણને આશ્ચર્ય ન થાય કે જગતશેઠની પેઢી નવાબનાં અત્યંત પ્રેમ અને સમર્થન ધરાવતી હતી. શરાફી કામ કરતી શેઠની આ પેઢીઓ જમીનદાર તરફથી બંગાળના ગવર્નરને આપવાની મહેસૂલની રકમના જામીન તો બનતા જ હતા. ઉપરાંત, બંગાળ તરફથી દિલ્હીના મુઘલ દરબારમાં જમા કરવાની રકમના પણ જામીન લેતા હતા.

આમ, એક તરફ બંગાળમાં એક નવા પ્રકારનું સત્તામાળખું આકાર લઈ રહ્યું હતું, જે મુઘલોના પ્રાંતીય વહીવટી નમૂના કરતાં જુદા પ્રકારનું હતું. તો બીજી તરફ તે સમયમાં જ દિલ્હીનું પ્રાંત ઉપરનું વર્ચસ્વ ઘટી રહ્યું હતું. નાઝિમ આ બદલાયેલી પરિસ્થિતિની અસરોથી માહિતગાર હતો. છતાં તેણે દિલ્હીના મુઘલ દરબાર સાથેના સંબંધો સંપૂર્ણપણે કાપી નાખ્યા નહિ વાર્ષિક મહેસૂલની રકમ મોકલવાનું પણ ચાલુ રાખ્યું. પરંતુ બીજી બાજુ એ સ્પષ્ટ થઈ ગયું હતું કે મુર્શિદ કુલીખાને બંગાળને પોતાની સત્તાના વિસ્તાર તરીકે નક્કી કરી લીધો હતો અને તેથી તે બંગાળ પ્રાંતની નિઝામત પોતાના કુટુંબના જ કોઈ સભ્યને મળે અને બીજા કોઈ બહારનાને ન મળે તે બાબત સજાગ હતો. તેથી તેણે પોતાની પુત્રીના પુત્ર (દોહિત્ર) સરફરાઝને પોતાનો વારસદાર નીમ્યો. જો દિલ્હીમાં આ સમયે પહેલાં જેવી શક્તિશાળી મુઘલ સત્તા હોત તો આવા નિર્ણયને સ્વીકાર્યો ન હોત.

## 2.3.2 શુજાઉદ્દીન અને બંગાળ (Shujauddin and Bengal)

પરંતુ સરફરાઝનો પંથ કંટકપૂર્ણ હતો. મુર્શિદ કુલીખાને પોતાના દોહિત્ર સરફરાઝને પોતાનો વારસદાર તો જાહેર કર્યો પરંતુ તેના દોહિત્રને તેના પિતા શુજાઉદ્દીન મોહંમદખાને જ ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો. શુજાઉદ્દીનના સમયમાં મુઘલ સમ્રાટ અને બંગાળ પ્રાંત વચ્ચે મતભેદ રહ્યા. તેણે મુઘલ સમ્રાટને ખંડણી આપવાનું તો ચાલુ રાખ્યું પરંતુ પ્રાંતના વહીવટતંત્રનું સંપૂર્ણ સંચાલન તે પોતાની રીતે જ કરતો હતો. તેણે પ્રાંતના વહીવટતંત્રમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર પોતાના જ માણસોને નીમ્યા અને તેની માન્યતા પછીથી દિલ્હી દરબારમાંથી મેળવી હતી. મુર્શિદ કુલીખાને વહીવટની પોતાની એક આગવી પદ્ધતિનો વિકાસ કર્યો હતો. તેને શુજાઉદીને પણ ચાલુ રાખી હતી. તેણે પણ પ્રાંતમાં પોતાનું નિયંત્રણ ટકાવી રાખવા માટે સ્થાનિક સત્તાજૂથો સાથે વફાદારીના સંબંધો કેળવ્યા. ફિલિપ બી. કાલ્કીન્સ (Calkins)ના મતાનુસાર 1730માં બંગાળની સરકાર એ મુઘલોના શાહી શાસનને બદલે બંગાળનાં સત્તાશાળી પરિબળોના સહકારથી ચાલતી સરકાર લાગતી હતી. 1739-40માં જે સત્તાપલટો થયો તેમાં બદલાતાં રાજકીય વલણોનું પ્રતિબિંબ પડે છે. તે વર્ષમાં અલીવર્દીખાને શુજાઉદ્દીનના કાયદેસરના વારસદાર અને પુત્ર સરફરાઝખાનની હત્યા કરી નાખી અને બંગાળમાં સત્તા કબજે કરી લીધી. અલીવર્દીખાનને બંગાળના જમીનદારો અને શરાફોનો ટેકો મળ્યો હતો.


## 2.3.3 અલીવર્દીખાન અને બંગાળ (Alivardikhan and Bengal)

અલીવર્દીખાનના સમયમાં મુઘલ સમ્રાટ અને બંગાળની પ્રાંતિક સરકાર વચ્ચેના સંબંધમાં એક નવા પરિમાણનો ઉમેરો થયો હતો, પોતાના પુરોગામીઓની જેમ અલીવર્દીખાને પણ મુઘલ સમ્રાટ પાસેથી

પોતાના સૂબેદાર તરીકેના હોદ્દાની માન્યતા મેળવી હતી. પરંતુ તેના શાસનમાં મુઘલ સત્તાથી તેણે સ્પષ્ટ વિચ્છેદ કર્યો હોય તેવું જોવા મળે છે. ઉપરાંત તેણે બંગાળના પ્રાંતમાં સ્વાયત્ત શાસનની શરૂઆત કરી હતી. દાખલા તરીકે પોતાના પ્રાંતના વહીવટતંત્રની મોટા ભાગની નિમણૂકો અલીવર્દીખાને પોતે જ કરી હતી અને તે અંગે મુઘલ સત્તાની માન્યતા તો લીધી જ ન હતી. પરંતુ તેની જાણ પણ તેને કરી ન હતી. અલીવર્દીખાને પટણા, કટક અને ઢાકામાં નાયબ નવાબ તરીકે પોતાની પસંદગીની વ્યક્તિઓને નીમી હતી. અગાઉ આ બધા હોદ્દાઓ ઉપર મુઘલ સમ્રાટ દ્વારા નિમણૂકો અપાતી હતી અને એ રીતે પ્રાંતોમાં તેની સત્તા ચાલતી હતી.

અલીવર્દીખાને બંગાળના મહેસૂલીતંત્રની વ્યવસ્થા માટે મોટી સંખ્યામાં હિંદુઓને મુત્સદીઓ કે આમિલો કે સ્થાનિક દીવાનો તરીકે નીમ્યા હતા. તેણે બિહાર અને ઉત્તર ભારતમાં વસી ગયેલા પઠાણોની મદદથી એક શક્તિશાળી સેનાનું સંગઠન પણ કર્યું હતું. વળી, દિલ્હીના મુઘલ દરબારની બંગાળ ઉપરની સત્તા ઘટી ગયાનું પ્રમાણ એ બાબતથી પણ મળી રહે છે કે બંગાળમાંની મહેસૂલની રકમ દિલ્હી મોકલવામાં અણધારી અનિયમિતતા આવી ગઈ હતી. સમકાલીન સાધનોની માહિતી ઉપરથી જાણી શકાયું છે કે મુર્શિદ કુલીખાન અને શુજાઉદ્દીનના સમયમાં બંગાળમાંથી દર વર્ષે મુઘલ સમ્રાટને 1 કરોડ રૂપિયાની રકમ ખંડણી તરીકે મોકલવામાં આવતી હતી. જ્યારે અલીવર્દીખાને 15 વર્ષના ગાળામાં તે અંગે 40 થી 50 લાખ રૂપિયા મોકલ્યા હતા. (વાર્ષિક 3.33 લાખ થાય), બીજા કેટલાક વિદ્વાનોના મતાનુસાર તો અલીવર્દીખાને વાર્ષિક ખંડણી મોકલવાનું જ બંધ કરી દીધું હતું.

તેથી એમ કહી શકાય કે 1740ની આસપાસ બંગાળ, બિહાર અને ઓરિસામાં એક એવી વહીવટી વ્યવસ્થાનો વિકાસ થયો હતો જે દિલ્હીના શાહી મુઘલ દરબાર સાથેના પોતાના સંબંધો ધીમે ધીમે ક્રમશઃ ઘટાડી રહી હતી. એ સત્ય છે કે અલીવર્દીખાને પોતાના શાસનના પ્રારંભે મુઘલ સત્તાને કોઈ પણ રીતે પડકારી ન હતી. પરંતુ આ સમયગાળા દરમિયાન પૂર્વ ભારતમાં આપણને સ્વતંત્ર રાજ્યનો ઉદ્ભવ જોવા મળે છે. મુઘલ સમ્રાટની પ્રાંતો ઉપરની સત્તાનાં બે મુખ્ય સ્વરૂપ હતાં - સમ્રાટને વાર્ષિક ખંડણીની ચુકવણી અને પ્રાંતોના ઉચ્ચ અમલદારોની સમ્રાટ દ્વારા થતી નિમણૂક. પરંતુ અલીવર્દીખાનના શાસન દરમિયાન આ બંને બાબતો જોવા મળતી નથી. તેથી એમ કહી શકાય કે બંગાળ પ્રાંતમાં વ્યવહારમાં જોઈએ તો મુઘલ સત્તાની કોઈ દરમિયાનગીરી ન હતી.




**પૂર્વ ભારત - 1828 (East India 1828)**

પરંતુ અલીવર્દીખાનનું શાસન એ કાંઈ ગુલાબની સેજ ન હતી. તે બંગાળમાં પોતાની સત્તા સ્થિર કરી રહ્યો હતો ત્યારે તેને પણ બે બાહ્ય સત્તાઓનો ભય હતો - મરાઠાઓ અને અફઘાન વિદ્રોહીઓનો મધ્ય ભારતના મોટા ભાગ ઉપર પોતાનું નિયંત્રણ સ્થાપ્યા પછી મરાઠાઓ હવે મધ્ય ભારતની બહારના પ્રદેશોમાં પોતાનું નિયંત્રણ સ્થાપવા માગતા હતા. તેઓ પાડોશી રાજ્યો પાસેથી બળજબરીથી ચોથ

ઉઘરાવતા હતા. 1742 થી 1751ના સમયગાળા દરમિયાન મરાઠા સામ્રાજયની સ્થાપનાના સ્વપ્નને પૂર્ણ કરવા અને ધન મેળવવા મરાઠાઓએ બંગાળ ઉપર ત્રણથી ચાર વાર આક્રમણો કર્યાં હતાં. તેમના દરેક આક્રમણને પરિણામે બંગાળના સ્થાનિક લોકોના જીવન અને સંપત્તિને ઘણું નુકસાન થયું હતું. મરાઠાઓના સતત આક્રમણથી ત્રાસીને અને તેને રોકવાની તેની નિષ્ફળતાને કારણે અંતે તેણે 1751માં મરાઠાઓ સાથે સંધિ કરી. અલીવર્દીખાને મરાઠાઓને વાર્ષિક 12 લાખ રૂપિયા ચોથ તરીકે આપવાનું કબૂલ્યું તથા ઓરિસાનો પ્રાંત પણ એ શરતે મરાઠાઓને આપ્યો કે તેઓ ભવિષ્યમાં અલીવર્દીખાનના શાસન હેઠળના પ્રદેશમાં પ્રવેશ કરશે નહિ.

અલીવર્દીખાનને મરાઠાઓ ઉપરાંત વિદ્રોહી અફઘાન સૈનિકોના આક્રમણનો સામનો કરવો પડ્યો હતો. અફઘાન સેનાપતિ મુસ્તફાખાને સેનામાંથી રૂખસદ આપવામાં આવેલા અફઘાન સૈનિકોની મદદથી અલીવર્દીખાનના પ્રદેશો ઉપર આક્રમણ કરી તેના માટે ભય ઊભો કર્યો હતો. 1748માં તેમણે પટણા ઉપર આક્રમણ કરી, તે કબજે કરી ત્યાં લૂંટ ચલાવી હતી. (અલીવર્દીખાને તેમને એક મોટી લડાઈમાં હરાવીને પટણા પાછું મેળવ્યું). અલીવર્દીખાનને આમ, મરાઠાઓ તેમજ અફઘાનો સામે સતત સંઘર્ષ કરતા રહેવું પડ્યું હતું. તેની અસર પ્રાંતનાં નાણાતંત્ર ઉપર થઈ. તે અસર એટલી વ્યાપક હતી કે ટૂંક સમયમાં જ જમીનદારો, હોદેદારો, શરાફો, વેપારીઓ અને યુરોપિયન કંપનીઓને પણ તેનો અનુભવ થયો. હવે પછીના વિવરણમાં આપણે એ જોઈશું કે આવાં વિવિધ પરિબળોએ કેવી રીતે સ્વાયત્ત રાજ્યોને નબળાં પાડ્યાં અને તેથી તેને કેવી રીતે બ્રિટિશ શાહી વ્યવસ્થાના આશ્રિત બનવું પડ્યું.

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. મુઘલ વહીવટતંત્ર હેઠળ પ્રાંતોના વહીવટતંત્રના મુખ્ય અધિકારીઓનાં નામ દર્શાવી તેનાં કામ જણાવો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

2. મુર્શિદ કુલીખાને ભૂમિ-મહેસૂલ કાર્યક્ષમ રીતે ઉઘરાવવા માટે લીધેલાં પગલાં વર્ણવો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

3. અલીવર્દીખાનના મરાઠાઓ અને અફઘાનોલ સાથેના સંબંધોની ચર્ચા કરો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

## 2.4 બંગાળ : આશ્રિત બનવા તરફ (Bengal : Towards Subjection)

1756માં અલીવર્દીખાનના મૃત્યુ પછી બંગાળમાં વારસદારના પ્રશ્ને વિવિધ જૂથોએ પોતાનો દાવો નોંધાવતા વિવાદ ઊભો થયો. વારસા અંગેના કોઈ નિશ્ચિત નીતિનિયમો ન હોવાથી નવાબના મૃત્યુ

પછી દર વખતે વારસા અંગે સંઘર્ષ થતા હતા. અલીવર્દીખાનને કોઈ પુત્ર ન હતો. ત્રણ પુત્રીઓ હતી, જે પરિણીત હતી. તેના બે જમાઈ તેની પહેલાં મૃત્યુ પામ્યા હતા. તેથી પોતાની સૌથી નાની પુત્રીના પુત્ર સિરાજુદ્દૌલાને પોતાના વારસદાર તરીકે તેણે પસંદ કર્યો હતો. પરંતુ અલીવર્દીખાનના મૃત્યુ સાથે જ ઘાસીટી બેગમ તરીકે જાણીતી થયેલી તેની એક વિધવા પુત્રીએ સિરાજુદ્દૌલાનો વિરોધ કર્યો, તો પૂર્ણિયાના ફોજદાર શૌકતજંગે (અલીવર્દીખાનની બીજી વિધવા પુત્રીનો પુત્ર) પણ પોતાનો દાવો નોંધાવ્યો. આમ, વારસા અંગેના આ ઝઘડાને કારણે બંગાળના દરબારમાં પણ જૂથબંધીએ જોર પકડ્યું. જગતશેઠો, જમીનદારો અને અન્યોએ પણ ઝગડતાં વિવિધ જૂથોને ટેકો આપવાની તૈયારી દર્શાવી, તેનાથી સ્વતંત્ર બંગાળના સૂબાની સ્થિરતા જોખમમાં મુકાઈ. બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ પણ આ કટોકટીભરી સ્થિતિનો લાભ મેળવવા પ્રયાસ કર્યો.

## 2.4.1 પ્લાસી અને ત્યાર પછી (Plassey and After)

1757ની પ્લાસીની લડાઈ પછી બંગાળ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું આશ્રિત બની જાય તે માટેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. બંગાળના નવાબ અને અંગ્રેજો વચ્ચેના સંઘર્ષના મુદ્દા નીચે પ્રમાણે હતા :

1. 1717માં મુઘલ સમ્રાટ ફરુખસિયરે માન્ય કરેલ અંગ્રેજોના જકાતમુક્ત વેપારના વિશેષાધિકારનો દુરુપયોગ. કંપનીના વેપારીઓ આ વિશેષાધિકારનો ઉપયોગ પોતાનાં વેપારી સાહસો માટે પણ કરવાનો આગ્રહ રાખતા હતા.
2. કલકત્તા શહેરમાં કિલ્લેબંધી કરવાનો અધિકાર.

ઉપરોક્ત બંને બાબતો અંગે અવારનવાર એક પછી એક આવેલા બંગાળના નવાબોએ વાંધો લીધો હતો. તેમાં પણ આ પ્રશ્ને સિરાજુદ્દૌલાના સમયમાં ઉગ્ર મતભેદ સર્જાયા હતા અને પરિણામે લશ્કરી અથડામણ પણ થઈ હતી. આ સમયે જેને અસર થઈ હતી, તેવા સિરાજુદ્દૌલાના દરબારની નોંધપાત્ર વ્યક્તિઓએ જેવી કે જગતશેઠો, યાર લુત્ફખાન, રાય દુર્લભ અને અમીરચંદે સિરાજુદ્દૌલાને હાંકી કાઢી પોતાના કહ્યાગરાને ગાદીએ બેસાડવા માટે અંગ્રેજો સાથે હાથ મિલાવ્યા હતા.

આવું ષડયંત્ર રચવા પાછળ તેમનો હેતુ અલીવર્દીખાનના સમયની વહીવટી વ્યવસ્થાની સ્થિતિ પુનઃસ્થાપિત કરવાનો હતો. પરંતુ તેમનો હેતુ તત્કાલીન રાજકીય વ્યવસ્થાને વેરવિખેર કરી નાખવાનો તો ન જ હતો. પ્લાસીની લડાઈ (1757) એ નવાબના દરબારમાં પ્રવર્તતી જૂથબંધી દર્શાવે છે. આ યુદ્ધનું ભાવિ અંગ્રેજોની તાકાતથી નહિ પરંતુ નવાબના નિકટના અધિકારીઓના વિશ્વાસઘાતથી નક્કી થયું હતું. બ્રિટિશ ગવર્નર ક્લાઇવે નવાબના સેનાપતિ મીરજાફર, તેના ખજાનચી રાય દુર્લભ તથા ધનિક શરાફ જગતશેઠ સાથે મળીને નવાબને ઉથલાવી પાડવાનું એક કાવતરું ઘડ્યું હતું. નવાબનો સેનાપતિ મીરજાફર નવાબના પક્ષે લડ્યો નહિ, તેથી પ્લાસીના યુદ્ધમાં બંગાળના નવાબને હરાવ્યા પછી મીરજાફરને બંગાળનો નવો ગવર્નર બનાવવામાં આવ્યો. તેણે અંગ્રેજો સાથે એક સંધિ કરી, જેના દ્વારા તેણે કંપનીને એક કરોડ રૂપિયા અને 24 પરગણાં આપ્યાં. ઉપરાંત તેણે અંગ્રેજોના વેપારી વિશેષાધિકારો માન્ય તો રાખ્યા જ પરંતુ કેટલાક કેસમાં તો તે વધારી પણ આપ્યા. તેની બદલામાં કંપનીએ નવાબના વહીવટમાં દખલગીરી ન કરવાનું વચન આપ્યું.

આ લડાઈ પછી પૂર્વવત્ પરિસ્થિતિ સર્જાતા પ્લાસીના ષડયંત્રકારીઓનો હેતુ પાર પાડવાનું અસંભવ બની ગયું. પરિણામે મુર્શિદ કુલીખાન અને તેના વારસદારોએ બંગાળમાં મહેનતથી જે સ્વાયત્તતા સ્થાપી હતી તે નબળી પડી. મીરજાફરની અયોગ્યતા, દરબારમાં ચાલતાં ષડયંત્રો અને નવાબના સશસ્ત્ર સૈન્યની તુલનાત્મક નિર્બળતાએ અંગ્રેજોને બંગાળ પ્રાંતના વહીવટમાં દખલગીરી કરવાની તક પૂરી પાડી. મીરજાફર કંપની દ્વારા મળતાં લશ્કરી સમર્થન ઉપર વધુ આધાર રાખતો થઈ ગયો હતો. આ પરિસ્થિતિનો લાભ લઈને કંપનીએ તેની પાસેથી વધુ નાણાં અને અન્ય અધિકારોની માગણી કરી. પરંતુ નવાબની આર્થિક પરિસ્થિતિ એવી ન હતી કે તે કંપનીની વધતી જતી નાણાકીય માગણીઓ સંતોષી શકે. છતાં કંપનીએ બંગાળમાં વધુ ને વધુ નાણાંની માગણી કરવાનું ચાલુ રાખતા તે મીરજાફર સાથે પ્રત્યક્ષ સંઘર્ષમાં આવી. આ સંઘર્ષમાં મીરજાફરને પદત્યાગ કરવાની ફરજ પડી. આમ, મીરજાફર 1757 થી 1760 બંગાળનો નવાબ રહ્યો. પછીથી 1760થી 1763 મીરકાસમને કંપનીએ બંગાળનો નવાબ બનાવ્યો. અંગ્રેજોએ તેની સાથે ગુપ્ત કરાર કરીને તેને બંગાળનો નવાબ બનાવ્યો હતો, પરંતુ તેના હાલ પણ અંતે મીરજાફર જેવા જ થયા હતા.

## 2.4.2 બક્સર અને ત્યાર પછી(Buxar and After)

મીરકાસિમે બંગાળનો નવાબ બન્યા પછી પોતાના શાસનનાં પ્રારંભિક વર્ષોમાં બંગાળમાં સ્વતંત્ર રાજ્યની પુનઃ સ્થાપના કરવાના સંનિષ્ઠ પ્રયત્નો કર્યા હતા. તેણે પોતાની રાજધાની મુર્શિદાબાદથી ખસેડીને બિહારમાં આવેલા મોંઘીરમાં રાખી હતી. આ સ્થળ અંગ્રેજોના પ્રભાવક્ષેત્રથી દૂર હતું. વળી, આમ કરીને તે એક કેન્દ્રીય શક્તિસંગઠન ઊભું કરવા માગતો હતો. તેણે રાજ્યના નાણાકીય અને લશ્કરી તંત્રનું પુનઃગઠન કરવાનો પ્રારંભ કર્યો. તેણે લશ્કરનું આધુનિકીકરણ કર્યું તથા શસ્ત્રોના ઉત્પાદન માટેની સગવડો ઊભી કરી. જે સૈનિકોએ પુરોગામી નવાબોની સેનામાં કામગીરી બજાવી હતી અને જે સૈનિકોની વફાદારી શંકાસ્પદ હતી તે બધાને લશ્કરમાંથી દૂર કરવામાં આવ્યા. તેણે વહીવટી ખર્ચ ઘટાડ્યો. નોકરો

અને સૈનિકોને નિયમિત પગાર આપ્યો. હિસાબ પ્રત્યે તેણે ખાસ ધ્યાન આપ્યું. તેણે નાણાકીય ગોલમાલો ઉપર નિયંત્રણ સ્થાપ્યું, બિનજરૂરી ખર્ચમાં ઘટાડો કર્યો અને જમીનદારોની સત્તામાં ઘટાડો કર્યો. વિદ્રોહી જમીનદારો પાસેથી જમીનો લઈ લેવામાં આવી. તેના બદલે આમિલો અને કર ઉઘરાવનાર ઇજારદારોની નિમણૂક કરવામાં આવી. તેનાં કાર્યોથી તેણે પુરવાર કર્યું કે તેણે સંપૂર્ણપણે પોતાની સત્તા સ્થાપવાનો દઢ નિર્ણય કર્યો હતો. તે બાબત નિઃશંક હતી.

તે અંગ્રેજોથી મુક્ત થવા માગતો હતો. વળી, તે ભારતીય તથા અંગ્રેજ વેપારીઓ વચ્ચેના હકોના ભેદભાવો નાબૂદ કરવા માગતો હતો. પરંતુ કંપનીને આ પરિસ્થિતિ સ્વીકાર્ય ન હતી. અંગ્રેજ ખાનગી વેપારીઓ કોઈ જકાત ભરતા ન હતા. તેથી મીરકાસમે ખાનગી વેપારની વૃદ્ધિનો વિરોધ કર્યો. કારણ કે તેનાથી તેની જકાતની આવકમાં ઘટાડો થતો હતો તથા તેની પ્રાદેશિક સત્તા ભયમાં મુકાતી હતી. બંગાળમાં અંગ્રેજોની વેપારી ઘુસણખોરીને કારણે તેના આંતરિક પ્રદેશમાં આર્થિક પ્રવૃત્તિના ચક્રને વેરવિખેર કરી નાખ્યું હતું. ઉપરાંત તેણે નવાબની સત્તાને હચમચાવી નાખવાનો ભય ઊભો કર્યો હતો. આવી પરિસ્થિતિમાં દસ્તક પ્રથા (જકાતમુક્ત વેપાર કરવાની પરવાનગી)નો ઉપયોગ કંપનીના નોકરો પોતાના ખાનગી વેપાર માટે કરતા હતા. દસ્તક પ્રથાનો આ દુરુપયોગ જ 1764ના યુદ્ધનું કારણ હતું. અંગ્રેજોએ અચાનક પટણા ઉપર આક્રમણ કરતાં અંગ્રેજો અને મીરકાસિમ વચ્ચે પૂર્ણકક્ષાની લડાઈનો પ્રારંભ થઈ ગયો. મીરકાસિમને બિહાર અને ઓરિસાના પ્રાંતીક ઉમરાવો, અવધના નવાબ અને મુઘલ સમ્રાટ શાહઆલમે પણ ટેકો આપ્યો હતો, છતાં તેમની સંયુક્ત સેના અંગ્રેજોની આગેકૂચ રોકવામાં નિષ્ફળ ગઈ અને બંગાળમાંથી નવાબોના સ્વતંત્ર શાસનનો અંત આવ્યો.

બક્સરની લડાઈમાં મીરકાસિમનો પરાજય થયો. તેને નવાબના હોદ્દા ઉપરથી પદભ્રષ્ટ કરવામાં આવ્યો અને પછીથી તેની હત્યા પણ થઈ. તેના સ્થાને વૃદ્ધ મીરજાફરને આ વખતે વધુ કડક શરતો સાથે બંગાળનો નવાબ બનાવવામાં આવ્યો. તેણે અંગ્રેજો સાથે કરેલા કરાર પ્રમાણે તેણે તથા તેના વારસદારોએ કંપનીને માસિક રૂ. 5 લાખ આપવાના હતા, ઉપરાંત તેમણે અમલદારોની નિમણૂક તથા હકાલપટ્ટી બાબતમાં કંપનીને દરમિયાનગીરી કરવાની છૂટ આપી તથા લશ્કરની સંખ્યામાં ઘટાડો કરવાનું વચન આપ્યું.

આમ, હકીકતમાં બધી બાબતોમાં સત્તા નવાબના બદલે કંપનીને હસ્તાંતરિત થઈ ગઈ હતી. તે 12 ઑગસ્ટ 1765ના થયેલ અલાહાબાદની સંધિથી માન્ય કરવામાં આવેલી. આ સંધિ દ્વારા મુઘલ સમ્રાટે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને બંગાળ, બિહાર અને ઓરિસાના પ્રાંતોના દીવાન તરીકે નીમી કંપનીને આ ત્રણ પ્રાંતોના નાણાકીય વહીવટની જવાબદારી સોંપવામાં આવી. તેના બદલામાં તેણે મુઘલ સમ્રાટને વાર્ષિક 2 લાખ રૂ. ખંડણી તરીકે આપવાનું વચન આપ્યું. બંગાળના નવાબ પાસે નાઝિમ તરીકેની સત્તાઓ ચાલુ રહી, જ્યારે દીવાન તરીકે કંપની નિમાઈ. નવાબે નાઝિમ તરીકે સંરક્ષણ, કાયદો અને વ્યવસ્થા તથા ન્યાયતંત્રની જવાબદારી બજાવવાની હતી, બીજા શબ્દોમાં એમ કહી શકાય કે વહીવટની જવાબદારી નાઝિમ તરીકે બંગાળના નવાબની હતી, પરંતુ મહેસૂલ અને તે અંગેના હકો કંપની પાસે હતા. આમ, 1765માં વિધિસર રીતે ત્રણ પ્રાંતોની દીવાની કંપનીને આપવામાં આવતાં વિશાળ બંગાળ સંપૂર્ણ બ્રિટિશ કાયદાઓ હેઠળ આવી ગયું અને બંગાળમાં સ્વાયત્તત્તાનો કોઈ અવશેષ રહેવા દેવામાં આવ્યો નહિ, જોકે હૈદ્રાબાદ અને અવધનાં સ્વતંત્ર રાજ્યોમાં થોડી સ્વાયત્તતા રહેવા પામી હતી.

## તમારી પ્રગતિ ચકાસો - 2

1. 1757માં બંગાળના નવાબ અને અંગ્રેજો વચ્ચેના સંઘર્ષના મુદ્દાઓ કયા હતા ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. મીરકાસિમે પોતાની નવાબી દરમિયાન બંગાળમાં કરેલા સુધારાઓ વર્ણવો.
3. નીચેનાં વાક્યોમાંથી સાચાં હોય તેની સામે (√) અને ખોટાં હોય તેની સામે (x)ની નિશાની કરો :
   1. જકાતમુક્ત વેપારનો અધિકાર 1717માં અંગ્રેજોને મુઘલ સમ્રાટ શાહઆલમે આપ્યો હતો.
   2. ઘાસીટીબેગમ અલીવર્દીખાનની પુત્રી હતી.
   3. સિરાજુદ્દૌલાના નાનાનું નામ શુજાઉદ્દૌલા હતું.
   4. પ્લાસીની લડાઈથી ખરો લાભ બ્રિટિશ કંપનીને થયો, મીરજાફરને નહીં.
   5. અલાહાબાદની સંધિ દ્વારા અંગ્રેજોને ત્રણ પ્રાંતોની દીવાની સોંપવામાં આવી હતી.

## 2.5 અવધ : સ્વાયત્તતા તરફ (Awadh : Towards Autonomy)

અવધમાં પણ સ્વાયત્તતાનું પ્રથમ સોપાન બંગાળ જેવું જ રહ્યું હતું અને પછીથી તે અંગ્રેજોનું આશ્રિત રાજય બન્યું હતું. 18મી સદીમાં અવધનો એક પ્રાદેશિક રાજકીય પદ્ધતિ તરીકે ઉદય થવા માટે નીચેનાં કારણો જવાબદાર હતાં : (1) આર્થિક અને ભૌગોલિક પરિબળો અને (2) બુરહાન-ઉલ-મુલ્ક સાદત ખાનના ઈરાની અને શિયાધર્મી કુટુંબ દ્વારા કરાયેલ રાજકીય સ્વાયત્તતાના પ્રયાસો.

### 2.5.1 સાદતખાન અને અવધ (Sadatkhan and Awadh)

સાદતખાનને દિલ્હીમાં જે નિરાશા સાંપડી હતી તેમાંથી જ તેને અવધમાં મુઘલ પદ્ધતિમાંથી સ્વાયત્તતા મેળવવાની પ્રેરણા મળી હતી. તે એમ માનતો હતો કે મુઘલશાહી રાજકારણમાં મહત્ત્વનો ભાગ ભજવવાની તે યોગ્યતા ધરાવે છે. છતાં અવારનવાર તેને તેમ કરતો રોકવામાં આવતાં તેણે પોતાની શક્તિઓ અવધમાં પોતાની સત્તા સ્થિર કરવામાં વાપરી. તે અવધને એક આધાર બનાવી ત્યાંથી શાહી રાજકારણમાં ઝંપલાવવા માગતો હતો.

અવધ પોતાના ઉચ્ચ કક્ષાના વેપાર અને કૃષિક્ષેત્રની સમૃદ્ધિને કારણે 18મી સદીમાં આર્થિક રીતે સમૃદ્ધ હતું, તો ભૌગોલિક દૃષ્ટિએ તે ગંગાના ઉત્તર કિનારાથી લઈને હિમાલય પર્વત સુધીના વ્યૂહાત્મક પ્રદેશમાં આવેલું હતું. ઉપરાંત શાહી સત્તાના કેન્દ્ર સમાન દિલ્હીથી તે નિકટ હતું, તે તેની વધારાની વિશેષતા હતી.

આગરાની જવાબદારી સંભાળ્યા પછીથી 1722માં સાદતખાનને અવધની સૂબેદારી સોંપવામાં આવી હતી. તેણે અવધને સત્તાનું એક મહત્ત્વનું સ્વતંત્ર કેન્દ્ર બનાવવા માટે પોતાની શક્તિઓનો ઉપયોગ કર્યો હતો. મુઘલ સમ્રાટ ઔરંગઝેબના મૃત્યુ પછી મુઘલ વહીવટીતંત્રમાં પ્રવર્તતી નબળાઈઓએ તેને પોતાની મહેચ્છા પૂરી કરવાની તક આપી. અવધનો કબજો લીધા પછી તુરત જ સાદતખાનને અનેક વિદ્રોહી સરદારો અને અવધના રાજાઓના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. પોતાની સ્થિતિ સુદૃઢ કરવા તેણે નીચે પ્રમાણેનાં પગલાં લીધાં હતાં :

1. સ્થાનિક વિદ્રોહી સરદારો અને જમીનદારોને કચડી નાખ્યા.
2. મદદ-એ-માશ મેળવનારાઓની સત્તામાં કાપ મૂક્યો.
3. મહેસૂલ ઉઘરાવવાનું કાર્ય વ્યવસ્થિત કર્યું અને
4. કેટલાક સ્થાનિક જમીનદારો સાથે વાટાઘાટો કરી.

સાદતખાને અવધના પ્રાંતીક વહીવટીતંત્રના બધા મહત્ત્વના હોદ્દાઓ ઉપર પોતાનાં સગાંઓ અથવા સમર્થકોને નીમ્યા હતા. એવી રીતે તે પ્રાંતના અમલદારોની ખાતરીબંધ વફાદારી મેળવવા માગતો હતો. આ સિદ્ધિઓ મેળવ્યા પછી તેણે પોતાના જમાઈ સફદરજંગને શાહી મંજૂરીની રાહ જોયા વિના પોતાના પ્રાંતનો નાયબ ગવર્નર નીમી દીધો હતો. અવધના સૂબાની સ્વાયત્તતાના વિકાસનું આ પ્રતીક હતું. 1735 સુધીમાં અવધ ઉપર સાદતખાનનું નિયંત્રણ સંપૂર્ણપણે સ્થપાઈ ગયું હતું. તેથી દિલ્હીના મુઘલ સમ્રાટે નિઃસંકોચ તેને તેના પ્રાંતને અડીને આવેલા કોરા જહાનાબાદના સરકારની ફોજદારી સોંપી તથા બીજા અવસરે તેને બનારસ, જૌનપુર, ગાઝીપુર અને ચુનારગઢના સરકારો મહેસૂલ ઉઘરાવવાનો ઈજારો સોંપ્યો હતો. છતાં સાદતખાનને આ સફળતાઓથી સંતોષ ન હતો. હજુ તે એમ માનતો હતો કે પ્રાદેશિક સ્વાયત્તતા કરતાં પણ શાહી મુઘલ રાજકારણમાં મહત્ત્વનો ભાગ ભજવવો એ વધુ નોંધપાત્ર ગણાય. વળી, હકીકત પણ એ છે કે સાદતખાન હજુ શાહી રાજકારણમાંથી પોતે ખસી ગયો ન હતો. તેણે પોતાના પ્રાંતમાં મહત્ત્વના ફેરફારો કર્યા હતા અને તે માટે મુઘલ નિયંત્રણોની તેણે પરવાહ કરી ન હતી. છતાં તેણે જે પ્રાદેશિક સ્વતંત્રતા અને નિયંત્રણ મેળવ્યાં હતાં, તે મુઘલ માળખામાં રહીને જ મેળવ્યાં હતાં. પરંતુ 1737માં જયારે સાદતખાને મરાઠા આક્રમણોને ખાળવામાં પોતે બજાવેલી સેવાના બદલામાં વધુ પ્રાદેશિક સાધનો અને લશ્કરી નિયંત્રણની માગણી કરી ત્યારે મુઘલ દરબારે તેનો સીધો ઈનકાર કરી દીધો હતો. ફરી 1739-40માં તેણે મીરબક્ષીનો હોદ્દો પોતાને આપવાની માગણી કરી ત્યારે તે પણ નામંજૂર કરાઈ હતી. આક્રમણ કરનાર ઈરાનીઓની સામે તેણે જોરદાર વીરતાનું પ્રદર્શન કર્યું હતું. પરંતુ તે પણ આ સમયે ગણત્રીમાં લેવામાં આવ્યું નહિ. પરિણામે તેના મનમાંથી મુઘલો અંગેનો રહ્યોસહ્યો ભ્રમ પણ દૂર થયો હતો. 1939માં સાદતખાન મુઘલ સમ્રાટને ઈરાની આક્રમણમાંથી બચાવવા એક મોટી સેના સાથે આવ્યો હતો. પરંતુ તેણે એકાએક મુખય ઈરાની સેના ઉપર આક્રમણ કરી દેવાની ભૂલ કરતાં તે ઈરાની સેનાપતિ નાદિરશાહના હાથે કેદ પકડાયો. તેમ છતાં તે નાદિરશાહ ઉપર પ્રભાવ પાડવામાં સફળ થયો અને તે ઈરાનીઓ અને મુઘલો વચ્ચે મધ્યસ્થ બન્યો, પરંતુ પછીથી તો ઈરાની છાવણીમાં ષડયંત્રોની પરંપરા ચાલી અને તેનાં વિનાશક પરિણામ આવ્યાં. સાદતખાને એટલા માટે મદદ કરી હતી કે ભવિષ્યમાં ઈરાનીઓ સાથેના સંબંધો તેને શાહી દરબારમાં મહત્ત્વની ભૂમિકા ભજવવામાં ઉપયોગી બનશે. પરંતુ નાદિરશાહે તેના પ્રત્યે માન તો દાખવ્યું નહિ, પરંતુ તેની પાસેથી મોટી રોકડ રકમની માગણી કરી. આવી પરિસ્થિતિમાં નિરાશ થઈને સાદતખાને પોતાના જીવનનો અંત આણ્યો. તેના અવસાન સાથે શાહી રાજકીય રમત પણ બંધ થઈ.

## 2.5.2 સફદરજંગ અને અવધ (Safdar Jang and Awadh)

સાદતખાને પોતાના જમાઈ અને નીમેલ વારસદાર એવા સફદરજંગને અર્ધ-સ્વાયત્ત પ્રાદેશિક રાજ્યવ્યવસ્થા વારસમાં આપી હતી, તેનું આંતરિક સંગઠન અને તેની કામગીરી હવે મુઘલોનાં શાહી ફરમાનો ઉપર આધારિત ન હતાં. ઉપરાંત અવધનું આ તંત્ર દિલ્હી દરબારને નિયમિત ખંડણી મોકલવાનું પણ ફરજિયાત ગણતું ન હતું. ઉપરાંત પ્રાંતની મહેસૂલી વ્યવસ્થાનું પુનઃગઠન કરવામાં આવ્યું હતું, શાહી દીવાનનો હોદ્દો નાબૂદ કરવામાં આવ્યો હતો અને વહીવટતંત્રમાં મોટી સંખ્યામાં સ્થાનિક હિંદુઓને નોકરીમાં રાખવામાં આવ્યા હતા.

1739 થી 1764નાં વર્ષો દરમિયાન અવધની પ્રગતિ સર્વોચ્ચ કક્ષાએ હતી અને ત્યારે તે વધુમાં વધુ સ્વાયત્તતા પણ ભોગવતું હતું. છતાં મુઘલ સમ્રાટ પ્રત્યેની બાહ્ય વફાદારી જાળવી રાખવામાં આવી હતી. દાખલા તરીકે -

1. ઉચ્ચ હોદ્દેદારોની નિમણૂકોમાં મુઘલ સમ્રાટની નામમાત્રની વિધિસર મંજૂરી લેવામાં આવતી હતી
2. મહેસૂલ શાહી ખજાનામાં મોકલવામાં આવતું હતું અને
3. હુકમો, બિરુદો વગેરે મુઘલ સમ્રાટના નામે જ આપવામાં આવતા હતા.

છતાં આ પાર્શ્વભૂમિકામાં પણ નવાબ સફદરજંગે અવધમાં સ્વાયત્ત રાજકીય વ્યવસ્થાનો આધાર મજબૂત કરવા માટેના શ્રેષ્ઠ પ્રયાસો કર્યા હતા. તેણે પોતાનું નિયંત્રણ ગંગાના મેદાની વિસ્તાર ઉપર સ્થાપ્યું હતું અને રોહતાસ તથા ચુનારના કિલ્લા કબજે કરી લીધા હતા. તે ઉપરાંત અલાહાબાદની સૂબેદારી પણ મેળવી હતી. આ બધાંથી દિલ્હીના મુઘલ દરબારમાં તેની પ્રતિષ્ઠામાં વધારો થયો અને તેના પરિણામે તેને વઝીરનો હોદ્દો સોંપવામાં આવ્યો. પરંતુ તેણે ફરુખાબાદ કબજે કરી લેતાં શાહી દરબાર સાથે તેને અણબનાવ થઈ ગયો. તેને વઝીરના હોદ્દા ઉપરથી રૂખસદ આપવામાં આવી. છતાં 1754માં મરાઠાઓએ દિલ્હી ઉપર આક્રમણ કર્યું ત્યારે તે થોડા સમય માટે મુઘલ દરબારમાં આવ્યો હતો. પરંતુ તેણે હવે મુઘલ દરબારમાં પોતાનો પ્રભાવ ગુમાવી દીધો હતો.




શુજાઉદ્દૌલા તેના દસ પુત્રો સાથે

## 2.5.3 શુજાઉદ્દૌલા અને અવધ (Shujadaula and Awadh)

સફદરજંગનો વારસદાર શુજાઉદ્દૌલા હતો, તેના શાસન દરમિયાન અવધ પ્રાંતની વધતી જતી સીમાઓને સુદૃઢ કરવામાં અને પોતાના આ સ્વતંત્ર સૂબાના મુઘલ સામ્રાજ્ય સાથેના સંબંધો સુધારવામાં તેણે મોટી સફળતા મેળવી હતી. તેણે પૂર્વમાં ઉદય પામી રહેલ બ્રિટિશ સત્તાની વિરુદ્ધ જૂથોની રચના કરવાનું વિચાર્યું હતું. આંતરિક વહીવટના ક્ષેત્રે પણ તેણે ઘણી સિદ્ધિઓ મેળવી હતી. તેણે મહેસૂલની ઉઘરાણીનું કાર્ય વ્યવસ્થિત કર્યું હતું, સેનાની યોગ્ય જાળવણી કરી હતી ને ખજાનામાં નિયમિતપણે આવક જમા થતી રહે તેવી વ્યવસ્થા ગોઠવી હતી. વહીવટતંત્ર અને અમલદારતંત્રમાં સ્થાનિક હિંદુ લોકોને પણ સારા પ્ર...માં નીમવામાં આવ્યા હતા. દાખલા તરીકે અવધમાં નાયબ તરીકે રાજા વેણીબહાદુર હતો, જે બ્રાહ્મણ હતો. તો નવાબનો પોતાનો મંત્રી એ એક મરાઠીભાષી દેશમુખ બ્રાહ્મણ હતો. નવાબના સૌથી પ્રસિદ્ધ સેનાપતિઓમાં માત્ર હિંદુઓ જ નહિ પરંતુ ગોંસાઈ સાધુઓ પણ હતા.

## શુજાઉદ્દૌલા દસ પુત્રો સાથે (Shujaudaula with Ten Sons)

પોતાના પુરોગામીઓની જેમ શુજાઉદ્દૌલાએ પણ મુઘલ સમ્રાટ સાથેના પોતાના સંપર્કો સંપૂર્ણપણે કાપી નાખ્યા ન હતા. તેણે મુઘલ સમ્રાટના ઉત્તર ભારત ઉપર શાહી નિયંત્રણ સ્થાપવાના પ્રયત્નો નિષ્ફળ બનાવ્યા હતા. શુજાઉદ્દૌલા પોતાનાં કાર્યોથી મુઘલોના શાહી દરબારમાં અવધનું પ્રભુત્વ પુનઃ સ્થાપવામાં સફળ થયો હતો. તેના પરિણામે તેણે વઝીર તરીકેની નિમણૂક મેળવી હતી. 1761માં મરાઠાઓ સામેના પાણિપતના યુદ્ધ વખતે તેણે અફઘાન નેતા અહમદશાહ અબ્દાલીનો પક્ષ લીધો હતો. એ રીતે તેણે ઉત્તર ભારતમાં મરાઠાઓનાં ભયને રોક્યો હતો. આમ, 1764માં બક્સરમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે લડાઈ થઈ તે પહેલાં શુજાઉદ્દૌલાએ અવધમાં 18મી સદીના પૂર્વાર્ધથી સ્થપાયેલી સ્વાયત્ત રાજકીય વ્યવસ્થા જાળવી રાખી હતી.




અવધ 1720-1774 (Awadh 1720-1774)

### તમારી પ્રગતિ ચકાસો - 3

1. અવધમાં પોતાની સ્થિતિ સુદૃઢ કરવા માટે સાદતખાને કયાં પગલાં લીધાં ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

2. સફદરજંગે મુઘલ સમ્રાટ પ્રત્યેની બાહ્ય વફાદારી કેવી રીતે જાળવી રાખી હતી ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

3. નવાબ શુજાઉદ્દૌલાએ અવધના વિકાસ માટે કરેલાં કાર્યોનું વર્ણન કરો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## 2.6 અવધ : આશ્રિત બનવા તરફ (Awadh : Towards Subjection)

18મી સદીના ઉત્તરાર્ધમાં ઉત્તર ભારતમાં બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના પ્રભાવ અને ભૂમિકા ધીરે ધીરે વધ્યાં હતાં. તેની અસર અવધના અર્થતંત્ર તથા રાજકારણ ઉપર થઈ હતી. 1801 સુધી અવધને એક બફર (Buffer)રાજ્યની દૃષ્ટિએ જ જોવામાં આવતું હતું. તે બંગાળમાં પશ્ચિમ તરફથી આવનારા મરાઠા સત્તાનાં આક્રમણોની સામે બફર રાજ્યની ગરજ સારતું હતું. તેથી તે સમય સુધી તેને બ્રિટિશ સત્તા હેઠળ મૂકીને બ્રિટિશ સામ્રાજ્યમાં જોડી દેવાનો કોઈ પ્રશ્ન જ ઉદ્‌ભવ્યો ન હતો. પરંતુ 19મી સદીના ઉત્તરાર્ધમાં અંગ્રેજોએ અવધનો પ્રદેશ પોતાના વિસ્તાર માટે પસંદ કર્યો હતો. પરિણામે 1856માં અંગ્રેજોએ અવધ પ્રાંતનો સંપૂર્ણ કબજો લઈ લીધો.


### 2.6.1 અવધ : 1764-1775 (Awadh : 1764-1775)

બક્સરની લડાઈમાં બંગાળના નવાબ, અવધના શુજાઉદ્દૌલા અને મુઘલ સમ્રાટના સંયુક્ત લશ્કરનો અંગ્રેજ લશ્કરની સામે પરાજય થતાં અવધના નવાબની સત્તા અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું. અલાહાબાદની સંધિ દ્વારા અવધને પણ બ્રિટિશ પ્રભાવ હેઠળ લાવવાની ભૂમિકા રચાઈ. આ સંધિ દ્વારા અવધના નવાબ શુજાઉદ્દૌલાને અવધનો મૂળ પ્રદેશ રાખવાની તો પરવાનગી અપાઈ પરંતુ કોરા અને અલાહાબાદ તેની પાસેથી લઈને મુઘલ સમ્રાટને આપી દેવાયાં, વળી, શુજાઉદ્દૌલાએ હપ્તે હપ્તે યુદ્ધદંડના રૂ. 50 લાખ આપવા તેવું પણ નક્કી કરાયું હતું. તદ્‌ઉપરાંત અવધના નવાબ અને બ્રિટિશ કંપની વચ્ચે એકબીજાના પ્રદેશોનું સંરક્ષણ કરવાના કરાર પણ થયા. અવધના નવાબો બ્રિટિશ કંપનીની તાકાત અને તેમની રાજ્યવિસ્તારની ઇચ્છાથી વાકેફ હતા. તેથી બંગાળના નવાબોની જેમ તેઓ પ્રતીક લડાઈ વિના કાંઈ જતું કરવા તૈયાર ન હતા. પરિણામે પ્રારંભમાં તો અવધે પોતાના પ્રદેશમાં બ્રિટિશ વેપારી દખલગીરીને રોકવા પ્રયાસો કર્યા. તેની સાથે સાથે અવધનાં લશ્કરનું મોટા પાયે પુનઃગઠન કરી તેમાં સુધારા કરવામાં આવ્યા.

બક્સરની લડાઈમાં મળેલા પરાજય પછી અવધના નવાબ શુજાઉદ્દૌલાએ જે લશ્કરી સુધારા કર્યા તેનો હેતુ અંગ્રેજોની સામે લડાઈ કરવાનો ન હતો. પરંતુ હકીકતમાં તો તે તેમ કરીને એક વિદેશી કંપની દ્વારા ઊભી કરાયેલી મુશ્કેલી સામે પોતાની રાજકીય સ્વાયત્તતાનું રક્ષણ કરવા માગતો હતો. કંપની માટે તો અવધનો પ્રદેશ ખૂબ જ મહત્ત્વનો અને લાભદાયક હતો. તેની મહેસૂલી આવક ખૂબ મોટી હતી, જેનો ઉપયોગ કંપની પોતાના લશ્કરની સહાય માટે કરી શકે, તેથી સાવચેતીપૂર્વક કંપની આયોજન કરીને અવધ પાસે નાણાકીય માગણીની રકમમાં વધારો કરતી ગઈ. 1773માં અવધ અને બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની વચ્ચે પ્રથમવાર નિશ્ચિત પ્રકારની સંધિ કરવામાં આવી. આ સંધિ દ્વારા એવું નક્કી કરાયું હતું કે અવધ અથવા અલાહાબાદમાં કરવામાં આવનાર કંપનીની એક લશ્કરી બ્રિગેડદીઠ અવધ કંપનીને માસિક રૂ. 2.10 લાખ ચૂકવશે. આ જોગવાઈને કારણે અવધનો સમૃદ્ધ પ્રાંત પ્રથમ વખત કંપનીનો ભારે દેવાદાર બન્યો. આ સંધિ એ અવધની રાજકીય વ્યવસ્થામાં અંગ્રેજોની સક્રિય દખલગીરીનો પ્રારંભ ગણાવી શકાય.

### 2.6.2 અવધ : 1775-1797 (Awadh : 1775-1797)

1775 પછી અવધની નવાબી ભયમાં મુકાઈ હતી. પરંતુ આ સમયગાળામાં જ અવધની નવી રાજધાની લખનૌ એ અવધનું સાંસ્કૃતિક કેન્દ્ર બની રહ્યું હતું. અવધના નવાબે પોતાની રાજધાની ફૈઝાબાદથી ખસેડીને લખનૌમાં સ્થાપી હતી. શુજાઉદ્દૌલાના કેટલાક દરબારીઓ અને પોતાના જ ભાઈ સાદતઅલી (રોહિલખંડનો ગવર્નર)ના વિરોધ છતાં આસફઉદ્દૌલા 1775માં ગાદીએ બેઠો હતો. આસફઉદ્દૌલાએ પોતાના પ્રિયપાત્ર એવા મુર્તઝાખાનને મુખ્તાર-ઉદ્દૌલાનું ગૌરવપૂર્ણ બિરુદ આપ્યું હતું. મુર્તઝાખાનને અવધના રાજ્યવહીવટમાં મહત્ત્વનું સ્થાન અપાયું હતું. પરંતુ તેના સમયમાં જૂના ઉમરાવો અને સેનાપતિઓને દૂર કરવામાં આવતાં અવધના રાજકીય તંત્રનું મહત્ત્વ ઘટ્યું હતું. ઉપરાંત મુર્તઝાખાને બ્રિટિશ કંપનીને અવધના નવાબ સાથે સંધિ કરવાની પરવાનગી આપી હતી. આ સંધિ દ્વારા અવધે કંપનીને ચૈતાસંઘ જેનો કબજો ધરાવતો હતો તેવા બનારસની આસપાસના પ્રદેશો, જૌનપુરની ઉત્તરે આવેલા અને અલાહાબાદની પશ્ચિમે આવેલા પ્રદેશો સોંપી દીધા. વળી, આ સંધિ દ્વારા કંપની લશ્કરની જે ટુકડીઓ અવધના પ્રદેશમાં રાખતી હતી તે પેટે આપવાની રકમમાં પણ પહેલાં કરતાં વધારો કરવામાં આવ્યો. ઉપરાંત આ સંધિથી ભવિષ્યમાં કંપની અને અવધ વચ્ચેની વાટાઘાટોમાંથી મુઘલ સમ્રાટને બાકાત કરી દેવામાં આવ્યો. ઉપરાંત એવું પણ નક્કી કરવામાં આવ્યું કે હવેથી અવધના વિદેશો સાથેના સંબંધોનું તથા કૂટનીતિક કાર્યોનું નિયંત્રણ નવાબના દરબારમાં રહેતા બ્રિટિશ રેસિડેન્ટ દ્વારા કરવામાં આવશે.



**18મી સદીની લખનૌની શેરી (Lucknow Street in the 18th Century)**

અવધની રાજકીય વ્યવસ્થાનું વિઘટન, અવધના મામલાઓમાં અંગ્રેજોની દરમિયાનગીરી અને રાજકીય બાબતો અંગે આસફઉદ્દૌલાની ઉપેક્ષાવૃત્તિને કારણે અવધના ઉમરાવોના એક મોટા વર્ગમાં ચિંતાની



**નવાબ આસફઉદ્દૌલા અને તેના પ્રધાનો એક બ્રિટિશ અમલદાર સાથે (Nawab Asaf-ud-daula and his ministers with a British Official)**

લાગણી ઊભી થઈ. તેમાં પણ સૈનિકોને પગાર મળ્યા ન હોવાને કારણે કેટલીક જગ્યાએ તેમણે બળવો કરી દેતાં પરિસ્થિતિ વધુ વણસી. આવી અવ્યવસ્થાની પરિસ્થિતિ તથા કાયદાવિહિનતાને કારણે બ્રિટિશ દરમિયાનગીરી કરવા માટેનો માર્ગ મોકળો થયો. 1770માં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ અવધની સર્વોચ્ચ સત્તાને નુકસાન થાય તે રીતે વર્તવાનું શરૂ કર્યું. ઉપરાંત અવધમાં બ્રિટિશ સેના તો પડેલી જ હતી. તેથી અંગ્રેજોને દરમિયાનગીરી કરવામાં સરળતા રહી. અવધના નવાબે પોતાની થતી અવગણના અંગે પ્રથમવાર 1780માં વિરોધ નોંધાવ્યો. કલકત્તામાં સ્થિત બ્રિટિશ કંપનીના સર્વોચ્ચ પદાધિકારીઓને થયું કે અવધનું એક ખંડિયા રાજ્ય તરીકે મહત્ત્વ છે અને ઉપયોગિતા પણ છે. વળી, લાંબા સમય સુધી અવધ પાસેથી મોટી રકમનું લહેણું કાઢવાથી પણ તે લાંબા સમય સુધી આ ભાર સહન નહીં કરી શકે. તેથી તેમણે અવધના બ્રિટિશ રેસિડેન્ટની વધારે પડતી દરમિયાનગીરી ઉપર નિયંત્રણ મૂક્યું. 1784માં બ્રિટિશ ગવર્નર જનરલ વૉરેન હેસ્ટિંગ્ઝે અવધના નવાબ આસફઉદ્દૌલા સાથે નવી સંધિ કરી. તેના દ્વારા અવધનું 50 લાખનું કરજ ઘટાડવામાં આવ્યું - તેનાથી અવધના શાસન ઉપરનું બ્રિટિશ દબાણ ઘટ્યું.

પછીથી 1784 થી 1797ના લગભગ દોઢ દસકાના ગાળા દરમિયાન અવધ એક અર્ધ-સ્વાયત્ત પ્રાદેશિક સત્તા તરીકે કામ કરતું રહ્યું અને કંપની સાથેના તેના સંબંધો પણ મૈત્રીપૂર્ણ રહ્યા. 1797માં અવધના નવાબ આસફઉદ્દૌલાનું અવસાન થતાં ફરી વારસદારના પ્રશ્ને બ્રિટિશ સત્તાએ ત્યાં દરમિયાનગીરી કરી. આસફઉદ્દૌલાએ વઝીરઅલીને પોતાનો વારસદાર નીમ્યો હતો. પરંતુ અંગ્રેજોએ તેને હટાવીને તેના સ્થાને સાદતઅલીને નીમ્યો. 21 ફેબ્રુઆરી, 1798ના સાદતઅલી સાથે એક સંધિ કરવામાં આવી. તેમાં તેણે કંપનીને ખંડણી પેટે વાર્ષિક રૂ. 76 લાખ આપવાનું કબૂલ્યું હતું.

## 2.6.3 અવધ : 1797-1856 (Awadh : 1797-1856)

1798માં લૉર્ડ વેલેસ્લીએ આવીને વધુ ઉગ્ર વિસ્તારવાદી નીતિ અપનાવી અને અવધની વ્યવસ્થાનો અસ્વીકાર કર્યો. તેમાં કંપનીએ વધારેલી નાણાકીય માગણી પ્રમાણેની રકમ આપવાની અવધના નવાબે અસમર્થતા પ્રગટ કરતાં વેલેસ્લીને અવધ કબજે કરવા માટેનું બહાનું મળી ગયું. સપ્ટેમ્બર, 1801માં હેનરી વેલેસ્લી લખનૌમાં આવ્યો અને સાદતખાનને તેના બધા પ્રદેશો સોંપી દેવા દબાણ કર્યું. દીર્ઘ વાટાઘાટોના અંતે કંપનીએ રોહિલખંડ, ગોરખપુર અને દોઆબ પ્રદેશ (જેની આવક 1 કરોડ 35 લાખ રૂ. હતી)નું સાર્વભૌમત્વ માન્ય રાખ્યું. આમ, 1801ના આ જોડાણથી આંગ્લ-અવધ સંબંધોમાં એક નવા યુગનો પ્રારંભ થયો. ઉપરોક્ત ત્રણ પ્રદેશો સિવાયનો નાનો બની ગયેલો અવધ પ્રાંત હવે કંપનીના પ્રદેશો માટે ભયરૂપ બની શકે તેમ રહ્યો નહિ. ઉપરાંત અંગ્રેજોની સતત ચાલુ રહેલ આગેકૂચને રોકવાનો અવધના શાસકોએ વિચાર પણ કર્યો નહિ. પોતાના લશ્કર અને અર્ધો પ્રદેશ ગુમાવવાને કારણે અવધે હવે રાજકીય પ્રગતિના બદલે સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રગતિ કરવા માટે પોતાની શક્તિઓ કામે લગાડી. આ બાબતમાં અવધના પ્રવર્તમાન નવાબે તેના પુરોગામી નવાબ આસફઉદ્દૌલાના પગલે ચાલવાનું નક્કી કર્યું. આસફઉદ્દૌલાએ આ અગાઉ લખનૌ દરબારમાં વિદ્વાનો અને કલાકારોને આશ્રય આપ્યો હતો તથા લખનૌને એક સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસાવ્યું હતું. અવધના દરબાર તરફથી મિરઝા રફી સૌદા (1713-86), મીર ગુલામહસન (1734-86) વગેરે જેવા વિદ્વાનો અને પ્રતિભાવંત લોકોને આશ્રય આપવામાં આવ્યો હતો. વળી, તે સમયે આવા અનેક સાહિત્યિક નરપુંગવો દિલ્હી છોડી રહ્યા હતા અને દિલ્હી દરબારની ભવ્યતાને યાદ કરીને તે નષ્ટ થવા અંગે દુઃખ વ્યક્ત કરતા હતા, તેમાંથી કેટલાક લોકોને અવધના દરબારમાં આવકારીને તેમને સન્માનનીય સ્થાન આપવામાં આવ્યું હતું.

અવધના દરબારની ગૌરવશાળી સાંસ્કૃતિક પ્રગતિના પ્રતીકરૂપે ગાઝીઉદ્દીન હૈદરે (1819) શાહી હોદ્દો ધારણ કર્યો હતો તથા મુઘલ સમ્રાટની સર્વોચ્ચ સત્તા સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. આ બાજુ તો શાસકે આવી કામગીરી બજાવી મોટો પ્રતિભાવંત હોદ્દો ધારણ કર્યો, પરંતુ તે સમયગાળામાં જ વહીવટતંત્ર તથા પ્રાંત ઉપરથી શાસકના નિયંત્રણમાં ઘટાડો થયો હતો. પરંતુ અવધના શાહી ભપકા અને ઉત્સવો પણ નીચેની બાબતો છુપાવી શક્યા નહિ : (1) કંપની પૂરાં પાડેલાં સંરક્ષણ માટે તેને આપવાની ભારે રકમમાં સતત થતો રહેલો વધારો અને પરિણામે રાજ્યની નાણાકીય સ્થિતિ ઉપર અસર (2) વહીવટી જવાબદારીઓ પોતે સંભાળવાને બદલે નવાબ દ્વારા પ્રધાનોને તેની સોંપણી (3) અવધમાં રહેતા બ્રિટિશ રેસિડેન્ટની પ્રભાવપૂર્ણ સ્થિતિ. છતાં નાસિરુદ્દીન હૈદર, મુહંમદઅલીશાહ અને અમજદઅલીશાહના (1827-47) શાસન દરમિયાન પણ રાજ્યની સ્થિતિ પતન તરફ આગળ વધી રહી હતી. આમાંથી કોઈ પણ શાસક વહીવટતંત્ર ઉપર પોતાની સત્તા સ્થાપી શક્યા નહિ. તેઓ પોતાને કંપનીની રાજકીય પકડમાંથી પણ મુક્ત કરી શક્યા નહિ. તેમની સિદ્ધિઓ અવધનું નામમાત્રનું સ્વાયત્ત સ્થાન જાળવી રાખવા પૂરતી તથા લખનૌને ઉત્તર ભારતના એક મહત્ત્વના સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસાવવા પૂરતી મર્યાદિત રહી હતી. બ્રિટિશ રેસિડેન્ટને અવધના વહીવટતંત્રમાં પોતાની સત્તાનો વધારો કરવાની પરવાનગી અપાઈ હતી. તેથી તે અવધમાં પરોક્ષ શાસન ચલાવતો હતો. આમ, અવધમાં એક પ્રકારનું દ્વિમુખી શાસન પ્રવર્તતું હતું. પરંતુ કંપનીને આ પરિસ્થિતિમાં રહેલા વિરોધાભાસનો ખ્યાલ ન હતો. તેથી તે તો અવધને પોતાના સામ્રાજ્યમાં જોડી દેવાનું અનેકવાર વિચારતી હતી, પરંતુ આ વિચાર એમ કહીને ફગાવી દેવાયો હતો કે કંપની અવધનું સીધું શાસન સ્વીકારવા તૈયાર ન હતી. પરંતુ 1856માં

અવધના નવાબ વાજીદઅલીશાહને દેશનિકાલ કરવામાં આવ્યો અને અવધને કંપનીના પ્રદેશમાં ભળવા દેવાયું. ત્યારે ભારતના સામ્રાજ્યવાદી ગવર્નર જનરલ લૉર્ડ ડેલહાઉસીએ પોતાના ઈંગ્લૅન્ડના માલિકોને લખેલું કે ''આપણી ગૌરવપૂર્ણ મહારાણી પાસે ગઈકાલ કરતાં આજે 13 લાખ રૂ.ની આવકનો અને 50 લાખની વસ્તીના પ્રદેશનો વધારો થયો છે.'' આમ, નિશાપુરી અવધ બ્રિટિશ રાજ્યમાં ભળતાં તે ''બ્રિટિશ ઔધ'' તરીકે ઓળખાયો. આમ, બુરહાનમુલ્કે (સાદતખાન) સ્થાપેલ શિયાપંથ સ્વતંત્ર રાજ્યનો અંત આવ્યો. અવધનું રાજ્ય જે મુઘલ અને બ્રિટિશ જેવાં બે સામ્રાજ્યોની વચ્ચે ભીંસાયેલું હતું, તેણે 19મી સદીના ઉત્તરાર્ધમાં પોતાનું અસ્તિત્વ ગુમાવી દીધું.

## 2.7 પ્રાદેશિક રાજ્યતંત્રનું સ્વરૂપ (Nature of The Regional Polity)

આ પ્રકરણના પાછલા ભાગોમાં આપણે બંગાળ અને અવધની ચર્ચા કરી ત્યારે આપણે પ્રાદેશિક રાજકીય શાસનોની રચના અને કાર્યોની ચર્ચા કરી હતી. અહીં આપણે પ્રાદેશિક રાજ્યતંત્રના સ્વરૂપનું તથા પ્રાદેશિક રાજકીય વ્યવસ્થામાં સમાવિષ્ટ થનારાં વિવિધ પરિબળોનું પરીક્ષણ કરવા પ્રયાસ કરીશું. બંગાળ અને અવધમાં એક સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો સ્પષ્ટ પ્રયાસ કરવામાં આવ્યો હતો, છતાં એ બંને રાજ્યો મુઘલ સાર્વભૌમત્વને સ્વીકારવાની ઔપચારિકતા જરૂર દાખવતાં હતા. અવધમાં છેક 1819માં જ્યારે ગાઝીઉદ્દીન હૈદર ગાદીએ બેઠો ત્યારે તેણે મુઘલોનાં સાર્વભૌમત્વને ફગાવી દીધું હતું. છતાં મુઘલ શાહી સત્તા સાથેના સંબંધો સંપૂર્ણપણે કાપી નાખવામાં આવ્યા ન હતા. ઉપરાંત મુઘલોના પ્રાંતિક શાસનના સ્વરૂપમાં ખાસ ફેરફાર થયો ન હતો. પરંતુ એક મહત્ત્વનું પરિવર્તન એ આવ્યું હતું કે પ્રાંતિક શાસકોની સત્તાનો વિકાસ થયો હતો અને કેન્દ્રીય સત્તાનું પ્રાંતિક શાસકો ઉપર કોઈ નિયંત્રણ રહ્યું ન હતું. 17મી સદીના પ્રાંતિક વહીવટની સરખામણીમાં આ પરિસ્થિતિ વિરોધાભાસી હતી.



**18મી સદીમાં એક શેઠ (A Seth in the 18th Century)**

18મી સદીમાં પ્રાંતોમાં જે સ્વતંત્ર સત્તાનો ઉદ્ભવ થયો તે જમીનદારો, વેપારીઓ વગેરે વિવિધ જૂથોના સહકારથી કામ કરતી હતી. વેપારીઓ અને નાણાં ધીરનારાઓ જે 18મી સદીમાં રાજકીય રીતે મહત્ત્વ ધરાવતાં થયા હતા તેમણે પ્રાદેશિક રાજકીય વ્યવસ્થાના ઉદ્ભવમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. 17મી સદી દરમિયાન આ લોકોએ જ મુઘલ કરપ્રણાલી તથા કૃષિપેદાશોનાં તથા કલાકારીગરીની વસ્તુઓના વેપારના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. છતાં શાહી રાજકારણમાં તેમની ભૂમિકા દૃશ્યમાન થતી ન હતી. પરંતુ 18મી સદીમાં કેન્દ્રીય સત્તા નિર્બળ થઈ અને મુઘલ સત્તાનો ખજાનો ખાલી થઈ ગયો ત્યારે આ વેપારી વર્ગે ઉદય પામી રહેલી પ્રાદેશિક રાજ્યવ્યવસ્થાને આર્થિક આધાર પૂરો પાડ્યો હતો. તેઓ શાસકો તથા ઉમરાવો માટે નાણાંની આપ-લે માટેના જામીન બન્યા. ઉપરાંત વહીવટતંત્રમાં વેપારી અને વાણિજ્યિક વર્ગની દરમિયાનગીરી વધુ હતી. સરકાર મોટી વેપારી પેઢીઓ પાસેથી મોટી રકમ ઉધાર લેતી હતી. બનારસમાં મહેસૂલી બાબતો ઉપર અગ્રવાલ શરાફોનું સંપૂર્ણ નિયંત્રણ હતું. આસફઉદ્દૌલા(1755-97)ના સમય સુધીમાં અવધનાં કરજનો ભારત એટલો બધો વધી

ગયો હતો કે એક પછી એક આવનારા બ્રિટિશ રેસિડેન્ટોને આ બાબતમાં તપાસ કરવાની ફરજ પડી હતી. બંગાળમાં જગતશેઠની પેઢીએ પ્રાંતની સત્તાના મુખ્ય કેન્દ્રમાં મહત્ત્વનું સ્થાન ધારણ કર્યું હતું. આમ, 18મી સદીમાં પ્રાદેશિક રાજ્યતંત્રની રાજકીય સત્તામાં વેપારીઓ અને શરાફોનો પણ ભાગ હતો. વેપારીઓની જેમ જમીનદારોની પણ પ્રાંતના રાજકારણમાં એક મહત્ત્વની ભૂમિકા હતી. શાહી સત્તા નબળી પડતાં જમીનદારોએ સ્થાનિક કક્ષાએ પોતાની સત્તા સુદૃઢ કરી હતી. મુઘલ શાસન જ્યારે પૂર્ણ કક્ષાએ ચાલતું હતું ત્યારે જે કરી શકાય તેમ ન હતું, તેવું પોતાના પ્રદેશનાં બજારો અને વેપાર ઉપર કર નાખવાનું કાર્ય હવે જમીનદારોએ શરૂ કર્યું હતું. ગામડાંઓમાં મહેસૂલ ઉઘરાવવાનું તથા કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય એ જમીનદારોની જવાબદારી બની ગઈ હતી. તેથી પ્રાંતિક રાજ્યતંત્રની સ્થિરતાનો આધાર જમીનદારોના સક્રિય સહયોગ ઉપર હતો. જમીનદારો વેપારીઓની સામે સામાન્ય રીતે મદદ કરતા. ઘણીવાર તો જમીનદારો નાણાં ધીરવાનું કામ પણ કરતા; તથા વેપારમાં પણ મૂડીરોકાણ કરતા. તેથી તેમના સમાન હિતે તેમને એકસાથે બાંધી રાખ્યા. પોતાની સત્તા ટકાવી રાખવા માટે તેમનો સહકાર શાસક માટે જરૂરી બન્યો હતો. આપણે એ જોયું છે કે અવધ અને બંગાળમાં શાસકોએ પોતાના રાજ્યનું નિયંત્રણ જાળવી રાખવા માટે કેવી રીતે જમીનદારો સાથે સારા સંબંધો વિકસાવ્યા હતા.

બંગાળ અને અવધના રાજ્યતંત્રમાં એક નોંધપાત્ર લક્ષણ એ જોવા મળે છે કે તેમાં મહેસૂલી તંત્રમાં મોટા પાયા ઉપર હિંદુઓની નિમણૂક કરવામાં આવી હતી. અવધમાં આત્મારામ અને રાજા રામનારાયણ અને બંગાળમાં રાય દુર્લભ અને અમીરચંદ જેવા હિંદુ અમલદારોને મહેસૂલી તંત્રની જવાબદારી સોંપવામાં આવી હતી, મહેસૂલી તંત્રમાં હિંદુઓની નિમણૂક માટેનું એક કારણ એવું પણ આપવામાં આવે છે કે તેમના દ્વારા નવાબની સત્તાને પડકાર ફેંકવાની શક્યતા નહિવત્ હતી, તે અંગેનું કારણ જે પણ હોય પરંતુ પ્રણાલિકાગત રીતે ઘણા હિંદુઓ મહેસૂલી તંત્રમાં અને કારકુન તરીકે નીમવામાં આવતા હતા.



**બ્રિટિશ અમલદારો અને એક ભારતીય જમીનદાર (British Officials and an Indian Landlord)**

18મી સદીના મધ્યથી બંગાળ અને અવધના રાજ્યતંત્રમાં બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની એક શક્તિશાળી પરિબળ તરીકે ઉદ્ભવ પામી રહી હતી. કંપનીની વધતી જતી આર્થિક સત્તા તથા લશ્કરી સત્તાના મળેલા ટેકા તેને પ્રાંતિક રાજકારણમાં મધ્યસ્થ બનાવી હતી. ઉપરાંત પ્રાંતોમાં પ્રવર્તતા મતભેદો અને ઈર્ષ્યાને કારણે પ્રાંતિક રાજ્યતંત્રમાં તેમની સ્થિતિ અને સત્તામાં વધારો થયો હતો, આવી સ્થિતિનો લાભ લઈને તેમણે પ્રાંતોમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે એક જૂથનો ઉપયોગ બીજા જૂથ સામે કર્યો હતો.

### તમારી પ્રગતિ ચકાસો - 4

1. શુજાઉદ્દૌલાનાં કાર્યોનું વર્ણન કરો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

2. મુર્તઝાખાને બ્રિટિશ કંપની સાથે કરેલી સંધિ વર્ણવો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

3. અવધની સ્વાયત્તતામાં પતન માટે જવાબદાર કારણો દર્શાવો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

4. પ્રાદેશિક રાજ્યતંત્રનું સ્વરૂપ ટૂંકમાં જણાવો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

5. નીચેનાં વિધાનોમાંથી સાચાં હોય તેની સામે (√) અને ખોટાં હોય તેની સામે (x)ની નિશાની કરો.
   1. અંગ્રેજો પ્રારંભમાં અવધને બફર રાજ્ય ગણતા હતા.
   2. ફૈઝાબાદ એ અવધની જૂની રાજધાનીનું સ્થળ હતું.
   3. શૌકતઅલી રોહિલખંડનો ગવર્નર હતો.
   4. ગવર્નર જનરલ વૉરેન હેસ્ટિંગ્ઝે અવધનું કરજ 5 લાખ રૂ. ઘટાડી દીધું હતું.
   5. મીર ગુલામ હસન લખનૌના દરબારનો કવિ હતો.
   6. 1856માં અવધની વસ્તી 15 લાખની હતી.

## 2.8 સારાંશ (Let us Sum up)

આ એકમમાં આપણે જોયું કે 18મી સદીના પૂર્વાર્ધમાં બંગાળ અને અવધમાં સ્વતંત્ર સ્વાયત્ત રાજ્યોનો ઉદ્‌ભવ થયો હતો. આ પ્રાદેશિક સ્વાયત્ત રાજ્યોનો ઉદ્‌ભવ એ કોઈ એકાએક વિકાસ પામેલી ઘટના ન હતી, પરંતુ તે તો પ્રાંતો ઉપર પોતાનું નિયંત્રણ સ્થાપી રાખવામાં નિષ્ફળ ગયેલ શાહી મુઘલ સત્તાની નિષ્ફળતાને પરિણામે આવેલી પરિવર્તનની એક પ્રક્રિયા હતી. બંગાળ પોતાનું સ્વાયત્ત સ્વરૂપ માત્ર ત્રણ દશકા સુધી (1757 સુધી) જાળવી શક્યું, જ્યારે અવધ તો છેક 1801માં એક સ્વતંત્ર રાજ્ય તરીકે

કામ કરતું બંધ થયું. ખૂબ જ શક્તિશાળી લશ્કર અને રાજ્યનાં સાધનો ઉપર નિયંત્રણ ધરાવનાર બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની જ પછીથી બંગાળ અને બિહારની માલિક બની હતી, બંગાળમાં બ્રિટિશ દરમિયાનગીરી અર્ધી સદી વહેલી આવી હતી. તેણે ખૂબ નિર્દયી રીતે એક જ ઝાટકે તેની પહેલાંની વ્યવસ્થાને દૂર કરી. અવધમાં રાજકીય વ્યવસ્થાને નબળી પાડવાની તથા તેના ઉપર નિયંત્રણ સ્થાપવાની પ્રક્રિયા દીર્ઘકાલીન બની હતી. પરંતુ તેનું પરિણામ પણ બંગાળ જેવું જ શરમજનક હતું. તેની વિગતોના ચર્ચા આપણે વિભાગ-3માં કરીશું.

## 2.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. જવાબ માટે જુઓ વિભાગ 2.2
2. જવાબ માટે જુઓ વિભાગ 2.3
3. જવાબ માટે જુઓ પેટા વિભાગ 2.3.3

### તમારી પ્રગતિ ચકાસો - 2

1. જવાબ માટે જુઓ પેટા વિભાગ 2.4.1
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 2.4.2
3. (1) × (3) × (5) √
   (2) √ (4) √

### તમારી પ્રગતિ ચકાસો - 3

1. જવાબ માટે જુઓ પેટા વિભાગ 2.5.1
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 2.5.2
3. જવાબ માટે જુઓ પેટા વિભાગ 2.5.3

### તમારી પ્રગતિ ચકાસો - 4

1. જવાબ માટે જુઓ પેટા વિભાગ 2.6.1
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 2.6.2
3. જવાબ માટે જુઓ પેટા વિભાગ 2.6.3
4. જવાબ માટે જુઓ વિભાગ 2.7
5. (1) √ (4) √
   (2) √ (5) √
   (3) × (6) ×

## 2.10 ચાવીરૂપ શબ્દો (Key-words)

**સ્વાયત્ત રાજ્ય :** એવું રાજ્ય જે બીજાં કોઈ રાજ્ય કે સત્તા દ્વારા નિયંત્રિત રહેવાને બદલે પોતે જ પોતાનું શાસન ચલાવે છે.

**ખાલસા ભૂમિ :** સમ્રાટના પ્રત્યક્ષ કબજા હેઠળની જમીન

**મદદ-એ-માશ :** ધાર્મિક કે દાનધર્માદા પેટે અપાયેલ મહેસૂલમુક્ત જમીન

**નિઝામત :** ગવર્નરનો હોદ્દો

**પેશકશ :** મુઘલ શાહી સત્તાને આશ્રિત પ્રાંતિક સરદારો દ્વારા અપાતી ખંડણી

**સૂબા :** પ્રાંત. મુઘલ સમ્રાટે રાજ્ય વહીવટની સરળતા માટે આખા દેશને અનેક પ્રાંતોમાં વહેંચ્યો હતો.

**વિઝારત :** વઝીરનો હોદ્દો

# એકમ-3 મરાઠાઓની રાજ્યવ્યવસ્થા (The Maratha State System)

## રૂપરેખા


3.1 ઉદ્દેશો અને પ્રસ્તાવના
3.2 મરાઠા રાજ્યતંત્રના સ્વરૂપ અંગે ઇતિહાસકારોનાં મંતવ્યો
3.3 મરાઠા રાજ્યસંઘ
3.3.1 રાજા અને પેશવા
3.3.2 નાગપુરના ભોંસલે
3.3.3 વડોદરાના ગાયકવાડ
3.3.4 ઇંદોરના હોલકર
3.3.5 ગ્વાલિયરના સિંધિયા
3.4 સંસ્થાકીય વિકાસ
3.4.1 વહીવટી માળખું
3.4.2 લાંબા ગાળાનાં વલણો
3.5 સમાજ અને અર્થતંત્ર
3.5.1 કૃષિ-સમાજ
3.5.2 નાણાતંત્ર
3.6 મરાઠાના સંબંધો
3.6.1 બંગાળ સાથે
3.6.2 હૈદ્રાબાદ સાથે
3.6.3 મૈસુર સાથે
3.6.4 રાજસ્થાન સાથે
3.6.5 મુઘલો સાથે
3.6.6 ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે
3.7 સારાંશ
3.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
3.9 ચાવીરૂપ શબ્દો


## 3.1 ઉદ્દેશ અને પ્રસ્તાવના (Objective and Introduction)

આ વિભાગમાં 18મી સદીના મધ્ય ભાગમાંના ભારતના રાજ્યતંત્રનો સંપૂર્ણ ખ્યાલ નવેસરથી મેળવવાનો હેતુ છે. આ વિભાગ આ એકમ નં. 3માં તમને નીચેની બાબતોથી પરિચિત કરાવવામાં આવશે.

- મરાઠા રાજકીય પદ્ધતિનાં સ્વરૂપ અંગેના કેટલાક દૃષ્ટિકોણ.
- મરાઠા રાજ્યસંઘ અને 18મી સદીનું તેનું પ્રાદેશિક વિસ્તરણ.
- મરાઠાઓએ વિકસાવેલ રાજકીય અને વહીવટી માળખું - જેની વિગતો તપાસવાથી મરાઠાઓ એ લૂંટારા કે ધાડપાડુ હતા એ પ્રણાલિકાગત મંતવ્યને સુધારી શકાશે.
- આપણા અભ્યાસકાળ દરમિયાન આ પ્રદેશમાં સમાજ અને અર્થતંત્ર.
- મરાઠાઓના મુઘલ સામ્રાજ્ય, અન્ય પ્રાદેશિક સત્તાઓ તથા બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથેના સંબંધોની રૂપરેખા.

દખ્ખણના પશ્ચિમ ભાગમાં સત્તરમી સદીમાં નાનકડા એવા મરાઠા રાજ્યનો ઉદ્ભવ થયો હતો. તે ધીમેધીમે વિકાસ પામીને એક વિશાળ મરાઠા સ્વરાજ્ય (સાર્વભૌમ રાજ્ય)માં પરિવર્તન પામ્યું હતું, જે 18મી સદીમાં ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાં વિસ્તર્યું હતું.

દખ્ખણમાંથી મુઘલોએ પીછેહઠ કર્યા પછી મરાઠાઓએ પોતાનો રાજ્યવિસ્તાર કર્યો હતો અને મરાઠા સરદારોએ લશ્કરી નેતાઓનો એક રાજ્યસંઘ કે શિથિલ સંગઠન ઊભું કર્યું હતું. આ સરદારો વિધિસર રીતે તો જમીન-મહેસૂલ ઉઘરાવવાના કામચલાઉ હક ધરાવતા હતા પરંતુ તેમણે પોતાની સત્તા સ્થાપ્યા પછી તો તેઓ આ હકો વારસાગત ચાલુ રાખવાનું વલણ ધરાવતા હતા. દખ્ખણના પશ્ચિમી પ્રદેશમાં વિજયો કરીને મરાઠાઓએ જે નવા અને શક્તિશાળી રાજ્યતંત્રની સ્થાપના કરી હતી, તેનો અભ્યાસ એ આ એકમમાં કેન્દ્રસ્થાને છે.

ઉપરાંત, આ પ્રદેશના સમાજ અને અર્થતંત્રમાં આવેલાં પરિવર્તનનો પણ રાજ્યનિર્માણની પ્રક્રિયાના તથા વેપારના પરિબળની અસરના પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કરવામાં આવ્યો છે. ઉપરાંત, આ પરિસ્થિતિએ એવું વાતાવરણ ઊભું કર્યું હતું જેને કારણે 19મી સદીનાં પ્રારંભિક વર્ષો સુધી મરાઠાઓ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સત્તા માટે પડકારરૂપ બન્યા હતા.

## 3.2 મરાઠા રાજ્યતંત્રના સ્વરૂપ અંગે ઇતિહાસકારોનાં મંતવ્યો (Historians on Nature of Maratha Polity)

સામ્રાજ્યવાદી ઇતિહાસકારોએ 18મી સદીના મરાઠાઓની સત્તાને સામાન્ય રીતે અરાજકતાપૂર્ણ અને અસ્તવ્યસ્ત ગણાવી છે, તો બીજી બાજી રાષ્ટ્રીય ઇતિહાસલેખન વિદ્યાનો વિકાસ કરવાના પ્રયત્નરૂપે કેટલાક મરાઠા વિદ્વાનોએ મરાઠા રાજ્યને હિંદુ સામ્રાજ્યના અંતિમ પુનઃઅવતાર તરીકે ગણાવ્યું છે. ઇરફાન હબીબ નામના ઇતિહાસકાર એમ માને છે કે મરાઠા રાજ્યના વિકાસ માટેનું આંદોલન એ તો મુઘલ સામ્રાજ્યના શાહી શાસક વર્ગનાં ભાગરૂપ એવા મનસબદારો અને જાગીરદારોનો બળવો હતો. તે મરાઠા રાજ્યના જમીનદારી સંદર્ભ ઉપર વધુ ભાર મૂકે છે.

ઇતિહાસકાર સતીશચંદ્રના મતાનુસાર મરાઠાઓની પ્રાદેશિક સ્વતંત્રતાનાં મૂળ મુઘલ જાગીરદારી પ્રથાની કટોકટીમાં રહેલાં છે. આ જાગીરદારી પ્રથા આવક અને ઉપભોગ વચ્ચે સંતુલન સ્થાપવામાં નિષ્ફળ ગઈ હતી. ઇતિહાસકાર સી. એ. બેયલી ત્રણ લડાયક રાજ્યો એવાં મરાઠાઓ, શીખો અને જાટોના ઉદ્ભવની નોંધ કરે છે. તે એવી દલીલ કરે છે કે આ રાજ્યો એ તો ભારતીય મુસ્લિમ ઉમરાવશાહી વિરુદ્ધ ખેડૂતોનો બળવો હતો. બ્રાહ્મણ વહીવટકર્તાઓનું મરાઠા રાજ્યમાં વર્ચસ્વ વધી રહ્યું હતું. તેમણે મરાઠા રાજ્યને એક પ્રશિષ્ટ પ્રકારનું ''બ્રાહ્મણ'' રાજ્ય ગણાવ્યું હતું, જે પવિત્ર સ્થળો અને પવિત્ર પશુઓનું રક્ષણ કરતું હતું.

આંદ્રે વિન્કના મતાનુસાર ફિટના (ઉપદ્રવ, વિદ્રોહ) એ મરાઠા રાજ્યવ્યવસ્થાનાં સામાજિક અને રાજકીય જીવનમાં કેન્દ્રસ્થાને હતાં. એનો અર્થ એવો થાય કે તેઓ પ્રવર્તમાન રાજકીય સંઘર્ષનો ઉપયોગ લશ્કરી આક્રમણો કરવા માટે નહિ પરંતુ સમાધાન અને દબાણની મિશ્ર નીતિ માટે કરતા હતા. તેથી ફિટનાને એક એવી રાજકીય પદ્ધતિ ગણવામાં આવતી હતી, જેનો ઉપયોગ મરાઠા સત્તાના વિસ્તરણ, સુદઢીકરણ અને પછીના સંસ્થાકરણમાં કરવામાં આવતો હતો. સમાજના સામાન્યજનોની માન્યતા તથા સહકાર મેળવવા માટે પણ ફિટનાનો ઉપયોગ રાજકીય ગણિત તરીકે થતો હતો. ઉપરાંત વિજયો માટે તેમજ કૃષિક્ષેત્રે સફળતા માટે આ જરૂરી હતું. ફિટના મારફત જ મરાઠાઓએ 17મી સદીના અંતિમ તબક્કામાં મુઘલોની વિરુદ્ધ દખ્ખણનાં રાજ્યોના વિવિધ સુલતાનો સાથે જોડાણ કરીને વિસ્તાર પામી રહેલા મુઘલ સામ્રાજ્યમાં ઘુસણખોરી કરી હતી. તેથી આંદ્રે વિંક એવી દલીલ કરે છેકે મરાઠાનું સાર્વભૌમત્વ એ મુઘલ સામ્રાજ્યની સામેના વિદ્રોહ તરીકે નહીં પરંતુ મુઘલ સામ્રાજ્યના વિસ્તરણના પરિણામરૂપે ઉદ્ભવ પામ્યું હતું. મરાઠા સ્વરાજ્યનું સ્વરૂપ જમીનદારી પ્રકારનું હતું અને મરાઠાઓએ કદી જમીનદારોનો હોદ્દો છોડ્યો ન હતો.

ફ્રેંક પર્લિન નામના વિદ્વાન એ રાજ્યના ખ્યાલ તથા રાજ્યની રચનાનો અંત-રાજકીય, ઉપખંડીય તથા આંતરરાષ્ટ્રીય માળખામાં અભ્યાસ કરવા માગે છે. તેનું કારણ એ છે કે (અ) રાજ્યનો વિકાસ દીર્ઘકાલીન હતો અને તે 15મીથી 19મી સદી સુધીના વિવિધ શાસનકાળને આવરી લે છે અને (બ) ઉપરાંત ઔદ્યોગિકીકરણ પૂર્વેના યુરોપ તથા ભારતમાં થયેલા પરિવર્તનની પ્રક્રિયાનો તુલનાત્મક અભ્યાસ કરવાની પણ જરૂર છે.

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. મરાઠા રાજ્યના સ્વરૂપ અંગે ભારતનાં ઇતિહાસકારોનાં વિવિધ મંતવ્ય દર્શાવો.

   ...................................................................................................

   ...................................................................................................

   ...................................................................................................

   ...................................................................................................

   ...................................................................................................

2. આંદ્રે વિંકના ફિટના-સિદ્ધાંતની સમજૂતી આપો.

   ...................................................................................................

   ...................................................................................................

   ...................................................................................................

   ...................................................................................................

   ...................................................................................................

## 3.3 મરાઠા રાજ્યસંઘ (The Maratha Confederacy)

18મી સદીના બીજા દસકા પછી પેશવા બાજીરાવ-1લાના નેતૃત્વ હેઠળ મરાઠાઓ દખ્ખણ અને મધ્ય ભારતમાં મુઘલોની સામે સંઘર્ષ કરી રહ્યા હતા. છતાં 1780માં પણ મુઘલ સમ્રાટનું ભારતના રાજાઓ

...ના સરદારોના પ્રદેશ સ્થાન માન્ય રાખવાનુ ચાલુ રહ્યુ હતુ અને મુઘલો તથા મરાઠાઓ વચ્ચેની સંધિઓ પણ માન્ય રખાતી હતી. ગુજરાત, માળવા અને બરારમાં મરાઠા સાર્વભૌમત્વની સ્થાપનાની પૂર્વભૂમિકા ચોથે પૂરી પાડી હતી. પરંતુ આ ચોથને મુઘલ સમ્રાટ દ્વારા માન્યતા અપાતી અથવા માન્યતા આપવાનો દેખાવ કરવામાં આવતો હતો.

### 3.3.1 રાજા અને પેશવાઓ (The King and The Peshwas)

1719માં પેશવા બાલાજી વિશ્વનાથ દિલ્હીથી ચોથ અને સરદેશમુખીનાં ફરમાનો મેળવીને મરાઠા રાજધાનીમાં પાછા ફર્યા હતા. આ ફરમાનો અનુસાર મરાઠા રાજવી સંપૂર્ણ દખ્ખણ (ઔરંગાબાદ, બરાર, બિદર, બીજાપુર) હૈદ્રાબાદ અને ખાનદેશ, તથા કર્ણાટકના સરદેશમુખ બન્યા. આ વર્ષે જ પેશવા બાલાજી વિશ્વનાથે ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાની કામગીરીનું મરાઠા રાજવી શાહુ અને તેના સરદારો વચ્ચે વિભાજન કર્યું હતું. ઉઘરાવાયેલી આ રકમમાંથી રાજાને એક નક્કી કરેલો ભાગ (સરદેશમુખી + ચોથનો 34%ભાગ) આપવાનો રહેતો. પરિણામ એ આવ્યું કે રાજા પોતાની નાણાકીય આવક માટે મોટે ભાગે પોતાના સરદારો ઉપર આધારિત બની ગયો. મૂળભૂત રીતે પેશવાનું પદ એ માત્ર મુખ્ય પ્રધાન કે વડાપ્રધાનનું હતું અને તેનો હોદ્દો એ વંશપરંપરાગત ન હતો. પરંતુ 1720માં જ્યારે પેશવા બાલાજી વિશ્વનાથનો પુત્ર બાજીરાવ-1લો પેશવા બન્યો ત્યારે આ પદ વારસાગત બન્યું. તેથી 1740માં પેશવા બાજીરાવ-1લાના મૃત્યુ પછી તેનો પુત્ર બાલાજી બાજીરાવ (નાનાસાહેબ) પેશવા બન્યો હતો. 1749માં શાહુનું મૃત્યુ થયું ત્યાં સુધી પેશવા એ સાતારાના રાજાના નિયંત્રણ હેઠળ હતો. પરંતુ ત્યાર પછીથી તો પેશવાએ રાજાને સાર્વભૌમ સત્તામાંથી મુક્ત કરીને તેને નામમાત્રનો રાજા બનાવી દીધો હતો અને મરાઠા રાજ્યની સાચી સત્તા પોતાના હાથમાં લઈ લીધી હતી.



**પોતાના પ્રધાનો સાથે પેશવા (A Maratha Peshwa with his ministers)**

મરાઠા સત્તાના વિકાસના પ્રારંભકાળથી જ મરાઠા રાજ્યના વિસ્તારનું કાર્ય મોટે ભાગે પેશવા અને તેના સરદારોનું હતું. 1740 સુધીમાં મરાઠાઓએ માળવા, ગુજરાત, બુંદેલખંડ જીતી લીધા હતા અને ઉત્તરમાં છેક અટક સુધી અને રાજસ્થાન દોઆબ, અવધ, બિહાર અને ઓરિસા સુધી ઘુસણખોરી કરી હતી. તેથી જ મરાઠાઓનું રાજ્ય ઉત્તરમાં અટકથી પૂર્વમાં ઓરિસામાં કટક સુધી વિસ્તરેલું ગણવામાં આવતું હતું, આંદ્રે વિંકના મતાનુસાર મરાઠાઓના આ બધા વિજયો ફિટના (નિમંત્રણ મળતા કરેલા વિજયો) તરીકે શરૂ થયા હતા.

### 3.3.2 નાગપુરના ભોંસલે (Bhosle of Nagpur)

પેશવા કરતાં સ્વતંત્ર રીતે ઈશાન ભાગમાં પ્રથમ ચોથ લેનાર પરસોજી ભોંસલે હતો. તે બીજાને માટે પ્રાર્થના કરીને ગુજરાન ચલાવનાર પુના જિલ્લાના ગામડાના એક કુટુંબનો વંશજ હતો. શાહુ 1707માં દિલ્હીના મુઘલ દરબારમાંથી છૂટીને પાછો ફર્યો ત્યારે તેની સાથે શરૂઆતમાં જે મરાઠા સરદારો જોડાયેલા તેમાંનો તે એક હતો શાહુએ તેના બહારના વિજયો ને માન્ય રાખ્યા હતા. પેશવા બાલાજી વિશ્વનાથે

પણ બરાર, ગોંડવાના અને કટકમાં તેનો એકમાત્ર અધિકાર હોવાનું માન્ય રાખ્યું હતું. 1743માં મરાઠા રાજવી શાહુએ રઘુજી ભોંસલેને બિહાર, ઓરિસા, બરાર અને અવધમાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાના હકો આપ્યા હતા. 1755માં રઘુજી ભોંસલેનું અવસાન થતાં પેશવાએ ભોંસલેના અધિકારો ઉપર કાપ મૂકવા નિર્ણય કર્યો હતો. તેના આ નિર્ણયના પરિણામે તેણે ભોંસલેના આ સરંજામને ત્રણ ભાગમાં વહેંચી દીધો હતો અને એ રીતે તેમની સત્તા ઉપર કાપ મૂકી તેમની સ્થિતિ નબળી પાડી દીધી હતી.

## 3.3.3 વડોદરાના ગાયકવાડ (Gaikwad of Baroda)

18મી સદીના પ્રારંભે મુઘલોના ગુજરાત પ્રાંતમાં હુમલા કરનાર મરાઠા સરદારોમાંથી મુખ્ય હતા- બાંડે, પવાર અને દાભાડે. ગાયકવાડે દાભાડેના સેનાપતિઓ તરીકે કામગીરીનો પ્રારંભ કર્યો હતો. 1730માં ગાયકવાડ શ્રેષ્ઠતાને પામ્યો. 1727માં ગુજરાતના મુઘલ સૂબેદારે, લૂંટારા અને ધાડપાડુઓને યોગ્ય શિક્ષા કરવા બદલ મરાઠા રાજવી શાહુને ગુજરાતની મહેસૂલી આવકના 10 ટકા સરદેશમુખી તરીકે અને દક્ષિણ ગુજરાત પ્રદેશની ચોથ સરંજામ તરીકે આપી હતી. શાહુના મૃત્યુ પછી 1749માં પેશવાએ ગુજરાતની ચોથ અને સરદેશમુખી પોતાની અને દાભાડેની વચ્ચે વહેંચી લીધી હતી. 1751માં ગાયકવાડે દાભાડેની જગ્યાએ પોતાનો પ્રભાવ વધાર્યો અને 1752માં વડોદરાને પોતાની રાજધાની બનાવી. નાગપુરના ભોંસલેની જેમ વડોદરાના ગાયકવાડ પણ પ્રારંભે તો માત્ર સરંજામદારનો હોદ્દો ધરાવતા હતા. તેઓ રાજાઓ ન હતા.

## 3.3.4 ઈંદોરના હોલ્કર (Holkars of Indore)

મુઘલ શાસનતંત્ર હેઠળનો માળવાનો પ્રાંત એ ઉત્તરભારત અને દખ્ખણના પ્રદેશની વચ્ચેનો રાજકીય અને વેપારી દૃષ્ટિએ વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતો પ્રદેશ હતો. છેક 1699થી મરાઠાઓએ ત્યાં આક્રમણો કર્યાં હતાં. સૌપ્રથમ 1716માં મરાઠા થાણાં નર્મદા નદીનાં કાંઠે સ્થાપવામાં આવ્યાં હતાં. ત્યાર પછી તુરત તેમણે ત્યાં ચોથ ઉઘરાવવાનો પોતાનો દાવો રજૂ કર્યો હતો. 1738માં દરોહા સરાઈના વિજય પછી પેશવાને 1741માં માળવાનો નાયબ ગવર્નર નીમવામાં આવ્યો હતો. તે દરમિયાન 1730માં પેશવાએ ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાની કામગીરી પોતાની તથા સિંધિયા, હોલકર અને પવારની વચ્ચે વહેંચી દીધી હતી. માળવાનો પૂર્વ તરફનો અડધો ભાગ પેશવા દ્વારા શાસિત હતો, જ્યારે માનવાના પશ્ચિમ તરફના અડધા ભાગમાં હોલકર, સિંધિયા અને પવારના વારસાગત સરંજામ આવેલા હતા. સિંધિયા અને ગાયકવાડની જેમ હોલકરો પણ ગામડાંના વતનદારો હતા. 1733માં તેમને ઈંદોરનો જિલ્લો જાગીરમાં અપાયો હતો. ત્યાં જ પછી તેમણે પોતાનું રાજ્ય (દૌલત) સ્થાપ્યું હતું. છતાં કાયદેસર રીતે તો ઈંદોરનો પ્રદેશ એ તેમનો સરંજામ રહ્યો હતો. હોલકર પોતાની સત્તાના સર્વોચ્ચ શિખરે હતા ત્યારે પણ તેઓ પેશવાને વફાદાર રહ્યા હતા. 1788 થી 1793ના પાંચ વર્ષો દરમિયાન હોલકર અને સિંધિયા વચ્ચે સતત સંઘર્ષો થયા હતા. તેમાં રાજ્યવિસ્તારની દૃષ્ટિએ હોલકર પાછળ રહી ગયા હતા.

## 3.3.5 ગ્વાલિયરના સિંધિયા (Sindhias of Gwalior)

18મી સદીના ઉત્તરાર્ધમાં છેલ્લા ત્રણ દાયકાઓ સુધી ગ્વાલિયર ઉપર સિંધિયાનો કબજો ન હતો. સિંધિયા કુટુંબ માળવા પ્રદેશમાં પ્રસિદ્ધિમાં આવ્યું હતું અને તેમનું વડું મથક ઉજ્જૈન હતું. સિંધિયા પોતે પણ પેશવા હેઠળ વારસાગત સરંજામદાર હતા. 1761માં પાણિપતના યુદ્ધમાં પોતાના પિતાના લશ્કરનો નાશ થઈ જતાં મહાદજી સિંધિયા પાણિપતથી નાસી છૂટ્યો હતો. પછીથી તેણે માળવામાં પોતાના કુટુંબની સત્તાની પુનઃસ્થાપના કરી હતી. મલ્હારરાવ હોલકરના મૃત્યુ પછી તે હિંદુસ્તાનનો વાસ્તવિક સાર્વભૌમ શાસક બન્યો હતો. (જુઓ 3.6.4 અને 3.6.5)

## તમારી પ્રગતિ ચકાસો - 2

1. મરાઠા રાજા અને પેશવાઓના સંબંધો દર્શાવો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

2. ભોંસલે, ગાયકવાડ, હોલકર અને સિંધિયાએ કરેલા રાજ્યવિસ્તારની રૂપરેખા આપો.


.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................




1770માં ભારત (India in 1770)

3. નીચેનાં વિધાનોમાંથી જે સાચાં હોય તેની સામે (√)ની અને ખોટાં હોય તેની સામે (×)ની નિશાની કરો.
   1. પેશવા બાજીરાવ-1લો દિલ્હીથી ચોથ અને સરદેશમુખીનાં ફરમાન 1719માં લાવ્યો હતો.
   2. નાનાસાહેબ પેશવા બાલાજી વિશ્વનાથનો પૌત્ર હતો.
   3. શાહુ દિલ્હીથી પાછો ફર્યા બાદ તેની સાથે સૌપ્રથમ 1707માં જોડાનાર મરાઠા સરદારોમાંથી રઘુજી ભોંસલે પણ એક હતા.
   4. મરાઠાઓની સત્તા અટકથી કટક સુધી વિસ્તરેલી હતી.
   5. ગાયકવાડો પ્રથમ બાંડેના સેનાપતિઓ હતા.
   6. ગાયકવાડે 1752માં પોતાની રાજધાની ઇંદોરમાં સ્થાપી હતી.
   7. સિંધિયાનું વડું મથક પ્રથમ ઉજ્જૈનમાં હતું.
   8. મહાદજી સિંધિયા પાણિપતના ત્રીજા યુદ્ધમાં મૃત્યુ પામ્યો હતો.



**એક સિંધિયા સરદાર (A Sindhia Chief)**

## 3.4 સંસ્થાકીય વિકાસ (Institutional Development)

મુઘલોએ મહારાષ્ટ્રના હાર્દપ્રદેશનું કદી બરાબર નિયંત્રણ કર્યું ન હતું. 18મી સદીમાં તેની વહીવટી અને મિલકત સંબંધી વ્યવસ્થા વિકાસ પામી હતી.

### 3.4.1 વહીવટી માળખું (The Administrative Structure)

મરાઠા સત્તા હેઠળના પ્રદેશને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય (1) નિયંત્રણ સિવાયના પ્રદેશો (2) નિયંત્રણવાળા પ્રદેશો. પ્રથમ પ્રકારમાં એટલે કે નિયંત્રણ સિવાયના પ્રદેશોમાં જમીનદારો, સ્વાયત્ત અને અર્ધ-સ્વાયત્ત સરદારોને આંતરિક વહીવટમાં સ્વાયત્તતા આપવામાં આવેલી હતી. આ પ્રદેશોમાંથી રાજાની ખંડણી માટેની માગણી એ નિયંત્રણવાળા પ્રદેશોની ભૂમિ-મહેસૂલની માગણી કરતાં વિરોધાભાસી હતી. આ માગણી એ મરાઠા સરદારની સમૃદ્ધિ ઉપર આધારિત ન હતી. તે તો રાજાને સામનો કરવાની તેની શક્તિ ઉપર આધારિત હતી. એટલે કે નિર્બળ સરદારોએ શક્તિશાળી સરદારો કરતાં વધુ ખંડણી આપવી પડતી હતી.

નિયંત્રણવાળા પ્રદેશોમાં મરાઠા સત્તાનો પ્રત્યક્ષ વહીવટ ચાલતો હતો. તે પ્રદેશોમાં મહેસૂલનાં મૂલ્યાંકન, વ્યવસ્થા તથા તેના હિસાબો રાખવાની વિશિષ્ટ પદ્ધતિ હતી. આવા પ્રદેશોને વતનદારો (જુઓ મહત્ત્વના શબ્દો) વચ્ચે વહેંચી દેવામાં આવતા. 10 થી 200 ગામોનું બનેલો એક એકમ દેશમુખ-દેશપાંડેના સંયુક્ત વહીવટ હેઠળ મૂકવામાં આવતો. આ વતનદાર પદ્ધતિમાં સત્તા એ કોઈ એક કબજેદાર વ્યક્તિને મળતી ન હતી. પરંતુ કુટુંબના પિતરાઈ સંબંધીઓ વચ્ચે તે વહેંચાયેલી હતી. વતનદારો એ ભૂમિ-પેદાશના

સહ-ભાગીદારો હતા. તેમને આ ઊપજનો ભાગ પગાર તરીકે મેળવવાનો હક હતો. ઉપરાંત સરકારના ભૂમિ-મહેસૂલથી મુક્ત એવી જમીનમાં પણ પ્રણાલિકા પ્રમાણેનો હિસ્સો મેળવવાનો હક હતો. વતનના ભાગની વહેંચણીનો અર્થ હતો - તેમાંથી થતી આવકની વહેંચણી, નહીં કે વતનની ભૂમિની વહેંચણી. જોકે કોઈ પણ વારસાગત મિલકત વહેંચવાનો હક સિદ્ધાંતમાં માન્ય રાખવામાં આવ્યો હતો. કૃષિવિષયક કે નાણાકીય કે વહીવટી કટોકટીના સમયમાં નિયંત્રણો હળવાં કરવામાં આવતાં અને જમીનદારો મહેસૂલ ઉઘરાવવાના ઇજારાની પદ્ધતિ હેઠળ કામચલાઉ સત્તા મેળવતા હતાં.

ગણોતિયાના પણ બે પ્રકાર હતા : (અ) નિવાસી ખેડૂતો, જે વારસાગત કબજાહક ધરાવતા હતા. (મિરાસદારો) અને (બ) કામચલાઉ ખેતી કરનારા (ઉપરીઓ). દક્ષિણ મહારાષ્ટ્ર અને ગુજરાતની ગણોતિયા પ્રથા ખૂબ જ ગૂંચવડભરેલી હતી.

18મી સદીમાં રાજ્યના સીધા નિયંત્રણ હેઠળવાળા પ્રદેશોમાં પુરોગામી સમયના આકારણીના દરો જાળવી રાખવામાં આવ્યા હતા. પેશવાના શાસન દરમિયાન દરેક ગામડાં માટે એક કાયમી આકારણી હતી. તે તનખા કહેવાતી. તનખા એ મહેસૂલી નિર્ણયોની આધારશીલ હતી. 1750 અને 1760ના સમયગાળા દરમિયાન કમાલ (પૂર્ણ) વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વ્યવસ્થા હેઠળ ખેતી હેઠળ આવેલા નવા પ્રદેશોને ધ્યાનમાં લઈને તનખા વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી હતી. આ પદ્ધતિ એ જમીનની માપણી અને તેના ગુણોનાં વર્ગીકરણ ઉપર આધારિત હતી. રાજાનો ભાગ ઊપજનો છઠ્ઠા ભાગ જેટલો થતો હતો. એકવખત ગામની આકારણી (તનખા અથવા કમાલ) થઈ ગયા પછી તેની આંતરિક વહેંચણી કરવાનું કાર્ય દાતિલ (ગામના મુખી)ની અથવા ગામની ઇચ્છાનુસાર કરવામાં આવતી. નિયમિત જમીન-મહેસૂલ ઉપરાંત સરકાર ગ્રામ્ય ખર્ચના શીર્ષક હેઠળ બીજા અનેક પ્રકારના કર નાખતી હતી. ગામડાંના અને જિલ્લાના અધિકારીઓ તેની અસ્પષ્ટ નોંધ રાખતા હતા. મહેસૂલ ઉઘરાવનારાઓ કામવિસદારો અથવા મામલતદારો કહેવાતા હતા.

18મી સદીમાં દખ્ખણ, દક્ષિણ મરાઠા પ્રદેશ, ગુજરાત, મધ્યભારત અને નાગપુરમાં ગામની આકારણી દર વર્ષે કરવામાં આવતી હતી. 1790 અને 1810માં પેશવાને લશ્કરનો પગાર ચૂકવવા તથા બ્રિટિશ કંપનીને આપવાની રકમ માટે વધારે નાણાંની જરૂરિયાત પડી ત્યારે તેણે મહેસૂલના ઇજારાનું વિસ્તરણ કર્યું હતું અને રાજ્યની મહેસૂલી માગણીમાં વધારો કર્યો હતો. મહારાષ્ટ્રમાં મહેસૂલના 25 ટકાથી વધુ રોકડમાં અપાતી નહિ. મોટે ભાગે તે ગામડાંઓમાંથી જિલ્લા મારફત ઉઘરાવીને પૂના મોકલવામાં આવતી હતી.

ઉત્તરનાં સરંજામી રાજ્યો (હોલકર, સિંધિયા, ગ્વાલિયર અને ભોંસલેના પ્રદેશો)માં વહીવટી વ્યવસ્થા સિદ્ધાંતમાં પેશવાના તંત્રની નકલ સમાન હતી. તેમાં એક જ તફાવત હતો કે તેમના તંત્રમાં પૂનાથી તેમના વહીવટતંત્ર ઉપર દેખરેખ રાખવા માટે દીવાનો અને નિરીક્ષકો નીમવામાં આવતા હતા. દખ્ખણ તથા ઉત્તરમાં અમલદારશાહીમાં પણ વિવિધ વર્ગના બ્રાહ્મણોનું પ્રભુત્વ હતું.

### 3.4.2 લાંબા ગાળાનાં વલણો (Long Term Trends)

14મી અને 15મી સદીથી સંપૂર્ણ ઉત્તર અને પશ્ચિમ, દખ્ખણ, મધ્યપ્રાંતો, ગુજરાત અને રાજસ્થાનમાં કેટલાંક કુટુંબો અનેક હોદ્દાઓ અને હકો મેળવીને શક્તિશાળી સ્થાન મેળવનાર તરીકે આગળ આવ્યાં હતાં. તેમણે પોતાના ભાવિ માટે અસર કરનાર અને રાજ્યનિર્માણ માટે જરૂરી માળખાંની રચના કરી હતી. આ માળખું 17મી સદીમાં મોટાં સત્તા ધરાવતાં કુટુંબો (જેમકે ભોંસલે) દ્વારા સ્વીકારવામાં આવેલાં વહીવટી સ્વરૂપોમાં જોવા મળે છે. આ કુટુંબો મહેસૂલી અને લશ્કરી હોદ્દાઓ ધરાવતા હતા ત્યારે તેમણે કેટલાંક પગલાં લીધાં હતાં. ઉપરાંત તેમની ખરીદી અને વેપારી આપ-લેમાં પણ વહીવટી સ્વરૂપના નોંધપાત્ર પ્રયોગો જોવા મળે છે, જેમકે ભૂમિનું સર્વેક્ષણ, રોકડમાં મહેસૂલ, હિસાબ રાખવાની પદ્ધતિ તથા હિસાબો તથા દસ્તાવેજોની જાળવણી.

રાજ્યનાં કેન્દ્રીયકરણનાં પરિબળો અને સ્થાનિક ખેડૂતોની સમાન પ્રણાલિકા વચ્ચે પણ ખેંચતાણ ચાલતી હતી. રાજ્યની માગણીથી પોતાને સુરક્ષિત રાખવા અનેકવાર વતનદાર સભાઓ (કોટા) બોલાવવામાં આવતી હતી. આ સભાઓ એ કદાચ 17મી સદીના પ્રજાના વિરોધનું કેન્દ્રબિંદુ હતી. પરંતુ એવું લાગે છે કે 18મી સદીમાં નવી વહીવટી પ્રક્રિયાને કારણે ગામડાંના મુખી અને પ્રાદેશિક વડાઓના હકો અને સત્તાની ક્રમશઃ અવગણના કરવામાં આવતી હતી. ઉપર દર્શાવેલાં મોટાં કુટુંબો ભૂમિ, શ્રમ અને મૂડી ઉપરનાં પોતાનાં નિયંત્રણોને કારણે મળેલ પોતાની આર્થિક તાકાતના બળે શાહી દરબાર અને સ્થાનિક ખેડૂતવર્ગ વચ્ચેની કડીની કામગીરી બજાવતા હતા.

### તમારી પ્રગતિ ચકાસ - 3

1. નિયંત્રણવાળા પ્રદેશો અને બિન-નિયંત્રણવાળા પ્રદેશો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

2. મહેસૂલ આકારણી અંગેની તનખા અને કમાલ પદ્ધતિનું વર્ણન કરો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

3. ઉત્તરનાં સરંજામી રાજ્યો અને પેશવાની વહીવટી વ્યવસ્થા વચ્ચેનો તફાવત વર્ણવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 3.5 સમાજ અને અર્થતંત્ર (Society and Economy)

અગાઉ આપણે મરાઠા રાજ્યતંત્રની રચના દરમિયાન સંસ્થાકીય વિકાસની વિગતોની ચર્ચા કરી છે. અહીં હવે આપણે મરાઠા રાજ્યપદ્ધતિમાં સમાજ અને અર્થતંત્રની ચર્ચા કરીશું.

### 3.5.1 કૃષિસમાજ (Agrarian Society)

18મી સદી સુધીમાં મરાઠા રાજ્યતંત્રના હાર્દ વિસ્તારમાં ગામડાંઓની સ્થાપનાનું કાર્ય પૂર્ણ થઈ ગયું હતું. તેથી એમ કહી શકાય કે કૃષકોના વસવાટ અને વસ્તીનો વિસ્તાર થયો હતો : ... પૂનાની આસપાસના પ્રદેશમાં સિંચાઈની વ્યવસ્થા નબળી હતી અને ત્યાં પ્રમાણમાં વસ્તી ઓછી હતી. 18મી સદીના મધ્ય સુધી આ વિસ્તારનો મર્યાદિત વિકાસ થયો હતો. તેનાથી એમ જાણી શકાય છે કે દક્ષિણમાં તંજોર, ગુજરાત અને ઉત્તરમાં ગંગાના ખીણપ્રદેશ જેવા સ્થિર ખેતીના પ્રદેશમાં મરાઠાઓનાં આક્રમણનું દબાણ સતત રહ્યા કરતું હતું. કરવેરાની જટિલતા અને બીજી જવાબદારીઓને કારણે ઉત્પાદનમાં વૃદ્ધિ કરવાની જરૂરિતને પ્રોત્સાહન મળ્યું હતું.

અહીં મરાઠા શાસકોએ બે પ્રકારનાં પગલાં લીધાં. પહેલા પગલા તરીકે મહેસૂલની આકારણીમાં રાહત આપવામાં આવી અને મહેસૂલ તથા કરજ માફ કરવામાં આવ્યાં. આ પગલાંથી નવી જમીનો ખેતી હેઠળ લાવવામાં મદદ મળી. બીજું પગલું ખેતી અંગેની સગવડો ઊભી કરવા માટે લોકોને પહેલ કરવાની બાબતમાં પ્રોત્સાહન આપવાની હતી. દાખલા તરીકે શિવાજીના સમયમાં નવા બાંધ બાંધવા માટે કે તેનો જીર્ણોદ્ધાર કરવા માટે ગામડાના મુખીને ઇનામમાં જમીન આપવામાં આવી હતી.

ફૂકુઝાવાએ નોંધ્યું છે કે મરાઠા શાસકો દ્વારા ખેતી અને મહેસૂલ પદ્ધતિ વગેરેના પ્રોત્સાહન માટે લેવાયેલાં પગલાંથી ખેડૂતોની આર્થિક પરિસ્થિતિમાં ઘણો ફેર પડ્યો હતો. તે જણાવે છે કે જમીનના ધારકો . એકરથી લઈને 108 એકર સુધીની જમીન ધરાવતા હતા. તે એમ પણ નોંધે છે કે 1790 થી 1803ના વર્ષો દરમિયાનુ નાની જમીનો ધરાવનાર સંપૂર્ણપણે નાબૂદ થઈ ગયા હતા, જ્યારે બીજી બાજુ મોટી અને વિશાળ જમીનો ધરાવનારની સંખ્યા ખૂબ વધી ગઈ હતી. 18મી સદીના ઉત્તરાર્ધમાં વસ્તી, કરવેરા અને અનાજના ભાવો વધવાને કારણે ખેડૂતોનું શોષણ નોંધપાત્ર રીતે વધ્યું હતું.

એવાં પુષ્કળ પ્રમાણો મળે છે કે ખેતી કરનાર વર્ગ ઉપર બિન-ખેતી કરનાર વિશેષ વર્ગનાં (રાજ્યના પ્રધાનો, દેશમુખો, સરંજામ ધરાવતા લશ્કરી અમલદારો, શરાફો અને વેપારીઓ) પ્રભાવ અને પકડ મજબૂત બન્યાં હતાં. આ બિન-ખેતી વર્ગ એક કરતાં વધુ કાર્યો કરતો હતો. તેનાથી ગામડાંઓમાં આવેલા સામાજિક વિશેષીકરણના ઉદ્ભવની સ્પષ્ટતા મળી રહે છે. ગ્રામ્ય કક્ષાનાં સાધનો ઉપર ત્રણ સ્વરૂપનાં નિયંત્રણો હતાં - કરવેરા, ભૂમિની ભેટ અને વંશપંરપરાગત હોદ્દાઓ.

### 3.5.2 નાણાતંત્ર (Monetization)

આપણા અભ્યાસકાળ દરમિયાન દૂર આવેલાં બજારો માટે ઉત્પાદન અને રોકડિયો પાક દખ્ખણના દક્ષિણ ભાગ, બંગાળ, બિહાર અને ગુજરાતની જેમ મહારાષ્ટ્રના અર્થતંત્રના ભાગ બની ગયાં હતાં. 17મી અને 18મી સદી સુધીમાં ધીરધાર કરનારી સંસ્થાઓ શહેરમાં અને ગામડાંઓમાં કામ કરવા લાગી હતી. તે કરજદાર ઉમરાવો અને ખેડૂતોને તથા દૈનિક જરૂરિયાતોને સંતોષવા માટે નાણાં ધીરતી હતી. 18મી સદીમાં દખ્ખણના પશ્ચિમ ભાગમાં તાંબુ અને કોડીઓની આયાત કરવામાં આવી હતી. તે દર્શાવે છે કે સ્થાનિક વેપારી કેન્દ્રોમાં નાણાંની પ્રબળ આપ-લે થતી હતી. આ વિસ્તારનાં ગામડાંના રહેવાસીઓ પણ સ્થાનિક બજારોમાં નાણાંની લેવડ-દેવડમાં રોકાયેલા હતા. તેમને ખેતમજૂરી માટે, કલા, કારીગરીની વસ્તુઓના ઉત્પાદન માટે તથા ઘરમાં નોકર તરીકેની કામગીરી માટેનો પગાર પણ દૈનિક કે માસિક ધોરણે રોકડમાં ચૂકવવામાં આવતો હતો. તે માટે મોટાં અને નાનાં પ્રમાણની ટંકશાળો, નાનાં વેપારી

..., ... ... ... ... ... ...ના તથા મોટા શહેરોમાં સ્થાપવામાં આવી હતી. આ ટંકશાળોમાં વિવિધ પ્રકારના સિક્કા ઢાળવામાં આવતા હતા.

હકીકત એ છે કે 18મી સદીના ઉત્તરાર્ધમાં ગ્રામ્ય વિનિમય કેન્દ્રો હતાં, તેની માહિતી આપતા ઘણાં દસ્તાવેજો મળ્યા છે, મહારાષ્ટ્રમાં જમીનધારકો, ખેડૂતો, ખેતમજૂરો, કારીગરો અને સૈનિકોએ રોકડ કે વસ્તુના રૂપમાં કરજ લીધાનાં વિપુલ પ્રમાણો મળે છે. આ કરજ પાછું મેળવવા માટેની નક્કી કરેલી શરતો દર્શાવતા લિખિત કરારો પણ પ્રાપ્ય છે. આ પ્રમાણે એ દર્શાવે છે કે સામાન્ય પ્રજામાં પણ પ્રમાણ અને ગણત્રીનું જ્ઞાન હતું.

### તમારી પ્રગતિ ચકાસો - 4

1. ઉત્પાદનમાં વૃદ્ધિ કરવા માટે મરાઠા શાસકોએ લીધેલાં પગલાંની ચર્ચા કરો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

2. કૃકુઝાવાએ મરાઠાઓની ખેતીપ્રથા અને કૃષિસમાજ અંગે દર્શાવેલા વિચારોની સમીક્ષા કરો

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

3. સ્થાનિક વેપારી કેન્દ્રોમાં નાણાંની જરૂરિયાત વધવાનાં કારણો દર્શાવી તેના ઉપાયો જણાવો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

## 3.6 મરાઠાઓના સંબંધો (Maratha Relations)

હવે આપણે મરાઠાઓના બીજી સત્તાઓ સાથેના સંબંધોની ચર્ચા કરીશું. અહીં આપણે મરાઠાઓના બંગાળ, હૈદ્રાબાદ, મૈસૂર, રાજસ્થાન, મુઘલો અને ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથેના સંબંધોની માહિતી મેળવીશું.

### 3.6.1 બંગાળ સાથે (With Bengal)

1740માં નાદિરશાહના આક્રમણ પછીના ટૂંક સમયમાં જ બંગાળ, બિહાર અને ઓરિસાના મુઘલ પ્રાંતોએ પેશવાની મદદ માગી હતી, જ્યારે તેમના હરીફે રઘુજી ભોંસલેની સહાયતા માગી હતી. 1743માં પેશવાને તેની મદદના બદલામાં બંગાળે ચોથ આપવાનું વચન આપ્યું હતું. પરંતુ પછીથી રઘુજી ભોંસલેની વિનંતીને માન આપીને શાહુએ તેને બંગાળ, બિહાર અને ઓરિસાની ચોથ અને સરદેશમુખી આપી હતી. પછીથી 1751માં બંગાળના નવાબે મરાઠાઓ સાથે સંધિ કરીને બંગાળ અને બિહારની ચોથના બદલામાં 12 લાખ રૂ. તથા ઓરિસાના મહેસૂલનો એક નિશ્ચિત ભાગ આપવાનું કબૂલ્યું હતું.

### 3.6.2 હૈદ્રાબાદ સાથે (With Hyderabad)

1715 થી 1717 સુધી નિઝામ અને દખ્ખણનો મુઘલ વાઇસરૉય હતો. તેણે મરાઠાઓના દખ્ખણ પ્રદેશ ઉપરના ચોથ અને સરદેશમુખીના દાવાનો વિરોધ કર્યો હતો. તેથી તે સતત મરાઠાઓ સાથે યુદ્ધમાં વ્યસ્ત રહ્યો હતો. 1720માં તેણે મરાઠાઓ દ્વારા કરાતી ઉઘરાણીને રોકવા માટે કૃષિ અને મહેસૂલ અધિકારીઓને પ્રોત્સાહન આપ્યું હતું. પરંતુ 1724માં તેણે પોતાના હરીફની વિરુદ્ધમાં પેશવાની મદદના બદલા પેટે મરાઠાઓની આવી ઉઘરાણીને માન્ય રાખી હતી. પરંતુ 1725-26 પેશવાએ કર્ણાટક પ્રદેશ ઉપર આક્રમણ કરી દેતાં નિઝામ સાથેની સમજૂતી પડી ભાંગી. તેથી નિઝામે દખ્ખણના સૂબાના કરવેસની ઉઘરાણી કરનાર તરીકે કોલ્હાપુરના સંભાજીને મૂક્યા હતા. પરંતુ તેથી નિઝામ અને પેશવા વચ્ચેનાં સંબંધો બગડ્યા અને પેશવાએ 1728માં પાલખેડના યુદ્ધમાં નિઝામને હરાવ્યો. ત્યારે નિઝામે કોલ્હાપુરના દાવાને સમર્થન ન આપવાનું સ્વીકાર્યું 1752માં પૂના અને હૈદરાબાદ વચ્ચેનો સંઘર્ષ પરાકાષ્ઠાએ પહોંચ્યો. તેના પરિણામે મરાઠાઓએ હૈદ્રાબાદ પાસેથી ગોદાવરી અને તાપી નદીની વચ્ચે આવેલો બરારનો પશ્ચિમનો અર્ધો ભાગ ઝૂંટવી લીધો.

### 3.6.3 મૈસૂર સાથે (With Mysore)

મરાઠાઓએ તુંગભદ્રા નદી સુધી પોતાનો રાજ્યવિસ્તાર કર્યો હતો. તેઓ મૈસૂરના શાસક હૈદરઅલી અને પછીથી તેના પુત્ર ટીપુ સુલતાન સાથે સતત સંઘર્ષમાં રહ્યા હતા. મરાઠાઓએ મૈસૂર પાસેથી 1726માં ખંડણી લીધી હતી.

1764-65 અને 1769-72માં પેશવાએ હૈદરઅલીની સામેના સંઘર્ષમાં સફળતા મેળવી હતી. હૈદરઅલીએ 1772માં મરાઠાઓ સાથે સંધિ કરી હતી અને તેના દ્વારા તેણે મરાઠાઓને તુંગભદ્રા નદીની દક્ષિણનો પ્રદેશ આપ્યો હતો. પરંતુ 1776 પછી હૈદરઅલીએ કૃષ્ણા-તુંગભદ્રા ખીણપ્રદેશમાં આવેલા મરાઠા કબજા હેઠળના પ્રદેશમાં આક્રમણ કર્યું હતું. પરંતુ 1780માં મૈસૂરે બ્રિટિશ સત્તાનો સામનો કરવા મરાઠાઓ સાથે જોડાણ કર્યું હતું.

### 3.6.4 રાજસ્થાન સાથે (With Rajashthan)

રાજસ્થાનમાં મરાઠાઓએ કોઈ પ્રત્યક્ષ વહીવટીતંત્ર સ્થાપ્યું ન હતું. છતાં 18મી સદીના ઉત્તરાર્ધમાં તેઓ બુંદી, જયપુર અને મારવાડનાં રાજ્યોના આંતરિક વહીવટમાં અવારનવાર દખલગીરી કરતા હતા. 1735માં પેશવા બાજીરાવ-1લાની મુલાકાત પૂર્વે માત્ર નાનાં રાજ્યો જ મરાઠાઓને ચોથ આપતા હતા. પરંતુ પછીથી તો ઉદયપુર અને મેવાડ રાજ્યો પણ તેને ચોથ દેતાં હતાં. આ 1761માં પાણિપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓના પરાજય પછી ચોથ વગેરેની ઉઘરાણીની બાબતે ધ્યાન આપવામાં આવ્યું ન હતું. પરંતુ પછીથી તે હોલકર અને તેના મૃત્યુ પછી સિંધિયા દ્વારા પેશવા અને મુઘલ સમ્રાટ વતી ઉઘરાવવામાં આવેલ.

### 3.6.5 મુઘલો સાથે (With Mughals)

1752માં અહમદશાહ અબ્દાલીએ ભારત ઉપર આક્રમણ કરી લાહોર અને મુલતાન જીતી લીધાં ત્યારે મુઘલ સમ્રાટે મરાઠાઓ પાસે રક્ષણની માગણી કરી હતી. તેથી મુઘલ સમ્રાટે 1752માં મલ્હારરાવ હોલકર અને જયપ્પા સિંધિયા સાથે એક કરાર કર્યો હતો. આ કરાર દ્વારા સમ્રાટે તેમને પંજાબ, સિંધ અને દોઆબ પ્રદેશમાં ચોથ ઉઘરાવવાનો હક આપ્યો હતો તથા તેમને ક્રમશઃ અજમેર અને આગરાની સૂબેદારી પણ આપવામાં આવી હતી. આ બધું એ બાહ્ય દુશ્મનો અને બેવફા પ્રજાજનો સામેના મરાઠા રક્ષણના બદલામાં આપવામાં આવ્યું હતું. પરંતુ મરાઠાઓ અહમદશાહ અબ્દાલીની બરાબરી કરી શક્યા નહિ અને 1761માં પાણિપતની લડાઈમાં અબ્દાલીના હાથે પરાજિત થયા. પરિણામે પંજાબ અને રાજસ્થાન તેમનાં નિયંત્રણમાંથી છટકી ગયાં.

1784માં મુઘલ સમ્રાટ શાહઆલમે દિલ્હી અને આગરાનો વહીવટ સિંધિયાને માસિક ભથ્થાંના બદલામાં સોંપ્યો, ઉપરાંત પેશવાને મુઘલોના સંરક્ષક(Regent)અને સિંધિયાને નાયબ-સંરક્ષકનો હોદ્દો આપવામાં આવ્યો. આ બિરૂદોનું 1788માં ફરીથી નવીનીકરણ કરવામાં આવ્યું હતું. કારણ કે ત્યારે રોહિલા સરદાર ગુલાબ કાદિરખાને મુઘલ સમ્રાટ શાહઆલમને થોડા સમય માટે ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો હતો. તેને સિંધિયાએ ફરી ગાદીએ બેસાડ્યો હતો. પરંતુ આ પ્રદેશના કબજાને પરિણામે સિંધિયાને ખાસ લાભ થયો ન હતો, કારણ કે આ પ્રદેશોમાં મોટે ભાગે મુઘલ સરદારોનું વર્ચસ્વ હતું. ઉપરાંત તેઓ મુઘલ સમ્રાટના નામમાત્રના નિયંત્રણ હેઠળ હતો. તેથી સિંધિયાએ પોતાની વધુ માગણીઓ રાજપૂતો પાસેથી પૂરી કરવા માટે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

### 3.6.6 ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે (With East India Company)

1739માં જ્યારે મરાઠાઓએ પોર્તુગીઝો પાસેથી બેસીન મેળવ્યું ત્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની મુંબઈ કાઉન્સિલે મુંબઈની કિલ્લેબંધી કરવાનો નિર્ણય કર્યો હતો. તે માટે તેમણે શાહુ પાસે પોતાના પ્રતિનિધિને મોકલ્યો હતો અને તેની સાથે સંધિ કરવામાં આવી હતી. તે સંધિ દ્વારા કંપનીને મરાઠા પ્રદેશોમાં સ્વતંત્ર વેપાર કરવાનો હક આપવામાં આવ્યો હતો.

આ બાજુ મરાઠા રાજ્યસંઘ પેશવા અને બરાર તથા સાતારાના રાજા વચ્ચે અને 1770માં પેશવા કુટુંબના સભ્યો વચ્ચે વિવાદો ઊભા થયા હતા. આનો લાભ લઈને કંપનીએ મરાઠા રાજનીતિમાં દરમિયાનગીરી કરવાની તક ઝડપી લીધી હતી.

તેમણે આ કાર્ય કેવી રીતે કર્યું અને અંતે ઉત્તરના સરંજામદારો અને પેશવાને કઈ રીતે નિયંત્રણમાં લીધા તેની વિગતો એકમ-10માં આપવામાં આવી છે.

### તમારી પ્રગતિ ચકાસો - 5

1. મરાઠાઓના દક્ષિણ ભારતનાં હૈદ્રાબાદ અને મૈસૂર રાજ્યો સાથેના સંબંધોનું વર્ણન કરો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

2. મરાઠાઓના બંગાળ અને રાજસ્થાન સાથેના સંબંધો દર્શાવો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

3. મરાઠાઓનાં મુઘલો તથા ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથેના સંબંધોની સમીક્ષા કરો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

## 3.7 સારાંશ (Let us Sum up)

આ એકમમાં આપણે નીચે પ્રમાણેની બાબતોની ચર્ચા કરી છે :

1. મરાઠા રાજ્યવ્યવસ્થા અંગે વિવિધ ઈતિહાસકારોનાં અદ્યતન લખાણો.
2. મરાઠા રાજ્યસંઘનો વિકાસ અને તેની સત્તા હેઠળના પ્રદેશનું વિસ્તરણ - જે મુઘલ શાસનના કવચમાં થયું હતું.
3. નીચલા થર સુધીની મરાઠા રાજ્યની સંસ્થાઓ અને 15મી સદીથી શરૂ કરીને વિશાળ સમયપટ દરમિયાન મિલકત અને વહીવટ અંગેની પદ્ધતિના વિકાસ અંગે ઈતિહાસકારોનાં સંશોધન.
4. કૃષિસમાજનાં વલણો અને વિનિમયકેન્દ્રોનું નાણાકરણ અને
5. મરાઠાઓના અન્ય પ્રાદેશિક સત્તાઓ તથા ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથેના સંબંધો.

## 3.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. જવાબ માટે જુઓ વિભાગ 3.2
2. જવાબ માટે જુઓ વિભાગ 3.2

### તમારી પ્રગતિ ચકાસો - 2

1. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.3.1.
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.3.2, 3.3.3, 3.3.4, 3.3.5
3.

| | |
|---|---|
| (1) × | (5) × |
| (2) √ | (6) × |
| (3) × | (7) √ |
| (4) √ | (8) × |

### તમારી પ્રગતિ ચકાસો - 3

1. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.4.1
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.4.1
3. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.4.1

### તમારી પ્રગતિ ચકાસો - 4

1. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.5.1
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.5.1
3. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.5.2

### તમારી પ્રગતિ ચકાસો - 5

1. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.6.2 અને 3.6.3
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.6.1 અને 3.6.4
3. જવાબ માટે જુઓ પેટા વિભાગ 3.6.5 અને 3.6.6

## 3.9 ચાવીરૂપ શબ્દો (Key-words)

**ચોથ** - ભૂમિ-મહેસૂલનો ચોથો ભાગ
**દેશમુખ** - જિલ્લાનો જમીનદાર
**દેશપાંડે** - જિલ્લાનો વંશપરંપરાગત હિસાબનીશ
**ફિટના (મરાઠીમાં)** - વફાદારીમાંથી હટી જવું (આ શબ્દનો એરેબિક, ફારસી ભાષામાં અર્થ) - વિદ્રોહ, રાજદ્રોહ
**સરંજામ** - ભૂમિ કે ભૂમિ-મહેસૂલની સોંપણી
**સરદેશમુખ** - વડો દેશમુખ
**સરદેશમુખી** - કરની ઉઘરાવાયેલી રકમના 10 થી 12%
**વતન** - વંશપરંપરાગત માલિકીહક
**વતનદાર** - વતન ધરાવનાર

# એકમ-4 મૈસૂર અને હૈદ્રાબાદ (Mysore and Hyderabad)

## રૂપરેખા

4.1 હેતુઓ અને પ્રસ્તાવના
4.2 મૈસૂર
4.3 યુદ્ધ અને લશ્કરીકરણ
4.3.1 સ્થાનિક સરદારો
4.3.2 18મી સદીમાં હુમલાઓ
4.4 વહીવટતંત્ર
4.5 નાણાતંત્ર
4.5.1 જમીનમાંથી આવક
4.5.2 વેપારમાંથી આવક
4.6 હૈદ્રાબાદ
4.6.1 યુદ્ધ અને સેના
4.7 ભૂમિ-મહેસૂલ પદ્ધતિ
4.8 આશ્રયદાતાઓ અને અસીલો
4.8.1 વકીલો
4.9 સ્થાનિક સરદારો
4.10 નાણાકીય અને લશ્કરી જૂથો
4.11 વહીવટી વ્યવસ્થા
4.12 સારાંશ
4.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
4.14 ચાવીરૂપ શબ્દો

## 4.1 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

આ એકમના અભ્યાસના હેતુ નીચે પ્રમાણે છે :

- 18મી સદીમાં મૈસૂર અને હૈદ્રાબાદમાં વિકાસ પામેલ રાજકીય પ્રક્રિયાથી તમને વાકેફ કરવા.
- આ પ્રક્રિયા આ બંને પ્રદેશોમાં એકબીજા કરતાં તદ્દન જુદી હતી, તે તમને દર્શાવવું અને
- આ બંને પ્રક્રિયા એકબીજાથી કેમ જુદી હતી તેનાં કેટલાંક કારણો તમને દર્શાવવાં.

આ એકમમાં આપણે મુઘલ સામ્રાજ્યના વર્ચસ્વના પતન પછી દક્ષિણ ભારતની પરિસ્થિતિની ચર્ચા કરીશું. આપણા અભ્યાસનો મુખ્ય મુદ્દો એ મૈસૂર અને હૈદ્રાબાદનાં રાજ્યોના પ્રાદુર્ભાવ સાથે સંબંધિત રહેશે. અહીં આપણે એ જોઈશું કે પહેલાંની રાજકીય સંસ્થાઓનું સાતત્વ રહ્યું હોવા છતાં નવાં રાજ્યતંત્રોની રચના થઈ. તેમાં કેટલાક પાયાના ફેરફાર થયા હતા. આ બાબત મૈસૂર અને હૈદ્રાબાદમાં જુદીજુદી રીતે આકાર પામી હતી. હૈદ્રાબાદમાં મુઘલકાલીન રાજકીય સંસ્થાઓ નબળી પડી ગઈ હતી અને તેનો ઉપયોગ પ્રાદેશિક સુદૃઢીકરણ માટે કરવામાં આવ્યો હતો. જ્યારે મૈસૂરમાં વોડિયાર વંશને સત્તા ઉપરથી હટાવી દેવામાં આવ્યો હતો કે જેથી મજબૂત અને સુધારા પામેલું વહીવટતંત્ર રચી શકાય. બંને રાજ્યોમાંની આ પ્રક્રિયાને કારણે 18મી સદીના મધ્યના દશકાઓમાં સ્વાયત્તતાનું સુદૃઢીકરણ થવાની પહેલ થઈ હતી. આ એકમનો મુખ્ય વિષય જ તે છે. પરંતુ આ બંને કિસ્સામાં 18મી સદીના છેલ્લા દશકામાં બ્રિટિશ કંપની દ્વારા હૈદ્રાબાદમાં સ્વાયત્તતા ધીમેધીમે નાબૂદ કરવામાં આવી હતી અને મૈસૂરમાં તે હિંસાત્મક રીતે હટાવવામાં આવી હતી.

## 4.2 મૈસૂર (Mysore)

મૈસૂરનું રાજ્ય હૈદ્રાબાદની દક્ષિણે આવેલું હતું (જુઓ નકશો નં. 5). 18મી સદીમાં મૈસૂરના વોડિયારોથી શરૂ કરીને ટીપુ સુલતાન સુધીના શાસકોને એક બાજુથી મરાઠાઓની અને બીજી બાજુથી હૈદ્રાબાદ અને કર્ણાટકની વિસ્તારવાદી પ્રવૃત્તિનો ભય હતો, ત્યારે અંગ્રેજો આ પરિસ્થિતિનો લાભ પોતાના હિતમાં લેવા માગતા હતા. 18મી સદીની એક સૌથી પ્રસિદ્ધ વ્યક્તિ હતી - ટીપુ સુલતાન. તે લોકોનો પ્રિય નેતા હતો, તે બ્રિટિશ સત્તાની વૃદ્ધિનો સામનો કરનારાં પરિબળોનું પ્રતીક ગણાતો હતો. અંગ્રેજોની નજરે તે તેમની સત્તાના વિકાસમાં સૌથી મોટો અવરોધ ગણવામાં આવતો હતો. મૈસૂર એ પ્રથમ વિજયનગર સામ્રાજ્યનો એક પ્રાંત હતો અને ત્યાં વિજયનગર તરફથી વાઈસરૉય નીમવામાં આવતા હતો. પરંતુ પછીથી વોડિયાર વંશે વિજયનગર રાજ્યમાંથી મુક્ત થઈને મૈસૂરમાં પોતાનું સ્વાયત્ત રાજ્ય સ્થાપ્યું હતું. પછીથી (હૈદરઅલી અને ટીપુ સુલતાનના શાસન દરમિયાન મૈસૂર) દક્ષિણ ભારતમાં એક

મહત્ત્વની લશ્કરી સત્તા બની હતી. હૈદરઅલી એક સામાન્ય કુટુંબમાં જન્મ્યો હતો. તેથી તેના વિરોધી એવા અંગ્રેજ સમકાલીનોએ તેને એક સત્તા ઝૂંટવી લેનાર તરીકે ગણાવ્યો છે. તેની અસર પછીના સમયના ઇતિહાસકારોનાં લખાણો ઉપર પણ થયેલી જોવા મળે છે. તેને એક સત્તા ઝૂંટવી લેનાર તરીકે એ રીતે ગણી શકાય જે રીતે દલવાઈ (મુખ્ય પ્રધાન) હતો, જેને તેણે મૈસૂરમાંથી હટાવ્યો હતો. મૈસૂરના દલવાઈ (મુખ્યપ્રધાન) એ મૈસૂરના વોડિયાર રાજવીની સત્તા નામ માત્રની કરી નાખી હતી અને રાજ્યમાં તેનું કાંઈ મહત્ત્વ રહેવા દીધું ન હતું. પોતાના પુરોગામી એવા મૈસૂરના મુખ્ય પ્રધાન નંજરાજની જેમ હૈદરઅલીએ પણ મૈસૂર રાજ્યના એક અમલદાર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. તેણે પોતાની લશ્કરી યોગ્યતાથી મૈસૂરની સેનાને શક્તિશાળી બનાવી હતી, પોલિગારો તરીકે ઓળખાતા સ્થાનિક સ્વતંત્ર શક્તિશાળી સરદારોને નિયંત્રણ હેઠળ મૂક્યા હતા અને બેડનોવે, સુંડા, સેવા, કનારા અને ગુટીને આધીન કર્યા હતા. તેની સૌથી મોટી સફળતા તો એ હતી કે તેણે મદ્રાસથી માત્ર પાંચ માઈલના અંતરે અંગ્રેજ સેનાનો પીછો કર્યો હતો અને તેને 1769માં એક સંધિ કરવા ફરજ પાડી હતી. તમે હૈદરઅલી અને ટીપુ સુલતાનની લશ્કરી અને કૂટનીતિક સિદ્ધિઓ અંગે વધુ વિગતે વિભાગ-3માં અભ્યાસ કરશો. આ એકમમાં તો આપણે એ બાબતનો અભ્યાસ કરીશું કે કેવી રીતે મૈસૂર સુદૃઢ બન્યું અને એક મહત્ત્વની પ્રાદેશિક સત્તા તરીકે કેવી રીતે તેની સ્થાપના થઈ.

## 4.3 યુદ્ધ અને લશ્કરીકરણ (War and Militarization)

મૈસૂરના ઇતિહાસમાં પણ યુદ્ધ તથા લશ્કરીકરણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. બર્ટન સ્ટેઇન જણાવે છે કે તેનું મહત્ત્વ તો છેક 16મી સદીમાં વિજયનગરના સામ્રાજ્યના સમયથી હતું. વિજયનગર રાજ્ય એ દક્ષિણ ભારતમાં સ્થાનિક રાજાઓ અને બાહ્ય સત્તાઓ ઉપર નિયંત્રણ સ્થાપવા માટે બંદૂકોનો ઉપયોગ કરવામાં પ્રથમ હતું.

### 4.3.1 સ્થાનિક સરદારો (The Local Cheifs)


મૈસૂરમાં વહેલું લશ્કરીકરણ શા માટે કરવામાં આવ્યું એ સમજવા માટે સ્થાનિક સરદારોએ શી ભૂમિકા ભજવી હતી તે જાણવું મહત્ત્વનું છે. મૈસૂરના સ્થાનિક સરદારોમાંથી પણ મુખ્યત્વે પોલિગારો, જે જંગલના શિકારીઓના વંશજો હતા, તેમણે લશ્કરી કૌશલ્ય મેળવ્યું હતું. ઉપરાંત પોલિગારોએ વિજયનગર સામ્રાજ્યની લશ્કરી સેવામાં જોડાઈને સ્થાનિક રાજકીય નેતાગીરી પણ મેળવી હતી. 18મી સદી સુધીમાં તેમાંથી મોટા ભાગના શક્તિશાળી બની ગયા હતા. તે માટે મુખ્ય બે પરિબળો જવાબદાર હતાં - (1) પોતાની ભૂમિ ઉપરની કૃષિ માટેની ખંડણી તથા મહેસૂલ ઉપર તેમનું નિયંત્રણ અને (2) પોતાની કોમનાં મંદિરોના મહંતોનું સમર્થન. ત્યારે મંદિરો પણ વેપારી પ્રવૃત્તિઓનાં કેન્દ્રો હતાં. તેથી સ્થાનિક સરદારો શક્તિશાળી બન્યા હતા અને તેઓ મૈસૂરમાં કેન્દ્રીય રાજ્યનો વિકાસ કરી શકે તેમ હતા. આ હકીકત એમ દર્શાવે છે કે મૈસૂર અને પોલિગારો વચ્ચે લશ્કરી તાકાતનો મુકાબલો જ મૈસૂરમાં રાજ્યતંત્ર સ્થાપવા અંગેનું નિર્ણાયક પરિબળ બની રહે તેમ હતું.

**18મી સદીના હુમલાઓ (The 18th Century Thrusts)**


18મી સદીમાં ચિક્કાદેવ - રાજા વોડિયારે (1672-1704) આ લશ્કરી તકાત અંગેના સંઘર્ષ માટેની પહેલ કરી હતી, તેના શાસન હેઠળ મૈસૂરે અપૂર્વ લશ્કરીકરણ તરફ આગેકૂચ કરી. લશ્કરમાં થયેલી વૃદ્ધિના ખર્ચને પહોંચી વળવા તેણે રાજ્યના અમલદારો દ્વારા કરાતી મહેસૂલની ઉઘરાણીમાં વધારો કર્યો તથા સૈનિકો જે ભૂમિ ધરાવતા હતા તેના ઉપરની રાજ્યની મહેસૂલી માગણીમાંથી તેમને મુક્તિ આપી. હૈદરઅલીએ મૈસૂરના વહીવટીતંત્રમાં ધીમી ગતિએ પોતાની કામગીરીથી ઉચ્ચ સ્થાન મેળવ્યું હતું. (પછીથી તે સ્થાન ટકાવી રાખવા તેણે ઉપર દર્શાવ્યા પ્રમાણેની) યુક્તિઓ અજમાવી હતી. તેણે મોટી મોટી જમીનો મહત્ત્વાકાંક્ષી યોદ્ધાઓને લિલામમાં આપી હતી. પછીથી આ યોદ્ધાઓ કરતા ઇજારેદાર તરીકે સ્થાનિક સરદારો પાસેથી વધુ મહેસૂલ મેળવવા દબાણ કરતા હતા. હૈદરઅલીએ આ સ્થાનિક સરદારોનો સ્વતંત્રતાનો કોઈ દાવો માન્ય રાખ્યો ન હતો. પરંતુ જો તેઓ વિરોધ કરે તો તેમને તેમની જમીનમાંથી હાંકી કાઢવામાં આવતા હતા. હૈદરઅલીએ આ સરદારોની પ્રવૃત્તિઓનું કાર્યક્ષેત્ર પણ મર્યાદિત કરી દીધું હતું. એમ કરીને તેણે તેમનો સ્થાનિક આધાર નાબૂદ કરી નાખ્યો હતો. હૈદરઅલીના પુત્ર ટીપુ સુલતાને તો પોતાના પિતાથી પણ આગળ વધીને પોલિગારોને નમાવીને આધીન કર્યા હતા. તેણે તેમને હાંકી કાઢીને તેમની જમીન ખાનગી વ્યક્તિઓ અથવા સરકારી અમલદારોને ભાડેથી આપી દીધી હતી. ઉપરાંત ટીપુ સુલતાન પોતાના સૈનિકોને યુદ્ધની લૂંટમાંથી ભાગ આપવાને બદલે તેમને નિયમિત પગાર આપવાનો આગ્રહ રાખતો હતો. તેનાથી લશ્કરમાં કોઈ સ્થાપિત હિત ઊભું ન થાય તેવું તે કરી શક્યો અને આવાં સ્થાપિત હિત કોઈ સ્થાનિક સરદારો સાથે મળીને પણ રચાય નહિ તે અંગે તે સજાગ હતો.

હૈદરઅલી અને ટીપુ સુલતાને પણ લશ્કરના સંગઠનમાં રહેલી કેટલીક નબળાઈઓ દૂર કરવા પ્રયાસો કર્યા હતા. તેમણે લશ્કરમાં યુરોપિયન ઢબની શિસ્ત દાખલ કરવા માટેના પણ પ્રયત્ન કર્યા હતા. આ માટે ફ્રેંચ સૈનિકોની ભરતી કરવામાં આવી હતી અને વિશેષ પ્રકારના સૈનિકોની તાલીમ માટે તેમનો

ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફ્રેંચ સેનાપતિ દ'લા ટુરે હૈદરઅલીની સેનામાં સેવા બજાવી હતી. તેનો વિગતવાર અહેવાલ પ્રાપ્ય છે. તે જણાવે છે કે 1761 સુધીમાં મૈસૂરના લશ્કરમાં ફ્રાંસના સૈનિકોની સંખ્યા સારા પ્રમાણમાં વધી ગઈ હતી. તેનાથી મૈસૂરના પાયદળ અને તોપદળને તાલીમ આપવામાં મદદ મળી હતી. સંજય સુબ્રહ્મનિયમે વોડિયારના શાસન સમયના મૈસૂરના વિગ્રહોનો અભ્યાસ કર્યો છે. તે જણાવે છે કે યુરોપિયન લશ્કરી શિસ્ત તથા તાલીમને પરિણામે મૈસૂરની સેનામાં આધુનિક બંદૂકો અને તોપ પ્રત્યેની નાપસંદગી દૂર કરી શકાઈ હતી.



**એક યુદ્ધદૃશ્ય : સેરિંગપટ્ટમ ઉપર આક્રમણ(A War Scene : The Storming of Seringapatam)**



**સેરિંગપટમની જેલ(Serigapatam Jail)**

## 4.4 વહીવટીતંત્ર (Administration)

હૈદરઅલી અને ટીપુ સુલતાનની બીજી સિદ્ધિ એ તેમણે કરેલ વહીવટના સુદઢીકરણની હતી. વોડિયાર વંશના જૂના વહીવટીતંત્રની કેટલીક બાબતો તેમણે ચાલુ રાખી હતી. જેમકે વહીવટીતંત્રના લશ્કર, મહેસૂલ, માહિતી વગેરે સહિતના 18 વિભાગો ચાલુ રાખવામાં આવ્યા હતા. રાજકીય દૃષ્ટિએ ચડાવ-ઉતાર આવતા રહ્યા હોવા છતાં ઉચ્ચ હોદ્દાઓ ધરાવતા અમલદારોમાંથી ખંડેરાવ, વેંકટપ્પા અથવા મીર સાદિક જેવી વ્યક્તિઓ કે જેમણે પોતાની વહીવટી યોગ્યતા પુરવાર કરી બતાવી હતી તેમને પણ ચાલુ રાખવામાં આવ્યા હતા. હકીકતમાં વહીવટતંત્રમાં ફેરફાર ત્યારે જ કરવામાં આવ્યા હતા. જ્યારે આવા ટોચના અધિકારીઓ નાણાકીય ગોલમાલમાં પકડાયા હતા. થોમસ મુનરો નોંધે છે કે મૈસૂરના હિંદુ હોય કે મુસલમાન એવા દેશી રાજવીઓએ ઉચ્ચ અમલદારોને વ્યક્તિગત સંપત્તિ અને મહત્ત્વાકાંક્ષા વધારવા માટે વિશાળ તક પૂરી પાડી હતી. તેથી જ આ ટોચના અમલદારો બ્રિટિશ કંપનીની નોકરી કરીને ઊતરતી કક્ષાના અમલદાર બનવા કરતાં દેશી રાજાઓની નોકરી કરી ઉચ્ચ સ્થાન મેળવવાનું વધુ પસંદ કરતા હતા.

## 4.5 નાણાતંત્ર (Finance)

હૈદરઅલી અને ટીપુ સુલતાનના સમયના મૈસૂરના વહીવટીતંત્રનું મુખ્ય લક્ષણ એ હતું કે તેમણે પોતાના રાજ્યની આવકનાં સાધનો વધારીને પોતાની લશ્કરી અને રાજકીય સત્તાનો પાયો નાખ્યો હતો. તેથી 18મી સદીમાં નાણાતંત્ર અને ઉત્પાદનના મુખ્ય બે સંચાલકો એવા વેપારી અને ખેડૂતો સાથે કુનેહપૂર્વક તેણે કામ લેવાનું હતું.

### 4.5.1 જમીનમાંથી આવક (Revenue from Land)

મૈસૂરમાં જમીનનું વિવિધ રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું હતું અને આકારણીની પદ્ધતિ એક વર્ગ કરતાં બીજા વર્ગની જુદીજુદી હતી. ઇજારાભૂમિ ખેડૂતોને એક નક્કી કરેલ રકમના ભાડાપટ્ટેથી આપવામાં આવતી હતી. હિસ્સા (ભાગિયા) ભૂમિનું ભાડું એ ઉત્પાદનના એક હિસ્સા (ભાગ) તરીકે લેવાતું. સિંચાઈવાળી જમીનનું ભાડું ઉત્પાદનના એક હિસ્સાના રૂપમાં લેવામાં આવતું હતું અને સૂકી જમીનનું ભાડું નાણાંના રૂપમાં લેવાતું.

જમીનનું અવારનવાર સર્વેક્ષણ કરવામાં આવતું તથા તેના ઉપર નિયંત્રણ રાખવામાં આવતું હતું. વળી, ખેતી કરનારાઓને પ્રોત્સાહન આપવા માટે તેમને યોગ્ય રાહત અને રક્ષણ બંને આપવામાં આવતાં હતાં. રાજ્ય તરફથી જમીન ઉપર નિયંત્રણ રાખવા માટે એક કડક પદ્ધતિ વિકસાવવામાં આવી હતી. આ પદ્ધતિમાં અમિલદાર નામનો અધિકારી મહેસૂલતંત્રનું નિયંત્રણ રાખતો અને અસુફદાર નામનો અધિકારી જમીનનાં ભાડાં અંગેના વિવાદોની કાયદેસરતા તપાસતો. રાજ્ય અને ખેડૂતોની વચ્ચે પ્રત્યક્ષ સંબંધ રાખીને રાજ્ય માટે વધુમાં વધુ મહેસૂલી આવક મેળવવાનો પ્રયાસ કરાતો. તેથી જ રાજ્ય અને ખેડૂતોની વચ્ચેના વચેટિયાઓને દૂર કરવામાં આવ્યા હતા. ટીપુ સુલતાને ખેડૂતોને રાજ્યના મહેસૂલના ઇજારેદારોથી રક્ષણ આપવાના હેતુથી રાજ્યના મુખ્ય સરકારી અમલદારોને મહેસૂલના ઇજારાના હકથી વંચિત રાખવાનાં પગલાં લીધાં હતાં. ટીપુ સુલતાનના સમયમાં ખેતી માટેની સગવડો વધારવા માટેની સ્વતંત્ર વ્યક્તિગત રીતે પહેલ કરવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં આવતું હતું. સિંચાઈ અને બીજાં કાર્યોનાં બાંધકામ માટે વ્યક્તિઓને મહેસૂલ-મુક્ત ભૂમિ ભેટ તરીકે આપવામાં આવતી હતી. આમ, જે સ્વતંત્ર રીતે ખેતીના વિકાસને ટેકો આપે એવો વર્ગ ઊભો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ આ પગલાંના વળતરરૂપે જમીનોનો ઇજારો આપવાની તથા એક વિશેષ કુટુંબને કાયમી રીતે જાગીર આપવાની પદ્ધતિ અપનાવવામાં આવી હતી. બીજી બાજુ ખેતીની પેદાશ રિવાજોના દબાણને કારણે ગામડાંની સંપૂર્ણ કોમ વચ્ચે વહેંચી લેવાતી હતી. નિખિલેશ ગુહા નોંધે છે કે આ ઊપજનો મોટો ભાગ ઉપલા વર્ગને મળતો હતો. તે વર્ગ મોટે ભાગે વિધિસરનાં કાર્યો કરતો હતો. તેથી ખેતી કરનારા વર્ગમાં જ ખેતીનો વિકાસ કરવાની પહેલ કરવા માટે વધારાની ખેતપેદાશનો ઉપયોગ કરવાનો કોઈ રસ્તો ન હતો. ખેડૂત પાસે ખેતીનો વિકાસ કરવા માટેના કોઈ સ્રોત ન હતા.

પરંતુ રાજ્ય સૌથી વધુ પ્રાધાન્ય તો યુદ્ધને જ આપતું હતું. મૈસૂરના રાજવીઓનું મોટા ભાગનું ધ્યાન મરાઠાઓ, હૈદ્રાબાદ, કર્ણાટક અને અંગ્રેજો સાથેના સંબંધો અંગે જ કેન્દ્રિત રહ્યું હતું. પરિણામે લશ્કરી ખર્ચમાં ખૂબ જ વધારો થયો હતો. તેને કારણે મહેસૂલની આવકમાં વધારો કરવાની જરૂરિયાત ઊભી થઈ હતી. ટીપુ સુલતાન જ્યારે અનેક પરાજયો અનુભવી ચૂક્યો હતો અને રાજ્યના ખજાના ઉપર તેની અવળી અસર થઈ હતી ત્યારે તેણે જમીન-મહેસૂલમાં 30 ટકાનો વધારો કર્યો હતો. તેથી ખેતીનો કોઈ કાયમી વિકાસ થઈ શક્યો નહિ અને પરિણામે ખેડૂતને વધારે કર ભરવાનું અનિવાર્ય બન્યું.

### 4.5.2 વેપારમાંથી આવક (Revene from Trade)

છેલ્લી કેટલીક સદીઓથી મૈસૂરના અર્થતંત્રમાં વેપારીઓ મહત્ત્વનો ભાગ ભજવતા રહ્યા હતા. તેમાંથી કેટલાક વેપારીઓ આંતરિક તથા બાહ્ય વેપારની સાથે સાથે જમીન-મહેસૂલના ઇજારા પણ રાખતા

હતા. આમ, તેઓ વેપાર તેમજ ભૂમિ જેવાં વિવિધ ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરતા હતા. રાજકીય દૃષ્ટિએ તેઓ સત્તાધીશ શાસકો પાસેથી પોતાનાં હિતોના રક્ષણ માટે પ્રવર્તમાન રિવાજો અને પ્રણાલિકાગત સંબંધોનો ઉપયોગ કરતા હતા. તેમની જમીન બાબતની દરમિયાનગીરી પણ નોંધપાત્ર હતી. સંજય સુબ્રહ્મણિયમના મતાનુસાર તેમાંના કેટલાક વેપારીઓ તો મહેસૂલની ઉઘરાણીના ઇજારદાર હતા. છતાં તેમના વહીવટ હેઠળ ખેતીનો વિકાસ થયો હતો. તે દર્શાવે છે કે તેઓ જમીનને મહત્ત્વ આપતા હતા. તેઓ જમીન અંગેના નફાથી તથા વેપારના નફાથી વાકેફ હતા. તેથી એમ કહેવાય છે કે મૈસૂરના રાજકીય રંગમંચ ઉપર સમૃદ્ધ વેપારીઓ એ મહત્ત્વના કલાકારો હતા. ટીપુ સુલતાને આ વેપારીઓ અને વેપારનું મહત્ત્વ જાણી લીધું હતું. તેથી તેણે વેપાર ઉપર નિયંત્રણ રાખવા માટે પોતે સ્થાપેલાં વેપાર-કેન્દ્રો ચલાવવા માટેના અમલદારોને તાલીમ આપવા માટે અસુફોની નિમણૂક કરી હતી. રાજ્યના અધિકારીઓ જે મહેસૂલ ઉઘરાવતા તેમાંથી આ વેપાર-કેન્દ્રો માટે વેપારી મૂડીની જોગવાઈ કરવામાં આવી હતી. ખાનગી વ્યક્તિઓ પાસેથી પણ થાપણો સ્વીકારવાની જોગવાઈ કરવામાં આવી હતી. રાજ્યના વેપારમાં કરાતાં મૂડીરોકાણમાંથી 35% વળતર મળવાની ગણત્રી કરવામાં આવી હતી. ખાનગી વેપારીઓને રાજ્ય તરફથી સ્થપાયેલાં વેપાર-કેન્દ્રોમાં પોતાની વસ્તુઓ વહેંચવાની છૂટ આપવામાં આવી હતી, કારણ કે તેનાથી રાજ્યને લાભ થતો હતો. આ કેન્દ્રોના નાણાકીય દસ્તાવેજોનું નિયમિત નિરીક્ષણ કરવામાં આવતું હતું. ચલણ ઉપર સખત નિયંત્રણ રાખવામાં આવ્યું હતું.

દરિયાઈ વેપાર ઉપર અંગ્રેજોનું પ્રભુત્વ હતું. ખાનગી વેપારીઓની પ્રવૃત્તિઓ એ રાજ્યને ભયરૂપ લાગતી હતી. તેને બ્રિટિશ કંપની અને આ દેશી વેપારીઓનાં આર્થિક જોડાણનો ભય હતો, તેથી 1785માં ટીપુ સુલતાને પોતાનાં બંદરો ઉપર મરી, ચંદન અને એલચીની નિકાસ ઉપર પ્રતિબંધ જાહેર કર્યો હતો. 1788માં તો તેણે અંગ્રેજો સાથે વેપાર કરવાની સ્પષ્ટ મનાઈ ફરમાવી હતી.

ઉપસંહારમાં એમ કહી શકાય કે 18મી સદીમાં મૈસૂર એક એવું રાજ્યતંત્ર હતું જે હૈદરઅલી અને ટીપુની લશ્કરી તાકાત હેઠળ સુદૃઢ બન્યું હતું. લશ્કરી તાકાતને કારણે કેટલાંક પરિબળો ઉપર તેમનો અંકુશ હતો, પરંતુ આ પરિબળો માટેનો કાયમી ઉકેલ શોધવાની તેમની અણઆવડતને કારણે આ રાજ્ય સતત દબાણ હેઠળ રહેતું હતું. તેનાં પરિણામે વ્યક્તિઓ રાજ્યતંત્રના ભોગે પોતાના વ્યક્તિગત લાભો મેળવવા માટે પ્રયત્નશીલ બન્યા હતા.

### તમારી પ્રગતિ ચકાસો - 1


1. નીચેનાં વાક્યોમાંથી જે સાચાં હોય તેની સામે (√)ની અને ખોટાં હોય તેની સામે (x)ની નિશાની કરો :
   (1) દક્ષિણ ભારતમાં 18મી સદીનું સૌથી નોંધપાત્ર વ્યક્તિત્વ ટીપુ સુલતાનનું ગણાય છે.
   (2) મૈસૂર રાજ્ય એ વિજયનગર રાજ્યનો એક પ્રાંત હતો.
   (3) સ્વતંત્ર સ્થાનિક સરદારો મૈસૂરમાં દલવાઈ કહેવાતા.
   (4) મૈસૂરમાં પ્રારંભે વોડિયાર વંશનું શાસન રહ્યું હતું.
   (5) મૈસૂરમાં જે ભૂમિનો મહેસૂલનો ઇજારો અપાતો તેને હિસ્સાભૂમિ કહેતા.
   (6) ટીપુએ અનેક પરાજયો મળ્યા પછી આવક વધારવા ભૂમિ-મહેસૂલમાં 20 ટકાનો વધારો કર્યો હતો.
   (7) મૈસૂરમાં ખાનગી વ્યક્તિઓ રાજ્ય-વેપારમાં મૂડી રોકતા ત્યારે તેમને લગભગ 35% વળતર મળવાની ગણત્રી રહેતી.
   (8) 1785માં મૈસૂર રાજ્યે પોતાનાં બંદરો ઉપરથી માત્ર મરી, એલચી અને ચંદનના લાકડાની નિકાસની પરવાનગી આપી હતી.

## 4.6 હૈદ્રાબાદ (Hyderabad)

હૈદ્રાબાદનું રાજ્યતંત્ર મૈસૂર કરતાં જુદા પ્રકારનું હતું. અહીં પ્રારંભકાળે મુઘલોની અસર વધારે હતી. મુઘલ સામ્રાજ્યના શાસન દરમિયાન મુઘલોનો દખ્ખણ પ્રદેશનો સૂબેદાર સામાન્ય રીતે હૈદ્રાબાદમાં મૂકવામાં આવતો હતો. અહીં મુઘલ વહીવટી પદ્ધતિનો પ્રારંભ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. (વાંચો એકમ 2માં મુદ્દો 2.2). મુઘલો અને મરાઠાઓ વચ્ચેના સતત સંઘર્ષ અને આંતરિક વિખવાદો છતાં આ પદ્ધતિ એ દખ્ખણમાં મુઘલ સામ્રાજ્યની વ્યવસ્થાનું મહત્ત્વ દર્શાવતી હતી. પરંતુ મુઘલ સામ્રાજ્યના વિઘટનના પગલે આ પદ્ધતિમાં કટોકટી સર્જાઈ હોવાનું માલૂમ પડે છે.

1713માં નિઝામ આસફજાહને દખ્ખણના પ્રાંતનો મુઘલ સૂબેદાર નીમવામાં આવ્યો હતો. પરંતુ 1724માં તેના સ્થાને મૂકવામાં આવેલા મુઘલ સૂબેદારને તેણે હરાવ્યો. ત્યાર પછી જ તે દખ્ખણનો અસરકારક કબજો મેળવી શક્યો હતો. આ સમય પછી તે મોટે ભાગે દખ્ખણમાં જ રહ્યો અને જો કોઈ વાર મુઘલ દરબારમાં દિલ્હી જતો ત્યારે પોતે કોઈ વ્યક્તિને પોતાની જગ્યાએ કામચલાઉ રીતે નીમીને જ જતો. પછીથી તો તેણે હૈદ્રાબાદમાંથી મુઘલ અમલદારોને દૂર કર્યા અને પોતાના વિશ્વાસુ માણસોને નીમ્યા

હતા. તેણે સંધિ કે વિગ્રહ કરવાના તથા મનસબ અને બિરુદ આપવાના અધિકારો પણ મળવ્યા હતા. હવે મુઘલ સત્તા માત્ર તેનો ખુતબો પઢવામાં આવે એટલા પૂરતી જ મર્યાદિત રહી હતી. નિઝામઅલી ખાન (1762-1803)ના સમય સુધીમાં કર્ણાટક, મરાઠાઓ અને મૈસૂરે પોતપોતાના પ્રાદેશિક દાવાઓનું સમાધાન કરી લીધું હતું. અને પરિણામે હૈદ્રાબાદમાં એક પ્રકારના સ્થિર રાજકીય તંત્રનો ઉદ્ભવ થયો.




Map 5

**1798માં હૈદ્રાબાદ અને મૈસૂર (Hyderabad and Mysore in 1798)**

## 4.6.1 યુદ્ધ અને સેના (Warfare and Army)

હૈદ્રાબાદ રાજ્યમાં પણ અન્ય રાજ્યોની જેમ જ લશ્કર એ રાજ્યતંત્રનું એક મહત્ત્વનું અંગ હતું. નિઝામ-ઉલ-મુલ્કે તત્કાલીન જાગીરદારો જે ભૂમિનો કબજો ધરાવતા હતા તે ભૂમિ તેમની પાસે ચાલુ રાખવાની નીતિ અપનાવી હતી, ઉમરાવો પોતે સેના રાખતા હતા. તેથી સેના અને તેના સેનાપતિઓને રાજકીય તંત્ર સાથે સાંકળવામાં આવ્યા હતા. મૈસૂર રાજ્ય કરતાં જુદા પડીને હૈદ્રાબાદે સ્થાનિક સરદારોની સત્તા અકબંધ રાખી હતી. મુઘલ સેનાની જેમ હૈદ્રાબાદ રાજ્યની સેનાને પણ પગાર રોકડમાં ચૂકવવામાં આવતો હતો. આ રકમ ઉમરાવો નિઝામના ખજાનામાંથી મેળવતા હતા.

હૈદ્રાબાદની સેના મરાઠાઓ, કર્ણાટકના નવાબ, મૈસૂર તથા અંગ્રેજોને વશમાં રાખવાની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતી હતી. પરંતુ મૈસૂરે યુદ્ધ માટે રાજ્યની નાણાકીય આવક વધારવાના જે પ્રયત્નો કર્યા હતા તે બાબતમાં હૈદ્રાબાદ તેનાં કરતાં નિશ્ચિતપણે ઊણું ઊતર્યું હતું. ચાલો, હવે આપણે નાણાતંત્રમાં આવકના મુખ્ય સાધન એવા જમીન-મહેસૂલની વાત કરીએ અને એ જાણવા પ્રયત્ન કરીએ કે રાજ્ય માટે વધુ મહેસૂલ મેળવવાની બાબતમાં હૈદ્રાબાદ અને મૈસૂર રાજ્યમાં શું ફેર હતો.

## 4.7 ભૂમિ-મહેસૂલ પદ્ધતિ (Land-Revenue System)

હૈદ્રાબાદની મહેસૂલ પદ્ધતિ મૈસૂર કરતાં એ રીતે જુદી હતી કે મૈસૂરમાં હૈદરઅલી અને ટીપુ સુલતાને મહેસૂલ ઉઘરાવવા માટે મોટું અમલદારતંત્ર ઊભું કરીને તે પ્રત્યક્ષ રીતે ઉઘરાવવાના પ્રયત્ન કર્યા હતા. જ્યારે હૈદ્રાબાદ રાજ્યે તે માટેની જવાબદારી વચેટિયાઓને સોંપી હતી.

એમ. એ. નયીમ હૈદ્રાબાદની મહેસૂલી પદ્ધતિનાં લક્ષણો દર્શાવતાં નોંધે છે કે (1) હૈદ્રાબાદમાં મહેસૂલનો ઇજારો આપવાની પદ્ધતિ (ઇજારા) અસ્તિત્વમાં હતી. (2) બીજું ત્યાં મોટી સંખ્યામાં પેશકશ જમીનદારો હતા. તેમની જમીનની કાયદેસર કે વિધિસર રીતે કોઈ આકારણી કરવામાં આવતી નહિ. પરંતુ તેઓ પોતે જ સ્વ-આકારણી કરતા. તેના આધારે તેમણે વાર્ષિક ખંડણી એટલે કે પેશકશ આપવાની રહેતી. તેઓ પેશકશ આપતા, તેથી પેશકશ જમીનદારો કહેવાતા હતા. (3) ત્રીજું જમીનદારો અને દેશપાંડે (ગામના મુખી)ને પણ રાજ્ય દ્વારા આકારાયેલ ભૂમિ-મહેસૂલ આપવું પડતું, પરંતુ તે માટે તેમની સંમતિ મેળવવામાં આવતી.

ભૂમિ-મહેસૂલ ઊપજના 50%હોય તેમ અનુમાન કરાતું, પરંતુ આટલા પ્રમાણમાં ભાગ્યે જ મહેસૂલ એકત્ર થતું. રાજ્ય અને ભૂમિ-મહેસૂલ આપનારાઓની વચ્ચે વચેટિયા હતા અને તેઓનું મહત્ત્વનું સ્થાન હતું. રાજ્ય દ્વારા ઉઘરાવાયેલ મહેસૂલ જમાબંધી કહેવાતી. જ્યારે જમીન-માલિકની સંમતિથી નક્કી કરાયેલ મહેસૂલ કામિલ કહેવાતું. જમાબંધીની રકમ એ હંમેશાં કામિલ કરતાં ઓછી રહેતી. શ્રી નયીમ દર્શાવે છે કે જમાબંધી અને કામિલ વચ્ચેના તફાવતની રકમ એ ''જમીનદારનો હિસ્સો'' હતો - ઉપરોક્ત હકીકતથી પુરવાર થાય છે કે વચેટિયાઓનું મહત્ત્વનું સ્થાન હતું. ઉપરાંત નિઝામના સમયના મહેસૂલ અંગેના દસ્તાવેજથી આપણે એવો સાર કાઢી શકીએ કે ખરેખર મહેસૂલમાં પણ ઘટાડો થયો હતો.

હૈદ્રાબાદમાં રાજ્યની નોકરી બદલ જાગીરો કે ભૂમિ આપવામાં આવતી તે વારસાગત બનતી જતી હતી. જ્યારે મૈસૂરમાં તેમ થતું રોકવામાં આવતું હતું, પરંતુ હૈદ્રાબાદમાં તે રોકવા કોઈ ગંભીર પગલાં લેવામાં આવ્યાં ન હતાં, ઉપરાંત વંશપરંપરાગત જાગીરનો લાભ લઈને જાગીરદારોએ પોતાની સ્થિતિ મજબૂત બનાવી હતી. પરિણામે જાગીરદારોને તેની જાગીરના પ્રમાણમાં લેવાપાત્ર મહેસૂલની રકમ કરતાં પણ ઓછી રકમ મળતી હતી છતાં તેમની સામે કોઈ પગલાં લેવાતાં ન હતાં.

હૈદ્રાબાદના જમીન-મહેસૂલતંત્રમાં પ્રાંતિક વડા એવા અમિલની સત્તા હેઠળ અમલદારો ફરજ બજાવતા હતા. નિયમિત આકારણી અને સર્વેક્ષણ માટેનાં પગલાં લેવામાં આવ્યાં હતાં. રાજ્યે ધિરાણ અને માફીની નીતિ દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન આપ્યું હતું.

પરંતુ આ બધાં લક્ષણો વચેટિયાઓની શક્તિ અને મહત્ત્વ આગળ ઝાંખા પડી જતાં હતાં. આપણે ઉપર જોયું કે મહેસૂલની આકારણી અને ઉઘરાણીમાં તેમની ભૂમિકા નિર્ણાયક અને મહત્ત્વની હતી. પરિણામે નિઝામ હેઠળના હૈદ્રાબાદના રાજ્યતંત્રની નીતિ ઘડવામાં આ પરિબળે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. જમીન ઉપર વચેટિયાઓની જાળ બિછાવાઈ ગઈ હતી. તે રાજ્યના ટોચના સ્થાને પહોંચવા માટે અને સત્તા મેળવવાની હરીફાઈનો આધાર બની શકે તેમ હતાં.

## 4.8 આશ્રયદાતાઓ અને અસીલો (Patrons and Clients)

કરેન લિઓનાર્ડ હૈદ્રાબાદના રાજ્યતંત્રમાં આશ્રયદાતા-અસીલના શિથિલ સંબંધોની નોંધ કરે છે. મુખ્ય આશ્રયદાતા તરીકે તેણી નિઝામ અને શક્તિશાળી ઉમરાવોને ગણાવે છે. નિઝામે પોતાની પકડ જાળવી રાખી હતી પરંતુ તેની આસપાસનું ઉમરાવોનું જે જૂથ હતું તે અવારનવાર બદલાતું રહેતું હતું. મુઘલોના શાસન દરમિયાન ઉમરાવો માટે કારકિર્દીના વિકાસ માટે સમાન ધોરણો હતાં, પરંતુ નિઝામના રાજ્યમાં તેનો અભાવ હતો. નિઝામ સાથેના વ્યક્તિગત સંબંધો કે લશ્કરી કૌશલ્યનું મહત્ત્વ વધી રહ્યું હતું, તેથી હૈદ્રાબાદમાં શક્તિશાળી બનવું હોય તો મનસબનો હોદ્દો (મુઘલ પદ્ધતિની જેમ) ઉમરાવના વિકાસમાં બાધક બનતો ન હતો. ઘણા જમીનદારો અને જાગીરદારો જે પોતાની સાથે ઘણા નાના વચેટિયાઓને રાખી શકતા હતા, તેઓ ઓછું લશ્કરી અને કૂટનીતિક કૌશલ્ય ધરાવતા હતાં, છતાં શક્તિશાળી બન્યા હતા.

અગાઉની વહીવટી વ્યવસ્થા અથવા આ પૂર્વેના મુઘલોના જમીન-મહેસૂલ અંગેનાં નિયંત્રણોએ સત્તા અને સંપત્તિ એકત્રિત કરવાની તક મર્યાદિત કરી નાખી હતી. પરંતુ હવે તો સંસ્થાકીય માળખું જ નબળું પડી ગયું હતું. તેથી છેક ઉપરની ટોચ કક્ષા સુધીની રાજકીય સત્તા ઝૂંટવી શકાય તેમ હતું.

### 4.8.1 વકીલો (Vakils)

સત્તા અને સમૃદ્ધિ ઝૂંટવી લેવાની પ્રક્રિયામાં વકીલો તરીકે ઓળખાતા વચેટિયાઓએ પણ મદદ કરી હતી. આ વકીલો નિઝામ અને ઉમરાવો, ઉમરાવો અને ઉમરાવો, તથા નિઝામ અને બાહ્ય સત્તાઓ વચ્ચેના એજન્ટ તરીકે કામ કરતા હતા. વળી, વકીલો હૈદ્રાબાદના ઉમરાવો દ્વારા જળવાયેલી વિશાળ અને સમૃદ્ધ પેઢીઓમાં વ્યક્તિઓ માટે તકો પૂરી પાડતા હતા. વકીલો મોટે ભાગે વ્યક્તિઓનાં હિતોના

આધારે કામ કરતા હતા. જો તેમના આશ્રયદાતા શક્તિશાળી હોય તો તેઓ પણ શક્તિશાળી બનતા હતા. છતાં વ્યક્તિગત લાભ માટે તેઓ એક પક્ષની વફાદારી છોડીને બીજા પક્ષે ભળી જતા હતા. આવા બનાવ સામાન્ય હતા. આમ, જ્યાં કારકિર્દીના વિકાસ માટે કોઈ એકસમાન ધારાધોરણો પ્રવર્તતાં ન હતાં તેવા વાતાવરણમાં વકીલો એ સત્તા અને સંપત્તિ મેળવવાની હરીફાઈમાં વ્યક્તિગત પહેલ કરનારાં પરિબળોના પ્રતિનિધિ હતા તેમ કહી શકાય.

## 4.9 સ્થાનિક સરદારો (The Local Cheifs)

મૈસૂર કરતાં જુદા પડીને નિઝામના શાસન હેઠળ સ્થાનિક સરદારોએ નિઝામને ખંડણી આપીને વારસાગત જમીન ઉપર પોતાનું નિયંત્રણ ચાલુ રાખ્યું હતું. જોકે તેઓ પણ નિઝામ અને તેના ઉમરાવોની જેમ આશ્રયદાતાની ભૂમિકા ભજવતા હતા. છતાં તેઓ હૈદ્રાબાદની રાજકીય વ્યવસ્થામાં કદાપિ એકાકાર બન્યા ન હતા. તેમના વકીલો પણ બીજા રાજાઓ સાથે સંબંધો રાખતા ન હતા. સ્થાનિક સરદારો હૈદ્રાબાદના દરબારની જીવનપદ્ધતિને પણ અપનાવતા ન હતા. તેઓ દરબારના રાજકારણના ક્ષેત્રથી દૂર રહેવામાં સંતોષ માનતા હતા. પરંતુ જ્યારે હૈદ્રાબાદનો દરબાર નબળો પડી ગયો ત્યારે તેઓ નિર્ણાયક વ્યક્તિગત પરિબળ બની શક્યા હતા.

## 4.10 નાણાકીય અને લશ્કરી જૂથો (Financial and Military Groups)

હૈદ્રાબાદની રાજકીય વ્યવસ્થામાં શરાફો, બૅંકરો અને લશ્કરી સેનાપતિઓ (મોટે ભાગે ભાડૂતી) મહત્ત્વનો ભાગ ભજવતા હતા. તેઓ ચાવીરૂપ સ્થાન ધરાવતા હતા, કારણ કે તેઓ મહત્ત્વની નાણાકીય અને લશ્કરી સેવાઓ પૂરી પાડતા હતા. તેઓ પોતાની શક્તિ પોતે જે કોમમાંથી આવતા હતા તેમાંથી મેળવતા હતા. વકીલો કરતાં જુદી રીતે તેઓ જાતિ કે કોમના જૂથ તરીકે કામ કરતા હતા. નાણાકીય જૂથોમાં કેટલાક કોમ કે જાતિનાં મુખ્ય જૂથોમાં અગ્રવાલ અને મારવાડીઓ હતા, જ્યારે અફઘાનો અને આરબો એ પ્રસિદ્ધ લશ્કરી જૂથો હતાં. પોતાનું સમર્થન અને સેવા પાછા ખેંચી લેવાની ધમકી આપીને આ જૂથો અને વ્યક્તિઓ રાજ્યતંત્રના સંતુલનમાં મહત્ત્વનો ભાગ ભજવતા હતાં.

## 4.11 વહીવટી વ્યવસ્થા (Administrative System)

વહીવટી વ્યવસ્થા પણ હૈદ્રાબાદના રાજ્યતંત્રનાં અન્ય પાસાઓનાં વલણનું અનુકરણ કરતી હોય એમ લાગે છે. આ પૂર્વેની મુઘલ સંસ્થાઓ બાહ્યરૂપે તો ચાલુ રહી હતી. પરંતુ હવે તે સ્થાપિત તત્ત્વોને પોતાનાં હિતોનું સુદૃઢીકરણ કરવાની પરવાનગી આપતી હતી. આ પ્રક્રિયામાં અંતે વ્યક્તિઓને લાભ થતો હતો. તેમાં દીવાનના હોદ્દાનો દાખલો સૌથી મહત્ત્વનો ગણાય. તે રાજ્યની રોજબરોજની કામગીરી સંભાળતો હતો. પરંતુ અહીં તો દીવાનના બદલે તેના આશ્રિત જેવા વારસગત દફ્તરદારો અથવા નોંધ રાખનારાઓ વધુ મહત્ત્વના બની ગયા. મહેસૂલ જેવાં ખાતાંઓની કામગીરી કરવા માટે પગારદાર અમલદારો ન હતા, તેથી આ નોંધ રાખનારાઓ સાચું નિયંત્રણ રાખવા સમર્થ બન્યા હતા. કારણ કે તેઓ સ્થાનિક દેશપાંડે અથવા તાલુકેદાર પાસેથી મહેસૂલની રકમ નક્કી કરાવીને તેની નોંધ કરતા. તેના પરિણામે તેમાંથી અનેક લોકોએ ઘણી સંપત્તિ ભેગી કરી.

### તમારી પ્રગતિ ચકાસો - 2

1. નીચેનાં વાક્યોમાંથી જે સાચાં હોય તેની સામે (√)ની નિશાની અને જે ખોટાં હોય તેની સામે (x) ની નિશાની કરો :

   (1) મુઘલ સામ્રાજ્ય દરમિયાન દખ્ખણનો મુઘલ સૂબેદાર હૈદ્રાબાદમાં મૂકવામાં આવતો હતો.

   (2) મુઘલ સમ્રાટે 1713માં નિઝામ આસફજાહને સૂબેદાર નીમ્યો હતો.

   (3) હૈદ્રાબાદના શાસકોએ ભૂમિ-મહેસૂલ પદ્ધતિમાં વચેટિયા પદ્ધતિ રાખી ન હતી.

   (4) વકીલો નિઝામ અને વેપારીઓ વચ્ચે એજન્ટ તરીકે કામ કરતા હતા.

   (5) હૈદ્રાબાદનાં નાણાતંત્રમાં મુખ્ય વ્યક્તિગત જૂથો આરબો અને અફઘાનોનાં હતાં.

   (6) હૈદ્રાબાદના રોજબરોજના વહીવટનું કાર્ય દફતરદાર કરતો હતો.

2. એમ. એ. નયીમે દર્શાવેલ હૈદ્રાબાદની ભૂમિ-મહેસૂલ પદ્ધતિની વિશેષતાઓ વર્ણવો.
3. હૈદ્રાબાદમાં પ્રવર્તતાં મુખ્ય નાણાકીય અને લશ્કરી જૂથોનાં નામ અને કામ દર્શાવો.

## 4.12 સારાંશ (Let us Sum up)

મૈસૂરના રાજ્યતંત્રના અભ્યાસ ઉપરથી આપણને જાણવા મળે છે કે કેવી રીતે નબળી રીતે સ્થપાયેલી અથવા નબળી બની ગયેલી સંસ્થાઓ વ્યક્તિઓને રાજ્યતંત્રમાં વિવિધ તબક્કે મહત્ત્વનો ભાગ

ભજવવાની છૂટ આપે છે. મૈસૂર રાજ્યના તંત્રમાં પણ કેટલીક વારસાગત નબળાઈઓ હતી. પરંતુ હૈદરઅલી અને ટીપુ સુલતાનની લશ્કરી તાકાતને કારણે આ નબળાઈઓ ઉપર તેઓ કાબૂ મેળવી શક્યા અને એક શક્તિશાળી વહીવટતંત્ર સ્થાપી શક્યા. તેનાથી અનેક વ્યક્તિઓને અને પરિબળોને તેઓ અમુક અંશે દખલગીરી કરતા રોકી શક્યા, પરંતુ તેમને ખતમ તો કરી શક્યા નહિ, જ્યારે હૈદ્રાબાદ રાજ્યે તો સ્થાપિત હિતોને પાંગરવા દીધાં અને પરિણામે તેમની સત્તા પણ સુદૃઢ બનવા લાગી. તેમણે ઉપરથી નીચે સુધી આશ્રિત-અસીલ સંબંધો દ્વારા પોતાના રાજ્યતંત્રની સ્થાપના કરી.

## 4.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો - 1

(1) (1) √ (5) ×
(2) √ (6) ×
(3) × (7) √
(4) √ (8) ×

### તમારી પ્રગતિ ચકાસો - 2

1. (1) √ (4) ×
(2) √ (5) ×
(3) × (6) ×

2. જવાબ માટે જુઓ વિભાગ 4.7

3. જવાબ માટે જુઓ વિભાગ 4.10

## 4.14 ચાવીરૂપ શબ્દો (Key-words)

**ઇજારદાર :** રાજ્ય તરફથી એક નિશ્ચિત રકમના બદલામાં ખેતીની જમીન મેળવનાર વ્યક્તિ.

**આશ્રયદાતા :** એવી વ્યક્તિ કે જે હોદ્દા અથવા પ્રભાવને કારણે કોઈને લાભ આપીને ખુશ કરી શકે છે.

**ખુતબા :** સમ્રાટ માટેની પ્રાર્થના

# એકમ : 5 પંજાબ (The Punjab)

## રૂપરેખા

5.1 ઉદ્દેશો અને પ્રસ્તાવના
5.2 સ્વાયત્તતા પૂર્વેનું પંજાબનું રાજ્યતંત્ર
5.3 શીખવાદ : ધાર્મિકથી રાજકીય ઓળખ તરફ
5.4 શીખ રાજ્યનો ઉદય
5.5 શીખ રાજ્ય અને બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની
5.6 રાજ્યનું સંગઠન
    5.6.1 પ્રાદેશિક વહીવટીતંત્ર
    5.6.2 મહેસૂલી વહીવટીતંત્ર
5.7 શીખ રાજ્યતંત્રનું સ્વરૂપ
5.8 સારાંશ
5.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
5.10 ચાવીરૂપ શબ્દો

## 5.1 ઉદ્દેશો અને પ્રસ્તાવના (Objectives and Introduction)

આ એકમમાં 18મી સદીના મધ્યથી શરૂ કરીને 19મી સદીના મધ્ય સુધીમાં પંજાબમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપનાની વિગતો આપવામાં આવી છે. આ એકમમાં તમને નીચે પ્રમાણેની બાબતોની માહિતી મળશે :

- શીખ શાસનની સ્થાપના પહેલાં પંજાબમાં રાજ્યતંત્રનો વિકાસ
- શીખ ધર્મસંપ્રદાયનું એક રાજકીય પરિબળમાં રૂપાંતર
- શીખ રાજ્યના ઉદ્ભવની પ્રક્રિયા અને અંતે તેનું બ્રિટિશ સામ્રાજ્ય વિલીનીકરણ.
- રાજ્યનું સંગઠન અને
- શીખ શાસનનું સ્વરૂપ

એકમ 2, 3 અને 4માં આપણે એ બાબતની ચર્ચા કરી કે 18મી સદીમાં બંગાળ, અવધ, હૈદ્રાબાદ, મૈસૂર અને મરાઠા પ્રદેશમાં કેવી રીતે સ્વાયત્ત રાજકીય સત્તાનો વિકાસ થયો. અહીં આપણે આ એકમમાં પંજાબ અંગે અભ્યાસ કરીશું. પંજાબમાં રાજ્યસત્તાનો જે વિકાસ થયો તેનું વલણ એ અન્ય મુઘલ પ્રાંતોમાં સ્વાયત્ત રાજ્યોનાં ઉદય કરતાં જુદા પ્રકારનું હતું. બીજા મુઘલ પ્રાંતોમાં ત્યાંના મુઘલ ગવર્નરોએ જે-તે પ્રાંતમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. પરંતુ પંજાબમાં સ્થાનિક લોકોનો એક સમૂહ જે શીખોનો હતો, તેમણે ત્યાં સ્વતંત્ર રાજ્યસત્તાની સ્થાપના કરી હતી, તેથી સ્વાભાવિક રીતે જ એ જાણવું રસપ્રદ બની રહે કે શીખોએ કેવી રીતે પંજાબમાંથી મુઘલ સત્તાને નાબૂદ કરીને ત્યાં તેના સ્થાને પોતાના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. આ એકમમાં સૌપ્રથમ તમને પંજાબમાં શીખ રાજ્યના ઉદ્ભવ પહેલાંની રાજકીય પરિસ્થિતિની સમજ આપવામાં આવશે. પછીથી તમને એ દર્શાવવામાં આવશે કે શીખોનું એક ધાર્મિક વ્યવસ્થામાંથી એક રાજકીય વ્યવસ્થામાં કેવી રીતે રૂપાંતર થયું અને પછીથી સ્વતંત્ર શીખ રાજ્યની સ્થાપના કેવી રીતે થઈ તે દર્શાવવામાં આવશે. અંતે આ એકમમાં શીખોની વહીવટી વ્યવસ્થા અને શીખ શાસનના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે.

## 5.2 સ્વાયત્તતા પૂર્વેનું પંજાબનું રાજ્યતંત્ર (The Punjab Polity Before Autonomy)

18મી સદીના ઉત્તરાર્ધમાં મુઘલ સામ્રાજ્યના વિઘટન પછી વિવિધ પ્રાંતોમાં સ્વતંત્ર રાજકીય સત્તાની સ્થાપના થઈ હતી. બંગાળ, અવધ અને હૈદ્રાબાદમાં ત્યાંના મુઘલ ગવર્નરોએ જ સ્વતંત્ર રાજ્ય સ્થાપવામાં સફળતા મેળવી હતી, પરંતુ પંજાબમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપનાની પ્રક્રિયા તેના કરતાં જુદા પ્રકારની રહી હતી. ઝકરિયાખાન (1726-1745) એ લાહોરનો મુઘલ ગવર્નર હતો. તેણે પંજાબ ઉપર પોતાનું નિયંત્રણ વધુ મજબૂત કરવા પ્રયાસો કર્યા હતા. પરંતુ તે આ પ્રાંતમાં સ્વતંત્ર રાજ્યતંત્ર સ્થાપવામાં સફળ થયો ન હતો. બીજા પ્રાંતોની સરખામણીમાં પંજાબની સ્થિતિ જુદા પ્રકારની હતી. આ સમયગાળા દરમિયાન પંજાબના રાજ્યતંત્રમાં નીચે પ્રમાણેનાં પરિબળોની અસર વ્યાપક હતી :

1. સ્વતંત્ર રાજકીય સત્તાની સ્થાપના માટે શીખોનો સંઘર્ષ
2. વિદેશીઓ એવા ઈરાનીઓ અને અફઘાનોનાં આક્રમણો
3. મરાઠાઓની ચડાઈઓ
4. પ્રાંતિક વહીવટીતંત્રમાં પ્રવર્તતી હરીફ જૂથો વચ્ચેની સાઠમારી

શીખોનું આંદોલન જે આ પૂર્વે ધાર્મિક પ્રકારનું હતું તે 18મી સદીમાં રાજકીય આંદોલનમાં ફેરવાઈ ગયું હતું અને તે મુખ્યત્વે મુઘલ શાહી સત્તાની સામે હતું. 18મી સદીના પ્રારંભિક વર્ષોમાં શીખ ગુરુ ગોવિંદસિંહના મૃત્યુ પછી તેના શિષ્ય બંદા બહાદુરના નેતૃત્વ હેઠળ ખેડૂતોનો વિદ્રોહ થયો હતો. વળી, આ સમયગાળામાં પંજાબ પ્રાંત ઉપર પોતાનું પ્રભુત્વ જાળવી રાખવું એ મુઘલ સત્તા માટે ખૂબ જ મુશ્કેલીભર્યું કાર્ય બની ગયું હતું. 1715માં બંદાબહાદુરની હત્યા થતાં મુઘલો માટે થોડા સમય પૂરતી રાહત થઈ. પરંતુ તે હત્યા પછી તો શીખો અસંખ્ય નાનાંનાનાં અને હરતાંફરતાં જૂથોમાં સંગઠિત થયા. આ જૂથો જાથા તરીકે ઓળખાતાં હતાં. આ જાથાઓ એ મુઘલોની શાહી સત્તા માટે પડકારરૂપ બન્યા હતા.

તેમાં વળી, 1739માં ઈરાનના નાદિરશાહના ભારત ઉપરના આક્રમણને પરિણામે પંજાબમાં મુઘલ સત્તાની સ્થિતિ વધુ કફોડી બની. પંજાબ પ્રાંત ઉપરનાં નાદિરશાહનાં આક્રમણ અને તેણે ત્યાં ચલાવેલી લૂંટને કારણે પંજાબમાં મુઘલ સત્તાની પ્રતિષ્ઠાને ભયંકર ફટકો પડ્યો. નાદિરશાહના આક્રમણ પછી અહમદશાહ અબ્દાલીના નેતૃત્વ હેઠળ અફઘાન સેનાએ પંજાબ ઉપર અનેકવાર આક્રમણો કર્યાં. તેના કારણે પંજાબમાંની મુઘલ સત્તાને અંતિમ ફટકો લાગ્યો. આમ, ઈરાનીઓ અને અફઘાનોનાં વિદેશી આક્રમણોથી અશાંત પંજાબમાં તત્કાલીન પરિસ્થિતિનો લાભ લઈને મરાઠાઓએ પોતાની સત્તા સ્થાપવા માટેના પ્રયાસો કર્યા. તેમાં વળી, પંજાબના પ્રાંતિક વહીવટમાં હરીફ જૂથો વચ્ચે સત્તા મેળવવા માટેની સાઠમારી ચાલતી હતી. તેનાથી પણ પંજાબની રાજકીય સ્થિરતા જોખમમાં મુકાઈ. તેમાં પણ લાહોરના સૂબા ઝકરિયાખાનના મૃત્યુ પછી વારસદારના પ્રશ્ને ઉગ્ર વિવાદ ઊભો થયો હતો. તેને ત્રણ પુત્રો હતા - યાહિયાખાન, શાહનવાઝખાન અને મીર બાગી. તે ત્રણે પંજાબનું ગવર્નરપદ મેળવવા માગતા હતા. તેથી ભાઈઓ વચ્ચે આંતરિક વિગ્રહની સ્થિતિ સર્જાઈ. મુઘલ સમ્રાટે એક વર્ષ સુધી કોઈને તે હોદ્દા ઉપર ન નીમ્યા. પરંતુ અંતે તેણે યાહિયાખાનને પંજાબના ગવર્નર તરીકે નીમવા સંમતિ આપી. પરંતુ મુઘલ સમ્રાટના આ નિર્ણયથી આંતરિક સંઘર્ષ બંધ થવાને બદલે વધુ ઉગ્ર બન્યો. અંતે તેના ભાઈ શાહનવાઝખાને તેની પાસેથી પંજાબના ગવર્નરનો હોદ્દો બળપૂર્વક આંચકી લીધો. યાહિયાખાનના કાકા કમરુદ્દીન એ દિલ્હીમાં મુઘલ સમ્રાટના વઝીર હતા. વળી, તે તેના સસરા પણ થતા હતા. તેથી તે ભાગીને દિલ્હી ગયો અને મુઘલ સમ્રાટ મહંમદશાહ અને પોતાના સસરા વઝીર કમરુદ્દીન પાસે મદદની માગણી કરી. તેનો ભાઈ શાહનવાઝ પણ પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે પ્રયત્નશીલ હતો. યાહિયાખાન દિલ્હી મદદ માટે જતાં શાહનવાઝખાને અહમદશાહ અબ્દાલી પાસે મદદની માગણી કરી. બંને ભાઈઓ પોતપોતાના ટેકેદાર એવા મુઘલ સમ્રાટ અને અહમદશાહ અબ્દાલીની સેના સાથે સામસામે લડ્યા. તેમાં મુઘલ વઝીર કમરુદ્દીન મૃત્યુ પામ્યા. આ યુદ્ધને અંતે વઝીરના પુત્ર મીર મન્નુને લાહોરનો ગવર્નર બનાવવામાં આવ્યો.

બીજી બાજુ દિલ્હીનો મુઘલ દરબાર પણ કાવતરાંઓનું કેન્દ્ર બન્યો હતો. મુઘલ સમ્રાટે નવા વઝીર તરીકે સફદરજંગની નિમણૂક કરી હતી. તે લાહોરના નવા નિમાયેલા ગવર્નર મીર મન્નુનો વિરોધી હતો. તેથી તેણે મીર મન્નુની વિરુદ્ધ કાવતરાંઓ ઘડ્યાં. તેમાં તેને લાહોરના ગવર્નરપદના એક દાવેદાર શાહનવાઝખાનનો ટેકો હતો. તેથી તેણે શાહનવાઝખાનના ટેકાથી લાહોરમાં કેટલાક પ્રશ્નો ઊભા કર્યા હતા. પરંતુ મીર મન્નુ આ કટોકટી ઉકેલવા સમર્થ હતો. પરંતુ મીર મન્નુ માટે લાહોરનું ગવર્નરપદ કાંટાળો તાજ બન્યો હતો. મુઘલ વઝીર તરફથી તેને સમર્થન તો મળતું ન હતું પરંતુ તે તેનો વિરોધ કરતો હતો. બીજી બાજુ અફઘાન આક્રમક નાદિરશાહનાં પંજાબ ઉપરનાં આક્રમણો સતત ચાલુ હતાં, તેથી મીર મન્નુને લાહોર પ્રાંતમાં વહીવટ સ્થિર કરી તેને કાર્યક્ષમ બનાવવાનો સમય જ મળતો ન હતો, તેથી અબ્દાલી સાથેના સતત સંઘર્ષમાં અંતે મીર મન્નુ પરાજિત થયો. મુઘલ સમ્રાટની સત્તા પણ નબળી પડી ગઈ હતી. તેથી અહમદશાહ અબ્દાલીએ મુઘલ સમ્રાટ પાસેથી પંજાબ, કાશ્મીર અને સિંધના પ્રદેશ મેળવી લીધા, અહમદશાહે પોતાના પુત્ર તિમુરશાહને લાહોરનો ગવર્નર નીમ્યો. પરંતુ જાલંધર દોઆબના ફોજદાર આદિનાબેગખાને મરાઠાઓની મદદ લઈને તિમુરને પંજાબમાંથી હાંકી કાઢ્યો. મરાઠાઓ જાણતા હતા કે પંજાબ પ્રાંતનો પ્રત્યક્ષ વહીવટ કરવાનું કામ કપરું છે. તેથી તેમણે આદિનાબેગખાનને પંજાબનો વહીવટ વાર્ષિક 75 લાખ રૂપિયાની ખંડણી આપવાની શરતે સોંપ્યો. આદિનાબેગના અવસાન પછી મરાઠાઓએ ખ્વાજા મિરઝા જાનને લાહોર (પંજાબ)નો ગવર્નર નીમ્યો, પરંતુ અફઘાનો મરાઠાઓના હાથે મળેલા પરાજયને ભૂલ્યા ન હતા. તેથી તેઓ પોતાના પરાજયનો બદલો લેવાની તકની શોધમાં હતા તે માટે તેઓ તૈયારીઓ પણ કરી રહ્યા હતા. પંજાબમાં વધતી જતી મરાઠા સત્તાને તેઓ ભયરૂપ માનવા લાગ્યા હતા, તેથી અફઘાનોએ ફરી એક વાર અહમદશાહ અબ્દાલીના નેતૃત્વ હેઠળ ભારત ઉપર આક્રમણ કર્યું અને ઉત્તર ભારતમાં પણ શક્તિશાળી બની ગયેલા મરાઠાઓને 1761માં પાણિપતના ત્રીજા યુદ્ધમાં હરાવ્યા. પરિણામે મરાઠા સત્તાની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો.

આવી રાજકીય પરિસ્થિતિને કારણે લાહોરના મુઘલ ગવર્નર બંગાળ, અવધ કે હૈદ્રાબાદના ગવર્નરોની જેમ પંજાબમાં સ્વતંત્ર રાજકીય સત્તા સ્થાપી શક્યા નહીં. તો પંજાબ પ્રાંતમાં પ્રવર્તતી અસ્થિર રાજકીય પરિસ્થિતિનો શીખોએ પૂરેપૂરો લાભ લીધો અને અંતે પંજાબમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી.

હવે પછી આપણે એ બાબતની ચર્ચા કરીશું કે શીખો કેવી રીતે એક ધાર્મિક કોમમાંથી એક સ્વતંત્ર રાજકીય સત્તા સ્થાપવામાં સફળ થયા.

## 5.3 શીખવાદ : ધાર્મિકથી રાજકીય ઓળખ તરફ (Shikhism : Religions to Political Identity)

15મી અને 16મી સદીમાં થયેલ સુધારાઓની ચળવળને કારણે ભારતની ધાર્મિક વિચારસરણી અને માન્યતાઓમાં પરિવર્તન આવ્યું હતું. તેનાથી એક પ્રકારની નૂતન ધાર્મિક ચેતનાનો સંચાર થયો હતો. ભારતમાં આ ધાર્મિક ચળવળો ચાલતી હતી તે સમયગાળા દરમિયાન પંજાબમાં પણ શીખવાદ નામના એક ધાર્મિક વિચાર-સંપ્રદાયનો ઉદય થયો હતો. આ નવા સંપ્રદાયના સ્થાપક ગુરુનાનક હતા. તેમણે પોતાના શિષ્યોને શીખો તરીકે ઓળખાવ્યા હતા. શીખનો અર્થ થાય છે શિષ્ય અથવા અધ્યયનકર્તા. સમય જતાં આ ધર્મસંપ્રદાય ફેલાયો અને શીખ નામ એ ધર્મસંપ્રદાયને બદલે એક પ્રજાનું નામ બની ગયું. પંજાબની પ્રજાનું આ 'શીખ' બિરુદ એ જાતિગત નહીં પણ ધાર્મિક પ્રકારનું હતું. ગુરુનાનકે નવો સંપ્રદાય સ્થાપીને ધાર્મિક ચળવળને પ્રોત્સાહન આપ્યું હતું. તેમની આ ચળવળ એ શાંતિપૂર્ણ, બિન સાંપ્રદાયિક અને ધાર્મિક જીવન અંગે સમાધાન સાધનારી હતી. ગુરુનાનક પછી કુલ નવ ગુરુઓ થયા, જેમણે 200 વર્ષોના ગાળામાં શીખો વચ્ચે ભ્રાતૃભાવની ભાવના પેદા કરી, તેને સંગઠિત કરી તથા તેને મજબૂત કરી હતી. ઉપરાંત તેમણે મુઘલ સમ્રાટો અને તેના ગવર્નરોના પડકારોની સામે લડવા માટેના એક શક્તિશાળી લડાયક જૂથ તરીકે તેની રચના કરી હતી. આ કાર્ય કરવા માટે આ ગુરુઓએ અનેક મહત્ત્વની કામગીરી બજાવી હતી. તેમાંથી મુખ્ય આ પ્રમાણે ગણાવી શકાય :

1. ગુરુ અંગદે ગુરુમુખી લિપિનો વિકાસ કર્યો હતો.
2. ગુરુ રામદાસે અમૃતસરના મંદિરનો પાયો નાખ્યો હતો.
3. ગુરુ અર્જુનદેવે આદિગ્રંથનું સંપાદન કર્યું હતું.
4. ગુરુ હરગોવિંદે શીખોને યુદ્ધકળા, યુદ્ધની યુક્તિ-પ્રયુક્તિ તથા વ્યૂહરચનાની તાલીમ આપી હતી.
5. ગુરુ ગોવિંદસિંહે શીખોને એક લડાયક બળ તરીકે સંગઠિત કર્યાં હતા તથા તેના સંગઠન માટે ખાલસાની રચના કરી હતી.

ગુરુ ગોવિંદસિંહના અવસાન પછી ગુરુપરંપરાનો અંત આવ્યો અને શીખોની નેતાગીરી તેમના વિશ્વાસુ શિષ્ય બંદા બૈરાગીને સોંપવામાં આવી. બંદા બૈરાગી બંદાબહાદુર નામથી વધુ જાણીતા હતા, તેણે લગભગ 8 વર્ષ સુધી મુઘલ સેનાની સામે ઉગ્ર સંઘર્ષ કર્યો હતો. 1715માં તેમને પકડી લઈને તેમની હત્યા કરી નાખવામાં આવી હતી. બંદાબહાદુરની હત્યા પછી લગભગ એક દસકા સુધી મુઘલ સત્તાધીશોએ વિદ્રોહી શીખોને નિયંત્રણમાં લાવવા પ્રયત્નો કર્યા હતા, પરંતુ તેમાં તેમને સફળતા મળી નહિ. બીજી બાજુ શીખો શક્તિશાળી બનવા લાગ્યા હતા. પંજાબમાં તેઓ એક શક્તિશાળી રાજકીય બળ તરીકે પ્રસ્થાપિત થઈ શક્યા. તે માટે અનેક પરિબળો જવાબદાર હતાં, તેમાંથી મુખ્ય નીચે પ્રમાણે ગણાવી શકાય :

1. 18મી સદીના પ્રારંભિક દસકાઓમાં મુઘલ શાહી સત્તાની નબળાઈઓ.
2. નાદિરશાહ અને અહમદશાહ અબ્દાલીનાં ભારત ઉપરનાં આક્રમણો મરાઠાઓની ચડાઈઓ
3. મરાઠાઓની ચડાઈઓ
4. પ્રાંતિક વહીવટીતંત્રમાં સહકાર અને સંકલનનો અભાવ
5. વિવિધ સ્થાનિક સરદારો અને જમીનદારો દ્વારા શાહી સત્તાને પડકાર.

આવી રાજકીય પરિસ્થિતિને કારણે પંજાબમાં પ્રવાહી પરિસ્થિતિનું નિર્માણ થયું અને તેના પરિણામે શીખોનો એક શક્તિશાળી પરિબળ તરીકે ઉદ્ભવ થયો. તેમાં વળી, અહમદશાહ અબ્દાલીના મૃત્યુ પછી ઉત્તર ભારતમાં અફઘાનોની સત્તાનો મૃત્યુઘંટ વાગી ગયો. અફઘાન સત્તાના પતનને કારણે શીખ રાજ્યસંઘોએ પંજાબમાં મહત્ત્વપૂર્ણ સ્થાન મેળવી લીધું અને પંજાબમાં પોતપોતાના સરદારોની નેતાગીરી હેઠળ તેઓ સ્વતંત્ર ઠકરાતો સ્થાપવામાં સફળ થયા.

મુઘલ સત્તા દ્વારા સ્વાભાવિક રીતે જ શીખોની આવી સ્વતંત્ર સત્તાને દાબી દેવા માટેના પ્રયાસો થતા રહ્યા. તેથી શીખોએ પોતાને નાનાંનાનાં અનેક જૂથોમાં સંગઠિત કર્યાં. આ જૂથો 'જાથા' કહેવાતા હતા અને સ્થિર રહેવાને બદલે હરતાંફરતાં રહેતાં હતાં. દરેક જાથાનું સંચાલન એક જાથેદાર કરતો. આ બધા જાથેદારોને શાહી સત્તાનો સંયુક્ત સામનો કરવા માટે સંગઠિત થવાની જરૂરિયાતનું મહત્ત્વ સમજાઈ ગયું હતું. તેથી તેઓ વૈશાખી અને દિવાળી જેવા મોટા અને મહત્ત્વના તહેવારોના સમયે જૂથોમાં એકત્ર થઈ મળતા હતા. જોકે આ મિલનોને નિયમિત સ્વરૂપ આપી શકાયું ન હતું. છતાં તેનાથી શીખોનાં વિવિધ જૂથો વચ્ચે એકતા સ્થાપવાની ભાવનાને પ્રોત્સાહન મળ્યું.

તેમાં વળી, મુઘલો અને મરાઠાઓને અફઘાનોએ પરાજિત કર્યા, તેથી તેમની સત્તા ક્ષીણ થઈ ગઈ અને પંજાબમાં શીખોને પોતાની સત્તા સુદૃઢ કરવાની તક મળી. 1761માં પાણિપતના ત્રીજા યુદ્ધ પછીનાં

થોડાં વર્ષો પછી જ એટલે કે 1765થી શીખોની રાજકીય સત્તાનો સ્થિર ગતિએ વિકાસ થયો. તેના પરિણામે 19મી સદીના પ્રારંભે પંજાબમાં એક સ્વતંત્ર શીખ રાજ્યની સ્થાપના થઈ, 18મી સદીના પૂર્વાર્ધમાં શીખોનાં નાનાંનાનાં જૂથો રચાયાં હતાં. તે જાથા તરીકે ઓળખાતાં હતાં. પરંતુ 18મી સદીના ઉત્તરાર્ધમાં આ નાનાંનાનાં જાથાઓએ એકત્ર થઈને મોટા 12 પ્રાદેશિક રાજ્યસંઘોની રચના કરી હતી. આ રાજ્યસંઘો મિસ્લ તરીકે ઓળખાતા હતા. તેની નેતાગીરી વિવિધ સ્થાનિક સરદારોના હાથમાં હતી. આ 12 મિસ્લમાંથી કેટલાક મહત્ત્વના મિસ્લોનાં નિયંત્રણ હેઠળના પ્રદેશો આ પ્રમાણે હતા .

1. ભાંગીઓ ઝેલમ અને સિંધુ નદી વચ્ચેના પ્રદેશ, લાહોર તથા અમૃતસર ઉપર નિયંત્રણ ધરાવતા હતા.
2. રામગઢીઆઓ જાલંધર દોઆબ ઉપર સત્તા ધરાવતા હતા.
3. કન્હૈયાઓ રાઈકી પ્રદેશ ઉપર નિયંત્રણ ધરાવતા હતા.
4. સિંધપુરિયાઓ સતલજ નદીની પૂર્વ અને પશ્ચિમે આવેલા પ્રદેશ ઉપર નિયંત્રણ ધરાવતા હતા.
5. આહલુવાલિયાઓ રાઈકોટ અને કપુરથલા ઉપર નિયંત્રણ ધરાવતા હતા.
6. સુકેરચાકિયાઓ ગુજરાનવાલા અને વઝીરાબાદ ઉપર નિયંત્રણ ધરાવતા હતા.
7. ફૂલકિયાઓ માળવા અને સરહિંદ ઉપર નિયંત્રણ ધરાવતા હતા.

આ મિસ્લો સમાનતાના સિદ્ધાંત અનુસાર રચાયાં હતાં, તેમાં જોડાનાર દરેક સભ્ય જાથાને પોતાના મિસ્લના પ્રશ્નો અંગે નિર્ણય લેવાની બાબતમાં સમાન હક હતો. તેમને મિસ્લના વડા અને મિસ્લના સંગઠનના અન્ય અમલદારોની નિમણૂક બાબતમાં પણ સમાન હક હતો. મિસ્લની રચનાના પ્રારંભિક તબક્કે તેમાં સંપૂર્ણ એકતા પ્રવર્તતી હતી તથા તેનું સ્વરૂપ લોકતંત્રાત્મક પ્રકારનું હતું. પરંતુ અફઘાનોના આક્રમણનો ભય દૂર થતાં આ એકતા અને લોકતંત્રાત્મક પદ્ધતિમાં ઓટ આવી હતી. સમય જતાં શક્તિશાળી સરદારોના ઉદ્ભવ, તેમનાં પારસ્પરિક સંઘર્ષો અને આંતરિક યુદ્ધોને કારણે મિસ્લના લોકતંત્રાત્મક સ્વરૂપનો અંત આવ્યો હતો. આ આંતરિક સંઘર્ષને કારણે મિસ્લની શક્તિમાં ઘટાડો થયો હતો. અંતે સુકેરચાકિયા મિસ્લના નેતા રણજીતસિંહ એ બીજા સરદારો કરતાં સૌથી વધુ શક્તિશાળી બન્યા હતા. તેમણે શસ્ત્રો વડે શીખોમાં એકતા સ્થાપી હતી.

## તમારી પ્રગતિ ચકાસો - 1

1. ઝકરિયાખાનના મૃત્યુ પછી પંજાબમાં થયેલા વારસાવિગ્રહની ચર્ચા કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

2. મુઘલ સત્તાનો પ્રતિકાર કરવા માટે શીખોના વિવિધ ગુરુઓએ કરેલાં કાર્યોનું વર્ણન કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

3. પંજાબમાં શીખો એક શક્તિશાળી રાજકીય પરિબળ બન્યા તે માટે જવાબદાર કારણોની સમીક્ષા કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

4. મહત્ત્વના વિવિધ મિસ્લના નિયંત્રણ હેઠળના પ્રદેશો દર્શાવો.

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................

5. નીચેનાં વાક્યોમાંથી જે સાચાં હોય તેની સામે (√)ની નિશાની અને ખોટાં હોય તેની સામે (x)ની નિશાની કરો :

1. ઝકરિયાખાન એ લાહોરનો મુઘલ ગવર્નર હતો.
2. ગુરુ અંગદના પટ્ટશિષ્યનું નામ બંદાબહાદુર હતું.
3. વઝીર કમરુદ્દીન યાહિયાખાનનો કાકો અને શ્વસુર હતો.
4. મરાઠાઓએ આદિનાબેગખાનને પંજાબનો ગવર્નર એ શરતે બનાવેલો કે તે રૂ. 57 લાખ વાર્ષિક ખંડણી આપશે.
5. પાણિપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓના પરાજયથી ભારતમાં સર્વોચ્ચ સત્તા સ્થાપવાની તેમની મહેચ્છા અધૂરી રહી ગઈ.
6. ગુરુ ગોવિંદસિંહે શીખ સંપ્રદાયની સ્થાપના કરી હતી.
7. અમૃતસરના શીખોના મંદિરનો પાયો ગુરુ રામદાસે નાખ્યો હતો.
8. બંદા બૈરાગીની હત્યા 1725માં કરવામાં આવી હતી.
9. મિસ્લની રચના સમાનતાના સિદ્ધાંત પ્રમાણે થઈ હતી.
10. રણજીતસિંહ ફૂલકિયા મિસ્લના વડા હતા.

## 5.4 શીખ રાજ્યનો ઉદય (Rise of the Sikh State)


રણજીતસિંહના ઉદય સાથે જ પંજાબના રાજ્યતંત્રમાં એક નવો વળાંક આવ્યો. શીખોનું પ્રાદેશિક સંગઠન સ્થાપવાની પ્રક્રિયા તો છેક 18મી સદીમાં શરૂ થઈ ગઈ હતી. પરંતુ તે પ્રક્રિયાની પૂર્ણાહુતિ તો છેક 19મી સદીના ઉત્તરાર્ધમાં રણજીતસિંહના સમયમાં પંજાબમાં સ્વાયત્ત રાજ્યની સ્થાપના સાથે થઈ. રણજીતસિંહ એ સુકેરચાકિયા મિસ્લના સરદાર મહાનસિંહનો પુત્ર હતો. મહાનસિંહનું 1792માં અવસાન થયું ત્યારે રણજીતસિંહની ઉંમર માત્ર 12 વર્ષની હતી. તેને વારસામાં એક નાનકડું રાજ્ય મળ્યું હતું, તે રાજ્યમાં ગુજરાનવાલા, વઝીરાબાદ, સિયાલકોટનો અમુક પ્રદેશ, રોહતાસ અને પિંડ દંડનખાન વિસ્તારનો સમાવેશ થતો હતો. તે જયારે ગાદીએ આવ્યો ત્યારે શીખોના આંતરિક વિખવાદો ચાલતા હતા અને શીખ રાજ્યસંઘના મિસ્લો વચ્ચે સર્વોપરી બનવા માટેનો સંઘર્ષ ચાલી રહ્યો હતો. આ શીખ સરદારો વચ્ચેના આંતરિક વિખવાદો અને 1795 1796 તથા 1798માં ઝમાનશાહના નેતૃત્વ હેઠળ થયેલાં અફઘાન આક્રમણોએ રણજીતસિંહને પંજાબમાં પોતાની સત્તા સુદૃઢ કરવાની તક પૂરી પાડી. રણજીતસિંહે પોતાની શક્તિ દ્વારા ઝગડતા સ્વતંત્ર સત્તાધીશ શીખ સરદારોને પોતાના નિયંત્રણ હેઠળ આણ્યા અને પંજાબને એક જ રાજકીય સત્તા હેઠળ મૂક્યું.



રણજીતસિંહ (Ranjitsinh)

રણજીતસિંહે પંજાબમાં પોતાની એકહથ્થુ સત્તા તો સ્થાપી દીધી, પરંતુ તેનાં શાસનના પ્રારંભિક વર્ષોમાં તેની સત્તા અબાધિત રીતે સ્થાપવા માટેના માર્ગમાં બે અવરોધ હતા - (1) તેના દીવાન લખપતરાયની વધતી જતી સત્તા અને (2) તેની માતા માઈ માલવાઈના વહીવટીતંત્ર ઉપર નિયંત્રણ સ્થાપવાના પ્રયાસો. તેથી રણજીતસિંહે આ બે અવરોધ દૂર કરવા પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. તે માટે તેણે દીવાન લખપતરાયને કૈથાલના દૂરસ્થ પ્રદેશ ઉપર આક્રમણ કરવા માટેની જવાબદારી સોંપી. આ અભિયાન દરમિયાન તેની હત્યા થઈ ગઈ. માઈ માલવાઈની પણ રહસ્યમય સંજોગોમાં હત્યા થઈ. આમ, ઘરઆંગણે રણજીતસિંહે પંજાબમાં પોતાનું સંપૂર્ણ નિયંત્રણ સ્થાપી દીધું. ત્યાર પછી તેણે શીખ રાજ્યસંઘના વિવિધ સરદારોને પાઠ ભણાવવા તેમની ઉપર આક્રમણો કર્યાં. રણજીતસિંહના સાસુ રાણી સદાકૌર કનૈયા મિસ્લની અધ્યક્ષા હતી. તેની મદદથી તેણે રામગઢિયા મિસ્લ ઉપર આક્રમણ કર્યું. રામગઢિયાઓએ કન્હૈયા મિસ્લના પ્રદેશો ઉપર આક્રમણ કરી તે કબજે કરવા પ્રયત્ન કર્યા હતા. તેથી તેમને દંડ દેવાના હેતુથી આ આક્રમણ કરવામાં આવ્યું હતું. રામગઢિયાઓને હરાવવામાં આવ્યા અને તેમના મુખ્ય શહેર મિયાણીનો કબજો લેવામાં આવ્યો.

રામગઢિયા જેવા શક્તિશાળી મિસ્લને હરાવવાને કારણે રણજીતસિંહની પ્રતિષ્ઠામાં અને શક્તિમાં વૃદ્ધિ થઈ. પરિણામે બીજા મિસ્લના સરદારો તેનાથી ડરવા લાગ્યા હતા. ઉપરોક્ત વિજયથી પ્રોત્સાહિત થઈને રણજીતસિંહે પોતાનું ધ્યાન લાહોર ઉપર કેન્દ્રિત કર્યું. અફઘાનોના નેતા ઝમાનશાહે 1797માં આક્રમણ કરીને લાહોર ઉપર પોતાનું નિયંત્રણ સ્થાપ્યું હતું. પરંતુ ઝમાનશાહને સમાચાર મળ્યા કે તેનો ભાઈ ઈરાનના સમ્રાટ સાથે સંઘ રચીને તેને હટાવવાનું કાવતરું ઘડી રહ્યો છે. તેથી તેને સ્વદેશ પાછા ફરવા ફરજ પડી અને લાહોરનું નિયંત્રણ તેણે પોતાના ગવર્નર શાહાંચીખાનને સોંપ્યું. ઝમાનશાહ સ્વદેશ પાછો ફરતાં રણજીતસિંહને લાહોર કબજે કરવાની ઉત્તમ તક સાંપડી. તેણે પંજાબમાં આવેલા ગુજરાતના સરદાર સાહિબસિંઘ અને પીંડીવાલાના સરદાર મિલ્ખાસિંહની સાથે સંયુક્ત સંઘ રચી લાહોર ઉપર આક્રમણ કરી 1799માં તેના ગવર્નર શાહાંચીખાનને હરાવ્યો અને લાહોર કબજે કર્યું. લાહોર વિજય કર્યા પછી તેણે ભાંગીઓને હરાવીને તે મિસ્લ હેઠળના અમૃતસર સહિતના બધા પ્રદેશો કબજે કર્યા. આમ, પંજાબમાં લાહોર અને અમૃતસર જેવાં અત્યંત મહત્ત્વનાં અને મોટાં સ્થળો કબજે કરીને રણજીતસિંહે પંજાબમાં શીખ સાર્વભૌમ રાજાશાહીનો પાયો નાખ્યો અને તે તેનો બિનવિવાદાસ્પદ રાજા બન્યો.




**મહારાજાનો મેડલ - ઈકબાલ-એ-પંજાબ (Iqbal-a-Punjab - The Medal of Maharaja)**

પોતાના રાજ્યનો વિસ્તાર વધારવા માટે રણજીતસિંહે પોતાની વિજયકૂચ ચાલુ રાખી હતી. તેણે બીજા મિસ્લના પ્રદેશો ઉપર પણ આક્રમણ કર્યાં. તેણે જમ્મુ, મિરોવાલ, નરોવાલ, સિયાલકોટ, દિલાવરગઢ અને વઝીરાબાદ કબજે કર્યાં તથા કાંગડાના સરદાર સંસારચંદ અને કાસુરના પઠાણ સરદાર નિઝામુદ્દીનને હરાવ્યા. કાબુલના રાજાશાહીતંત્ર હેઠળના ઝાંગ અને સાહીવાલનાં મુસ્લિમ રાજ્યોએ સામેથી રણજીતસિંહની શરણાગતિ સ્વીકારી અને મુલતાનના ગવર્નર મુઝફ્ફરખાને પણ રણજીતસિંહને ભેટ-સોગાદો આપી તેને અભિનંદન આપ્યા. આમ, મુલતાને શીખ શાસક રણજીતસિંહ પ્રત્યે મિત્રતા દાખવી. ... તેણે ... 1818માં શીખ સેનાપતિ મિસ્ર દીવાનચંદ સમક્ષ શરણાગતિ સ્વીકારી. 1819માં ... કાશ્મીરનો પ્રદેશ જીતી લીધો. આમ, 1820 સુધીમાં રણજીતસિંહ સતલજ નદીથી સિંધુ ... દેશ તથા કાશ્મીર અને તિબેટની સરહદે આવેલા પહાડી વિસ્તાર સહિતના સંપૂર્ણ પંજાબના

શાસક બન્યો. પછીથી તો સિંધુ નદીની પેલે પારના પ્રદેશો જેવા કે ડેરા ઇસ્માઇલ, ડેરા ગાઝીખાન, ખૈરાબાદ અને અંતે પેશાવર (1834માં) પણ શીખ સત્તા હેઠળ આવી ગયા હતા.

રણજીતસિંહે મેળવેલા પ્રદેશોની એકતા જાળવવામાં તેના વારસદારો પણ 1845 સુધી સફળ રહ્યા હતા. તેમણે કેટલાક નાના પ્રદેશો પોતાના રાજ્યમાં ભેળવ્યા પણ હતા. પરંતુ પછીથી શીખ રાજ્ય ક્રમશઃ બ્રિટિશ સામ્રાજ્યવાદી પદ્ધતિનું શિકાર બન્યું અને અંતે 1849માં તો અંગ્રેજોએ તેને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધું. આમ, એક સમયે લાહોરનો પ્રાંત જે એક મુઘલ પ્રાંત હતો, તે પ્રદેશમાં સાર્વભૌમ શીખોનું શાસન 1765થી 1845નાં 80 વર્ષ સુધી રહ્યું હતું.




રણજીતસિંહના શાસન હેઠળ શીખ સત્તાનો ઉદય **(Growth of Sikh Power under Ranjitsinh)**

## 5.5 શીખ રાજ્ય અને બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની (The Sikh State and the English East India Company)

પંજાબમાં જે સમયે શીખો પોતાનું પ્રાદેશિક રાજ્ય સ્થાપવાની તૈયારી કરી રહ્યા હતા એ જ અરસામાં બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ પણ ભારતમાં એક રાજકીય સત્તા તરીકે સ્થાપિત થવાની પ્રક્રિયાનો પ્રારંભ કરી દીધો હતો. શીખોનો કાર્યવિસ્તાર ઉત્તર ભારતમાં તથા અંગ્રેજોનો પૂર્વ ભારતમાં હતો. અંગ્રેજોએ પૂર્વમાં નિયંત્રણ સ્થાપ્યા પછી અખિલ ભારતીય બ્રિટિશ સામ્રાજ્ય સ્થાપવાના હેતુથી ઉત્તર ભારત તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આમ, અંગ્રેજો ઉત્તર ભારતમાં રાજ્યવિસ્તાર કરવા પ્રયત્નો કરવા લાગ્યા. તે પ્રદેશમાં શીખો પણ રાજ્યવિસ્તારમાં પ્રવૃત્ત હતા. તેથી શીખો અને અંગ્રેજો વચ્ચે સંઘર્ષ લગભગ અનિવાર્ય બની ગયો હતો.

1808ના વર્ષના મધ્ય સુધી બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની લાહોરના શાસકો સાથે વધુ નિકટનો સંબંધ જાળવવાની ઇચ્છા ધરાવતી હતી. તેમનો હેતુ વાયવ્ય ભારતમાંથી થતાં પરદેશી આક્રમણોની સામે તેમનો ઉપયોગ બફર સ્ટેટ તરીકે કરવાનો હતો. લાહોરના શાસકો પ્રત્યેના આવા બ્રિટિશ વલણ માટે

તત્કાલીન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પણ જવાબદાર હતી. તે સમયે નેપોલિયનની પૂર્વ તરફની કૂચનો ભય પણ અંગ્રેજોને સતાવતો હતો, પરંતુ 1808ના વર્ષના અંતે આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિમાં ઘણું પરિવર્તન આવી ગયું હતું. ફ્રાંસની સામે સ્પેને બળવો કર્યો હતો, ઈંગ્લેન્ડ અને તુર્કી વચ્ચે સંધિ થઈ હતી. આ આંતરરાષ્ટ્રીય બનાવોની હારમાળાએ ફ્રેંચ આક્રમણની શક્યતાનો અંત આણ્યો હતો. આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિમાં આવેલા આ પરિવર્તનની અસર અંગ્રેજોના લાહોરના શાસક સાથેના સંબંધો ઉપર પણ પડી. હવે તેમણે રણજીતસિંહની સામે રક્ષણ મેળવવા માટેના સિસ-સતલજ વિસ્તારનાં શીખ રાજ્યો પ્રત્યે સહાનુભૂતિ દાખવવાનું શરૂ કર્યું. અંગ્રેજોએ રણજીતસિંહને પોતાનું લશ્કર સતલજ નદીની ઉત્તરે પાછું લઈ જવા જણાવ્યું અને તે માટે એક બ્રિટિશ સેના લુધિયાણા તરફ કૂચ કરી ગઈ. રણજીતસિંહને અંગ્રેજોની લશ્કરી શક્તિનાં ચડિયાતાપણાંની ખાત્રી થઈ ગઈ હતી. તેથી પરિસ્થિતિ પારખીને તેણે સિસ-સતલજ પ્રદેશનાં રાજ્યો ઉપરથી પોતાનો દાવો જતો કર્યો. તેથી રણજીતસિંહે 1809માં અંગ્રેજો સાથે સંધિ કરી, જે અમૃતસરની સંધિ તરીકે ઓળખાય છે.

1809માં અમૃતસરની સંધિ થઈ ત્યારથી શરૂ કરીને 1839માં રણજીતસિંહનું મૃત્યુ થયું ત્યાં સુધી શીખો અને અંગ્રેજો વચ્ચેના સંબંધો સારા રહ્યા. અંગ્રેજોએ શીખોને સિસ-સતલજ પ્રદેશમાં પોતાનું નિયંત્રણ સ્થાપવા દીધું નહીં. પરંતુ તેમણે શીખોના સત્તા હેઠળના પ્રદેશમાં દરમિયાનગીરી પણ કરી નહીં. પરંતુ 1839માં રણજીતસિંહના મૃત્યુ સાથે જ શીખોની સ્વાયત્તતાનો આધાર નબળો પડ્યો અને માત્ર એક દસકાના ગાળામાં જ બ્રિટિશ સામ્રાજ્યના લશ્કરી હાથે શીખ રાજાશાહીનો અંત આવ્યો. રણજીતસિંહના મૃત્યુ પછી તેનો જ્યેષ્ઠ પુત્ર ખડગસિંહ લાહોરની ગાદીએ આવ્યો. પરંતુ તે રણજીતસિંહનો લાયક વારસદાર પુરવાર ન થયો. તેથી તે ગાદીએ આવતાં જ શીખ દરબારમાં જૂથબંધી અને કાવતરાં શરૂ થયાં. તેમાં 1839માં ખડગસિંહનું અચાનક અવસાન થયું. તેની અંતિમ ક્રિયામાં ભાગ લઈ પાછાં ફરતાં તેના પુત્ર નૌનિહાલનું પણ આકસ્મિક મૃત્યુ થતાં પંજાબમાં અરાજકતાની સ્થિતિ સર્જાઈ. તેમાં વળી, લાહોર દરબારનાં વિવિધ જૂથો લાહોરની ગાદી મેળવવા માટે કાવતરાંઓ કરવા લાગ્યાં. તેથી અંગ્રેજોનો આ પરિસ્થિતિમાં નિર્ણાયક પગલાં લેવાનો માર્ગ સરળ બન્યો.

આવી રાજકીય પરિસ્થિતિનો લાભ લેવાનું અંગ્રેજો ચૂક્યા નહિ. તેમણે શીખોની સત્તાને કચડી નાખવાનો સંકલ્પ કરી લીધો હતો. પરિણામે 1845માં પ્રથમ આંગ્લ-શીખ વિગ્રહ લડાયો. તેમાં અંગ્રેજો અને શીખો વચ્ચે કુલ પાંચ લડાઈઓ થઈ. તેમાં અંગ્રેજોએ લાહોર કબજે કર્યું અને શીખોને 1846માં લાહોરની સંધિ કરવા ફરજ પાડી. આ સંધિને પરિણામે પંજાબ બ્રિટિશ-આધીન રાજ્ય બની ગયું. પરંતુ 1849 સુધી પંજાબને સંપૂર્ણપણે બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવવામાં આવ્યું ન હતું. 1848માં લૉર્ડ ડેલહાઉસી ભારતનો ગવર્નર જનરલ બનીને આવ્યો અને 1856 સુધી તે હોદ્દા ઉપર રહ્યો. તે ઉગ્ર આક્રમક નીતિ દ્વારા બ્રિટિશ સામ્રાજ્યનો વિસ્તાર કરવા અત્યંત ઉત્સુક હતો. તેણે વિવિધ પદ્ધતિઓ દ્વારા બ્રિટિશ રાજ્યનો વિસ્તાર કર્યો હતો. તેમાં યુદ્ધ દ્વારા વિજય ફરી રાજ્યવિસ્તાર કરવા માટે તેણે પંજાબના પ્રદેશને પસંદ કર્યો હતો. 1849માં દ્વિતીય આંગ્લ-શીખ વિગ્રહ થયો. તેમાં વિજય મેળવી ડેલહાઉસીએ 1849માં પંજાબને ભારતના બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દીધું. આમ, પંજાબની સ્વાયત્તતાનો અંત આવ્યો અને તે ભારતમાં અંગ્રેજોના સાંસ્થાનિક સામ્રાજ્યનો એક ભાગ બન્યું. આપણે અંગ્રેજોએ કરેલા પંજાબના વિજયની વિગતવાર માહિતી વિભાગ-3ના એકમ-11માં મેળવીશું.

## તમારી પ્રગતિ ચકાસો - 2

1. રણજીતસિંહે દીવાન લખપતરાય અને માઈ માલવાઈના અવરોધને કેવી રીતે દૂર કર્યા ?

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

2. રામગઢિયા મિસ્લને રણજીતસિંહ કેવી રીતે નમાવી ?

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

3. રણજીતસિંહના રાજ્યની પ્રાદેશિક સીમાઓ દર્શાવો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

4. 1809 થી 1849 સુધીના આંગ્લ-શીખ સંબંધોની ચર્ચા કરો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

## 5.6 રાજ્યનું સંગઠન (Organisation of the State)

પંજાબમાં શીખોએ સ્થાપેલા રાજ્યના વહીવટી સંગઠનમાં મુઘલ વહીવટધારી તથા પોતાના શાસનની જરૂરિયાત પ્રમાણેનાં તત્ત્વોનું મિશ્રણ કરી તે બંને વચ્ચે સંતુલન સ્થાપવા તેમણે પ્રયત્ન કર્યા હતા. પ્રાદેશિક દૃષ્ટિએ વહીવટી વિભાગોની પદ્ધતિ તથા તેના અમલદારોનાં કાર્યો આ પૂર્વે જે રીતે ચાલતાં હતાં તેને મોટે ભાગે ચાલુ રાખવામાં આવ્યાં હતાં. પરંતુ જ્યાં તેમને એમ લાગ્યું કે સમકાલીન સંજોગોમાં પરિવર્તન લાવવું જરૂરી છે, ત્યાં તેમણે નવી પદ્ધતિ અપનાવવા પ્રયાસો કર્યા હતા. રાજ્યનો વહીવટ કરવાની બાબતમાં તેઓ ધાર્મિક દૃષ્ટિ કરતાં વહીવટી જરૂરિયાતોને પ્રાધાન્ય આપતા હતા. વિવિધ જાતિગત, ધાર્મિક, ભાષાકીય અને આર્થિક સંગઠનો ત્યાં અસ્તિત્વ ધરાવતાં હતાં. ઉપરાંત મોટી સંખ્યામાં સ્વાયત્ત નાનાં રાજ્યો પણ અસ્તિત્વમાં હતાં. તેથી આ વિવિધ પ્રકારનાં સંગઠનોને એક સત્તા હેઠળ રાખી શકે તેવા પ્રકારની વહીવટી વ્યવસ્થા અપનાવવા તેમને ફરજ પડી હતી. તેથી શીખ શાસકોનો શીખ ધાર્મિક સંસ્થાઓ સાથે ગાઢ સંબંધ હોવા છતાં તેમણે વહીવટીતંત્રમાં બિનસાંપ્રદાયિક વલણ અપનાવ્યું હતું.

### 5.6.1 પ્રાદેશિક વહીવટીતંત્ર (Territorial Administration)

શીખ રાજ્ય હેઠળના વહીવટી એકમો મુઘલ સામ્રાજ્ય જેવા જ હતા. શીખ રાજ્યને સૂબામાં, સૂબાને પરગણાંમાં, પરગણાંને ટપ્પા કે તાલુકામાં અને તાલુકાને ગામડાંઓમાં વિભાજિત કરાયાં હતાં. પરંતુ આ બધા વહીવટી એકમોનું કદ મુઘલોના તેવા જ એકમો કરતાં નાનું હતું. રાજા વહીવટીતંત્રનો સર્વોચ્ચ વડો હતો. તેને વહીવટમાં મદદ કરવા માટે તેને જવાબદાર એવા અનેક અમલદારો નીમવામાં આવ્યા હતા. કેન્દ્રમાં રાજા પછી સૌથી શક્તિશાળી અમલદાર દીવાન હતો. તે રાજાને મહેસૂલી વહીવટમાં મદદ કરતો હતો. ગામડાંથી લઈને પ્રાંત કક્ષાએ નીચે પ્રમાણેના વિવિધ અમલદારો હતા :

1. પ્રાંતનો વડો - નાઝીમ
2. પરગણાંનો વડો - કારદાર
3. ટપ્પાનો વડો - ચૌધરી
4. ગામડનો વડો - મુકાદમ

આ અમલદારો ઉપરાંત કાનૂનગો અને પટવારી જેવા અધિકારીઓ પણ હતા. તેમનાં મુખ્ય કાર્યો આ પ્રમાણે હતાં : (1) મહેસૂલની ઉઘરાણી (2) ખેતીને પ્રોત્સાહન (3) ગુનાઓનું શમન. આ અધિકારીઓના ન્યાયકીય હકો મર્યાદિત હતા. તેઓ નાનાનાના મામલાઓનો નિકાલ કરતા. બાકી મામલાઓના ન્યાય મહારાજા, કાઝી કે મધ્યમ કક્ષાના ન્યાયાધીશો આપતા હતા. ઉચ્ચ અમલદારોની નિમણૂક શાસક કરતો. તેમના હોદ્દા વારસાગત ન હતા. નિમણૂકમાં કાર્યદક્ષતાને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. ઉચ્ચ હોદ્દાઓ ઉપર કોઈ ભેદભાવ વિના વિવિધ જૂથો અને વિવિધ ધર્મસંપ્રદાયોના લોકોને નીમવામાં આવતા હતા. રણજીતસિંહના શાસનનાં પ્રારંભિક વર્ષોમાં અમલદારોને પગાર જાગીરના સ્વરૂપમાં અપાતો હતો પરંતુ તેના શાસનના ઉત્તરાર્ધમાં પગાર રોકડમાં ચૂકવવામાં આવતો હતો.

રાજ્યના જુદાજુદા ભાગો ઉપર કેન્દ્રીય સત્તાનું નિયંત્રણ કેન્દ્રથી તેની દૂરી ઉપર આધાર રાખતું હતું. ઇતિહાસકારોએ શાહી નિયંત્રણના આધારે શીખ રાજ્યને ત્રણ પ્રાદેશિક વિભાગોમાં વહેંચ્યું હતું. તે વિભાગો પ્રમાણે હતા :

1. કેન્દ્રીય વિભાગ - આ વિભાગમાં સતલજથી ઝેલમ નદી સુધીના પ્રદેશોનો સમાવેશ થતો હતો. આ એ પ્રદેશો હતા. જેના ઉપર સૌપ્રથમ કબજો મેળવવામાં આવ્યો હતો તથા જે રાજધાનીથી સૌથી નિકટ આવેલા હતા.
2. મધ્યવર્તી વિભાગ - આ વિભાગમાં સિંધુ નદીથી ઝેલમ નદી સુધીના પ્રદેશોનો સમાવેશ થતો હતો. તેમાં પણ મુખ્યત્વે મુલતાન અને કાશ્મીરના પ્રાંતો આવેલા હતા.
3. સરહદી વિભાગ - આ વિભાગમાં રાજ્યની સરહદો ઉપર આવેલા પેશાવર, ડેરા ઇસ્માઇલખાન, ડેરા ગાઝીખાન વગેરે પ્રદેશોનો સમાવેશ થતો હતો.


કેન્દ્રીય વિભાગ ઉપર શાહી નિયંત્રણ સૌથી વધુ હતું. તે વિભાગમાં અમલદારોની નિમણૂકો અને તેનાં કાર્યો ઉપર કેન્દ્રનું ખૂબ નિયંત્રણ હતું. બીજા વિભાગો ઉપર શાહી નિયંત્રણ તુલનાત્મક દૃષ્ટિએ ઓછું

હતું અને કેટલીક વાર તો મધ્યવર્તી અને સરહદી વિભાગોમાં સ્થાનિક અમલદારોની નિમણૂક પ્રાંતિય ગવર્નરો દ્વારા કરવામાં આવતી હતી.

ઉપરોક્ત વિભાગોનું શાસન તો પ્રત્યક્ષ રીતે થતું હતું પરંતુ વિશેષ કરીને પહાડી વિસ્તારમાં કેટલાંક સ્વાયત્ત નાનાંનાનાં રાજ્યો પણ શીખ શાસન દરમિયાન અસ્તિત્વ ધરાવતાં હતાં. આ રાજ્યો ખંડિયા રાજ્યો હતાં. તેનાં પણ ત્રણ જૂથ પાડવામાં આવ્યાં હતાં. તે નીચે પ્રમાણે હતાં :

1. **પૂર્વીય જૂથ :** તેમાં સતલજ નદી અને રાવી નદી વચ્ચેનાં ખંડિયાં રાજ્યોનો સમાવેશ થતો હતો.
2. **કેન્દ્રીય જૂથ :** તેમાં રાવી નદી અને ચિનાબ નદી વચ્ચેનાં ખંડિયાં રાજ્યોનો સમાવેશ થતો હતો.
3. **પશ્ચિમી જૂથ :** તેમાં ચિનાબ નદી અને સિંધુ નદી વચ્ચેનાં ખંડિયા રાજ્યોનો સમાવેશ થતો હતો.

આ ખંડિયા રાજ્યોના સરદારો શીખ શાસકોની સર્વોપરિતા સ્વીકારતા હતા અને તેમને વાર્ષિક ખંડણી પણ આપતા હતા. તેઓ પોતાના પ્રદેશોમાં ખૂબ જ સત્તા ભોગવતા હતા અને શીખ શાસકોની મહેસૂલનીતિ તેમને લાગુ પડતી ન હતી. છતાં કેટલાક ખંડિયા રાજાઓ શીખ શાસકોને સામાન્ય વહીવટ તથા લશ્કરી કૂચમાં મદદ કરતા હતા અને કેટલીક વાર નાઝીમ અને ઇજારેદાર તરીકે પણ કાર્ય કરતા હતા.




**પહાડી પ્રદેશોનાં ખંડિયા રાજ્યો(Vasal Principalities in the Hills)**

## 5.6.2 મહેસૂલી વહીવટીતંત્ર (Revenue Administration)

નાણાકીય વહીવટની દૃષ્ટિએ પંજાબને ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવ્યો હતો :

(1) પટ્ટા ઉપર અપાયેલા પ્રદેશો,

(2) અનુદાનમાં અપાયેલા પ્રદેશો અને

(3) રાજ્યના સીધા વહીવટ હેઠળના પ્રદેશો. આ પ્રદેશો ત્રણ પ્રકારના વહીવટકર્તાઓને સોંપવામાં આવ્યા હતા :

(1) પહેલા વિભાગમાં સમૃદ્ધ વર્ગના લોકોને મહેસૂલના ઇજારેદાર તરીકે મૂકવામાં આવ્યા હતા.

(2) બીજા વિભાગમાં અમુક પ્રદેશો લશ્કરી સરદારોને સોંપવામાં આવ્યા હતા. તેમને અનુદાનમાં સોંપાયેલા પ્રદેશોમાં તેમને સંપૂર્ણ સત્તા આપવામાં આવી હતી, પરંતુ તેના બદલામાં તેમણે રાજ્યને જ્યારે પણ જરૂર પડે ત્યારે લશ્કરી ટુકડીઓ મોકલવાની રહેતી હતી.

(3) ત્રીજા વિભાગમાં રાજ્ય તરફથી અમલદારોને કર ઉઘરાવવા માટે મોકલવામાં આવતા હતા. તેમને અપાતું મહેનતાણું જુદુંજુદું રહેતું હતું અને દરેક અમલદારના કામ સાથે સંકળાયેલ સગવડો પ્રમાણે તે ઓછું-વધતું રહેતું.


કૃષિ એ દેશના અર્થતંત્રનો આધાર હતો. તેથી દેશની સંપત્તિનું મુખ્ય સાધન જમીન-મહેસૂલ હતું. જમીન-મહેસૂલ મેળવવા માટેની વિવિધ પ્રકારની ત્રણ પદ્ધતિઓ અમલમાં હતી. તેનાં નામ હતાં : બટાઈ, કણકુટ અને ઝબ્તી. તે ત્રણે પદ્ધતિની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે હતી.


**બટાઈ પદ્ધતિ :** આ પદ્ધતિમાં કૃષિઉત્પાદનનો અમુક નક્કી કરેલો ભાગ મહેસૂલ તરીકે ઉઘરાવવામાં આવતો હતો. પાકની લણણી થઈ ગયા પછી જે ખરેખર ઉત્પાદન મળ્યું હોય તે પાકનો ભાગ પાડવામાં આવતો હતો. આ પદ્ધતિ છેક મુઘલોના સમયથી અસ્તિત્વમાં હતી. આ પદ્ધતિ હેઠળ રાજ્યે પાક ઉપર સતત નિરીક્ષણ અને નિયંત્રણ રાખવું પડતું હતું. તેમ કરવામાં ન આવે તો શક્ય છે કે ખેડૂતો પાકની ચોરી કરે અને તેવી સ્થિતિમાં રાજ્યને પોતાનો પાકનો ખરેખરો મળવાપાત્ર હિસ્સો ન મળે.

**કણકુટ પદ્ધતિ :** આ પદ્ધતિમાં રાજ્યનો હિસ્સો પાકની લણણી સમયે અથવા પહેલાં ઊભા પાકને આધારે નક્કી કરવામાં આવતો હતો. આ પદ્ધતિ પણ મુઘલ સમયમાં પ્રવર્તતી હતી. આ પદ્ધતિમાં રાજ્યને એક લાભ એ હતો કે તેણે બટાઈ પદ્ધતિની જેમ પાક ઉપર સતત નિરીક્ષણ અને નિયંત્રણ રાખવું પડતું ન હતું. ઉપરાંત લણણી પહેલાં જ રાજ્યના ભાગનો અંદાજ આવી જતાં રાજ્ય તે પ્રમાણે પોતાનું અંદાજપત્ર ઘડી કાઢી શકતું હતું.

**ઝબ્તી પદ્ધતિ :** આ પદ્ધતિ એ પાકની ગણત્રીના આધારે રોકડમાં મહેસૂલ ચૂકવવાની પદ્ધતિ હતી. સામાન્ય રીતે કપાસ, ગળી, શેરડી, તંબાકુ વગેરે જેવા રોકડિયા પાક માટે આ પદ્ધતિ લાગુ કરાતી હતી.

જમીન-મહેસૂલનું પ્રમાણ જુદાંજુદાં સ્થળે જુદુંજુદું રહેતું સામાન્ય રીતે રાજ્યનો ભાગ પાકનો 1/3 કે 2/3 રહેતો. મહેસૂલનું પ્રમાણ એ જમીનની સ્થિતિ, સિંચાઈના પ્રકાર અને ખેતી માટે કરાયેલા ખર્ચ ઉપર આધાર રાખતું હતું. જમીન-મહેસૂલ ઉપરાંત રાજ્ય ખેડૂતો પાસેથી અનેક પ્રકારના અબવાબો પણ માગતું હતું. મહેસૂલની ઉઘરાણી અનાજના રૂપમાં કે રોકડમાં કરવામાં આવતી હતી. આમ, શીખ રાજ્યની મહેસૂલી પદ્ધતિમાં પણ મુઘલ પદ્ધતિની સરખામણીમાં બહુ ફેરફાર થયા ન હતા.





રણજીતસિંહની મુદ્રાઓ (Stamps of Ranjitsinh)

## 5.7 શીખ રાજ્યતંત્રનું સ્વરૂપ (Nature of the Sikh Polity)

અગાઉના પ્રકરણમાં આપણે શીખ રાજ્યના વિકાસ અને તેના વહીવટી માળખાની ચર્ચા કરી ગયાં છીએ. હવે અહીં આપણે એ જાણવા પ્રયત્ન કરીશું કે શીખ રાજ્યતંત્રનું સ્વરૂપ કેવું હતું. શીખ રાજ્યતંત્રનો પાયો એ શીખધર્મના ગુરુઓના ઉપદેશોમાં રહેલો છે. મધ્યયુગમાં શીખોએ સામાજિક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રે પ્રવર્તતા અન્યાયોનો સામનો કરવા માટે એક આંદોલન કર્યું હતું. આ આંદોલન 18મી સદીમાં એક રાજકીય આંદોલનમાં પરિવર્તિત થઈ ગયું હતું. તેથી એમ કહી શકાય કે શીખ રાજ્યતંત્રનો આધાર એ શીખ ગુરુઓનાં નૈતિક મૂલ્યો અને લોકતંત્રાત્મક પ્રણાલિકાઓએ પૂરો પાડ્યો હતો. આ લોકતંત્રાત્મક પ્રણાલિકાઓ શીખ રાજ્યતંત્રમાં મિસ્લ યુગમાં જોવા મળે છે. તે પ્રણાલિકાઓમાંથી તત્કાલીન રાજ્યતંત્રનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે જોવા મળે છે - ગુરમત, દલ ખાલસા, ખાલસાના નામે શાસન ચલાવવું વગેરે.

એ નોંધવું રસપ્રદ છે કે મિસ્લ યુગ દરમિયાન શીખ રાજ્યતંત્રના સ્વરૂપ અંગે ઇતિહાસકારોમાં એકમતી પ્રવર્તતી નથી. કેટલાક ઇતિહાસકારોના મતાનુસાર મિસ્લનું સંગઠન ''ધર્મતંત્ર'' પ્રકારનું હતું. તો બીજી બાજુ એમ પણ જણાવવામાં આવે છે કે મિસ્લના સરદારો પોતાના સ્વાર્થને ધ્યાનમાં રાખીને પોતાના કબજા હેઠળનાં સંબંધિત ક્ષેત્રોમાં સ્વતંત્રપણે વર્તતા હતા. સરબત ખાલસાની બેઠકોમાં હાજર રહેવાનું તેમના માટે ફરજિયાત ન હતું. તેઓ કટોકટીની પરિસ્થિતિની કે પરસ્પરનાં હિતોની ચર્ચા કરવાની બેઠકોમાં ભાગ લેતા હતા. પરંતુ તેમાં લેવાયેલા નિર્ણયોને મોટે ભાગે તેઓ પોતાને બંધનકર્તા માનતા ન હતા. ઉપરાંત લોકતંત્રાત્મક પ્રણાલિકાઓનું માળખું હોવા છતાં મિસ્લની આંતરિક બાબતોમાં લોકશાહી પ્રવર્તતી ન હતી. મોટે ભાગે વ્યક્તિગત શાસનની પદ્ધતિ અમલમાં હતી, એ બાબત નિર્વિવાદ છે કે મિસ્લોનો બનેલો એક રાજ્યસંઘ હતો. પરંતુ દરેક મિસ્લની બાબતમાં તેના સરદાર કે વડાને સંપૂર્ણ સ્વતંત્રતા હતી. આ રાજ્યસંઘ એટલા માટે અસ્તિત્વમાં હતો - કારણ કે બાહ્ય આક્રમણોનો તેમને ભય હતો. આંતરિક બાબતોમાં રાજ્યસંઘનું મિસ્લ ઉપર કોઈ નિયંત્રણ ન હતું.

વિવિધ સ્વતંત્ર રાજ્યોની જગ્યાએ શીખ રાજાશાહીના ઉદ્ભવને કારણે શીખ રાજ્યતંત્રના સ્વરૂપમાં ફરી પરિવર્તન આવ્યું. 19મી સદીમાં વ્યક્તિગત સરદારોની સ્વાયત્તતાનો અંત આવ્યો અને રાજ્યમાં રાજા સર્વોચ્ચ સત્તા ધરાવતો થયો. રણજીતસિંહને શીખધર્મ અને શીખ ધર્મશાસ્ત્રોમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. પરંતુ તેની વ્યક્તિગત ધાર્મિક માન્યતા કદી તેના વહીવટના આડે આવી ન હતી. પંજાબમાં વિવિધ જાતિ, ધર્મ અને ભાષાના લોકો વસતા હોવાથી ત્યાં એક બિનસાંપ્રદાયિક વહીવટીતંત્રની આવશ્યકતા હતી. તેથી તે પ્રદેશમાં પોતાનું શાસન સુદૃઢ કરવા શીખ રાજવીઓએ યોગ્ય નિર્ણય લીધો હતો. વહીવટીતંત્રમાં ધર્મની દખલગીરી કરાતી ન હતી. ડૉ. ઇંદુ બંગાના મતાનુસાર ''શીખ રાજ્યમાં સરહદી પ્રદેશોમાં તથા અન્યત્ર પણ સ્વાયત્ત રાજ્યોને ચાલુ રાખવામાં આવ્યાં હતાં. રાજ્યમાં જાગીરો અને નોકરીઓ પણ સમાજના વિવિધ વર્ગના સમૃદ્ધ લોકોને અપાઈ હતી. ઉપરાંત દરેક ધર્મના વ્યક્તિઓ અને સંસ્થાઓને ધર્માર્થ અનુદાન આપવામાં આવ્યાં હતાં. આ બધાં કાર્યોને શીખ રાજ્યની સુદૃઢતાનાં પગલાં રૂપે જોવાં જોઈએ.''

### તમારી પ્રગતિ ચકાસો - 3

1. શીખ રાજ્ય તથા મુઘલ રાજ્યના વહીવટીતંત્રની તુલના કરો.

.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................

2. શીખ રાજ્યમાં પ્રાદેશિક કક્ષાના વહીવટી એકમોનાં નામ દર્શાવી તેનાં વડાનાં નામ જણાવો.

.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................

3. શાહી નિયંત્રણના આધારે પાડવામાં આવેલા શીખ રાજ્યના પ્રાદેશિક વિભાગોનાં નામ તથ તે હેઠળના પ્રદેશો આલેખો.

.................................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

4. શીખ રાજ્યમાં ભૂમિ-મહેસૂલ ઉઘરાવવાની વિવિધ પદ્ધતિઓનું વર્ણન કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

5. શીખ રાજ્યતંત્રના સ્વરૂપની ચર્ચા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

6. નીચે આપેલી (અ) વિભાગની માહિતી સાથે (બ) વિભાગની માહિતીનાં જોડકાં ગોઠવો :

| **વિભાગ (અ)** | **વિભાગ (બ)** |
| --- | --- |
| 1. ચૌધરી | અ. સૂબાનો વડો |
| 2. કારદાર | બ. ગામનો વડો |
| 3. મુકાદમ | ક. મહેસૂલ વિભાગનો વડો |
| 4. નાઝીમ | ડ. ટપ્પાનો વડો |
| 5. દીવાન | ઈ. પરગણાંનો વડો |

## 5.8 સારાંશ (Let us Sum up)

આપણે આ એકમમાં જોયું કે સતત વિદેશી આક્રમણો અને શીખ સરદારોના બળવાઓને કારણે પંજાબમાં મુઘલોનું પ્રાંતિક વહીવટીતંત્ર પડી ભાંગ્યું. ત્યારે પ્રવર્તતી રાજકીય અસ્થિરતાની સ્થિતિમાં શીખોનો એક રાજકીય બળ તરીકે ઉદ્ભવ થયો અને તેમણે પંજાબમાં એક સ્વાયત્ત રાજ્યની સ્થાપના કરી. રણજીતસિંહની નેતાગીરી અને રાજકીય કુનેહે એ પ્રક્રિયામાં મહત્ત્વનો ફાળો આપ્યો. શીખોની વહીવટી વ્યવસ્થામાં મુઘલોની વહીવટી વ્યવસ્થા કરતાં બહુ ફેરફાર થયા ન હતા. વળી, શીખોએ પોતાનું રાજ્ય સુદૃઢ કરવા માટે વહીવટમાં બિનસાંપ્રદાયિક વલણ અપનાવ્યું. પરંતુ શીખ રાજ્યની આંતરિક નબળાઈ અને જૂથવાદને પરિણામે શીખ રાજ્ય બ્રિટિશ શાહી પદ્ધતિનું શિકાર બન્યું અને તેને અંતે તેને ભારતનાં બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દેવાયું.

## 5.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. જવાબ માટે જુઓ વિભાગ 5.2
2. જવાબ માટે જુઓ વિભાગ 5.3
3. જવાબ માટે જુઓ વિભાગ 5.3
4. જવાબ માટે જુઓ વિભાગ 5.3
5.

| | |
| --- | --- |
| (1) √ | (6) × |
| (2) × | (7) √ |
| (3) √ | (8) × |
| (4) × | (9) √ |
| (5) √ | (10) × |

### તમારી પ્રગતિ ચકાસો - 2

1. જવાબ માટે જુઓ વિભાગ 5.4
2. જવાબ માટે જુઓ વિભાગ 5.4
3. જવાબ માટે જુઓ વિભાગ 5.4
4. જવાબ માટે જુઓ વિભાગ 5.5

## તમારી પ્રગતિ ચકાસો - 3

1. જવાબ માટે જુઓ વિભાગ 5.6
2. જવાબ માટે જુઓ પેટા વિભાગ 5.6.1
3. જવાબ માટે જુઓ પેટા વિભાગ 5.6.1
4. જવાબ માટે જુઓ પેટા વિભાગ 5.6.2
5. જવાબ માટે જુઓ વિભાગ 5.7

6.

| | |
|---|---|
| (1) | (ડ) |
| (2) | (ઈ) |
| (3) | (બ) |
| (4) | (અ) |
| (5) | (ક) |

## 5.10 ચાવીરૂપ (Key-words)

**અબવાબો :** ભૂમિ-મહેસૂલ ઉપરાંતના ખેડૂતો પાસેથી ઉઘરાવાતા વેરાઓ

**આદિગ્રંથ :** શીખ સંપ્રદાયનું ધાર્મિક પુસ્તક

**દલ ખાલસા :** કોઈ એક વિશેષ હેતુ માટે રચાયેલું એક કરતાં વધુ સરદારોની સેનાનું સંગઠન જેનું સ્વરૂપ એકદમ કામચલાઉ હતું.

**ધર્માર્થ :** ધાર્મિક અને ધર્માદા સંસ્થાઓને અપાતી જમીનનું અનુદાન

**ફોજદાર :** મુઘલ શાસન દરમિયાનનો સરકારી એકમનો વહીવટી વડો

**ગુરમાત :** સરબત ખાલસામાં હાજર રહેલા શીખો દ્વારા ગુરુ ગ્રંથસાહેબની સમક્ષ સર્વાનુમતે કરાતો ઠરાવ.

**પટવારી :** ગામડાનો હિસાબનીશ

**સરબત ખાલસા :** શીખ પંથ, ખાલસાનું સંપૂર્ણ સંગઠન

**ધર્મતંત્ર :** ધર્મ ઉપર આધારિત રાજ્યવ્યવસ્થા

## 5.11 કેટલાંક ઉપયોગી પુસ્તકોની યાદી


1. C. A. Bayly - *The New Cambridge History of India*, Vol. II-1.
2. P. J. Marshall - *The New Cambridge History of India*, Vol. II-2.
3. Andre Wink - *Land and Sovereignty in India.*
4. Indu Banga - *Agrarian System of the Sikhs.*
5. Richard B. Barnett - *North India between Empires, Awadh, the Mughals and the British*, 1720-1801.
6. Muzzaffar Alam - *The Crisis of Empire in Mughal North India, Awadh and the Punjab*, 1707-48.
7. J. D. Cunngham - *History of the Sikhs.*
8. Sinha N. K. - *Ranjitsinh.*
9. Khushwant Singh - *A History the Sikhs 2 Vols.*
10. Sir William Lee-Warner - *The Native States of India.*
11. G. S. Sardesai - *New History of the Marathas Vol. 2.*
12. Nikhilesh Guha - *Pre-British State System in South India Mysore* 1761-1799.
13. Karen Leonard - "*Hyderabad Political System and its Participants*" - Journal of Asian Studies, 1971.
14. Grover, B. L. and Shethi R. R. - *A New Look on Modern Indian History.*
15. Dr. P. Saran - *Provincial Administration of the Mughals.*
16. S. N. Sen - *Administrative System of the Marathas.*
17. Dr. R. C. Majumdar - *Maratha Supremacy Vol. VIII. Bharatiya Vidya Bhavan Bombay.*